નીરવ® પ્રકાશન

એજ્યુકેશનલ પબ્લિશર્સ

29, કલ્યાણ ભવન, હેવમોર રેસ્ટોરન્ટ પાસે, રીલિફ રોડ, અમદાવાદ-1

ફોન નં. (ઓ) : 079-25352172, 25353572

E-mail : info@niravprakashan.com

નીરવ®

શ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના જૂન-2016 ના પ્રવર્તમાન નવા અભ્યાસક્રમ અનુસાર બી.એડ્.ના વિદ્યાર્થીઓ માટે ઉપયોગી સંદર્ભ પુસ્તક

સેમેસ્ટર-I

EDPE-1101

બાલ્યાવસ્થા અને બાલવિકાસ-A

Childhood And Growing Up-A

બી.એડ્.

રીપ્રિન્ટ આવૃત્તિ : 2021

નીરવ® પ્રકાશન

શ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના
જૂન - 2016 ના પ્રવર્તમાન નવા અભ્યાસક્રમ અનુસાર બી.એડ્. ના
વિદ્યાર્થીઓ માટે ઉપયોગી સંદર્ભ પુસ્તક

(SEMESTER - I)

EDPE - 1101

બાલ્યાવસ્થા અને બાલવિકાસ - A

CHILDHOOD AND GROWING UP - A

(બી.એડ્.)

રીપ્રિન્ટ આવૃત્તિ : 2020–21 ₹. 140/-

: લેખકો :

ડૉ. રવીન્દ્ર અંધારિયા (નિવૃત્ત પ્રિન્સિપાલ) જી.એચ.રાંઘવી શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગર.	**પ્રિ. ડૉ. એસ. પી. શર્મા** એલ. એન. કે. કોલેજ ઑફ, એજ્યુકેશન, મુ.પાટણ.
પ્રિ. ડૉ. કલ્પેશભાઈ કે. પટેલ સરદાર પટેલ બી.એડ્. કોલેજ, મુ. વડનગર.	**ડૉ. પ્રશાંત પરિહાર** સ્વામી વિવેકાનંદ સર્વોદય બેંક એજ્યુકેશન કોલેજ, મુ. મહેસાણા.
પ્રા. ઈમરાનખાન ડી. પઠાણ નિલકંઠ કોલેજ ઑફ એજ્યુકેશન, મુ. વિસનગર.	**પ્રા. મનોજકુમાર એસ. ચોખાવાલા** નવજીવન બી.એડ્. કોલેજ, મુ. ડીસા.
ડૉ. શાન્તાબેન એચ. પટેલ રેવાબા સાર્વજનિક એજ્યુકેશન કોલેજ, મુ. મહેસાણા.	**પ્રા. પ્રવિણભાઈ ડી. પરમાર** કાન્તાબા બી.એડ્. કોલેજ, મુ. મીઠાધરવા.
પ્રિ. ડૉ. અલ્પાબેન એ. પરમાર શ્રી. એન. એસ. દેસાઈ કૉલેજ ઑફ એજ્યુકેશન, મુ. ખેરાલુ.	**જયદીપભાઈ જે. બ્રહ્મભટ્ટ** (ઈન્ચાર્જ પ્રિન્સિપાલ) એકતા કોલેજ ઑફ એજ્યુકેશન, મુ. નવીમેત્રાલ.
ડૉ. ટીનુબેન પી. સોની માતૃશ્રી એસ. એસ. ગોવિંદા બી.એડ્. કોલેજ, મુ. પાલનપુર.	**પ્રા. ભાવનાબેન પી. પટેલ** બી.એડ્. કોલેજ, મુ. ત્રાંસવાડ.

નીરવ® પ્રકાશન

-: પ્રકાશક :-

નીરવ પી. શાહ

નીરવ® પ્રકાશન

(એજ્યુકેશનલ પબ્લિશર્સ)

29, કલ્યાણ ભવન, હેવમોર રેસ્ટોરન્ટ પાસે, રીલિફ રોડ, અમદાવાદ - 1.

ફોન નં. : (079) 25352172, 25353572

E-mail : info@niravprakashan.com

કિંમત ₹. 140/-

-: ચેતવણી :-

આ પુસ્તકના લખાણ કે તેના કોઇપણ ભાગને તેમજ તેની શૈલી, ગોઠવણી તથા રજૂઆતને બીજા કોઈપણ પાઠ્યપુસ્તક, ગાઇડ, મેગેઝિન, સજેશન, કસોટીપત્ર, પેમ્ફલેટ્સ, ઝેરોક્ષ કે અન્ય કોઈપણ પ્રકારના સ્વરૂપે છાપતાં કે ઉપયોગ કરતાં પહેલાં લેખકોની લેખિત પૂર્વ મંજૂરી મેળવવી ખાસ આવશ્યક છે.

-: પ્રકાશકની નોંધ :-

નીરવ પ્રકાશન દ્વારા પ્રકાશિત આ પ્રકાશનમાં શક્ય તેટલી ચોક્સાઈ રાખી વિષયને ન્યાય આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે. આમ છતાં, કોઈ સંભવિત ત્રુટિ કે હકીકત દોષ રહી ગયેલાં હોય તો તેને કારણે પરીક્ષાનાં પરિણામો તેમજ અન્ય કોઈ બાબતો અંગે લેખક / પ્રકાશકની કોઈ જવાબદારી રહેતી નથી.

-: ગ્રાફિક્સ :-

મૌર્ય ગ્રાફિક્સ

44 - 45, કલ્યાણ ભવન, હેવમોર રેસ્ટોરન્ટ પાસે, રીલિફ રોડ, અમદાવાદ - 1.

...પ્રસ્તાવના...

આ સૃષ્ટિમાં મનુષ્ય જ એક સર્વાધિક વિકાસશીલ જીવ છે. તે સ્વયં પણ વિકસે છે અને બહિર પરિબળથી પણ વિકાસ પામે છે. આપણે શિક્ષક તરીકે વિકાસના બહિર પરિબળ છીએ. તેથી શિક્ષક માત્ર એ માનવ વિકાસની પ્રક્રિયા જાણવી જોઈએ. તે અંગે થયેલાં સંશોધનો અને તેના તારણો જાણવા જોઈએ. જેથી આપણે શિક્ષણ વ્યવહારો ગોઠવી શકીએ.

પ્રસ્તુત પુસ્તકમાં માનવ વિકાસની પ્રક્રિયા તથા વિકાસની દિશાઓની રજૂઆત થઈ છે. તેની સાથોસાથ માનવજીવન વિકાસના તબક્કાવાર વિકાસની લાક્ષણિકતાઓ પણ રજૂ થઈ છે.

આશા છે કે આ બધી માહિતી વડે આપ આપના અધ્યેતાઓને સુપેરે ઓળખી શકશો. તેમની જરૂરિયાત મુજબ શિક્ષણ પ્રબન્ધ કરી શકશો અને નવી પેઢીનું યોગ્ય દિશામાં ઘડતર કરી શકશો.

તેમ છતાં વાચકને આ પુસ્તકના વિષયવસ્તુમાં કે રજૂઆતમાં ક્ષતિ જણાય તો રચનાત્મક સૂચન આવકાર્ય છે.

સફળ શિક્ષક બનો એવી આશા સાથે....

- લેખકો

...અનુક્રમણિકા...

ક્રમ	વિગત	પાના નં.
1.	માનવ વિકાસ	01 - 22
2.	સાંસ્કૃતિક મનોવિજ્ઞાન	23 - 36
3.	જ્ઞાનાત્મક મનોવિજ્ઞાન	37 - 46
4.	વાયૂગોત્સ્કી અને જ્ઞાનાત્મક વિકાસ	47 - 53
5.	કોહ્લબર્ગ અને નૈતિકતાનો વિકાસ	54 - 60
6.	બાલ્યાવસ્થામાં વિકાસ	61 - 73
7.	બાલ્યાવસ્થામાં સાંવેગિક વિકાસ	74 - 79
8.	બાલ્યાવસ્થામાં આધ્યાત્મિક વિકાસ	80 - 86
9.	જ્ઞાનાત્મક વિકાસના સિદ્ધાંતો	87 - 96
10.	તંદુરસ્ત બાળપણ	97 - 103
11.	તરુણાવસ્થા	106 - 128
12.	વ્યક્તિત્વ - વિકાસ	129 - 150
13.	તરુણાવસ્થા : સાંસ્કૃતિક સંદર્ભ	151 - 157
14.	શહેરીકરણ અને આર્થિક પરિવર્તનોની તરુણાવસ્થા પર અસરો	158 - 166
15.	મનોવૈજ્ઞાનિક જાતિગત તફાવતો	167 - 171
16.	સામાજિક-સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં જાતીય શિક્ષણ	172 - 178
	યુનિવર્સિટી પ્રશ્નપત્ર ડિસેમ્બર - 2015	179 - 180

SYLLABUS

Content

Unit - 1	Development of Child
(a)	**Human Development:** • Concept • Principles • Role of heredity and environment in development. Individual differences. • Cultural and Cognitive Psychology (Meaning; Concept; Importance; Domains and its relationship with learning and teaching.) **Theories of Individual Development in Socio-Economic and Cultural Setting:** • Vygotsky- Zone of Proximal Development • Kohlberg-Moral Development
(b)	**Childhood:** • Concept • Stages of childhood **Development of childhood** • In the context of socio-economic, political and cultural contexts: family; school; neighborhood and community. • Social Development (Meaning; Importance; Social Process and its effect on teaching and learning theory of Social Construction.) • Emotional Development (Meaning; Process need to study and its effect on teaching and learning process) • Spiritual Development (Meaning; Concept; Importance; Domains and its relationship with learning & teaching.)

	Development Theories • Erikson-Psychological development • Piaget: Cognitive Development
(c)	**Healthy Childhood:** • Child health; nutritious food, exercise; play traditional games and street culture; children's rights of development; child protection; role of parents, teachers and schools in child development.
Unit - 2	**Development of Adolescent**
(a)	**Adolescent:** • Concept • Stages of adolescence with reference to socio-economic, political and cultural contexts. **Personality Development:** • Quest for Independence • Adjustment • Ego Identity vs Role Diffusion • Defense Mechanism
(b)	• Experience of adolescents across different cultures. • Impact of urbanization and economic change on construct and experience of adolescents.
(c)	• Psychological Gender differences in cognitive abilities and social behavior. • Sex Education: Socio-Cultural Perspectives.

અભ્યાસક્રમ

એકમ - 1	બાળ વિકાસ
(a)	માનવ વિકાસ ● સંકલ્પના ● સિદ્ધાંતો ● વિકાસમાં આનુવાંશિકતા અને પર્યાવરણની ભૂમિકા (અસર), વ્યક્તિગત તફાવતો. ● સાંસ્કૃતિક અને જ્ઞાનાત્મક મનોવિજ્ઞાન (અર્થ, સંકલ્પના, મહત્વ, કાર્યક્ષેત્ર અને અધ્યયન અધ્યાપન સાથે સંબંધ) સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિના સંદર્ભમાં વૈયક્તિક વિકાસનો સિદ્ધાંત. ● વ્યાગોત્સ્કી - સમીપસ્થ વિકાસનો વિસ્તાર ● કોહલબર્ગ - નૈતિક વિકાસ
(b)	બાળપણ ● સંકલ્પના ● બાળપણના તબક્કા **બાળપણનો વિકાસ** ● સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં કુટુંબ, શાળા, પડોશ અને સમુદાય (સમાજ) ● સામાજિક વિકાસ (અર્થ, મહત્વ, સામાજિક પ્રક્રિયા અને તેની સામાજિક સંરચનાના સિદ્ધાંતની અધ્યયન-અધ્યાપન પર અસર) ● સાંવેગિક વિકાસ (અર્થ, અધ્યયન માટે જરૂરી પ્રક્રિયા અને તેની અધ્યયન-અધ્યાપન પર અસર)

	• આધ્યાત્મિક વિકાસ (અર્થ, સંકલ્પના, મહત્વ, ક્ષેત્રો અને તેનો અધ્યયન-અધ્યાપન સાથેનો સંબંધ) **વિકાસાત્મક સિદ્ધાંતો** • ઈરીકસન - મનોવૈજ્ઞાનિક વિકાસ • પિયાજે - જ્ઞાનાત્મક/બોધાત્મક વિકાસ
(c)	**તંદુરસ્ત બાળપણ**
	• બાળ આરોગ્ય, પૌષ્ટિક ખોરાક, કસરતો, પરંપરાગત રમતો અને શેરી સંસ્કૃતિ, બાળવિકાસના અધિકારો, બાળ સંરક્ષણ તથા માતા-પિતા, શિક્ષકો અને શાળાનો બાળ વિકાસમાં ફાળો.

એકમ - 2 તરુણોનો વિકાસ

(a)	**તરુણ**
	• સંકલ્પના • સામાજિક, રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક સંદર્ભમાં તરુણાવસ્થાના વિકાસના તબક્કાઓ **વ્યક્તિત્વ વિકાસ** • સ્વતંત્રતાની ઝંખના • અનુકૂલન • અહ્મની ઓળખ વિરુદ્ધ આત્મસ્થાપનની ભૂમિકા • બચાવ પ્રયુક્તિઓ
(b)	• વિવિધ સંસ્કૃતિઓમાં તરુણોનો અનુભવ • તરુણોના ઘડતર અને અનુભવ પર શહેરીકરણ અને આર્થિક પરિવર્તનની અસર
(c)	• જ્ઞાનાત્મક ક્ષમતાઓ અને સામાજિક વર્તનોમાં મનોવૈજ્ઞાનિક જાતિગત તફાવતો • જાતીય શિક્ષણ : સામાજિક સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં

પ્રકરણ 1 માનવ વિકાસ

1.1 પ્રસ્તાવના
1.2 માનવ વિકાસની સંકલ્પના
1.3 માનવ વિકાસના સિદ્ધાંતો
1.4 વંશવારસો અને પર્યાવરણની ભૂમિકા
1.5 વ્યક્તિગત તફાવતો
❋ સ્વાધ્યાય

1.1 પ્રસ્તાવના :

ઉત્ક્રાન્તિવાદ અનુસાર માનવબીજનું સૃષ્ટિ પર અવતરણ વિકાસ માટે થયેલું છે. દિનપ્રતિદિન માનવ પોતે પણ વૃદ્ધિ પામે છે ને સાથોસાથ વિકાસ પામે છે. તે વિકાસ પામે છે ત્યારે આસપાસના જૈવિક પર્યાવરણનો પણ વિકાસ કરે છે. ટૂંકમાં, સૃષ્ટિની પ્રકૃતિ જ વિકાસની છે. તેથી જ જન્મ સમયે સૌથી વધુ નિર્બળ માનવબાળ ઉંમર વધતાંની સાથે જ સૌથી વધુ બળવાન બની ચંદ્રલોકમાં વસવાટ કરવા પ્રયત્નો કરે છે. અન્ય કોઈ જીવસૃષ્ટિને આ પૃથ્વી ટૂંકી પડતી નથી, માનવને હવે ટૂંકી લાગવા માંડી છે. શું આ તથ્ય માનવ વિકાસનું સાક્ષી નથી ? આ દૃષ્ટિએ વિકાસ એ સ્વાભાવિક પ્રક્રિયા છે.

ઈશ્વરે મનુષ્યને એક બીજું વરદાન આપ્યું છે - તે છે વિચારનું. તે વિચારી શકે છે. તેણે જોયું કે, અલબત્ત બધા માનવજીવ વિકસે છે પરંતુ એક સરખો વિકાસ થતો નથી. એટલે તેણે વિચારવાનું શરૂ કર્યું. ઊંડાણપૂર્વક નિરીક્ષણ કર્યું. નિરીક્ષણ નોંધ સાથે વિચારનું દ્રવ્ય ભળ્યું ને રચાયું વિકાસાત્મક મનોવિજ્ઞાન. આ મનોવિજ્ઞાને વૃદ્ધિ અને વિકાસને લગતી અનેક શંકાઓનું સમાધાન કરી આપ્યું. આવો.. આપણે વિકાસાત્મક મનોવિજ્ઞાનની આંગળી પકડીને માનવ વિકાસને વિગતે સમજીએ.

1.2 માનવ વિકાસની સંકલ્પના :

જે ફરે તે ચરેની જેમ જે જન્મે તે વિકસે. જીવસૃષ્ટિ પૈકીના માનવજીવનો જન્મથી મૃત્યુ સુધીમાં જબરો વિકાસ થાય છે. આ વિકાસને બે દૃષ્ટિએ જોવામાં આવે છે. તે પૈકીનો પ્રથમ છે વૃદ્ધિ, વૃદ્ધિનો મુખ્ય સંબંધ છે શરીર સાથે. આપણો અનુભવ છે કે, જન્મ સમયે માનવશરીર 0.008 ઈંચનું હોય છે, જે મૃત્યુ સમયે 65 ઈંચ કે તેથી વધુનું હોય છે. આ શારીરિક વિકાસ સૂચવે છે, તેથી વૃદ્ધિને વિકાસ રૂપી સિક્કાની એક બાજુ ગણી શકાય.

બીજી દૃષ્ટિ એટલે માનવજીવનો માનસિક, સાંવેગિક, સામાજિક, વગેરે વિકાસ. આમ વિકાસની સંકલ્પના દ્વિમુખી છે. વિકાસ એ સતત થતી કુદરતી પ્રક્રિયા છે. એક તરફ માનવજીવના શરીરનાં કદ, આકાર અને બંધારણમાં ફેરફાર થાય છે, તે વધે છે. આ પ્રકારના વિકાસને કોષીય ગુણાકાર વૃદ્ધિ કહે છે. તો બીજી તરફ સૃષ્ટિને જોવાની, સમજવાની, સૃષ્ટિ સાથે વર્તનવ્યવહાર કરવાની, જરૂરિયાતની પૂર્તિ કરવાની રીત-રસમમાં પણ મૂળભૂત પરિવર્તન થાય છે. આ બાબતે તે પુખ્ત થાય છે. આ પ્રકારનાં પરિવર્તનો તેના ચૈતસિક અને હાર્દિક પરિવર્તનોના દ્યોતક છે. તે પણ વિકાસ જ છે.

આ રીતે માનવ વિકાસની સંકલ્પના વ્યાપક છે ને સંકુલ પણ છે. માનવ વિકાસ સહજ સ્વાભાવિક છે, અને એ જ માનવ વિકાસ વંશવારસો અને પર્યાવરણથી પ્રભાવિત પણ થાય છે.

મનોવિજ્ઞાન અને શબ્દકોશ મુજબનો 'વિકાસ' શબ્દના અર્થમાં ભિન્નતા જોવા મળે છે. શબ્દકોશ અનુસાર વિકાસ એટલે વધવું, આગળ વધવું, જ્યારે મનોવિજ્ઞાનની દૃષ્ટિએ વિકાસ એટલે માનવજીવનની શારીરિક વૃદ્ધિ સિવાયના માનવજીવનનાં અન્ય પાસાંઓનો વિકાસ, પાસાંઓમાં પરિવર્તનો. માનવજીવના શરીરનો વિકાસ થતાં તેના મસ્તિષ્ક-મગજનો પણ વિકાસ થાય છે તેથી પર્યાવરણ સાથેની આંતરક્રિયાઓમાં પણ પરિવર્તનો આવે છે. તે પર્યાવરણને અનુકૂળ થવા લાગે છે, પ્રતિક્રિયાઓનું સ્વરૂપ બદલે છે. તેની સ્મૃતિ વિકસે છે તેથી ઊભા થતા ઘણા પ્રશ્નો ઉકેલવા લાગે છે. ધીરે ધીરે તે પરિસ્થિતિ પર કાબૂ મેળવવા લાગે છે. આ બધી બાબતોનો વિકાસના અર્થ ક્ષેત્રમાં સમાવેશ પામે છે, પરંતુ એટલું ન ભૂલો કે આ વિકાસના પાયામાં શારીરિક વૃદ્ધિ છે. જો શારીરિક વૃદ્ધિ ન થાય તો વિકાસ પણ ન થાય.

❋ માનવ વિકાસની વ્યાખ્યાઓ :

બી.એફ.સ્કિનર માનવ વિકાસની વ્યાખ્યા આ મુજબ આપે છે.

વિકાસ એ સાતત્યપૂર્ણ અને ક્રમિક પ્રક્રિયા છે.

"Development is a continuous and gradual process."

ગેસેલ માનવ વિકાસને આ મુજબ વ્યાખ્યાયિત કરે છે.

વિકાસ માત્ર એક સંકલ્પના જ નથી, તેનું અવલોકન કરી શકાય છે, માપન થઈ શકે છે. મહદ્ અંશે તે ત્રણ મુખ્ય રીતે માપી શકાય છે. : (1) શારીરિક અંગોને લગતી બાબતો સંબંધિત, (2) વર્તન વ્યવહાર અને (3) શરીરશાસ્ત્રીય. આથી વિકાસાત્મક સ્તર અને વિકાસાત્મક શક્તિનો સર્વગ્રાહી આંક દર્શાવે છે.

એલિઝાબેથ હરલોક વિકાસને આ રીતે સ્પષ્ટ કરે છે.

વિકાસ માત્ર શારીરિક વૃદ્ધિ પૂરતો મર્યાદિત નથી. તેના બદલે તે વ્યક્તિનાં વિવિધ લક્ષણો, શક્તિઓ પરિવર્તન પામી પુખ્તતા તરફ ગતિ કરતી પ્રગતિશીલ શ્રેણી છે.

"Development is not limited to growing larger, it consists of a progressive series of changes towards the goal of maturity development results in new characteristics and new abilities on part of the individual."

1.3 માનવ વિકાસના સિદ્ધાંતો :

માનવ જીવનો વિકાસ અનિવાર્ય છે. આ વિકાસ ક્રમિક અને સતત થાય છે. વિકાસ આકસ્મિક રીતે થતો નથી વિકાસાત્મક મનોવિજ્ઞાનીઓએ માનવજીવનના વિકાસનું ઊંડું અધ્યયન કરીને આ મુજબના સિદ્ધાન્તો તારવ્યા છે.

1.3.1 વિકાસની વિભિન્ન ગતિનો સિદ્ધાંત :

દરેક માનવજીવનો વિકાસ એક સમાન ગતિએ કે એક સરખી રીતે થતો નથી કે સરખી ગતિએ પણ થતો હોતો નથી. જેમ કે, જન્મ સમયે સ્વસ્થ બાળકનો વિકાસ વધુ ને સરખી ગતિએ થાય છે, પરંતુ જન્મ સમયે બિમાર બાળકનો વિકાસ ધીમો હોય છે.

1.3.2 વિકાસક્રમનો સિદ્ધાંત :

અલબત્ત વિકાસ સતત ચાલતી પ્રક્રિયા છે પરંતુ આ પ્રક્રિયા ક્રમિક છે. કોઈ માનવજીવ બાળપણમાંથી સીધો જ હનુમાન ઠેકડો લગાવી યુવાન બની શકતો નથી. બાળપણમાંથી કિશોરાવસ્થા ને કિશોરાવસ્થામાંથી તરુણાવસ્થામાં ને તરુણાવસ્થામાંથી યુવાવસ્થામાં પહોંચે છે.

1.3.3 વિકાસદિશાનો સિદ્ધાંત :

આગળ જોયું કે વિકાસ સતત થતી પ્રક્રિયા છે તેમ વિકાસ ક્રમિક રીતે થાય છે. એ જ પ્રમાણે વિકાસની દિશાઓ પણ ચોક્કસ હોય છે. કોઈપણ માનવજીવનો વિકાસ આડેધડ થતો નથી. અવલોકન કહે છે કે, માનવજીવનો વિકાસ માથાથી પગ તરફ થતો હોય છે. અવલોકન કરશો તો જણાશે કે જન્મ પછી એકાદ અઠવાડિયા. પછી નવજાત માનવજીવ સૌપ્રથમ માથું ઊંચકવા પ્રયત્ન કરે છે.

1.3.4 સામાન્યથી વિશિષ્ટ પ્રતિક્રિયાનો સિદ્ધાંત :

વિકાસનું ક્ષેત્ર સામાન્યથી વિશિષ્ટ તરફ ગતિ કરે છે. એટલે કે, વિકાસની દરેક અવસ્થાએ માનવજીવની પ્રતિક્રિયા સામાન્યથી વિશિષ્ટ તરફની હોય છે. માનવજીવ બોલતાં શીખે છે ત્યારે તો તે માત્ર ધ્વનિ જ ઉચ્ચારે છે, પછી ધીરે ધીરે વર્ણોચ્ચાર કરે છે.

1.3.5 સમાન તરાહનો સિદ્ધાંત :

વિકાસ ઘણાં પરિબળોને આધિન હોય છે, તેથી જ દરેક માનવજીવના વિકાસની ગતિ એક સમાન હોતી નથી. પરંતુ ધ્યાન ખેંચે એવી બાબત એ છે કે, વિકાસની તરાહ તો દરેક માનવજીવની સમાન હોય છે. માનવજીવ ગૌર હોય કે શ્યામ, હબસી હોય કે ઘઉંવર્ણ, સમાન વયજૂથની વિકાસ તરાહ તો એક સમાન જ હોય છે.

1.3.6 પરસ્પર સંબંધનો સિદ્ધાંત :

અગાઉ વિકાસની સંકલ્પના દરમિયાન જાણ્યું કે માનવજીવનો વિકાસ વિવિધ પરિમાણી હોય છે. વિકાસ એકાંગી હોતો નથી બલકે જુદાં જુદાં પરિમાણોનો પરસ્પર સંબંધિત વિકાસ થતો હોય છે. એવું કદી બને નહિ કે માનવજીવનો પ્રથમ શારીરિક વિકાસ થાય - તે અટકે પછી માનસિક વિકાસ શરૂ થાય.

1.3.7 એકીકરણનો સિદ્ધાંત :

અધ્યાપનની આગમન-નિગમન પદ્ધતિમાં સામાન્યમાંથી વિશિષ્ટ તરફ જઈએ છીએ તેમ અહીં સમગ્રમાંથી અંગ-ઉપાંગના વિકાસની બાબત છે. બાળક શરૂઆતમાં આખું શરીર હલાવે છે ને ત્યારબાદ હાથ-પગ ઉછાળે છે. ત્યારબાદ કોણીવાળા ભાગને વાળે છે, તે પછી આંગળાં હલાવે, પંજો હલાવે છે. આમ વિવિધ ક્રિયાઓનું એકીકરણ કરીને વસ્તુને પકડતાં કે છોડતાં શીખે છે.

1.3.8 વ્યક્તિગત ભિન્નતાનો સિદ્ધાંત :

એ તો આપણે જોઈ ગયા કે, દરેક માનવજીવના વિકાસની ગતિ એક સરખી હોતી નથી, પરંતુ વિકાસની તરાહ એક સરખી હોય છે. આ સિદ્ધાંત અનુસાર વિકાસની ગતિ-સ્થિતિમાં વ્યક્તિગત ભિન્નતા જોવા મળે છે. જેમ કે, એક જ ધોરણમાં ભણતા કુમાર અને કન્યાના શારીરિક વિકાસમાં તફાવત જોવા મળે છે.

1.4 માનવ વિકાસમાં વંશ-વારસો અને પર્યાવરણની ભૂમિકા :

માનવજીવનું જીવન વિવિધ પ્રકારનાં પરિબળોથી પ્રભાવિત થાય છે. માનવ વિકાસ એ જીવનની અગત્યની પ્રક્રિયા છે. તે સંકુલ પ્રક્રિયા છે તેથી તે પણ અનેક પરિબળોથી પ્રભાવિત થાય છે. અહીં વંશ-વારસો અને પર્યાવરણ આમ બે પરિબળોની ચર્ચા કરવામાં આવી છે.

1.4.1 વંશ-વારસો :

વૂડવર્થ પોતાના સંશોધનના તારણરૂપ કહે છે : The individual is the product of heredity and environment. આ બે પરિબળો જ માનવ વિકાસને અસર કરતાં મુખ્ય પરિબળો છે.

માનવ વિકાસ પર તેના વંશવારસાની સીધી અસર થાય છે. આ અસર દૃષ્ટિગત પણ થાય છે. જેમ કે, ઠીંગણા માબાપનાં બાળકો ઠીંગણાં હોય છે. આજે તો જિનેટિક્સ વિજ્ઞાન એટલું બધું આગળ વધી ગયું છે કે તે વ્યક્તિના DNA પણ ઓળખી કાઢે છે. DNA માં ફેરફાર કરવાનું પણ શક્ય બનવા લાગ્યું છે. તેથી માનવ વિકાસ વધુ ને વધુ પ્રભાવિત થઈ શકે છે.

વંશ-વારસી એટલે ચર્ભધાન સમયે નરબીજ અને સ્ત્રીબીજમાં હાજર તમામ લક્ષણોનું ભ્રૂણમાં અવતરણ. સ્ત્રીના અંડકોષમાં પુરુષના શુક્રકોષનો સંયોગ થવાથી વારસાનું પ્રદાન થાય છે. આ કોષોમાં રહેલાં રંગસૂત્રોમાં જનીનતત્ત્વો હોય છે. આ જનીન તત્ત્વો વારસાના વાહક છે. જનીન તત્ત્વોના સંયોજનનાં પરિમાણોને વારસો/આનુવાંશિકતા કહેવાય.

વ્યક્તિને વારસામાં તેના માતા-પિતા, પૂર્વજો તથા પ્રજાતિની લાક્ષણિકતાઓ શારીરિક તથા માનસિક સ્તરે પ્રાપ્ત થાય છે. તેથી વારસાની અસર માનવજીવનના શારીરિક બાંધા ઉપર, સ્વભાવ અને સ્વાસ્થ્ય ઉપર થતી હોય છે. બિમાર મા-બાપનાં સંતાનો પણ બિમાર હોવાનાં. લોક અનુભવથી 'વડ એવા ટેટા, ને બાપ એવા બેટા' કહેવત બની છે.

ટૂંકમાં, વારસા/આનુવાંશિકતાની અસર માનવજીવના વિકાસ પર અવશ્ય થાય છે.

1.4.2 પર્યાવરણ :

પર્યાવરણ ઘણી જાતનાં હોય છે : કુદરતી પર્યાવરણ, સામાજિક પર્યાવરણ, સાંસ્કૃતિક પર્યાવરણ, પારિવારિક પર્યાવરણ વગેરે. નોંધી રાખો, આ દરેક પ્રકારનું પર્યાવરણ માનવ જીવનના વિકાસને અસર કરે છે. મનોવિજ્ઞાન પર્યાવરણની પરિભાષા આ મુજબ કરે છે.

Environment covers all the outside factors that have acted on the individual since he began life.

ટૂંકમાં, પર્યાવરણ એક એવો બહુ પરિમાણી શબ્દ છે કે જે માનવજીવના સ્વભાવ, વાણી-વર્તન, વૃદ્ધિ-વિકાસ અને પુખ્તતા તથા સમગ્ર જીવન પર અસર કરનાર તમામ પરિબળોનો સમાવેશ કરે છે.

પર્યાવરણને બે ભાગમાં વહેંચી શકાય : (1) જન્મ પહેલાંનું પર્યાવરણ (2) જન્મ પછીનું પર્યાવરણ. જન્મ પહેલાંનું પર્યાવરણ એટલે માતાનું શરીર, ગર્ભાવસ્થા દરમિયાન માતાના આહાર-વિહાર, માતાનું સ્વાસ્થ્ય, માતાની ઉંમર, માતાને થતા આવેગાત્મક અનુભવો વગેરે. જ્યારે જન્મ પછીના પર્યાવરણમાં એક આંતરિક વાતાવરણ, બીજું

ભૌતિક વાતાવરણ અને ત્રીજું સામાજિક વાતાવરણ. હવે આ ત્રણેય વાતાવરણને સમજીએ. આંતરિક વાતાવરણ એટલે શરીરની ચયાપચય ક્રિયાઓ, હોર્મોન્સ, પ્રજીવકો, શરીરનું તાપમાન, પાચનતંત્ર, વગેરે. જ્યારે ભૌતિક વાતાવરણ એટલે નિવાસસ્થાન અને આસપાસની લોકાલિટી, આબોહવા, શાંતિ કે ઘોંઘાટ, વગેરે. ત્રીજું વાતાવરણ એટલે સામાજિક વાતાવરણ. તેમાં પરિવાર, સ્નેહી-સંબંધીઓ, શાળા, શેરી, જ્ઞાતિ, વ્યવસાય, આર્થિક સ્થિતિ, સંસ્કૃતિ, ખાન-પાન, રહેણીકરણી વગેરેનો સમાવેશ થાય છે. આ બધાની માનવ વિકાસ પર અસર થાય છે, એવું તારણ સંશોધકોએ તારવ્યું છે. જેમ કે, વિભિન્ન પ્રજાઓની શારીરિક ભિન્નતા એ વાતાવરણ-પર્યાવરણનું પરિણામ છે. પહાડી પર્યાવરણમાં જીવતા લોકોનાં શરીર ખડતલ, નદી પટમાં જીવનારા લોકોનાં શરીર પ્રમાણમાં ઓછાં ખડતલ ....વગેરે.

માનસિક વિકાસ પર પણ પર્યાવરણની અસર નોંધાઈ છે. જે માનવજીવને યોગ્ય સામાજિક અને સાંસ્કૃતિક પર્યાવરણ મળે તે માનવજીવનો માનસિક વિકાસ અપેક્ષાકૃત વધારે હોય છે. બુદ્ધિનો વિકાસ પણ વારસા કરતાં પર્યાવરણથી વધુ પ્રભાવિત થાય છે. વ્યક્તિત્વનો વિકાસ પણ વ્યક્તિને મળેલા પર્યાવરણ પર આધાર રાખે છે.

ટૂંકમાં, માનવજીવના તમામ પ્રકારના વિકાસ પર વંશવારસો અને પર્યાવરણની સર્વાધિક અસર થાય છે. તેથી જ શિક્ષકે આ બન્ને પરિબળોને લક્ષમાં રાખીને શિક્ષણ યોજના વિચારવી જોઈએ. વિકાસની દૃષ્ટિએ એક માનવજીવ બીજા માનવજીવથી જુદો પડે છે. તેથી સૌને એક જ લાકડીએ હાંકવાથી શિક્ષણકાર્ય અસરકારક થઈ શકતું નથી.

આ સિવાય પણ શિક્ષકોએ ધ્યાનમાં રાખવા જેવી બાબત છે- પરિપકવતા. વિકાસની પ્રક્રિયા પરિપકવતાએ અટકે છે. પછી પુનઃ શરૂ થાય છે. આ પરિપકવતાની ક્ષણને જે ઓળખે તે શિક્ષક સફળ થાય, કારણ કે પરિપકવતા એ વિકાસની ચરમસીમા છે. ત્યારે જે કંઈ શીખવવામાં આવે છે તે વધુ ગ્રાહ્ય બને છે, વધુ સમય સુધી યાદ રહે છે. આ રીતે વિકાસ અને શિક્ષણને ગાઢ સંબંધ છે.

1.4.3 બાળ વિકાસમાં શાળાની ભૂમિકા :

બાલ વિકાસમાં શાળાની ભૂમિકા મહત્ત્વની છે. બાળક દરરોજ પાંચથી છ કલાક શાળામાં ગાળે છે. શિક્ષકો બાલવિકાસના સાક્ષી છે. બાળક ઘરેથી કોઈ ખરાબ ટેવ લઈને આવે તો એ ટેવ દૂર કરવાની શાળાની ફરજ છે. શાળાએ બાળકમાં સારી ટેવો પાડવાની છે. બાળકો સ્વચ્છતાનું મહત્ત્વ સમજે. શરીરનાં અંગોની સફાઈ રાખવાનું મહત્ત્વ સમજે એ જોવાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની ફરજ છે. નખ કાપવા, વાળ હોળવા, સ્વચ્છ કપડાં પહેરવાં, જમતાં પહેલાં હાથ ધોવા- આ બધી નાની નાની બાબતો ધો. 1 થી 5ના વિદ્યાર્થીઓના ધ્યાન ઉપર લાવવી જોઈએ. પ્રાર્થના કાર્યક્રમમાં જાણીતા સંતો, મહાપુરુષો, બહાદુર બાળકોના પ્રસંગો રજૂ થવા જોઈએ, જેથી બાળકોને તેમના જેવા થવાની પ્રેરણા મળે. બાળકોમાં નિયમિતતાનો ગુણ કેળવવો જોઈએ. શિક્ષક સ્વયં નિયમિત રહીને જ નિયમિતતાના પાઠ શીખવી શકે. બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર લાવવા અને કેળવવા શાળામાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ. વધુમાં વધુ વિદ્યાર્થીઓ આવી પ્રવૃત્તિમાં જોડાય તે જોવું જોઈએ. આજે શિક્ષણમાં સ્વ-અધ્યયનનું મહત્ત્વ વધ્યું છે. બાલકેન્દ્રી શિક્ષણ ઉપર ભાર મૂકાઈ રહ્યો છે ત્યારે વર્ગમાં વિદ્યાર્થી સતત સક્રિય બને એવા અનુભવો તેમને પૂરા પાડવા જોઈએ. શાળામાં વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને મૂલ્યોનું મહત્ત્વ સમજાવવું જોઈએ. આજે જ્યારે મૂલ્યોનો હ્રાસ થયો છે ત્યારે આ પ્રવૃત્તિ ઘણી ઉપયોગી થઈ શકે. વિદ્યાર્થી સમાજનો તંદુરસ્ત ઘટક બને સમાજના નીતિ-નિયમોનું પાલન કરે, અન્યાયનો વિરોધ કરે એવી ટેવ શાળામાંથી જ પડવી જોઈએ. રાષ્ટ્રભાવના, રાષ્ટ્રપ્રેમની ભાવના ખીલવવી જોઈએ. ટ્રાફિકના નિયમોનું પાલન કરવાની સમજ શાળામાંથી જ મળવી જોઈએ. શિક્ષણ વ્યવહારમાં ઉપયોગી છે. ભાવિ જીવનમાં ઉપયોગી છે. એટલે શિક્ષણનો જીવન સાથેનો સંબંધ પ્રસ્થાપિત થવો જોઈએ. નવરાશના સમયના સદુપયોગ માટે કોઈ શોખ કેળવવાની સુવિધા શાળાએ કરવી જોઈએ. બાળકના શરીરને ખડતલ બનાવવા ખેલકૂદની પ્રવૃત્તિ, યોગ વગેરેનું આયોજન શાળામાં થવું જોઈએ. પ્રવાસ-પર્યટન માત્ર ફરવા માટે નહીં, પરંતુ નવું જાણવા ઉપયોગી છે, એવો ખ્યાલ વિદ્યાર્થીના મનમાં પેદા થવો જોઈએ. તેનો આત્મવિશ્વાસ કેળવાય, હિંમત કેળવાય, એવી પ્રેરણા શાળામાંથી મળવી

જોઈએ. વિદ્યાર્થીના ઘડતરમાં ઘર અને શાળા બન્ને મહત્ત્વનો ભાગ ભજવે છે. શાળાએ બાળકના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ.

1.5 વ્યક્તિગત તફાવતો :

જગતના બે વ્યક્તિઓની ફિંગરપ્રિન્ટ ક્યારેય સમાન જોવા મળી નથી. એથી વિસ્મયકારક વાત બીજી કઈ હોઈ શકે ? ખરેખર કુદરતની લીલા અજબોગરીબ છે. આ સૃષ્ટિ પર વસનાર દરેક માનવજીવ અદ્વિતીય છે. 'જનનીની જોડ સખી નહિ મળે રે લોલ' માત્ર જનની માટે જ નહિ, બલ્કે દરેક માનવજીવ માટે એટલું જ લાગુ પડે છે. આ સૃષ્ટિમાં જન્મ લેનાર દરેક બાળક બીજાં બાળકોથી ઘણી બાબતોમાં ભિન્નતા ધરાવતું હોય છે. તે અભિરુચિઓમાં, શોખ અને ખાસિયતોમાં, ટેવોમાં અને જીવનશૈલીમાં તફાવત ધરાવતું હોય છે. આપણે જો વર્ગખંડ તરફ નજર કરીએ તો ત્યાં પણ અધ્યેતાઓમાં ભાતભાતના અને જાતજાતના તફાવતો જોવા મળે છે. વર્ગખંડમાં તો સામાન્ય રીતે અધ્યેતાઓની ઉંમર સરખી હોવાની, વળી લગભગ સમાન શૈક્ષણિક અનુભવો પણ ધરાવતા હોવાના છતાં તેઓમાં શીખવાની શૈલીમાં, સમજવાની શક્તિમાં, ગ્રહણ કરવાની ક્ષમતામાં તથા અભિવ્યક્ત થવાની રીતમાં નોંધપાત્ર તફાવત જોવા મળશે. આ તફાવતોને શિક્ષકે ઓળખવા પડે. આ તફાવતોને વ્યક્તિગત તફાવતો કહેવામાં આવે છે.

1.5.1 અર્થ :

વ્યક્તિગત તફાવતોનો અર્થ એકદમ સરળ અને સ્પષ્ટ છે. વ્યક્તિ જન્મજાત કેટલાંક લક્ષણો ધરાવતો હોય છે તેનું કારણ આનુવાંશિકતા (વારસો) છે. આવાં લક્ષણોમાં તેનો વર્ણ, ઊંચાઈ, વજન, આંખોનો રંગ, વાળનો રંગ, હાથ-પગ પંજાનો આકાર, ગળાની લંબાઈ, કાનનો આકાર અને જાડાઈ, શરીરનું કદ, વગેરે આ બધાં લક્ષણો જોઈ શકાય તેવાં હોય છે. જ્યારે બીજા કેટલાંક અદૃશ્ય લક્ષણો પણ તે ધરાવતો હોય છે. આવાં લક્ષણોમાં માનસિક શક્તિઓ, બુદ્ધિ, તર્કશક્તિ, કલ્પના શક્તિ, સર્જનાત્મક શક્તિ, ધ્યાન, સ્મૃતિ, અભિરુચિ, અભિયોગ્યતાઓ,

વગેરે. તદ્‌ઉપરાંત સ્વભાવ, શ્રવણ અને ઘ્રાણશક્તિ વગેરેનો પણ સમાવેશ થાય છે. વ્યક્તિગત તફાવતમાં આ બન્ને લક્ષણો-દેખાય તેવાં અને ન દેખાય તેવા તફાવતોને વ્યક્તિગત તફાવત કહેવામાં આવે છે. પરંતુ મનોવિજ્ઞાન વ્યક્તિગત તફાવતનો અર્થ જરા જુદો કરે છે. આપણે શિક્ષક તરીકે આ અર્થને જાણવો અને તદ્‌અનુસાર શિક્ષણકાર્ય ગોઠવવું જરૂરી છે.

જ્ઞાનવાદી મનોવિજ્ઞાની બી. એફ. સ્કીનર વ્યક્તિગત તફાવતોનો અર્થ આ મુજબ કરે છે : વ્યક્તિગત તફાવત એટલે જેનું માપન થઈ શકે તેવાં વ્યક્તિનાં કોઈપણ લક્ષણમાં રહેલો તફાવત. અહીં સ્કીનર માપન થઈ શકે તેવાં લક્ષણમાં રહેલા તફાવતને વ્યક્તિગત તફાવત કહે છે. માટે લક્ષણનું માપન મહત્ત્વનું છે. જે લક્ષણનું માપન નથી થઈ શકતું તેનો સમાવેશ વ્યક્તિગત તફાવતમાં કરવામાં આવતો નથી.

અન્ય મનોવિજ્ઞાનીઓ પણ વ્યક્તિગત તફાવતને માપન થઈ શકે તેવાં લક્ષણો પૂરતો મર્યાદિત કરે છે. જેમ કે ટાઈલર નામના મનોવિજ્ઞાની વ્યક્તિગત તફાવતને આ રીતે પરિભાષિત કરે છે, શરીરનું કદ-આકાર, સ્વરૂપ અને શારીરિક કાર્યો, ગતિસંબંધી કુશળતાઓ, બુદ્ધિ-સિદ્ધિ, જ્ઞાન, અભિરુચિ, વિચાર, શોખ, સંવેદનાઓ, લાગણીઓ, મૂલ્યાભિમુખતા, મૂલ્ય પસંદગી, વગેરેમાં વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે રહેલા તફાવત કે જેનું માપન શક્ય છે, તેને વ્યક્તિગત તફાવત ગણવામાં આવે છે.

આ ઉપરાંત વ્યક્તિગત તફાવતનો અર્થ વિસ્તાર પામે છે. તદ્‌અનુસાર વ્યક્તિની વિવિધ ક્ષમતાઓ, અભિયોગ્યતાઓ, અભિરુચિઓ અને અન્ય લક્ષણોમાં પણ જો તફાવત જોવા મળે તો તેને પણ વ્યક્તિગત તફાવત ગણવામાં આવે છે.

1.5.2 વ્યક્તિગત તફાવતનાં ક્ષેત્રો :

શિક્ષકે વ્યક્તિગત તફાવતનાં ક્ષેત્રો જાણવાં જરૂરી છે. તેનું કારણ એ છે કે શિક્ષક શિક્ષણ દ્વારા અધ્યેતાનો સર્વાંગીણ વિકાસ કરવાની નેમ ધરાવે છે. સર્વાંગીણ વિકાસની પ્રક્રિયામાં વ્યક્તિગત તફાવતનાં કોઈ પણ ક્ષેત્ર અવરોધરૂપ થઈ શકે. તો આ રહ્યાં વ્યક્તિગત તફાવતનાં ક્ષેત્રો.



આ ક્ષેત્રોમાં કેવા અને શું તફાવતો હોય છે, તે જાણીએ.

❐ ક્ષેત્ર - 1 શારીરિક તફાવતો :

નજરે દેખાય તેવા શારીરિક તફાવત હોય છે જેવાં કે વર્ગનો કોઈ અધ્યેતા વધુ ઊંચો તો કોઈ ઠીંગણો, કોઈ જાડો તો કોઈ પાતળો, કોઈ ગોરો તો કોઈ ઘઉંવર્ણો, શ્યામ વગેરે. કોઈની આંખો નબળી હોય તો કોઈની આંખો સ્વસ્થ હોય. શિક્ષકે નબળી આંખવાળાને આગળની બેંચ પર બેસાડવા વ્યવસ્થા કરવી જોઈએ. આવું જ શ્રવણશક્તિ બાબતે તફાવત જોવા મળે તો વર્ગની બેઠક વ્યવસ્થામાં જરૂરી ફેરફાર કરવા જોઈએ.

❐ ક્ષેત્ર - 2 માનસિક તફાવતો :

નજરે જોઈ શકાય તેવા આ તફાવતો નથી હોતા બલ્કે શિક્ષક અનુભવી શકે છે. શિક્ષકની પારખી નજર સામાન્ય બુદ્ધિવાળા અધ્યેતા, મંદબુદ્ધિવાળા અધ્યેતા અને ઉચ્ચ બુદ્ધિવાળા અધ્યેતાને ઓળખી લે છે. એવી જ રીતે ગ્રહણશક્તિના તફાવતો, વિચારશક્તિના તફાવતો, વગેરે જાણવા માટે શિક્ષક મનોવૈજ્ઞાનિક કસોટીઓનો પણ ઉપયોગ કરી શકે છે. આમ માનસિક તફાવતો જાણી પોતાના શિક્ષણકાર્યની વ્યૂહરચનામાં ફેરફાર કરી શકે છે.

❐ ક્ષેત્ર - 3 ગતિસંબંધી ક્ષેત્ર :

શિક્ષણ માત્ર જ્ઞાનવૃદ્ધિનું જ કામ કરતું નથી બલકે તે કૌશલોનો વિકાસ પણ કરે છે. આ કૌશલોની વાત ગતિ કે જેને બેન્જામિન બ્લૂમ સાયકોમોટોર ડોમેન ગણે છે. આજકાલ જીવનકૌશલના શિક્ષણ પર વધુ ભાર દેવામાં આવે છે. ત્યારે અધ્યેતામાં રહેલા ગતિ સંબંધી મૂળભૂત તફાવતો શિક્ષકે જાણવા જોઈએ. ગતિ-સાયકો મોટોર ક્ષેત્રમાં રમતગમત, હસ્તકૌશલોવાળી પ્રવૃત્તિઓ તથા શરીરના ઉપયોગથી થતાં કાર્યોનો સમાવેશ થાય છે.

❐ ક્ષેત્ર - 4 વિશિષ્ટ શક્તિ ક્ષેત્ર :

વિશિષ્ટ શક્તિ ક્ષેત્ર અન્તર્ગત તમામ અભિયોગ્યતાઓનો સમાવેશ થઈ શકે. કારણ કે વિશિષ્ટ શક્તિ એ ઈશ્વરનું વરદાન છે ને સૌ જાણે છે કે ઈશ્વર સૌને એક સરખું વરદાન આપતો નથી. તેથી તે ક્ષેત્રમાં તફાવતો ઊભા થાય એ સહજ સ્વાભાવિક છે. કોઈ ચિત્રકળામાં માહેર હોય પણ રમતગમત ક્ષેત્રે પાછળ હોય તો કોઈ રમતગમત ક્ષેત્રે હીરો હોય તો કલા ક્ષેત્રે જીરો હોય.

❐ ક્ષેત્ર - 5 સામાજિક ક્ષેત્ર :

અહીં મુખ્યત્વે વ્યક્તિત્વમાં તફાવતની વાત હોય છે. અનેક લક્ષણોનો સમન્વય વ્યક્તિત્વના ઘડતરનું મુખ્ય પરિબળ છે. 'તુંડે, તુંડે મતિર ભિન્ના' કહેવાય છે તે આ સામાજિક ક્ષેત્રે તફાવતની જ વાત કરે છે. કોઈનું વ્યક્તિત્ત્વ બર્હિમુખી હોય છે તો કોઈ અંતર્મુખી વ્યક્તિત્વ ધરાવતું હોય છે. કોઈ આક્રમક હોય છે તો કોઈ શાન્ત, કોઈ ધીર-ગંભીર તો કોઈ હસી-મજાકવાળો. આવા બધા તફાવતોનો સમાવેશ સામાજિક ક્ષેત્રોમાં થાય છે.

એ સ્પષ્ટ છે કે, વ્યક્તિગત તફાવતો અનેક પ્રકારના હોય છે. તથા તેનો સમાવેશ કોઈ ને કોઈ ક્ષેત્રમાં કરવામાં આવે છે. જેમ પાંચેય આંગળીઓ સરખી હોતી નથી તેમ વ્યક્તિઓ-માનવજીવ પણ સરખા હોતા નથી. આ સરખા ન હોવા માટે પણ કેટલાંક કારણો/પરિબળો જવાબદાર હોય છે. તમે કલ્પના કરો કે જો વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે તફાવત

ન હોત તો અબજો માનવજીવોથી ઊભરાતી આ સૃષ્ટિનું સ્વરૂપ કેવું હોત ? શું તમને બીબાઢાળ માનવ સમુદાય વચ્ચે જીવવું ગમત ? જો કે જનીન વિજ્ઞાન કલોન ઉત્પન્ન કરીને આ વ્યક્તિગત તફાવતો ઘટાડવા મથે છે, પરંતુ એ પછીની સૃષ્ટિની કલ્પના જ કરવી મુશ્કેલ છે. હાલ જે કોઈ તફાવતો છે તે શા માટે ? તે પ્રશ્નનો ઉત્તર મેળવીએ.

1.5.3 વ્યક્તિગત તફાવતનાં કારણો :

વ્યક્તિગત તફાવતો માટે ઘણાં કારણો / પરિબળો જવાબદાર હોય છે તે પૈકીના કેટલાંકનો પરિચય કરીએ

(અ) વંશ-વારસો/આનુવાંશિકતા :

માનવજીવના વિકાસમાં આનુવાંશિકતાનું જેટલું યોગદાન છે તેટલું જ માનવજીવ વચ્ચેના વ્યક્તિગત તફાવતો સર્જવામાં પણ તેનો ફાળો ઘણો મોટો છે. રૂસો અને પિયર્સન જેવા કેળવણીકારોએ આ કારણને મહત્ત્વનું ગણ્યું છે. તેમના અભિપ્રાય અનુસાર વ્યક્તિમાં રહેલી શારીરિક, માનસિક કે વ્યક્તિત્વ વિષયક તફાવતોમાં માતા-પિતા તરફથી મળેલ વારસો કારણભૂત હોય છે. માતા-પિતાનાં રંગસૂત્રોમાં રહેલાં જનીન તત્ત્વોનું સંયોજન વારસા માટે જવાબદાર છે. જનીનતત્ત્વો બે પ્રકારનાં હોય છે-સબળ અને નિર્બળ. તે પૈકીના સબળ જનીન તત્ત્વો જ વારસામાં ઉતરે છે. તેથી જ મા-બાપ તંદુરસ્ત તો બાળક તંદુરસ્ત, બુદ્ધિશાળી તો બાળક બુદ્ધિશાળી. મન નામનો મનોવિજ્ઞાની નોંધે છે કે, આપણાં બધાના જીવનનો પ્રારંભ તો એક સરખી રીતે જ થાય છે પરંતુ જેમ જેમ ઉંમર વધતી જાય છે, મોટા થતા જઈએ છીએ તેમ તેમ તફાવતો પ્રગટવા લાગે છે. આનું કારણ આપણા બધાના વારસા જુદા જુદા હોય છે. જોકે વારસો ગર્ભધાન સમયે જ નિશ્ચિત થઈ જાય છે. વારસામાં ફેરફાર થઈ શકતો નથી.

(બ) વાતાવરણ :

વ્યક્તિગત તફાવતો માટે જવાબદાર કારણરૂપે વાતાવરણ એક બીજું પરિબળ છે. માનવજીવ જે પ્રકારના વાતાવરણમાં જીવે છે, ઉછરે છે કે વિકસે છે તે વાતાવરણની તેનાં વર્તન-વ્યવહારો પર પ્રત્યક્ષ અસર

થતી હોય છે. ગામડામાં ઉછરેલ બાળક અને શહેરમાં ઉછરેલ બાળકનાં વર્તનવ્યવહારોમાં, વાણીવર્તનમાં સ્પષ્ટ તફાવત દેખાશે. અરે ! ગુજરાતના જ કાઠિયાવાડમાં ઉછરેલ બાળક અને મહેસાણા જિલ્લામાં ઉછરેલ બાળકની વાણીમાં પણ નોંધપાત્ર તફાવત નોંધી શકાશે. આ તફાવત સાંસ્કૃતિક વાતાવરણને કારણે છે. પહાડી વિસ્તારમાં ઉછરેલ બાળક અને નદીતટના પ્રદેશમાં ઉછરેલ બાળકના શારીરિક બાંધામાં તફાવત તે ભૌતિક વાતાવરણના તફાવતને કારણે છે. સંયુક્ત પરિવારમાં ઉછરેલ બાળકનું વ્યક્તિત્વ વિભક્ત કુટુંબમાં ઉછરેલ બાળકના વ્યક્તિત્વ કરતાં તદ્દન જુદું જ હોવાનું. અહીં પારિવારિક વાતાવરણ જવાબદાર બને છે. રાજકપૂરનું 'આવારા' સિનેમા આનું જવલંત ઉદાહરણ છે.

તેમાં કોર્ટમાં જજ સાહેબ એક મુજરીમને આકરી સજા ફટકારે છે ત્યારે પેલો મુજરીમ કહે છે, જજ સાહેબ ! હું કદી ગુનેગાર ન હતો, પરંતુ મને મળેલ વાતાવરણે ગુનેગાર બનાવ્યો છે. જો કે જજ સાહેબ આ દલીલ સ્વીકારતા નથી ને કહે છે જે ગુનેગાર હોય છે તે જન્મજાત ગુનેગાર હોય છે. તેની વિરુદ્ધમાં મુજરીમ જજ સાહેબના છોકરાનું જ અપહરણ કરી ગુનાહિત વાતાવરણમાં ઉછેરી તેને ગુન્હા કરતો કરી મૂકે છે, આવારા બનાવી દે છે. પોતાના લાડલાને આવારા રૂપે જોઈ જજસાહેબને ખૂબ આઘાત લાગે છે, ને તે પણ વ્યક્તિત્વના ઘડતરમાં વાતાવરણની અસરને સ્વીકારે છે.

આ સિવાય માનવજીવની જાતિ, ઉંમર, બુદ્ધિ, શિક્ષણ તથા આર્થિક સ્થિતિ પણ અમુક અંશે વ્યક્તિગત તફાવતો પેદા કરવામાં કારણભૂત બનતાં પરિબળો છે. ઉદા. વ્યક્તિની જાતિ લઈએ તો પુરુષનો સ્વભાવ અપેક્ષાકૃત નીડર, સાહસિક હોય પણ સ્ત્રીઓનો સ્વભાવ પ્રેમાળ, અપેક્ષાકૃત સંકોચશીલ તથા ઓછો સાહસિક હોય છે. આ સ્વભાવગત તફાવત માટે તેની જાતિ વધુ જવાબદાર હોય છે. આ મુજબ ઉંમર અને બુદ્ધિ પણ તફાવત દર્શાવે છે. એક જ ઉંમરના બે માનવજીવોની બુદ્ધિમાં તફાવત હોય છે. સરખી ઉંમર હોવા છતાં એકની બુદ્ધિ અતિ ઉચ્ચ હોય શકે છે તો એ જ ઉંમરનો બીજો બાળક મંદ બુદ્ધિનો પણ હોઈ શકે છે. શિક્ષણ પણ વ્યક્તિગત તફાવત માટે જવાબદાર પરિબળ છે.

અભણ અને ભણેલ, શિક્ષિત અને અશિક્ષિત બન્નેના વર્તન વ્યવહારોમાં જે તફાવત જોવા મળે છે તે શિક્ષણને કારણે હોય છે. આમે ય શિક્ષણ તો વ્યક્તિત્વમાં નિખાર લાવનાર પ્રક્રિયા છે. ગરીબીમાં ઉછરેલ બાળક અને અમીરીમાં ઉછરેલ બાળકના શારીરિક-માનસિક, સાંવેગિક, નૈતિક વર્તન વ્યવહારોમાં તફાવત હોય છે. આ માટે આર્થિક વાતાવરણ જવાબદાર બને છે.

ટૂંકમાં, વ્યક્તિગત તફાવતો અનિવાર્ય છે અને તેને માટે અનેક કારણો/પરિબળો જવાબદાર હોય છે. આ તફાવતો શાળાએ આવતાં બાળકોનાં શારીરિક, માનસિક, સાંવેગિક, સામાજિક, ભાષિક અને પરિપકવતા પ્રતિબિંબિત થતા જોવા મળે છે. માટે જ શિક્ષકોએ વ્યક્તિગત તફાવતો અંગે પૂરી સમજણ કેળવવી જોઈએ તથા તેની નોંધ લેતાં શીખવું જોઈએ. તે માટેની કેટલીક પ્રયુક્તિઓ જાણી લેવી જોઈએ. વ્યક્તિગત તફાવતોને ધ્યાનમાં લીધા સિવાય શિક્ષણ કાર્ય કરવું એટલે હવામાં ગોળીબાર કરવા જેવું છે. માટે આવો, વ્યક્તિગત તફાવતોને પિછાણતાં શીખીએ.

1.5.4 વ્યક્તિગત તફાવત ઓળખની પ્રયુક્તિઓ :

આ હેતુસર શિક્ષક નીચેના જેવી પ્રયુક્તિઓ અજમાવી શકે. આ હેતુસર શિક્ષકનું અવલોકન તો ઉપયોગી થાય જ પણ સાથોસાથ મનોવૈજ્ઞાનિક કસોટીઓનો પણ તે ઉપયોગ કરી શકે. એ કસોટીઓ આવી હોઈ શકે :

(1) બુદ્ધિ કસોટી :

બુદ્ધિ વ્યક્તિગત તફાવતો સર્જનાર અગત્યનું પરિબળ છે. તેથી અધ્યેતાઓની બુદ્ધિનું માપન કરીને તેમના તફાવતો ઓળખી શકાય. બુદ્ધિમાપન માટે વિવિધ પ્રકારની અને વિવિધ હેતુ માટેની બુદ્ધિ કસોટીઓ ઉપલબ્ધ છે. તે પૈકીની કેટલીક સમૂહબુદ્ધિ માપન કસોટીઓ તો કેટલીક વ્યક્તિગત બુદ્ધિ માપન કસોટીઓ હોય છે. કેટલીક શાબ્દિક બુદ્ધિમાપન કસોટીઓ તો કેટલીક અશાબ્દિક બુદ્ધિ માપન કસોટીઓ હોય છે. અશાબ્દિક બુદ્ધિ કસોટીઓ ક્રિયાત્મક કસોટીઓ હોય છે. મોટેભાગે તેનો ઉપયોગ બાળકોની બુદ્ધિ માપવા માટે તથા અશિક્ષિત લોકોની બુદ્ધિ

માપવા માટે થતો હોય છે. ભાવનગરનું વિકાસ વર્તુળ ટ્રસ્ટ પણ ગુજરાતભરના શાળાએ જતા અધ્યેતાઓ માટે બુદ્ધિ માપનનો કાર્યક્રમ દર વર્ષે કરે છે. અલબત્ત તે પ્રમાણિત બુદ્ધિ માપન કસોટી નથી, પરંતુ આપણા હેતુ - તફાવત ઓળખવા માટે તે ઉપયોગી થઈ શકે છે.

(2) જ્ઞાનલબ્ધિ કસોટી :

અધ્યેતાઓના જ્ઞાનાત્મક ક્ષેત્રના તફાવત જાણવા માટે આવી કસોટી ઉપયોગી બને છે. તે વિદ્યાર્થીના જ્ઞાનની કક્ષા અથવા સ્તરને જાણવામાં મદદરૂપ થાય છે. આવી જ્ઞાનલબ્ધિ કસોટી શિક્ષક-જાતે પણ રચી શકે છે, ને તે પ્રમાણિત થયેલી હોતી નથી, પરંતુ તેનાથી આપણો હેતુ સરી શકે છે. તેમાં બહુવિકલ્પ પ્રકારના વસ્તુલક્ષી પ્રશ્નો પ્રયોજી શકાય. આ સિવાય જ્ઞાનલબ્ધિ પ્રમાણિત કસોટીઓ પણ ઉપલબ્ધ હોય છે. તે પણ આપણા હેતુસર વાપરી શકાય. કસોટી પર મેળવેલ અધ્યેતાના ગુણાંક આધારે અધ્યેતાઓનું વર્ગીકરણ થઈ શકે.

(3) અભિરુચિ સંશોધનિકા :

અધ્યેતાઓની અભિરુચિ જાણવા આ સંશોધનિકાનો ઉપયોગ થઈ શકે. અભિરુચિ એ પણ કાર્યની સફળતા માટેની ઊર્જા છે. તેથી કાર્યની સોંપણી કરતાં પહેલાં અભિરુચિ જાણવી જરૂરી છે. આ સંશોધનિકામાં અભિરુચિનાં ક્ષેત્ર અનુસારની પ્રવૃત્તિઓની પસંદગીમાં અગ્રતાક્રમ દર્શાવવાનો હોય છે. તે પણ શિક્ષક રચી શકે છે. અલબત્ત, પ્રમાણિત અભિરુચિ સંશોધનિકા મળતી હોય છે.

(4) વ્યક્તિત્વ માપન કસોટી :

વ્યક્તિત્વ એ અધ્યેતાનું અભિન્ન લક્ષણ છે. વ્યક્તિ હોય ત્યાં વ્યક્તિત્વ હોય. આ વ્યક્તિત્વનું નામકરણ પણ થતું હોય છે. ઝઘડાળુ વ્યક્તિ માટે આક્રમક વ્યક્તિત્વ અને ધીર-ગંભીર વ્યક્તિ માટે શાન્ત વ્યક્તિત્વ, બહુ બોલકણા અને વાતવાતમાં નેતૃત્વ લેનાર વ્યક્તિ માટે બહિર્મુખી વ્યક્તિત્વ અને પોતાના સ્વમાં મસ્ત રહેનાર, બહુ ઓછા મિત્રો ધરાવનાર વ્યક્તિ માટે અન્તર્મુખ વ્યક્તિત્વ એવાં નામકરણ થતાં હોય છે. વ્યક્તિત્વ માપનનો ઇતિહાસ જૂનો છે. વ્યક્તિત્વ માપનની

પ્રમાણિત કસોટીઓ અને સ્વરચિત વ્યક્તિત્વ માપન કસોટીઓ ઉપલબ્ધ હોય છે. આવી કસોટીઓમાં વ્યક્તિત્વ માપનની જુદી જુદી પ્રયુક્તિઓનો વપરાશ થતો હોય છે, જેવી કે પ્રશ્નાવલિ, પ્રક્ષેપણ પ્રયુક્તિ, આત્મ નિવેદન પ્રયુક્તિ, ચિત્રોના અર્થઘટન કરાવવાં વગેરે.

(5) વ્યક્તિ ઇતિહાસ :

જ્યારે વિશિષ્ટ કે અપવાદરૂપ અધ્યેતાને ઓળખવાની જરૂર પડે છે ત્યારે વ્યક્તિ ઇતિહાસ પ્રયુક્તિ દ્વારા તેના તફાવતો ઓળખી શકાય છે. વ્યક્તિના જીવન અંગેની ઊંડાણપૂર્વકની માહિતી મેળવવા માટે આ પ્રયુક્તિ વધુ ઉપયોગી છે. એ માટે એકથી વધુ ઉપકરણો વાપરવાં પડે છે. ઉદાહરણ તરીકે, જેની ઊંડાણપૂર્વકની તપાસ કરવાની છે તેની એકથી વધુ વખત મુલાકાતો લેવી પડે, તેના વર્તનવ્યવહારોનાં અવલોકનો કરવા પડે, તેના પરિવાર અને મિત્રવૃન્દની પૂછતાછ કરવી પડે, આત્મનિવેદનો લેવાં પડે, વગેરે ઘણી ઘણી પ્રયુક્તિઓ અજમાવવી પડે. આમ જુદી જુદી વ્યક્તિઓ/અધ્યેતાઓના વ્યક્તિ ઇતિહાસ મેળવી વ્યક્તિગત તફાવતો તારવી શકાય.

(6) વલણ માપદંડ :

વલણ એ વ્યક્તિનું આગવું લક્ષણ છે. એક જ અનુભવ પરત્વે જુદા જુદા વ્યક્તિઓ જુદાં જુદાં વલણ ધરાવતી હોય તેવું જોવા મળે છે. આવું જ અધ્યેતાઓનું પણ હોય છે. કોઈને ગણિત ગમે છે તો કોઈને સમાજવિદ્યા, કોઈને ચિત્રકામમાં રસ પડે છે તો કોઈને ક્રિકેટમાં. આ તફાવતો વલણ સૂચક છે. વલણ માપવા માટે વલણમાપદંડ વપરાય છે. લિકર્ટ પદ્ધતિએ અને થર્સ્ટન પદ્ધતિએ વલણ માપદંડ રચી શકાય છે. પ્રમાણિત માપદંડ પણ બજારમાં ઉપલબ્ધ હોય છે.

(7) અભિયોગ્યતા કસોટી :

વ્યક્તિ શક્તિનો ભંડાર છે. અધ્યેતા તો શક્તિનો નિરન્તર ઉછળતો ફુવારો ગણાય છે. તેમાં શક્તિઓ (Abilities)ની સાથોસાથ કેટલીક વિશિષ્ટ શક્તિઓ પણ હોય છે. આ વિશિષ્ટ શક્તિઓને અભિયોગ્યતા (Aptitude) કહેવામાં આવે છે. આજનો અધ્યેતા

આવતીકાલના ભારતનો ઘડવૈયો છે. તેથી તેની અભિયોગ્યતા જાણવી અત્યંત જરૂરી છે. અભિયોગ્યતાને આધારે વ્યક્તિગત તફાવતો ઓળખવાનું આગવું મૂલ્ય છે. અભિયોગ્યતાઓનું માપન પણ અભિયોગ્યતા કસોટી દ્વારા થઈ શકે છે. ખાસ કરીને વ્યાવસાયિક કૌશલ્યો અને ક્ષમતાઓ આ કસોટીઓ દ્વારા જાણી શકાય છે.

ઉપરોક્ત પ્રયુક્તિઓ દ્વારા વ્યક્તિગત તફાવત જાણી શકાય ત્યારે પ્રશ્ન એ થાય કે શિક્ષકે અધ્યેતાઓના વ્યક્તિગત તફાવતો શા માટે જાણવા જોઈએ ? આપણે તે વિશે ચર્ચા કરીશું.

1.5.5 વ્યક્તિગત તફાવત અને શિક્ષણ :

આ એક મહત્ત્વનો પ્રશ્ન છે. સમાજ શાળાઓ શા માટે ખોલે છે ? માબાપ પોતાનાં સંતાનોને શાળાએ શા માટે મોકલે છે ? સમાજની શાળા પાસેથી શી અપેક્ષાઓ છે ? દેશની શાળાઓ પાસે શી શી અપેક્ષાઓ છે ?.... આ બધા પ્રશ્નોના ઉત્તરોથી જ શાળા શિક્ષણના ધ્યેયોનું નિર્ધારણ થાય છે. હવે જો આ ધ્યેયોને સિદ્ધ કરવા હોય તો શિક્ષકે, શાળા વ્યવસ્થાપને કમર કસવી જોઈએ. આ તકે શિક્ષકને વ્યક્તિગત તફાવતની માહિતી ઉપયોગી બને છે.

જેમ સમાજમાં દરેક સભ્ય સમાન કે સરખો હોતો નથી. સંત કવિ તુલસીદાસે ગાયું છે ને તે સનાતન સત્ય છે.

'તુલસી ઈસ સંસાર મેં ભાત ભાત કે લોગ,
સબસે હિલમિલ ચાલીએ નદી-નાવ સંજોગ,'

સમાજ ભાત ભાતના લોકોથી બને છે. વર્ગખંડ સમાજની જ લઘુઆવૃત્તિ છે. તેથી 'યથા પિણ્ડે તથા બ્રહ્માંડે' ઉક્તિ અનુસાર જે સમાજમાં છે તે જ વર્ગખંડમાં પણ આવવાનું છે. તેથી વર્ગખંડ પણ ભાતભાતના અધ્યેતાઓથી છલકાય એ સ્વાભાવિક છે. વળી અહીં તો શિક્ષણકાર્ય અર્થાત્ અધ્યેતાઓના સદ્‌વર્તનનું ઘડતર, અધ્યેતાઓમાં નાગરિકત્વનું ઘડતર, લોકશાહી મૂલ્યો પરત્વેની અભિમુખતા, તેના શારીરિક સૌષ્ઠવમાં અભિવૃદ્ધિ, તેના આવેગોનું ઉદાત્તિકરણ, જેવાં વગેરે વગેરે મહત્વના કાર્યો કરવાનાં છે, ત્યારે તેમાં આડખીલીરૂપ બને છે-

આ વ્યક્તિગત તફાવતો. જો શિક્ષક પોતાના વર્ગના અધ્યેતાઓના વ્યક્તિગત તફાવત જાણતો હોય તો યોગ્ય વ્યક્તિને યોગ્ય દાયિત્વ સોંપી શકે. યોગ્ય માનવને યોગ્ય સ્થાને મૂકી શકે. આમ વ્યક્તિગત તફાવતની માહિતી શિક્ષકને ઘણી રીતે ઉપયોગી થાય છે. આ ઘણી રીતો કઈ કઈ છે, અને તેમાં વ્યક્તિગત તફાવતોનું જ્ઞાન શિક્ષકને શું ઉપયોગી થાય, છે તેની વિગતો જોઈએ...

(1) વર્ગ વ્યવસ્થાપન :

શિક્ષક માટે વર્ગ વ્યવસ્થાપન હંમેશાં જટિલ પ્રશ્ન રહ્યો છે. સામે પક્ષે વર્ગવ્યવસ્થા શિક્ષણ ઉપલબ્ધિ પર અસર કરનારું મહત્ત્વનું પરિબળ છે. આ સમયે શિક્ષક જો અધ્યેતાઓની શક્તિ અને મર્યાદાઓથી જાણકાર હોય તો તે એ મુજબનું વર્ગવ્યવસ્થાપન ગોઠવી શકે, જેમ કે શ્રવણમંદ અધ્યેતાઓને તથા દૃષ્ટિમંદ અધ્યેતાઓને આગલી હરોળમાં બેસાડી શકે. સ્લો લર્નરને એકસ્ટ્રા કોચિંગ આપી શકે.... વગેરે વગેરે. આવા વ્યવસ્થાપનથી સમય અને શક્તિનો દુર્વ્યય ઘટાડી શકે. બેઠક વ્યવસ્થા વખતે પણ હોંશિયારની પડખે નબળાને બેસાડી સમવયસ્ક જૂથ અધ્યયન વાતાવરણ સર્જી શકે. વ્યક્તિગત તફાવતને લક્ષમાં લઈને વર્ગવ્યવસ્થાપન કરનાર શિક્ષક અધ્યેતાનો અધ્યયન આત્મવિશ્વાસ વધારી શકે, અધ્યયન ક્ષમતા વધારી શકે, અધ્યયન કૌશલ્યો વિકસાવી શકે, અધ્યયન શૈલીને પોંખી શકે, અધ્યયન અનુભવોને સુગ્રાહ્ય બનાવી શકે તથા છેવટે અધ્યયનલબ્ધિ વધારી શકે.

(2) શિક્ષણ પદ્ધતિનું નવીનીકરણ :

શિક્ષણનાં ધ્યેયો, હેતુઓ અને વિશિષ્ટ હેતુઓની સિદ્ધિમાં શિક્ષણ પદ્ધતિનો ફાળો સૌથી વધારે હોય છે. વર્ગખંડનું પર્યાવરણ ઉત્સાહવર્ધક, અધ્યયનને પ્રોત્સાહક તથા જીવંત બનાવવા માટે શિક્ષણ પદ્ધતિ ઉપર સૌથી વધુ આધાર રાખે છે. તેથી હંમેશાં નવી નૂતન શિક્ષણ પદ્ધતિની તલાશમાં તે રહેતો હોય છે. આ તકે અધ્યેતાઓના વ્યક્તિગત તફાવતની માહિતી સૌથી વધુ ઉપયોગી થાય છે. અસરકારક શિક્ષણ માટે અધ્યેતાઓનો સહકાર શિક્ષકે મેળવવો જ રહ્યો, કારણ કે શિક્ષણ દ્વિધ્રુવી પ્રક્રિયા પણ છે. તેના એક ધ્રુવ પર શિક્ષક બિરાજમાન છે તો બીજા

ધ્રુવ પર અધ્યેતા ઉછળે છે. તે જ્ઞાનપિપાસુ છે, તે કુતુહલનો કલરવ છે, તે જિજ્ઞાસાનો સાગર છે. પરંતુ શિક્ષણ પદ્ધતિ આ બન્નેને જોડનાર સાંકળ છે. જો શિક્ષક અધ્યેતાઓની અભિરુચિ, અભિયોગ્યતા, બુદ્ધિશક્તિ, વિચારશક્તિ, ગ્રહણશક્તિ, શબ્દભંડોળ વગેરેને લક્ષમાં રાખીને જો શિક્ષણ પદ્ધતિ અપનાવે તો ચોક્કસ સાંકળ મજબૂત બનશે. માટે શિક્ષકે નીત નવી શિક્ષણ પદ્ધતિ શોધતા રહેવી જોઈએ.

(3) જાતીય તફાવતો અનુસાર શિક્ષણ :

જાતિબોધ એ અત્યન્ત સંવેદનશીલ મુદ્દો છે. એમાં વળી આજકાલ સહશિક્ષણવાળી શાળાઓ તરફ વલણ વધતું ચાલ્યું છે. સહશિક્ષણવાળા વર્ગમાં શિક્ષકે અભ્યાસક્રમના અમુક મુદ્દા ભણાવવામાં વધુ સાવચેત રહેવાની જરૂર રહે છે. ત્યારે તે જાતીય તફાવતથી માહિતગાર શિક્ષક વિષયવસ્તુના વિશ્લેષણમાં વધુ તકેદારી રાખી શકે છે તથા અધ્યાપન દરમિયાન વધુ સ્વસ્થ રહી શકે છે. સાંસ્કૃતિક મનોવિજ્ઞાન પણ કહે છે કે વ્યક્તિની સ્વ સંકલ્પના તેના સાંસ્કૃતિક પરિવેશ સાથેના આદાનપ્રદાનથી ઘડાય છે. ભારતીય સમાજ અમુક અંશે રૂઢિવાદી છે. દીકરી પરત્વે જુદું વલણ ધરાવે છે. તેથી દીકરીનું વ્યક્તિત્વ કુમાર અધ્યેતાની તુલનાએ સંકોચશીલ હોય છે. આવા સંજોગોમાં શરીરવિજ્ઞાનમાં વિષયવસ્તુના કેટલાક મુદ્દાઓના શિક્ષણ કાર્યમાં શિક્ષકે સાવચેત રહેવું જરૂરી બને છે.

(4) આર્થિક - સામાજિક જરૂરિયાતો અનુસાર શિક્ષણ :

અધ્યેતાના વિચાર-વલણ, મૂલ્યાભિમુખતા, સ્વ-સંકલ્પના વગેરે લક્ષણો તેની સામાજિક આર્થિક પરિસ્થિતિથી પ્રભાવિત થતી હોય છે. સાંસ્કૃતિક મનોવિજ્ઞાનનાં સંશોધનો તો ત્યાં સુધી કહે છે કે વ્યક્તિનું વ્યક્તિત્વ, સ્વ-સંકલ્પના, મૂલ્યાભિમુખતા, વલણ વગેરે તેના સાંસ્કૃતિક પર્યાવરણ સાથેના આદાન-પ્રદાનથી ઘડાતા હોય છે. સામાજિક-આર્થિક પર્યાવરણ પણ સંસ્કૃતિનું જ એક ઘટક છે. આ પરિબળ આટલું બધું મહત્ત્વનું હોય તો શિક્ષકે અધ્યેતાની સામાજિક-આર્થિક પરિસ્થિતિમાં રહેલા તફાવતો જાણવા જ જોઈએ તથા તદ્અનુસાર શિક્ષણની કાર્ય યોજના બનાવવી જોઈએ. શિક્ષણકાર્ય અંગેના ઘણા બધા નિર્ણયો લેતા પહેલાં અધ્યેતાની સામાજિક-આર્થિક પરિસ્થિતિને નજરમાં રાખવી જોઈએ.

(5) વર્ગ રચના :

વિદ્યાર્થી સમુદાયનું વર્ગરચનામાં વર્ગીકરણ કરતી વખતે વ્યક્તિગત તફાવતો ખાસ લક્ષમાં રાખવા જોઈએ. અન્યથા એવું પણ બને કે એક વર્ગમાં બધા સામાન્યથી ઉચ્ચ બુદ્ધિવાળા ભેગા થઈ જાય ને બીજા વર્ગમાં સામાન્યથી નીચી બુદ્ધિવાળા બધા ભેગા થઈ જાય. આવું અસમતોલન ન થાય એ માટે પણ અધ્યેતાના વ્યક્તિગત તફાવતોની માહિતી શિક્ષકને ઉપયોગી થાય.

(6) ગૃહકાર્યનું આયોજન :

આપણે ત્યાં શિક્ષક એ તથ્ય અને સત્ય તદ્દન વિસરી ગયો છે કે શિક્ષણ એ ઉછેરનું નૈતિક દાયિત્વ છે. શિક્ષણ એટલે ભણાવવું નહિ, બલ્કે ઉછેર કરવો. માતા જેટલી ચીવટથી બાળકને ઉછેરે છે તેમ શિક્ષકે અધ્યેતાનો વિકાસ કરવાનો છે. તેથી જ શિક્ષણના દરેક કાર્ય-પ્રકાર્ય વખતે અધ્યેતા જ કેન્દ્રમાં હોવો જોઈએ. શિક્ષણ કાર્યના અનુકાર્ય રૂપે ગૃહકાર્ય આપવાની પ્રથા છે. ને એવી પણ પ્રથા છે કે અધ્યેતાઓના વ્યક્તિગત તફાવતોને લક્ષમાં લીધા વગર જ સૌને એકસરખું સાગમટે ગૃહકાર્ય આપી દેવામાં આવે છે. શું કરે બચ્ચારો અધ્યેતા ? વાસ્તવમાં અધ્યેતાની માનસિક ક્ષમતા તથા પારિવારિક સ્થિતિ વગેરેને લક્ષમાં રાખીને ગૃહકાર્યની વહેંચણી કરવી જોઈએ. તો જ ગૃહકાર્યનો પરિશ્રમ ઊગી નીકળે.

વ્યક્તિગત તફાવતો જાણવાથી અપવાદરૂપ અધ્યેતા જેવા કે માનસિક રીતે પછાત, મંદબુદ્ધિવાળા અધ્યેતા, પ્રતિભાશાળી અધ્યેતા, સર્જનશીલ અધ્યેતા, વિશિષ્ટ જરૂરિયાતવાળા અધ્યેતા, વગેરે મળી આવે છે. તેમને માટે વિશિષ્ટ જરૂરિયાત અનુસાર શિક્ષણ કાર્ય યોજના બનાવવી જોઈએ.

(7) વ્યક્તિગત શિક્ષણ :

વર્ગખંડમાં શિક્ષણ મધ્યમ બાળકોને અનુલક્ષીને શીખવે છે. આના કારણે વર્ગના તેજસ્વી અને ધીમું શીખનાર (Slow Learners) બંનેને અન્યાય થાય છે. તેજસ્વી વિદ્યાર્થીની શક્તિઓને પડકારરૂપ કોઈ પ્રવૃત્તિ થતી નથી. ધીમું શીખનારાં બાળકો પાછળ પડી જાય છે. એટલે જ

હવે શિક્ષણમાં વ્યક્તિગત શિક્ષણનો નૂતન વિચાર પ્રચલિત બન્યો છે. તેજસ્વી વિદ્યાર્થીઓને પડકારરૂપ પ્રવૃત્તિ મળી રહે, ધીમી ગતિએ શીખનારને પણ યોગ્ય ન્યાય મળે એ હેતુથી શિક્ષકે શિક્ષણ કાર્ય એ રીતે ગોઠવવું જોઈએ કે જેથી તેજસ્વી, મધ્યમ અને મંદ-ત્રણે પ્રકારનાં જૂથોને ન્યાય મળે. પ્રત્યેક વિદ્યાર્થીને વ્યક્તિગત શિક્ષણ આપવું વર્ગખંડમાં સંભવિત નથી, પરંતુ વ્યક્તિગત તફાવતો સંતોષવા શિક્ષક તેજસ્વી, મધ્યમ અનેં મંદ એમ ત્રણે પ્રકારનાં વિદ્યાર્થી જૂથોને ન્યાય આપવા પ્રયાસો કરી શકે.

❊ સ્વાધ્યાય ❊

પ્રશ્ન.1. આઠથી દસ વાક્યોમાં જવાબ લખો.

(1) માનવ વિકાસના સિદ્ધાન્તો લખો.

(2) માનવ વિકાસ પર અસર કરનારાં પરિબળો જણાવી, કોઈ એક વિશે લખો.

(3) વ્યક્તિગત તફાવતનો અર્થ જણાવો.

(4) વ્યક્તિગત તફાવતની માહિતી શિક્ષકને શી રીતે ઉપયોગી થઈ શકે ?

(5) વ્યક્તિગત તફાવતનાં ક્ષેત્રો જણાવો.

(6) વ્યક્તિગત તફાવત શિક્ષક કેવી રીતે ઓળખશે ?

પ્રશ્ન.2. ટૂંકમાં જવાબ લખો

(1) માનવ વિકાસની સંકલ્પના

(2) માનવ વિકાસ પર પર્યાવરણની અસર

(3) વ્યક્તિગત તફાવતનું કારણ આનુવંશિકતા

(4) વ્યક્તિગત તફાવતની શિક્ષણ પર અસર

પ્રકરણ 2

સાંસ્કૃતિક મનોવિજ્ઞાાન

2.1 પ્રસ્તાવના
2.2 સાંસ્કૃતિક મનોવિજ્ઞાન : સંકલ્પના, અર્થ, મહત્ત્વ, ક્ષેત્રો અને અધ્યયન-અધ્યાપન સાથે સંબંધ
❊ સ્વાધ્યાય

2.1 પ્રસ્તાવના :

મનુષ્યને જન્મદત્ત એક ક્ષમતા મળી છે, તે છે વિચારવાની. વિચારની પાછળ આવે છે કુતૂહલ, જિજ્ઞાસા, સંશય અને શંકા. મનુષ્ય જ્યારે કુતૂહલના મહાસાગર પર વિચારની હોડી લઈ નીકળી પડે છે ત્યારે તેની સમક્ષ કંઈક અવનવાં રહસ્યો છતાં થવા લાગે છે. આવા જ એક રહસ્યના ઉકેલની શોધમાંથી મનોવિજ્ઞાનનો જન્મ થયો હશે એમ કહેવામાં જરાય ખોટું જણાતું નથી. એ રહસ્ય હતું.... મનુષ્ય વર્તન કરે છે તે દશ્યમાન છે પરંતુ તે આવું વર્તન શા માટે કરે છે ? તે તેમને મન રહસ્ય હતું. તેના ઉત્તરની શોધમાં ગ્રીક અને રોમન ચિન્તકોએ કુતૂહલના દરિયામાં ડૂબકીઓ મારવી શરૂ કરી ત્યારે જણાયું કે આને માટે મન જવાબદાર છે. તો વળી પ્રશ્ન થયો, મન એટલે શું ? તે પ્રશ્નના જુદા જુદા જવાબો મળ્યા. પ્રસિદ્ધ ચિન્તક એરિસ્ટોટલે જણાવ્યું કે, બધા વર્તનોનું પ્રેરક હૃદય છે. તેથી હૃદય મન છે.

પરંતુ જિજ્ઞાસા ક્યાં પીછો છોડે એમ હતી. તેણે વળી સંશય ખડો કર્યો હૃદય તો શારીરિક ઉપાંગ છે ને તેનું કાર્ય જુદું જ છે. તેથી પુનઃ મન વિશે વિચારણા આવી ત્યારે કેટલાકે શોધી કાઢ્યું કે માનસિક કાર્યો (એટલે કે વર્તન માટે અંગઉપાંગોને આદેશ દેવાનાં કાર્યો) મન નહિ મગજ કરે છે, મન નહિ મગજ કરે છે. આ બધી શોધખોળ કે તર્કવિતર્કોને તત્ત્વજ્ઞાનના ક્ષેત્રનાં ગણવામાં આવતાં. પરિણામે મનોવિજ્ઞાનને તત્ત્વજ્ઞાનની એક શાખા રૂપે જોવામાં આવતું. તેમાં મન અને માનસિક ક્રિયાઓ અંગે વિચારણા થતી તેથી સાઈકોલજી શબ્દનો અર્થ આત્માનું વિજ્ઞાન એવો થયેલો, પરંતુ આત્મા વિશેના અનેક પ્રશ્નો નિરુત્તર રહેતાં મનોવિજ્ઞાને આત્મા

સાથે છેડો ફાડ્યો અને મન સાથે નાતો બાંધ્યો. મનોવિજ્ઞાનને મનના વિજ્ઞાન તરીકે સ્વીકૃતિ મળી. એવો વિચાર દૃઢ થવા ગયો કે મનુષ્યનાં તમામ વર્તનનું ચાલક બળ મન છે. તેથી મનનો અભ્યાસ થવો જોઈએ. પરંતુ કુતૂહલના ત્સુનામી ફરી વળતાં મન અંગે ઘણા પ્રશ્નો ખડા થયા. મનનું સ્વરૂપ કેવું છે ? માનસિક પ્રવૃત્તિઓ, માનસિક શક્તિઓ તથા વૃત્તિના ઉદ્‌ગમસ્થાન અંગે મતભેદ વધ્યા. પરંતુ મનને લઈને આ વિવાદનું શમન ન થઈ શક્યું. તેથી મનોવિજ્ઞાનના હાર્દમાંથી આત્માની જેમ મન પણ ખસી ગયું.

ઓગણીસમી સદી માનવ જાતના ઇતિહાસમાં નવજાગરણના પ્રભાતની સદી ગણાય છે. ત્યારે મનોવિજ્ઞાન અંગે નવો વિચાર આકાર પામ્યો. તદ્‌અનુસાર મનોવિજ્ઞાન એટલે ચેતનાનું વિજ્ઞાન એવો અર્થ સ્થિર થયો. એનું અર્થઘટન એવું થવા લાગ્યું કે મનોવિજ્ઞાન મનુષ્યની ચેતન ક્રિયાઓનો અભ્યાસ કરે છે. તેની પાછળ તર્ક એ હતો કે, મનુષ્યની તમામ ક્રિયાઓ- ચેતન ક્રિયાઓનું પ્રેરકબળ ચેતના છે. પરંતુ વિદ્વાનો ચેતના અંગે સહમતિ ન સાધી શક્યા. બલકે ચેતન મન, ઉપરાંત અચેતન મન તથા અર્ધચેતન મનના અસ્તિત્વના સંકેતો મળવા લાગ્યા અને એ બધા મનુષ્યનાં વર્તનો પર અસર કરતા જણાયા. જગપ્રસિદ્ધ ફિલ્મ સર્જક આલ્ફ્રેડ હિચકોકની 'સાયકો' ફિલ્મ આનું કચકડે મઢ્યું જ્વલંત દૃષ્ટાન્ત છે.

વીસમી સદી એ નવજાગરણ અને નૂતન જ્ઞાનની સદી છે. એ દરમિયાન મનોવિજ્ઞાન વિશે વધુ અધ્યયનો થયાં. આધુનિક મનોવિજ્ઞાનના પિતા વુન્ટ્રેટે પ્રયોગશાળામાં પ્રયોગો શરૂ કર્યા. આ પ્રયોગોના કેન્દ્રમાં હતું વર્તન. પરિણામે મનોવિજ્ઞાનને વર્તનનું વિજ્ઞાન ગણવાનું શરૂ થયું. મનુષ્ય કે પ્રાણીનાં મનનો અભ્યાસ તેનાં વર્તન, આચરણ કે વ્યવહારના આધારે થઈ શકે એ બાબત વ્યાપક સ્તરે સ્વીકૃતિ પામી. વાસ્તવમાં વર્તન દર્પણ છે ને તેમાં મનનું પ્રતિબિંબ પડે છે. આના આધારે મેકૃડૂગલ નામના મનોવિજ્ઞાનીએ મનોવિજ્ઞાનને આ રીતે પરિભાષિત કર્યું. પ્રાણીઓના વ્યવહાર યા વર્તનનું વિજ્ઞાન એટલે મનોવિજ્ઞાન. આખી સમજણમાં વર્તન કેન્દ્ર સ્થાને રહ્યું. આધુનિક શિક્ષણ મનોવિજ્ઞાની પ્રા. બી. એફ. સ્કીનર વર્તનને આ રીતે વ્યાખ્યાયિત કરે છે, જીવનની સંઘર્ષપૂર્ણ પરિસ્થિતિઓ પ્રત્યે માનવ તથા પશુઓની સંપૂર્ણ પ્રતિક્રિયાઓ વર્તન ગણાય. જો કે તેમાં જ્ઞાનાત્મક ક્રિયાઓ - યાદ રાખવું, સાંભળવું-બોલવું, અનુમાન કરવું વગેરે તથા સાંવેગિક ક્રિયાઓ જેવી કે પ્રેમ કરવો, ક્રોધ કરવો વગેરેનો સમાવેશ થઈ જાય છે.

વીસમી સદીના સાતમા દશકાથી જ્ઞાનનો વિસ્ફોટ થયો. વિજ્ઞાન અને ટેક્નોલોજીની આંગળી પકડીને વિશ્વે હરણફાળ ભરવી શરૂ કરી. જ્ઞાનની નવી નવી દિશાઓ ઉઘડવા લાગી તેને પરિણામે અનેક વિદ્યાશાખાઓ અસ્તિત્વમાં આવી. પૂર્વે જે જે શાસ્ત્રો, વિજ્ઞાનો અસ્તિત્વમાં હતાં તેમાં પણ વધારો થવા લાગ્યો અને તેની શાખાઓ વધવા લાગી. ઉ.ત. મનોવિજ્ઞાન તો મનોવિજ્ઞાનની ઔદ્યોગિક મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્રીય મનોવિજ્ઞાન, જીવશાસ્ત્રીય મનોવિજ્ઞાન, ચિકિત્સાલક્ષી મનોવિજ્ઞાન, અપરાધનું મનોવિજ્ઞાન, વિકાસાત્મક મનોવિજ્ઞાન, સ્વાસ્થ્ય મનોવિજ્ઞાન, વ્યક્તિત્વ મનોવિજ્ઞાન, શૈક્ષણિક મનોવિજ્ઞાન, ભાષા મનોવિજ્ઞાન વગેરે. મનોવિજ્ઞાનની, અદ્યતન શાખાઓ જે અસ્તિત્વમાં આવી તે સાંસ્કૃતિક મનોવિજ્ઞાન તથા જ્ઞાનાત્મક મનોવિજ્ઞાન છે.

આમ મનોવિજ્ઞાનની સફર ઘણી લાંબી છે. તે મનથી શરૂ થઈ આત્માને સ્પર્શી, મસ્તિષ્કમાં દાખલ થઈ વર્તન પર આવીને અટકી. આ યાત્રામાં અનેક વિજ્ઞાનીઓ, શિક્ષણ મનોવિજ્ઞાનીઓ, મનીષીઓએ ફાળો આપ્યો છે. એરિસ્ટોટલ જેવા પ્રાચીન ગ્રીક તત્ત્વચિંતકોથી લઈને બ્રિટિશ તત્ત્વચિંતક, જહોન લોક, જર્મનીના શરીરશાસ્ત્રી અને તત્ત્વચિંતક વિલ્હેમ વુન્ડટ્, અમેરિકાના જેમ્સ મેક્કીન કેટલ, વિલિયમ જેમ્સ, સ્લેવિન, રિંકન અને બીડલે, ગ્લેસર અને હિલગાર્ડ, બી. એફ. સ્કીનર અને બ્રુનર, સ્પિયરમેન, એરિક એરિકસન, ગિલ્ફર્ડ, રોબર્ટ સ્ટેનબર્ગ, ડેનિયલ ગોલમેન, હ્યુંગ, કોહ્લબર્ગ, વગેરેએ શૈક્ષણિક મનોવિજ્ઞાન ક્ષેત્રમાં ઝીણું ઝીણું કાંત્યું અને શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં પણ નવી નવી વિદ્યાશાખાઓ ઉદ્‌ઘાટિત કરી આપી. અહીં શૈક્ષણિક મનોવિજ્ઞાનની આ મુજબની બે પ્રશાખાનો પરિચય આપવામાં આવ્યો છે.

(1) સાંસ્કૃતિક મનોવિજ્ઞાન, (2) જ્ઞાનાત્મક મનોવિજ્ઞાન

અલબત્ત આ બન્ને પ્રશાખા સ્વતંત્ર છે પરંતુ તેનો પ્રત્યક્ષ સંબંધ શિક્ષણ-અધ્યયન અને અધ્યાપન સાથે જોડી શકાયો છે. અધ્યેતાનાં અધ્યયન વર્તનોનો અભ્યાસ એ આ વિદ્યાશાખાનો મૂળ હેતુ છે. આવો વિગતે જાણીએ...

2.2 સાંસ્કૃતિક મનોવિજ્ઞાન :

મનોવિજ્ઞાનની આ પ્રશાખાને સંસ્કૃતિ સાથે પ્રત્યક્ષ સંબંધ છે કારણ કે તેની પૂર્વધારણા કંઈક એવી છે કે મનુષ્યની માન્યતાઓ, મૂલ્યાગ્રહો,. વિચારો, આદર્શો અને ધ્યેયો, લક્ષ્યાંકો અને ચેષ્ટાઓ, સંવેદનાઓ અને યોજનાઓ, વગેરે સાંસ્કૃતિક સંદર્ભમાં જ આકાર પામે છે. મનુષ્યનાં દરેક વર્તન વ્યવહારો સાંસ્કૃતિક

આવરણમાં લપેટાયેલાં જ હોય છે. ઉ.ત. પશ્ચિમી સંસ્કૃતિમાં ઉછરતું શિશુ તેની સગી માને 'મોમ' કહેશે જ્યારે ભારતીય અને તેમાંય હિન્દુ સંસ્કૃતિમાં ઉછરતું શિશુ તેની 'મોમ'ને બા કહેશે, તો ઈસ્લામિક કલ્ચરમાં ઉછરતું શિશુ તેની બાને 'અમ્મા' કહેશે. આ તો અત્યન્ત આરંભિક વર્તનની વાત થઈ પરંતુ એવાં જટિલ વર્તન-વ્યવહારોમાં પણ સંસ્કૃતિ ભેદ ઊડીને આંખે વળગે તેવો હોય છે. ઉ.ત. બે મિત્રો કે રિશ્તેદાર મળ્યા પછી જુદા પડતા હોય છે ત્યારે જો કોઈ એમ બોલે કે 'બાય' તો તરત જ ખ્યાલ આવે કે આ પશ્ચિમી સંસ્કૃતિની ઊપજ છે (આજકાલ ભારતીય સંસ્કૃતિ પર પશ્ચિમી સંસ્કૃતિનો પ્રભાવ એટલો બધો વધી ગયો છે કે ગ્રામ્ય સાંસ્કૃતિમાં પણ 'બાય' ઘૂસી ગયું છે) પરંતુ જો તે એમ બોલે કે જય શ્રીકૃષ્ણ, કે ઠીક ત્યારે રામરામ, કે જય જિનેન્દ્ર તો તરત જ સમજાય જાય છે કે આ હિન્દુ સંસ્કૃતિનું સંતાન છે. અને જો એમ કહે કે ખુદાહાફીઝ તો સમજાઈ જાય છે કે તેનો ઉછેર ઈસ્લામિક સંસ્કૃતિમાં થયો છે. આ અને આવાં તમામ વર્તનો પર સાંસ્કૃતિક પુટ ચઢેલો હોય છે, તેમ સમાજવિજ્ઞાનીઓ પણ સ્વીકારે છે.

સંસ્કૃતિના ઉદ્ગમનો ઈતિહાસ ખૂબ પુરાણો છે. આદિમાનવ જ્યારે ભટકતો રહેતો હતો ત્યાં સુધી તે એકલો અટૂલો હતો, સંસ્કૃતિ ન હતી. સંસ્કૃતિનો જન્મ તો એકથી વધુ વ્યક્તિ સહવાસ કરે ત્યાર પછી થાય છે. એ તર્ક મુજબ જ્યારે તેણે ગુફામાં રહેવાનું શરૂ કર્યું હશે ત્યાર પછી સંસ્કૃતિનો જન્મ થયો હશે. ગુફાઓમાં આદિમાનવે દોરેલાં ચિત્રો તેની ગવાહી પૂરે છે. તેથી એમ તારવી શકાય કે માનવના વિચારો, સંવેદનાઓ, આવેગો વધતા ગયા તેમ તેમ સંસ્કૃતિનો વિકાસ થતો ગયો. પછી તો સંસ્કૃતિનાં માન્ય ધોરણોથી અલગ વર્તનને અસ્વીકૃતિ મળતી થઈ. તેથી વ્યક્તિના આચાર-વિચાર, લાગણીઓ અને માન્યતાઓ, મૂલ્યો ને વલણો, ધ્યેયો અને લક્ષ્યો સંસ્કૃતિના પ્રભાવમાં લેવાતા ગયા. સંસ્કૃતિ વિકસતી ગઈ અથવા તો કહો બદલતી ગઈ તેમ તેમ મૂલ્યો અને વલણોમાં વર્તન અને વ્યવહારોમાં, આચાર-વિચાર પણ બદલાતા ગયા. સાંસ્કૃતિક મનોવિજ્ઞાન આમાંથી જ જન્મ પામ્યું. આખરે મનોવિજ્ઞાન વર્તનનો જ અભ્યાસ કરે છે ને ? વર્તન શેના શેનાથી પ્રભાવિત થાય છે ?વર્તનના પ્રેરક બળ કયાં, વર્તન યંત્રવત્ છે કે સહજ છે ? વગેરે પ્રશ્નોના ઉત્તરો મેળવવા જુદા જુદા મનોવિજ્ઞાનીઓએ જુદો જુદો રાહ અપનાવ્યો. તેથી જ મનોવિજ્ઞાનની વિવિધ પ્રશાખાઓ અસ્તિત્વમાં આવી. તે પૈકીની સાંસ્કૃતિક મનોવિજ્ઞાન પ્રશાખા માનવવર્તનને સાંસ્કૃતિક સંદર્ભમાં જુએ છે, અને તેનું અર્થઘટન કરે છે.

2.2.1 સંકલ્પના :

સાંસ્કૃતિક મનોવિજ્ઞાનના ઉદ્ભવ અંગે જિજ્ઞાસાને સંતોષવા જતાં જાણવા મળે છે કે મનોવિજ્ઞાનીઓએ સંસ્કૃતિનો અભ્યાસ કરવાનું વિલ્હેમ વુન્ડટના સમયથી શરૂ કરી દીધું હતું. સન્ 1921માં વિલ્હેમ વુન્ડ્ટે લખેલ 10 ગ્રંથોની શ્રેણી (Elements of Folk Psychology) થી શરૂ થયેલું ગણાય. ત્યારથી સંસ્કૃતિના અભ્યાસની મનોવિજ્ઞાનીઓને કેટલીક અવધારણાઓ સમજવા માટે જરૂર અનુભવવા લાગી હતી. આમ સંસ્કૃતિએ મનોવિજ્ઞાનની મૂળધારાને પ્રભાવિત કરવાનું શરૂ કરી દીધેલું. પરંતુ સન્ 1990 થી એટલે કે છેલ્લાં 25 વર્ષોથી તો સાંસ્કૃતિક મનોવિજ્ઞાને જબરૂ કાઠું કાઢ્યું. એટલે કે સાંસ્કૃતિક મનોવિજ્ઞાન વિષયક ઢગલો એક પુસ્તકો પ્રગટ થયાં, પ્રગટ થવા લાગ્યાં, શોધપત્રો તથા વિચાર સંકલ્પનાત્મક લેખો પ્રગટ થવા લાગ્યાં. તેમાં મુખ્ય પ્રદાન નોરેનઝાયેન તથા હેઈને, સ્ટીંગ્લેર, જે ડબ્લ્યુ તથા શ્વેડેર આર. એ., બ્રુનર, જે., માર્કુસ એચ.આર. તથા કિટાયમ્મા એસ. વગેરેનું હતું. આ રીતે અનેક મનોવિજ્ઞાનીઓ, સમાજશાસ્ત્રીઓ તથા ભાષાવિદોના પ્રદાનથી સાંસ્કૃતિક મનોવિજ્ઞાન વિદ્યાશાખા અસ્તિત્વમાં આવી. આ વિદ્યાશાખામાં સૌને રસ પડવા લાગ્યો, કારણ કે શરૂઆતના અનુભવ પ્રધાન તથ્યમૂલક, સંશોધનોએ એવું તારવી આપેલું કે વિવિધ પ્રકારની પ્રજાતિઓ વચ્ચેના મનોવૈજ્ઞાનિક પ્રકાર્યોમાં નોંધપાત્ર તફાવત જોવા મળતો નથી. રિચેરસન અને બોયડ નોંધ છે, માનવનું વ્યાખ્યાયિત થઈ શકે તેવું લક્ષણ એટલે તે સામાજિક સંક્રાતિ દ્વારા સાંસ્કૃતિક અધ્યયન, માહિતીનું એકત્રીકરણ કરી શકે છે. જો કે સાંસ્કૃતિક અધ્યયન એ માનવજીવનું આગવું લક્ષણ નથી, કારણ કે ઉંદર, કબૂતર તથા અન્ય જીવ પણ સાંસ્કૃતિક અધ્યયન કરી શકે છે. ચિમ્પાન્ઝી અને ડોલ્ફિન જેવી માછલીઓ પણ સાંસ્કૃતિક અધ્યયનમાં પોતાને વ્યસ્ત રાખી શકે છે. પરંતુ મનુષ્ય જેટલી ક્ષમતા અન્ય કોઈ જીવસૃષ્ટિમાં નથી હોતી. એથી આગળ વધીને કહી શકાય તે ઉત્ક્રાન્તિના જુદા જુદા તબક્કાના પુરાવા પણ પૂરા પાડી શકે છે. અન્ય નોંધનીય વાત એ છે કે, મનુષ્ય સંસ્કૃતિમાંથી વિચારો, મૂલ્યો, અનુભવો, તથા માન્યતાઓ ગ્રહણ તો કરી શકે છે, પરંતુ સમયાન્તરે તેમાં ફેરફાર પણ કરી શકે છે, તથા ફેરફાર કરેલાં સાંસ્કૃતિક મૂલ્યો,

વિચારો, વગરે ગ્રહણ કરી શકે છે. એ ઉપરાંત અન્યોએ જે જે સાંસ્કૃતિક અનુભવો પ્રાપ્ત કર્યા હોય તો તેમનામાંથી પણ તે શીખી શકે છે. પરિણામે મનુષ્ય વિશાળ અને વધુ સંકુલ સાંસ્કૃતિક વિશ્વમાં જન્મ લે છે. તેથી સાંસ્કૃતિક વિચારોનું આદાનપ્રદાન વધી જાય છે. આંતરસાંસ્કૃતિક વિચાર, આદર્શો અને મૂલ્યોનું આદાનપ્રદાન છેવટે તો મનુષ્ય માટે કલ્યાણકારી સિદ્ધ થાય છે. આ બાબત સાંસ્કૃતિક મનોવિજ્ઞાનની જરૂરિયાત સિદ્ધ કરે છે.

2.2.2 અર્થ :

સાંસ્કૃતિક મનોવિજ્ઞાનનો અર્થ આ મુજબ છે.

'મનુષ્યની મનોવૈજ્ઞાનિક ક્રિયા પ્રક્રિયાનું સંસ્કૃતિના સંદર્ભમાં અર્થઘટન કરતું શાસ્ત્ર એટલે સાંસ્કૃતિક મનોવિજ્ઞાન. આ પ્રકારનો અર્થ કરવાનું કારણ એ છે કે બધાં જ મનોવૈજ્ઞાનિક કાર્યો - પ્રકાર્યો મસ્તિષ્ક (બ્રેઈન) સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલ હોય એવું નથી, બલકે અવલોકન એવું પણ છે તે નોંધપાત્ર રીતે સાંસ્કૃતિક સંદર્ભમાં થતા હોય છે.'

સ્ટીવેન જે. હેઈને અનુસાર મનુષ્યની પ્રકૃતિને સંસ્કૃતિ કઈ વિશિષ્ટ રીતે પ્રભાવિત કરે છે, મનુષ્ય વૃદ્ધિ અને વિકાસની સાથોસાથ સાંસ્કૃતિક બોધ તે કેવી રીતે કરે છે, સંસ્કૃતિ મનુષ્યના વ્યક્તિત્વને કેવી રીતે આકાર આપે છે, વ્યક્તિની સ્વ સંકલ્પના, ઉત્પ્રેરણા, જ્ઞાન પ્રાપ્તિ તથા પ્રત્યક્ષીકરણ, ભાષા વિકાસ તથા તેની સંવેદના અને નૈતિક તર્કને કેવી રીતે પ્રભાવિત કરે છે, તેનું અધ્યયન કરતું શાસ્ત્ર એટલે સાંસ્કૃતિક મનોવિજ્ઞાન.

સાંસ્કૃતિક મનોવિજ્ઞાનનો પાયાનો શબ્દ છે. કલ્ચરલ લર્નિંગ, તેને સાંસ્કૃતિક મનોવિજ્ઞાનીઓ એક પ્રકારનું કૌશલ ગણે છે. માનવજીવ સિવાયના પણ કેટલાક જીવો સાંસ્કૃતિક અધ્યયન કરી શકતા હોય છે. તે ધારણાને આધારે સાંસ્કૃતિક મનોવિજ્ઞાનનો અર્થ આ મુજબ છે : માનવજીવ અને અન્ય જીવસૃષ્ટિનું સાંસ્કૃતિક અધ્યયન કરવાની પ્રક્રિયા તથા થયેલ સાંસ્કૃતિક અધ્યયનની તેમના શારીરિક, માનસિક, સાંવેગિક, ભાષિક, સામાજિક તથા નૈતિક વિકાસ પર થતી અસરનો અભ્યાસ કરતું શાસ્ત્ર એટલે સાંસ્કૃતિક મનોવિજ્ઞાન.

2.2.3 મહત્ત્વ :

સાંસ્કૃતિક મનોવિજ્ઞાન સામાજિક મનોવિજ્ઞાનનું સહોદર છે. જેમ સામાજિક મનોવિજ્ઞાન સમાજમાં રહેનાર માનવનાં વર્તન વ્યવહારોના પ્રશ્નો તથા મૂંઝવણોના મનોવૈજ્ઞાનિક ઉત્તરો આપે છે, સામાજિક સંસ્થાઓ, વગેરેનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરે છે તેમ સાંસ્કૃતિક મનોવિજ્ઞાન પણ માનવ વર્તનને સંસ્કૃતિના સંદર્ભે તપાસે છે. તેને કારણે જ આ તથ્ય ઊભરી આવ્યું કે મનુષ્ય એક ઉચ્ચ પ્રકારની સાંસ્કૃતિક પ્રજાતિ (કલ્ચરલ સ્પાઇસિસ) છે તથા તે ખરા અર્થમાં જીવનનાં તમામ પાસાઓનું સાંસ્કૃતિક દૃષ્ટિકોણથી અધ્યયન કરતો રહે છે. મનુષ્યના તમામ વિચારો, અવધારણાઓ, માન્યતાઓ, અભિપ્રાયો, મૂલ્યો ને આદર્શો, આ બધું તેની સંસ્કૃતિ સાથે અનુબંધિત હોય છે. આપણને મળતા સાંસ્કૃતિક અનુભવ આપણા જીવનને આકાર બક્ષે છે. તેથી જ વિશ્વની તમામ માનવીય સંસ્કૃતિઓમાં કેટલાંક મનોવૈજ્ઞાનિક લક્ષણોમાં સમાનતા જોવા મળે છે તો કેટલાંક મનોવૈજ્ઞાનિક લક્ષણોમાં નોંધપાત્ર તફાવત પણ જોવા મળે છે. આ તારણ એટલા માટે મહત્ત્વનું છે કે તે સ્પષ્ટ કરે છે કે આ સૃષ્ટિ પર વસનારા માનવજીવોમાં કેટલીક સમાનતા છે પરંતુ કેટલીક બાબતોમાં તે અદ્વિતીય છે. અલગ પણ છે, સ્વાયત્ત છે. તેથી કોઈની માન્યતા, કોઈની જીવનશૈલી બીજા સમુદાય પર લાદી શકાતી નથી. પશ્ચિમી સંસ્કૃતિનાં મૂલ્યો કે આદર્શો પૌવાર્ત્ય સંસ્કૃતિ પર લાદી શકાય નહિ. તેમ છતાં જો પ્રયત્ન કરવામાં આવે તો તેમાં સફળતા મળતી નથી.

સાંસ્કૃતિક મનોવિજ્ઞાને એ પણ સ્પષ્ટ કરી આપ્યું કે માનવજીવનું સામાજિકરણ-સામાજિકીકરણ તેને મળેલ સાંસ્કૃતિક અનુભવ મુજબ થાય છે. જહોનસન, ન્યૂપોર્ટ તથા મિનૌરાના સંશોધનો દર્શાવે છે કે બાળક જન્મથી જ જે જે સાંસ્કૃતિક માહિતી મેળવે છે કે સાંસ્કૃતિક અનુભવો મેળવે છે તે મુજબ તેની વિચારવાની ક્ષમતા વિકસે છે, અથવા કહો કે વિચારોનું બંધારણ ઘડાય છે. જેમ જેમ ઉંમર વધે છે ને પુખ્ત ઉંમરે પહોંચે છે ત્યારે વિચારોમાં સ્પષ્ટપણે સાંસ્કૃતિક બોધનો તફાવત દેખાવા લાગે છે.

સાંસ્કૃતિક મનોવિજ્ઞાને આ તથ્યને પણ ઉદ્‌ઘાટિત કરી આપ્યું કે વ્યક્તિનું સ્વત્વ તેના સાંસ્કૃતિક અનુભવોને આધારે ઘડાય છે. વ્યક્તિની સ્વસંકલ્પનાના નિર્માણમાં તેના સાંસ્કૃતિક પર્યાવરણનો મોટો ફાળો હોય છે. 'ટેવેન્ટી સ્ટેંટમેન્ટસ' ટેસ્ટ દ્વારા વ્યક્તિની સ્વસંકલ્પના (Self Concept) પર સંસ્કૃતિના પ્રભાવને જુદા જુદા માપી શકાય છે. વ્યક્તિ વ્યક્તિની સ્વસંકલ્પના વચ્ચે રહેલા તફાવતો તેને મળેલા જુદા જુદા સાંસ્કૃતિક પર્યાવરણને કારણે હોય છે. ભારતીય કુમારની અને જાપાનીઝ કુમારની તથા અમેરિકન કુમારની અને ફ્રાન્સના કુમારની (વય અને શિક્ષણ) એક સરખું હોવા છતાં સ્વસંકલ્પનામાં તફાવત હોવાનો. આનું કારણ એ છે કે તેમને મળેલા સાંસ્કૃતિક અનુભવો તથા સાંસ્કૃતિક જાણકારી તેમના આંતરતત્ત્વ મનોવૈજ્ઞાનિક લક્ષણોને (Inner Psychological Charactorestics) પણ પ્રભાવિત કરે છે. આંતર મનોવૈજ્ઞાનિક તત્ત્વ લક્ષણ જેવાં કે તેમનાં વલણો, વ્યક્તિત્વ, ક્ષમતાઓ અને અભિયોગ્યતાઓ વગેરેનો સમાવેશ થાય છે.

વ્યક્તિનાં વર્તનોને વલણ નિયંત્રિત કરતાં હોય છે, તેમ વ્યક્તિનું વર્તન વલણ ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપે છે. ફેસ્ટિન્જરના પ્રયોગોના તારણો પરથી ફલિત થયું કે વ્યક્તિના રોજિંદા જીવનમાં જ્ઞાનાત્મક વિસંવાદિતા ઉદ્‌ભવવાની પરિસ્થિતિઓ અને તેને દૂર કરવા માટેનાં વર્તનોની પસંદગી સંસ્કૃતિ અનુસાર ભિન્ન હોય છે.

આ રીતે સાંસ્કૃતિક મનોવિજ્ઞાનનું વિવિધ દૃષ્ટિકોણથી મહત્ત્વ સિદ્ધ થાય છે. સાંસ્કૃતિક મનોવિજ્ઞાને વ્યક્તિના મનોવૈજ્ઞાનિક પ્રકાર્યો (ટાસ્કસ) તથા પ્રક્રિયાને ઓળખવા, સમજવા અને મૂલ્યાંકનના માટેનો નવો દૃષ્ટિકોણ પ્રદાન કર્યો છે. જેમ વર્તનવાદી મનોવિજ્ઞાનીઓએ ઉદ્દીપન પ્રતિચારનો યાંત્રિક નિયમ રજૂ કર્યો, તેમાં બી.એફ. સ્કીનરનું પ્રદાન વિશેષે રહ્યું, જ્યારે સમષ્ટિવાદી મનોવિજ્ઞાનીઓએ વર્ધીમર અને કોહલરે ખંડ કરતાં અખંડને જોઈ માનવવર્તનને સમજવા કોશિશ કરે, અધ્યયન વર્તનને સમજવા બ્રુનર, ગેને, આસુબેલ તથા બાન્દુરાએ જ્ઞાનવાદી સિદ્ધાન્ત રજૂ કર્યો, બ્રુનર, વિગોટસ્કી તથા જે. લેઈવે અધ્યયન વર્તનને સમજવા સંરચનાવાદી દૃષ્ટિકોણ રજૂ કર્યો તેમ સાંસ્કૃતિક મનોવિજ્ઞાનીઓએ વ્યક્તિના માનસિક પ્રકાર્યોને સમજવા સાંસ્કૃતિક પરિવેશને પ્રાધાન્ય આપ્યું.

સ્વના ઘડતરમાં ઉપયોગી તમામ પરિબળો જેવાં કે જ્ઞાન, પ્રેરણા, સંવેગ, મૂલ્યાભિમુખતા વગેરે તેને મળેલા સાંસ્કૃતિક જ્ઞાન તથા અનુભવથી પ્રભાવિત થાય છે. વ્યક્તિ જયાં જાય ત્યાં પોતાની સંસ્કૃતિ સાથે લઈને જતો હોય છે. ટૂંકમાં વ્યક્તિ જે કંઈ છે તે તેને મળેલી સંસ્કૃતિની પેદાશ છે. માટે સ્વ સંકલ્પના (સેલ્ફ કન્સેપ્ટ) કે સ્વ આકાંક્ષા (Self - esteem)ના નિર્માણમાં સંસ્કૃતિની અસર સૌથી વધુ હોય છે. ટૂંકમાં, સંસ્કૃતિ એક એવું પરિબળ છે કે જે વ્યક્તિની તમામ મનોવૈજ્ઞાનિક ક્રિયા-પ્રક્રિયા સાથે ગુંથાઈ છે તથા તેને પ્રભાવિત કરે છે. અત્યાર સુધી મનોવિજ્ઞાને સમાજની અસરની નોંધ લીધી હતી, પરંતુ સંસ્કૃતિ તરફ ધ્યાન ગયું ન હતું. હકીકતમાં સંસ્કૃતિ સમાજનું જ એક નિર્માણ છે. સાંસ્કૃતિક મનોવિજ્ઞાને વ્યક્તિની માનસિક ક્રિયાઓ અને ક્ષમતાઓમાં સંસ્કૃતિની અસર સ્પષ્ટ કરી આપી તે બહુ જ મહત્ત્વની વાત છે.

2.2.4 ક્ષેત્રો :

સાંસ્કૃતિક મનોવિજ્ઞાનનું મુખ્ય અભ્યાસ ક્ષેત્ર માનવની મનોવૈજ્ઞાનિક ક્રિયા-પ્રક્રિયા અને નીપજનું સાંસ્કૃતિ દૃષ્ટિએ અધ્યયન રહ્યું છે. મનુષ્યની વિચાર પ્રક્રિયા એ પાયાનું મનોવૈજ્ઞાનિક કાર્ય છે. તો તેને અને મનુષ્યના સાંસ્કૃતિક પર્યાવરણને શો સંબંધ છે, તેને સંસ્કૃતિ શી રીતે આકાર અને દિશા આપે છે, વગેરે વગેરેનું અધ્યયન એ સાંસ્કૃતિક મનોવિજ્ઞાનનું મુખ્ય ક્ષેત્ર છે. મનુષ્યનાં મનોવર્તનોનો સાંસ્કૃતિક દૃષ્ટિકોણથી અભ્યાસ કરતું શાસ્ત્ર એવો એનો અર્થ એટલા માટે જ કરવામાં આવે છે. સાંસ્કૃતિક મનોવિજ્ઞાનના ક્ષેત્રમાં શારીરિક વિકાસ-વૃદ્ધિના અભ્યાસને સ્થાન નથી એટલે કે વિચાર, કલ્પના, તર્ક, વગેરે એક અભ્યાસ એ મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાઓ સાંસ્કૃતિક મનોવિજ્ઞાનનું મુખ્ય ક્ષેત્ર છે.

સાંસ્કૃતિક મનોવિજ્ઞાનનું બીજું અધ્યયન અને સંશોધન ક્ષેત્ર છે જીવન આકાંક્ષા, જીવન લક્ષ્ય, મૂલ્ય નિર્ધારણ તથા અભિપ્રાયોનું ઘડતર, મનુષ્યના ખ્યાલોનું ઘડતર, જીવન આકાંક્ષાની ઉત્પત્તિ, જીવનલક્ષ્યોની પસંદગી તથા મૂલ્યાભિમુખતા પર તેની સંસ્કૃતિ શી રીતે અસર કરે છે. તેની તપાસ આ ક્ષેત્રમાં થયેલાં અભ્યાસો, સંશોધનોએ તારવી આપ્યું છે કે ઉક્ત બધાં જ લક્ષણોના બંધારણમાં સંસ્કૃતિ મહત્ત્વનો ફાળો આપે છે.

સાંસ્કૃતિક અધ્યયન (Cultural Learning) પણ સાંસ્કૃતિક મનોવિજ્ઞાનનું મહત્ત્વનું ક્ષેત્ર છે. દરેક મનુષ્ય જાણે-અજાણ્યે સંસ્કૃતિમાંથી શીખતો હોય છે, અનુભવ કરતો હોય છે અને પોતાના ખ્યાલો ઘડતો હોય છે, બદલતો હોય છે. તેની અસરના રૂપે સાંસ્કૃતિક સંક્રાન્તિ (transmission) પણ થતી હોય છે. આમ સાંસ્કૃતિક અધ્યયનની પ્રક્રિયા અવિરત ચાલતી હોય છે. તેથી વ્યક્તિના વ્યક્તિત્વના ઘડતરમાં સંસ્કૃતિનો ફાળો અનન્ય હોય છે. માનવ પ્રજાતિ જેટલું સાંસ્કૃતિક અધ્યયન કરે છે એટલા પ્રમાણમાં અન્ય કોઈ સજીવ પ્રજાતિ સાંસ્કૃતિક અધ્યયન કરતું નથી. તેથી જ તો સંસ્કૃતિને માનવજીવન શૈલીનું દર્પણ કહેવામાં આવે છે.

સાંસ્કૃતિક મનોવિજ્ઞાનનું વધુ એક ક્ષેત્ર છે જગતની વિવિધ સંસ્કૃતિઓ તથા તેમાં વસતા માનવજીવોની મનોવૈજ્ઞાનિક લાક્ષણિકતાઓનો તુલનાત્મક અભ્યાસ. જ્યાં માનવજીવન છે ત્યાં સંસ્કૃતિ છે, જ્યાં સંસ્કૃતિ છે ત્યાં માનવજીવન પ્રભાવિત થાય છે. આ બન્ને પારસ્પરિક અસર કરે છે. પરંતુ સ્થળ-કાળને કારણે આ સંસ્કૃતિઓમાં વિવિધતા રહેલી છે, તેથી માનવ પ્રજાતિમાં પણ અમુક લક્ષણોમાં વિવિધતા રહેલી છે. સાંસ્કૃતિક મૂનોવિજ્ઞાન જુદી જુદી સંસ્કૃતિઓ અને તેમાં વસતા માનવજીવોની મનોવૈજ્ઞાનિક લાક્ષણિકતાઓનો તુલનાત્મક અભ્યાસ કરે છે. માનવજીવનને સમજવામાં સાંસ્કૃતિક મનોવિજ્ઞાન ઘણો મોટો ફાળો આપે છે.

2.2.5 અધ્યયન - અધ્યાપન સાથે સંબંધ :

મૂળભૂત રીતે મનોવિજ્ઞાન માનવવર્તનનો અભ્યાસ કરે છે. માનવ વર્તનનાં મૂળ તપાસે છે, વર્તનના સુધાર માટેની શક્યતાનાં ક્ષેત્રો શોધી આપે છે. શિક્ષણ પણ માનવ વર્તનને વધુ ને વધુ સત્યમ્, શિવમ્ અને સુન્દરમ્ બનાવવા મથે છે.. આમ બન્નેને માનવવર્તન સાથે સંબંધ છે. માનવ વર્તનમાં પરિવર્તન એ તો અધ્યયન-અધ્યાપનનો અર્થ છે.

સાંસ્કૃતિક મનોવિજ્ઞાન પણ એક પ્રકારનું મનોવિજ્ઞાન છે. તેથી તેનો સંબંધ પણ વર્તન સાથે છે. અલબત્ત, અહીં જ્ઞાનવાદી મનોવિજ્ઞાની કે વર્તનવાદી મનોવિજ્ઞાની વર્તનનો જે અર્થ કરે છે તે કરવાનો નથી. અહીં મનુષ્યનાં મનોવર્તનો, મનોવૈજ્ઞાનિક ક્રિયાઓ મુખ્ય છે. તેથી તેને શિક્ષણ સાથે સીધો સંબંધ છે. શિક્ષણ માટેની સૌથી પ્રારંભિક જરૂરિયાત

છે તે મેળવવાની પ્રેરણા (મોટીવેશન)ની, ઝંખનાની. અધ્યયન અને સંશોધનો એમ તારવે છે કે અધ્યયન પ્રેરણા માટે સાંસ્કૃતિક પરિવેશ એક જવાબદાર પરિબળ છે. વિકસિત સંસ્કૃતિ અધ્યયન પ્રેરણા વધુ પૂરી પાડે છે, અવિકસિત સંસ્કૃતિ અધ્યયન પ્રેરણા ઓછી પૂરી પાડે છે. અવલોકન એવું છે કે નગરીય સંસ્કૃતિમાં ઉછરેલાં બાળકની અધ્યયન પ્રેરણા સરેરાશથી વધુ હોય છે. ગ્રામ્ય સંસ્કૃતિમાં ઉછરેલાં બાળકની અધ્યયન પ્રેરણા સરેરાશ હોય છે, પરંતુ અંતરિયાળ સંસ્કૃતિમાં ઉછરેલાં બાળકની અધ્યયન પ્રેરણા સરેરાશથી પણ ઓછી હોય છે. (અલબત્ત તેમાં એકલવ્ય જેવા અપવાદો હોઈ શકે.) અધ્યયન પ્રેરણા શૂન્ય તો કોઈ હોતું નથી પરંતુ સાંસ્કૃતિક પર્યાવરણ તેને વિકસાવે છે. આમ, સાંસ્કૃતિક મનોવિજ્ઞાન અને શિક્ષણનો સંબંધ સ્પષ્ટ થાય છે.

શિક્ષણનાં ધ્યેયો, લક્ષ્યાંકો અને હેતુઓ (Aims, Goals and objectives)ના નિર્ધારણમાં સંસ્કૃતિનો મોટો ફાળો નોંધાયો છે. સાંસ્કૃતિક મનોવિજ્ઞાન અંતર્ગત થયેલાં સંશોધનો દર્શાવે છે કે મનુષ્યનાં જીવન ધ્યેયો, લક્ષ્યાંકો અને હેતુઓની પસંદગી પર સાંસ્કૃતિક પર્યાવરણનો ફાળો વધુ હોય છે. તે જ જીવનને દિશા આપે છે, ગતિ આપે છે અને લક્ષ્યાંકો નિર્ધારિત કરવામાં મદદરૂપ થાય છે. વેદકાલીન સંસ્કૃતિમાં શિક્ષણના ધ્યેયોમાં સત્યમ્, શિવમ્ અને સુન્દરમ્ મૂલ્યો મુખ્ય હતાં. જીવિકોપાર્જન જેવા હેતુને સ્થાન ન હતું. ત્યાર બાદ ઔદ્યોગિક સંસ્કૃતિ વિકસી તો શિક્ષણના ધ્યેયોમાં જીવિકોપાર્જનનો હેતુ ઉમેરાયો. ત્યારબાદ લોકશાહી સંસ્કૃતિ વિકસી તો શિક્ષણના ધ્યેયોમાં આદર્શ નાગરિક ઘડતરનો ધ્યેય દાખલ થયો. આજે ભારતીય સમાજ બહુ સાંસ્કૃતિક (Multi-Cultaral) બની રહ્યો છે. ત્યારે શિક્ષણનાં ધ્યેયો એ મુજબ બદલાઈ રહ્યાં છે, અગ્રતાક્રમ બદલાઈ રહ્યા છે. એટલું નિશ્ચિત કે સાંસ્કૃતિક મનોવિજ્ઞાન એ શિક્ષણથી અલગ નથી, સંબંધિત છે.

શિક્ષણના અભ્યાસક્રમોની રચના શિક્ષણનાં ધ્યેયો, લક્ષ્યાંકો અને હેતુઓના સંદર્ભમાં થતી હોય છે. સંસ્કૃતિ બદલે તો અભ્યાસક્રમ બદલે. કારણ કે સંસ્કૃતિ બદલાય એટલે સમાજ બદલાય, સમાજ બદલાય એટલે તેની આકાંક્ષાઓ બદલાય. આ આકાંક્ષાઓની પૂર્તિ કરવી એ શિક્ષણનું

દાયિત્વ છે. માટે અભ્યાસક્રમનું સ્વરૂપ બદલે. એક ચિન્તકે કહ્યું છે કે મને કોઈ પણ સંસ્કૃતિના શિક્ષણનો અભ્યાસક્રમ આપો તો હું તમને એ સંસ્કૃતિના ભાવિ સમાજનું ચિત્ર દોરી આપું. આટલું મહત્ત્વ છે અભ્યાસક્રમનું. જેવી સંસ્કૃતિ તેવો અભ્યાસક્રમ. લોર્ડ મેકોલેએ (જે અંગ્રેજ સંસ્કૃતિનું ફરજંદ હતું) જીવન શિક્ષણને બદલે અભ્યાસક્રમ બદલીને જીવિકાનું શિક્ષણ કરી મૂક્યું. પ્રાચીન રોમ અને સ્પાર્ટાની સંસ્કૃતિ શરીર સૌષ્ઠવકેન્દ્રી હતી તો ત્યાંના અભ્યાસક્રમમાં વ્યાયામ, ખેલકૂદ અને સ્પર્ધાને સ્થાન હતું. આજે કમ્પ્યૂટર ટેક્નોલોજી સંસ્કૃતિ ફાલીફૂલી છે, તો અભ્યાસક્રમમાં ટેક્નોલોજીને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે.

❊ બાલ વિકાસ પર સંસ્કૃતિની અસર :

બાલ વિકાસ પર સાંસ્કૃતિક બાબતો ઘણી રીતે અસર કરે છે. શારીરિક વિકાસ આપમેળે થતી પ્રક્રિયા અવશ્ય છે, પરંતુ બાળઉછેરની સમાજની તરેહ બાળ વિકાસ પર અસર કરે છે. જે સંસ્કૃતિમાં શરીર સ્વાસ્થ્યને મહત્ત્વ અપાતું હોય એ સંસ્કૃતિમાં બાળકોના સ્વાસ્થ્યની વિશેષ કાળજી લેવાય છે. બાળકને પૌષ્ટિક આહાર અપાય છે. બાળપણથી જ બાળકને શારીરિક તાલીમ અપાય છે. દા.ત. ઇઝરાયેલમાં પ્રત્યેક છોકરા-છોકરીને બાળપણથી જ યુદ્ધ માટેની તાલીમ અપાય છે. ઇઝરાયેલના દરેક યુવક-યુવતીને યુદ્ધના મોરચે જઈ લડાઈ લડવાની તાલીમ ફરજિયાત રીતે અપાય છે.

બાળકના ભાષા વિકાસ પર તેના કુટુંબમાં અને તેની આસપાસ બોલાતી ભાષા અસર કરે છે. ચોક્કસ પ્રદેશમાં ચોક્કસ લહેકામાં બોલાતી ભાષા બાળકની સામાજિક-સાંસ્કૃતિક અસરને લીધે છે. જે ઘરમાં માતા-પિતા અને અન્ય સભ્યો શિક્ષિત હોય, વાતચીતમાં અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરતા હોય તે કુટુંબમાં બાળકો અંગ્રેજી ભાષા સરળતાથી સમજે છે અને બોલી શકે છે. શબ્દભંડોળ ઉપર પણ સામાજિક સાંસ્કૃતિક બાબતોની અસર થાય છે. એટલે જ શહેરોની તુલનાએ ગામડાંનાં બાળકોનું શબ્દભંડોળ ઓછું હોય છે. વાચન ટેવો ઉપર પણ સામાજિક - સાંસ્કૃતિક અસરો જોવા મળે છે.

ભારતીય સંસ્કૃતિમાં તરુણ-તરુણીઓ એક બીજાને સરળતાથી મળતાં નથી. આથી ઊલટું, પશ્ચિમના દેશોમાં તરુણ-તરુણીઓને કોઈ સામાજિક બંધનો નથી, ઘણી છૂટછાટ હોય છે. એટલે જ ભારતના તરુણ-તરુણીઓની તુલનાએ પશ્ચિમનાં તરુણ-તરુણીઓ છૂટથી હળેમળે છે.

કળા, સાહિત્ય, સંગીત અને નૃત્યની રુચિ ઉપર પણ સંસ્કૃતિ અસર કરે છે. જો ઘરમાં સંગીતનું વાતાવરણ હોય, તો તે ઘરનાં બાળકો સંગીતમાં રસ લે છે.

આમ, બાળકના શારીરિક, માનસિક, સાંવેગિક અને સામાજિક વિકાસ ઉપર તે પ્રદેશની સંસ્કૃતિની અસર જોવા મળે છે.

તેમ છતાં એટલું નોંધવું જોઈએ કે, સાંસ્કૃતિક મનોવિજ્ઞાનને માનવના આંતરજગત સાથે જેટલો સંબંધ છે, મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાઓ સાથે જેટલો સંબંધ છે તેટલો તેના બર્હિજગત સાથે સંબંધ નથી, તેથી તે વર્તનવાદી, સમષ્ટિવાદી કે જ્ઞાનવાદી મનોવિજ્ઞાનની જેમ પ્રત્યક્ષ રીતે શિક્ષણ-અધ્યયન અધ્યાપન વ્યવહારો સાથે સંબંધિત નથી. પરંતુ પરોક્ષ રીતે સાંસ્કૃતિક મનોવિજ્ઞાન ચોક્કસપણે શિક્ષણ સાથે સંબંધ ધરાવે છે. સાંસ્કૃતિક મનોવિજ્ઞાન એ શુદ્ધ રીતે શૈક્ષણિક મનોવિજ્ઞાન નથી, કારણ કે તેના ક્ષેત્રોમાં જ્ઞાનબોધ (Cognition), પ્રત્યક્ષીકરણ (Perception) સંકલ્પના નિર્માણ (Concept Formation) જેવી મનોવૈજ્ઞાનિક ક્રિયાઓનો સમાવેશ છે. આવી બધી જ મનોવૈજ્ઞાનિક ક્રિયાઓ અધ્યયન-અધ્યાપનને પૂરક છે, તેટલા પૂરતો સાંસ્કૃતિક મનોવિજ્ઞાનને શિક્ષણ સાથે સંબંધ છે.

❊ સ્વાધ્યાય ❊

પ્રશ્ન.1. આઠથી દસ વાક્યોમાં જવાબ લખો.

(1) સાંસ્કૃતિક મનોવિજ્ઞાનનો અર્થ આપો.

(2) સાંસ્કૃતિક મનોવિજ્ઞાનનું મહત્ત્વ જણાવો.

(3) સાંસ્કૃતિક મનોવિજ્ઞાનનાં ક્ષેત્રો દર્શાવો.

(4) સાંસ્કૃતિક મનોવિજ્ઞાનનો શિક્ષણ સાથેનો સંબંધ વર્ણવો.

(5) સાંસ્કૃતિક મનોવિજ્ઞાનનું પ્રદાન સમજાવો.

પ્રશ્ન.2. ટૂંકમાં જવાબ લખો

(1) સાંસ્કૃતિક અધ્યયન.

(2) સ્વસંકલ્પનાના ઘડતરમાં સંસ્કૃતિનો ફાળો.

પ્રકરણ 3 જ્ઞાનાત્મક મનોવિજ્ઞાન

3.1 પ્રસ્તાવના

3.2 જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનનો અર્થ અને સંકલ્પના

3.3 જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનનું મહત્ત્વ

3.4 જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનનાં ક્ષેત્રો

3.5 જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનનો શિક્ષણ સાથે સંબંધ

❋ સ્વાધ્યાય

3.1 પ્રસ્તાવના :

મનોવિજ્ઞાન એ સતત વિકસતું વિજ્ઞાન છે, કારણ કે તે માનવ વર્તનનો અભ્યાસ કરે છે. માનવ વર્તન અનેક પરિબળો (આંતરિક પરિબળો તથા બાહ્ય પરિબળો)થી પ્રભાવિત થતું હોય છે. પરિણામે તે પરિવર્તનશીલ છે. મનોવિજ્ઞાનની વિવિધ શાખાઓએ આ વર્તન લવચિકતાને પોતપોતાના દૃષ્ટિકોણથી જોવાનો પ્રયત્ન કર્યો, પ્રયોગો કર્યા ને તેથી કરીને મનોવિજ્ઞાનની જુદી જુદી શાખાઓ વિકાસ પામી.

માનવ અધ્યયનશીલ પ્રાણી છે. તે સહજ રીતે પણ શીખે છે ને તે પ્રયત્નપૂર્વક પણ શીખે છે. માત્ર શીખતો જ નથી, શીખેલ બાબત અનુસાર વર્તનમાં પરિવર્તન પણ કરે છે. આ અધ્યયનના પ્રેરક આંતરિક અને બાહ્ય પરિબળોને લઈને અધ્યયન મીમાંસા કરનારા પણ કેટલાક મનોવિજ્ઞાનીઓ છે. તેમનાં અવલોકનો, સંશોધનોને આધારે પણ મનોવિજ્ઞાનની અલગ શાખા વિકસી છે.

ટૂંકમાં ચાહે વર્તનવાદી મનોવિજ્ઞાન હોય કે સમષ્ટિવાદી મનોવિજ્ઞાન હોય, સંરચનાવાદી મનોવિજ્ઞાન હોય કે માનવતાવાદી મનોવિજ્ઞાન હોય, આ બધા અધ્યયન અંગે જ દૃષ્ટિકોણો રજૂ કરે છે. તે સંદર્ભે પહેલ કરનાર વૉટસન નામનો મનોવિજ્ઞાની હતો. તેમણે સન 1912માં વર્તનવાદી મનોવિજ્ઞાનની ઘોષણા કરી. લગભગ તે જ વરસે ઈ.સ. 1912માં જર્મનીના મનોવિજ્ઞાનીઓએ સમષ્ટિવાદી મનોવિજ્ઞાનની જાહેરાત કરી. આમ બન્ને પરસ્પર વિરોધી વિચારધારાનો જન્મ એક સાથે જ થયો.

વર્તનવાદી મનોવિજ્ઞાનીઓ અધ્યયનને ઉદ્દીપન (S) અને પ્રતિચાર (R) ના જોડાણ-અભિસંધાનને અધ્યયન ગણતા હતા. તદ્ઉપરાંત અવલોકન થઈ શકે તેવાં વ્યવહાર-વર્તનોનો જ અભ્યાસ કરવો જોઈએ એવું દૃઢપણે માનતા હતા. તેમાં બી.એફ.સ્કીનર સુધીના મનોવિજ્ઞાનીઓએ જબરૂ યોગદાન આપ્યું છે. પરંતુ ઉક્ત ધારણાઓના વિરોધમાં સમષ્ટિવાદી જર્મન મનોવિજ્ઞાનીઓ મેક્સ વર્ધેમર, કર્ટ કોફ્કા અને વોલ્ફગેન્ગે કોહલરે બુંગિયો ફૂંક્યો. તેમના અભિપ્રાય અનુસાર દૃષ્ટિગમ્ય વર્તનના અભ્યાસથી જ અધ્યયનના પ્રશ્નનો પૂરતો ઉકેલ મળી શકતો નથી. તેમના અભિપ્રાય અનુસાર જાગૃત અનુભવોને ટુકડાઓમાં વિભાજિત કરી જાણવા યોગ્ય નથી, કારણ કે જે કંઈ અનુભવ છે તે એક અને વિશિષ્ટ (યુનિક) છે. વળી, અધ્યયન એ માત્ર S-R નથી. ઉદ્દીપન પ્રતિચારનું પરિણામ નથી, તથા ઉદ્દીપન તો બાહ્ય અનુભવ આધારિત હોય છે. પરંતુ અવલોકન એવું છે કે બાહ્ય ઉદ્દીપનની ગેરહાજરીમાં પણ વ્યક્તિ આંતરસૂઝથી અધ્યયન કરતો હોય છે. આમ વર્તનવાદી મનોવિજ્ઞાનની મર્યાદાઓએ જ સમષ્ટિવાદી મનોવિજ્ઞાનને જન્મ આપ્યો. તે શાખાના પ્રખર મનોવિજ્ઞાની વોલ્ફગેન્ગે કાહલરે, વર્ધેમર અને કાફ્કાની અધ્યયન અંગેની માન્યતાથી જુદા પડી અધ્યયનમાં આંતરસૂઝનો સિદ્ધાન્ત રજૂ કર્યો. આંતરસૂઝ એટલે સપાટીની નીચે ડોકિયું કરવું. આમ અધ્યયનમાં બાહ્ય પરિબળો ઉપરાંત આંતરિક પરિબળોનું મહત્ત્વ સ્વીકારાયું. અહીંથી શૈક્ષણિક મનોવિજ્ઞાને યુ ટર્ન લીધો અને જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનનો જન્મ થયો.

3.2 અર્થ અને સંકલ્પના :

જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનને કોગ્નેટિવ સાયકોલોજી કહેવામાં આવે છે. આ શબ્દનો સર્વપ્રથમ પ્રયોગ સન. 1967માં થયો. એટલે કે વીસમી સદીના છઠ્ઠા દશકાના ઉત્તરાર્ધમાં જન્મ થયો. તેનો સર્વ પ્રથમ ઉપયોગ યુલરિક (ડીક) નેઈસેરે કરેલો. તેને જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનનો પિતા ગણવામાં આવે છે. પરંતુ શિક્ષણ સાથે જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનનો અનુબંધ સ્થાપિત કરીને મનોવિજ્ઞાનની આ પ્રશાખાના વિકાસમાં નોંધપાત્ર પ્રદાન કરનારાઓમાં મુખ્ય મનોવિજ્ઞાનીઓ આ મુજબ હતા :

(1) જેરોમી બ્રુનર (1915) : અધ્યયનનું જ્ઞાનાત્મક મૉડેલ રજૂ કર્યું.

(2) રોબર્ટ ગેને (1916 થી 2002) : અધ્યયન નીપજોનું વર્ગીકરણ રજૂ કર્યું.

(3) ડેવિડ આસુબેલ (1918) : અર્થપૂર્ણ અધ્યયનની સંકલ્પના રજૂ કરી.

(4) આલ્બર્ટ બાન્દુરા (1925) : અવલોકનાત્મક અધ્યયનની સંકલ્પના રજૂ કરી .

જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનની સંકલ્પના સમજાવતાં લીસા રાઉન્ડી નોંધે છે.: Cognitive psychology is the branch of psychology that focuses on the way people process information. It looks at how we process information we receive and how the treatment of this information leads to our responses. In other words, cognitive psychology is interested in what is happening within our minds that links stimulus (input) and response (output). અર્થાત્ જ્ઞાનાત્મક મનોવિજ્ઞાન પણ મનોવિજ્ઞાનની એક પ્રશાખા છે. તે તથા તેનું મુખ્ય કાર્ય મનુષ્યની માહિતી સંસ્કરણની પ્રક્રિયા વિશે જાણવાનું છે. મનુષ્ય કેવી રીતે માહિતીનું સંસ્કરણ કરે છે, માહિતી મેળવે છે પણ માહિતી અંદર દાખલ થતાં તેની શી માવજત (ટ્રીટમેન્ટ) કરે છે, જેથી આ માહિતી વ્યક્તિને તેને મળેલા ઉદ્દીપકો અંગે પ્રતિચાર આપી શકે છે. આમ તો આ આખી પ્રક્રિયા દેખી શકાતી નથી, પરંતુ મનોજગતમાં થાય છે.

જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનની પરિભાષા આપતાં લીસા રાઉન્ડી નોંધે છે, Cognitive psychology is the study of mental process such as "attention, language use, memory, perception, problem solving, creativity, and thinking." અર્થાત્ જ્ઞાનાત્મક મનોવિજ્ઞાન માનસિક પ્રક્રિયા અથવા મનોવૈજ્ઞાનિક પ્રકાર્યો જેવાં કે ધ્યાન, સ્મૃતિ, પ્રત્યક્ષીકરણ, સમસ્યા ઉકેલ, સર્જનાત્મકતા અને ભાષા ઉપયોગ અંગે અભ્યાસ કરે છે.

અન્ય એક પરિભાષામાં નેઈસેર લખે છે, Cognitive psychology study internal processes that include perception, attention, language, memory and thinking. They ask Questions like :

* How do we receive information about outside world ?
* How do we store and process information ?
* How do we solve problems ?
* How does a breakdown in our perceptions cause errors in our thinking ?
* How do, errors in our thinking lead to emotional distress and negative behaviours ?

જ્ઞાનાત્મક મનોવિજ્ઞાન વ્યક્તિના બર્હિજગતમાંથી પ્રાપ્ત થતી માહિતીને કેવી રીતે સ્વીકારે છે, ધારણ કરે છે, તથા તેની ઉપર પ્રક્રિયા કરે છે કે જેને આધારે સમસ્યાના ઉકેલ સુધી પહોંચી શકાય છે, આપણા પ્રત્યક્ષીકરણની પ્રક્રિયામાં કેવી રીતે ભંગાણ પડે છે ને જે અન્તે વિચાર પ્રક્રિયાની ક્ષતિ બને છે. વિચાર પ્રક્રિયાની આ ક્ષતિ આપણને ભાવાત્મક હતાશા અપાવે છે. તેને પરિણામે વર્તન નકારાત્મકતા ધારણ કરવા લાગે છે.

ઉક્ત વિવરણના આધારે કહી શકાય કે, જ્ઞાનાત્મક મનોવિજ્ઞાન મનુષ્યની પ્રત્યક્ષીકરણ, ધ્યાન, સ્મૃતિ, વિચાર તથા ભાષા વિકાસ જેની આંતરિક પ્રક્રિયાઓનું અધ્યયનં કરે છે. આ બાબતોને માહિતી સંસ્કરણ મૉડેલ દ્વારા સરળતાથી સમજી શકાય છે.

જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનના અભ્યાસો માટે મનોવિજ્ઞાનીઓ પાત્રો તરીકે પ્રાણીઓને બદલે માનવોને પસંદ કરે છે. ખાસ કરીને અધ્યયન અંગેના અભ્યાસો માટે વર્ગખંડ પરિસ્થિતિનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રયોગોને આધારે જ્ઞાનાત્મવાદી મનોવિજ્ઞાને ચાર સિદ્ધાન્તો રજૂ કર્યા છે, તે ઘણા અગત્યના છે. તે આ મુજબ છે :

(1) અધ્યેતાઓ, માહિતીના સક્રિય પ્રક્રિયકો છે. પ્રક્રિયકો એટલે પ્રક્રિયા કરનાર.

(2) અધ્યેતાઓ માટે માહિતી અર્થપૂર્ણ બનાવવામાં આવે ત્યારે અધ્યનની શક્યતા વધે છે.

(3) અધ્યેતા શું શીખે છે તેના કરતાં શી રીતે શીખે છે, તે મહત્ત્વનું છે.

(4) જ્ઞાનાત્મક પ્રક્રિયાઓ વારંવારના ઉપયોગથી સ્વાયત્ત બને છે.

(5) અધિબોધ (Meta-Cognition) કૌશલ્યો અધ્યાપન દ્વારા વિકસાવી શકાય છે.

(6) આંતરિક પ્રેરણ અધ્યયન માટે અગત્યનું છે.

(7) અધ્યેતાઓમાં માહિતી સંસ્કરણ ક્ષમતા એક સરખી હોતી નથી.

ટૂંકમાં, જ્ઞાનાત્મક મનોવિજ્ઞાન એટલે માહિતીને જ્ઞાનમાં રૂપાંતર કરનાર પ્રક્રિયાનું અધ્યયન કરતું શાસ્ત્ર. જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનનું અધ્યયન અંગેનું મંતવ્ય વર્તનવાદી મનોવિજ્ઞાન કરતાં જુદું છે. તેમની દૃષ્ટિએ અધ્યયન જ્ઞાન મેળવવાની, યાદ રાખવાની અને તેનો ઉપયોગ કરવાની સક્રિય માનસિક પ્રક્રિયા છે. જ્ઞાનાત્મક મનોવિજ્ઞાન અનુસાર જ્ઞાન શીખાય છે અને જ્ઞાનમાં પરિવર્તન વર્તન પરિવર્તનને શક્ય બનાવે છે. જ્ઞાનાત્મક મનોવિજ્ઞાન પણ સુદૃઢીકરણનું મહત્ત્વ સ્વીકારે છે. સુદૃઢીકરણથી શીખનારને પ્રતિપોષણ મળે છે. જ્ઞાનવાદી મનોવિજ્ઞાનીની દૃષ્ટિએ અધ્યયન કોરી પાટી ઉપર લખેલું લખાણ નથી, બલકે તે સમજનું સ્વરૂપાંતર છે. અધ્યેતા પોતાનાં ધ્યયો સિદ્ધ કરવા સક્રિય રીતે પસંદગી કરે છે, ધ્યાન આપે છે, મહાવરો કરે છે, અવગણે છે, ચિંતન કરે છે અને ઘણા બધા નિર્ણયો કરે છે.

3.3 જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનનું મહત્ત્વ :

જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનનું વિવિધ દૃષ્ટિએ મહત્ત્વ છે. પ્રથમ તો તે વર્તનવાદી અધ્યયન સિદ્ધાંતોની મર્યાદાઓથી આગળ વધીને અધ્યયનના સિદ્ધાંતો રજૂ કરે છે. તે અધ્યયનને S → R જેવી યાંત્રિક ક્રિયા ગણતું નથી, પરંતુ અધ્યયનને સક્રિય પ્રક્રિયા ગણે છે. તેમાં અધ્યયન કર્તા સ્વયં સક્રિય બને છે. તે પસંદ કરે છે, તે ધ્યાન કેન્દ્રિત કરે છે, તે સ્મરણમાં રાખે છે, અનુભવનું જ્ઞાનમાં અને જ્ઞાનનું સમજમાં રૂપાંતર કરે છે. આ સમજનો પ્રતિભાવ આપવામાં ઉપયોગ કરે છે. આ રીતે જ્ઞાનાત્મક મનોવિજ્ઞાન પોતાની આગવી અધ્યયન મીમાંસા રજૂ કરે છે.

બીજું વર્તનવાદ અધ્યયનમાં પૂર્વાનુભવ કે પૂર્વજ્ઞાનને લક્ષમાં લેતો ન હતો. જ્યારે જ્ઞાનાત્મક મનોવિજ્ઞાન અધ્યયનમાં પૂર્વાનુભવ કે પૂર્વજ્ઞાનને મહત્ત્વ આપે છે, તે જ્ઞાનને દેવાની વસ્તુ નથી ગણતો બલ્કે મેળવવાની વસ્તુ ગણે છે. વળી જ્ઞાન એક અનુભવ પર બીજો અનુભવ ગોઠવીને આમ અનુભવો ગોઠવી ગોઠવીને સમગ્રને મેળવવાની પ્રક્રિયા ગણે છે. તેથી જ્ઞાનપ્રાપ્તિની પ્રક્રિયા સતત અને નિરંતર ચાલતી રહે છે. સુપ્રસિદ્ધ જ્ઞાનાત્મક મનોવિજ્ઞાની ડેવિડ પી. આસુબેલ નોંધે છે.

If I had to reduce all of educational psychology to just one principle, I would say this : The most important single factor influencing learning is what the learner all ready knows, Ascertain this and teaches him accordingly.

અર્થાત્ જો મારે સમગ્ર શૈક્ષણિક મનોવિજ્ઞાન એક નિયમમાં રજૂ કરવાનું હોય તો હું એમ કહું : અધ્યેતાનું પૂર્વજ્ઞાન અધ્યયન પર અસર કરનારું સૌથી વધારે અગત્યનું એક અને માત્ર એક પરિબળ છે. તે નક્કી કરી લો અને તે પ્રમાણે શીખવો. શૈક્ષણિક દૃષ્ટિએ આ મુદ્દો ઘણો મહત્ત્વનો છે. શિક્ષક નવું શીખવવાના ઉત્સાહમાં અધ્યેતાના પૂર્વજ્ઞાન તરફ ધ્યાન આપતો નથી તેથી માહિતીનું જ્ઞાનમાં અને જ્ઞાનનું સમજમાં રૂપાંતર થવામાં અડચણો ઊભી થાય છે.

જ્ઞાનાત્મક મનોવિજ્ઞાન માહિતી સંસ્કરણ મૉડેલ રજૂ કરીને મનોવિજ્ઞાનીઓને અધ્યયન જેવા સૂક્ષ્મ અને અદૃશ્ય એવી પ્રક્રિયાને સમજવાનું, સંશોધવાનું ઉપકરણ પૂરું પાડ્યું છે. જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનનું આ એક મોટું પ્રદાન છે.

જ્ઞાનાત્મક મનોવિજ્ઞાને અધ્યયન પ્રયુક્તિઓ તથા અધ્યયન વ્યૂહરચનાઓની સંકલ્પના રજૂ કરીને શિક્ષણ જગતને જબરું માર્ગદર્શન પૂરું પાડ્યું છે.

જ્ઞાનાત્મક મનોવિજ્ઞાને અધ્યયનને વધુ ફળદાયી બનાવવાના કેટલાક પ્રતિમાનો રજૂ કર્યાં છે, જેમ કે અર્થપૂર્ણ અધ્યયન માટે એડવાન્સ ઓર્ગેનાઈઝ મૉડેલ, શોધ અધ્યયન માટે સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન વગેરે. અધ્યેતાના જ્ઞાનાત્મક વિકાસ માટે આ મૉડેલો રજૂ થયાં છે.

આમ શિક્ષણ જગત માટે તો જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનનું ખૂબ મહત્ત્વ છે.

3.4 જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનનાં ક્ષેત્રો :

આમ તો જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનનું મુખ્ય અભ્યાસ ક્ષેત્ર જ્ઞાનપ્રાપ્તિની પ્રક્રિયા એટલે કે અધ્યયન પ્રક્રિયા છે. જ્ઞાનાત્મવાદી મનોવિજ્ઞાનીઓએ અધ્યયનને વિવિધ દૃષ્ટિકોણથી રજૂ કર્યું છે. બિહ્લર અને સ્નોમેને માહિતી સંસ્કરણ મૉડેલ રજૂ કરીને અધ્યયન પ્રક્રિયાનાં રહસ્યો છતાં કરવા કોશિશ કરી છે. તદ્અનુસાર મનુષ્ય માહિતી પ્રત્યે ધ્યાન આપે, માહિતીની ઓળખ કરે, માહિતીનું રૂપાંતર કરે, માહિતીનો સંગ્રહ કરે અને માહિતીનું પુનઃસ્મરણ કરે તેને માહિતી સંસ્કરણ કહેવામાં આવે છે. મનુષ્ય નવી માહિતી કેવી રીતે મેળવે છે, તે કેવી રીતે માહિતીને સ્મૃતિમાં સંગ્રહે છે, વળી આવશ્યકતા અનુસાર માહિતીને સ્મૃતિમાંથી પુનઃપ્રાપ્ત કરે છે, તથા પૂર્વજ્ઞાન તેને કેવી રીતે માર્ગદર્શન આપે છે ને તે શું અને શી રીતે શીખે છે તે સમજવા માગતા સિદ્ધાંતને માહિતી સંસ્કરણ કહેવામાં આવે છે. માહિતી સંસ્કરણ મૉડેલમાં મુખ્યત્વે બે પ્રકારના વિભાગો છે : (1) સ્મૃતિ સંગ્રહો (2) નિયંત્રણ પ્રક્રિયાઓ. સ્મૃતિ સંગ્રહોમાં ત્રણ પ્રકારના સ્મૃતિ સંગ્રહોનો સમાવેશ

થાય છે : (1) સંવેદનની નોંધ, (2) લઘુ અવધિ સ્મૃતિ સંગ્રહ, (3) લાંબા ગાળાની સ્મૃતિ સંગ્રહ. નિયંત્રણ પ્રક્રિયાઓ માહિતી કેવી રીતે સાંકેતિક સ્વરૂપમાં ફેરવાય છે અને સ્મૃતિ સંગ્રહો વચ્ચે માહિતી કેવી રીતે વહે છે, તેનું નિયંત્રણ કરે છે.

જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનનું અધ્યયનને લગતું બીજું ક્ષેત્ર તે અર્થપૂર્ણ અધ્યયન. માહિતી મેળવવી તે અધ્યયન છે પણ પૂર્ણ અધ્યયન નથી. શિક્ષણનો તે એક ભાગ છે. તેથી આગળ વધીને સમસ્યાના ઉકેલ માટે મેળવેલ માહિતીનો ઉપયોગ કેવી રીતે કરવો, એ પણ જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનનું ક્ષેત્ર છે. આ ક્ષેત્રમાં ડેવિડ પી. આસુબેલે ઘણું કામ કર્યું છે ને તે પરથી એડવાન્સ ઓર્ગેનાઈઝર મૉડેલ રજૂ કર્યું છે.

જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનનું અધ્યયન સંબંધી ત્રીજું ક્ષેત્ર તે સંરચનાવાદી અધ્યયન. તે ક્ષેત્રમાં બ્રુનરનું મુખ્ય કાર્ય છે. બ્રુનરના મતે, 'To learn structure, in short, is to learn how things are related.' એટલે કે શીખવું એટલે વસ્તુઓ પરસ્પર શી રીતે સંબંધિત છે તે શીખવું. અહીં શીખનારને માહિતીના સર્જક તરીકે સ્વીકારવામાં આવે છે. તેથી શોધ-અધ્યયન જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનનું ક્ષેત્ર બને છે.

❋ અધ્યયન પરિસ્થિતિ :

જ્ઞાનપ્રાપ્તિની પ્રક્રિયામાં અધ્યયન પરિસ્થિતિ મહત્ત્વનો ભાગ ભજવે છે. વર્ગખંડમાં આવી અધ્યયન પરિસ્થિતિનું નિર્માણ શિક્ષકે કરવાનું હોય છે. વિદ્યાર્થી ભલે સ્વપ્રયાસે જ્ઞાન મેળવે, જ્ઞાનનો સર્જક બને, પરંતુ જ્ઞાન સર્જનની પરિસ્થિતિ ઊભી કરવાનું મહત્ત્વનું કાર્ય શિક્ષકે કરવાનું છે. એટલે શિક્ષકે અધ્યયન પરિસ્થિતિ અને અધ્યાપન પરિસ્થિતિ બે બાબતો ધ્યાનમાં લેવાની છે.

વિદ્યાર્થી કેન્દ્રી પદ્ધતિમાં અધ્યયન પરિસ્થિતિ એવી ઊભી થાય કે જેથી વિદ્યાર્થીઓ ચોક્કસ બાબત વિષે ચોક્કસ રીતે વિચારે. અહીં શિક્ષકનું કાર્ય માત્ર દિગ્દર્શકનું છે. પ્રવૃત્તિના આરંભ કે પ્રવૃત્તિ ખોટી દિશામાં જાય ત્યારે જ શિક્ષકે ચિત્રમાં આવવાનું છે. દા.ત. પાણીનું શુદ્ધિકરણ પ્રકલ્પ પર વિદ્યાર્થી સ્વયં જ્ઞાન મેળવવા ઇચ્છે છે. આમાં પ્રારંભિક ચર્ચા કરી શિક્ષક અધ્યયન પરિસ્થિતિનું નિર્માણ કરે છે. અહીં શિક્ષક વર્ગને ચોમાસામાં થતા રોગ વિષે ચર્ચા કરશે. આવા રોગ દૂષિત પાણીને કારણે થાય છે. પાણીનું યોગ્ય રીતે શુદ્ધિકરણ થાય તો આ રોગ અટકાવી શકાય. પાણીનું શુદ્ધિકરણ કોણ કરે છે ? નગરપાલિકા કે કોર્પોરેશન આ અંગે શું વ્યવસ્થા કરે છે ? તે કેવી રીતે જાણી શકાય ? તેની ચર્ચા વિદ્યાર્થીઓ

કરે છે. જૂથો રચે છે, મુલાકાત લે છે અને માહિતી પ્રાપ્ત કરે છે. શિક્ષક માત્ર પ્રારંભમાં ચર્ચાનું વાતાવરણ ઊભું કરી આપે છે. પાણીના શુદ્ધિકરણ માટે વ્યક્તિગત શું ધ્યાનમાં રાખવું જોઈએ, તેની ચર્ચા પણ વિદ્યાર્થીઓ કરે છે અને જ્ઞાન મેળવે છે.

❋ અધ્યાપન પરિસ્થિતિઓ :

કેટલીકવાર શિક્ષકે શિક્ષકકેન્દ્રી પદ્ધતિનો ઉપયોગ કરવો પડે છે, પરંતુ તેમાં વિદ્યાર્થીઓને સક્રિય રાખવા તેણે વિશિષ્ટ અધ્યાપન પરિસ્થિતિ ઊભી કરવી પડે છે. દા.ત. વિજ્ઞાન શિક્ષક વર્ગમાં ક્લોરિન વાયુની બનાવટ અને તેના ગુણધર્મો શીખવવા માગતા હોય, તો તે નિદર્શન પદ્ધતિનો ઉપયોગ કરે છે. પ્રયોગનાં સાધનોની ઓળખ આપે છે. પ્રયોગનું નિદર્શન કરે છે, પરંતુ પ્રશ્નોત્તર દ્વારા વિદ્યાર્થીઓને સક્રિય રાખે છે. ક્લોરિનના ગુણધર્મો તારવવા તે વિદ્યાર્થીઓને અવલોકનકર્તાની સ્થિતિમાં મૂકે છે. આ વાયુનો રંગ કેવો છે ? એ પ્રશ્ન સાથે વાયુ ભરેલું વાયુપાત્ર દર્શાવે છે. વિદ્યાર્થીઓ વાયુના રંગનું અવલોકન કરે છે. પોતે જ વાયુનો રંગ જણાવે છે. આમ એક વિશિષ્ટ પરિસ્થિતિ ઊભી કરવામાં શિક્ષક સફળ થાય છે. વાયુપાત્રમાં સળગતી મીણબત્તી જ્વલનપતીમાં ગોઠવી ઉતારે છે. વિદ્યાર્થીઓને પરિસ્થિતિનું અવલોકન કરવા જણાવે છે. મીણબત્તી ધૂમાડાવાળી જ્યોતથી સળગે છે, એવું વિદ્યાર્થીઓ જ જણાવે છે. ધૂમાડો કઈ રીતે થયો, તેની સમજ શિક્ષક આપે છે. આમ, વિવિધ એકમો શીખવતાં અધ્યાપનમાં શૈક્ષણિક પરિસ્થિતિ ઊભી કરવાનું કાર્ય શિક્ષકે કરવું જોઈએ.

3.5 જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનનો શિક્ષણ સાથે સંબંધ :

જ્ઞાનાત્મક મનોવિજ્ઞાન શિક્ષણ સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે. આ સંબંધને આ રીતે રેખાંકિત કરી શકાય.

(1) શિક્ષક માટે જ્ઞાન અંગેની નવી સમજણ રજૂ કરે છે. અધ્યેતાના અધ્યયનને ઘાટ આપતા પૂર્વજ્ઞાન કે જે બે પ્રકારનું હોય છે. (1) સામાન્ય જ્ઞાન (2) ક્ષેત્ર વિશિષ્ટનું જ્ઞાન તેના મહત્ત્વને સમજાવે છે.

(2) જ્ઞાનાત્મક મનોવિજ્ઞાન અનુસાર અધ્યેતા વાતાવરણથી પ્રભાવિત થતી સક્રિય વ્યક્તિ છે.

(3) અધ્યેતા સ્વયં જ્ઞાનનું સર્જન કરે છે. શિક્ષકે તો માત્ર માર્ગદર્શક બની રહેવાનું છે. તે શીખવવા કરતાં અધ્યેતાને શીખતા કરવાનું કાર્ય કરવાનું છે.

(4) શિક્ષકને એ વાતની સમજણ આપે છે કે અધ્યેતાનું મસ્તિષ્ક કોરી પાટી નથી. તેથી અધ્યયન કોરી પાટી પર લખેલું લખાણ નથી, પરંતુ તેની સમજણનું રૂપાંતર છે.

(5) અધ્યેતા પર ભરોસો રાખો કારણ કે તે અધ્યયન પ્રયુક્તિ અને અધ્યયન વ્યૂહ રચના પસંદ કરી શકે છે.

(6) અધ્યયનનું પૂર્વજ્ઞાન તેના ભાવિ અધ્યયનનું નિર્ણાયક છે તેવી ખાતરી સાથે શિક્ષકે અધ્યાપન સમયે અધ્યેતાના પૂર્વજ્ઞાન સાથે નવા જ્ઞાનનો અનુબંધ કેળવવો જોઈએ.

(7) અધ્યયનમાં લાંબા ગાળાની સ્મૃતિ સંગ્રહનું વધુ મહત્ત્વ છે. તેથી વધુ માહિતી લાંબાગાળાના સંગ્રાહક તરફ વહે તેવી શિક્ષણ પદ્ધતિ શિક્ષકે અપનાવવી જોઈએ. આ માટે સ્મૃતિસહાયક પ્રયુક્તિઓ અજમાવવી જોઈએ.

(8) અધિજ્ઞાન વધે અને અધ્યેતા વ્યૂહાત્મક અધ્યેતા બને તેવી શિક્ષણ યોજના અજમાવવી જોઈએ.

(9) અધ્યયનમાં પુનરાવર્તન ક્રિયાનું મહત્ત્વ છે તે શિક્ષકે ન ભૂલવું જોઈએ.

(10) બ્રુનરના મતે શીખવાના વિષયનું માળખું અધ્યયનની ભાવિ ઉપયોગિતા માટે નિર્ણાયક છે. તેથી શિક્ષકે અધ્યેતાઓને વિષયનું માળખું સમજવામાં મદદરૂપ થવું જોઈએ.

(11) આધુનિક શિક્ષણ સ્વશિક્ષણ પર ભાર મૂકતાં જણાવે છે કે અધ્યેતા સ્વયં જ્ઞાનનો સર્જક બને. જ્ઞાનના સર્જનમાં અધ્યેતાના અનુભવો ઉપયોગી બને છે. પરંતુ કોઈ એક અધ્યેતાના અનુભવો સીમિત છે. એટલે જ વર્ગમાં સમવયસ્કોના અનુભવો પણ ઉપયોગી થાય. અધ્યેતા તેને સમવયસ્ક અન્ય અધ્યેતાઓ સાથે ચર્ચા કરે, તેના વિચારો, અભિપ્રાયો જાણે તો અનુભવોનો વિસ્તાર વધે છે, જે નવા જ્ઞાનના સર્જનમાં ઉપયોગી થાય છે.

(12) અધ્યયનની પ્રક્રિયામાં શિક્ષકો અને માતા-પિતા તથા વડીલોનું માર્ગદર્શન ઘણું ઉપયોગી થાય છે. એટલે વર્ગમાં વિદ્યાર્થી સ્વ પ્રયાસે અધ્યયન કરતો હોય, ત્યારે તે ઘણીવાર ખોટી દિશામાં જતો રહે છે. વિદ્યાર્થી જ્યારે ખોટી દિશામાં જાય ત્યારે તેને રોકવાનું અને સાચી દિશામાં દોરવાનું કાર્ય વર્ગખંડમાં શિક્ષકે, ઘરે માતા-પિતા કે મોટાં ભાઈ-બહેને કરવાનું હોય છે. એટલે જ અધ્યયનની પ્રક્રિયામાં પુખ્તવયની વ્યક્તિઓનું માર્ગદર્શન આવશ્યક છે. પુખ્તવયની વ્યક્તિ વધારે અનુભવી હોય છે. તેના આ અનુભવો વિદ્યાર્થીને સાચી દિશામાં લઈ જવામાં ઉપયોગી થાય છે.

ટૂંકમાં, જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનનો શિક્ષણ સાથેનો અનેક રીતે સંબંધ છે. અધ્યયનની સંકલ્પનાથી માંડીને અધ્યયનને અર્થપૂર્ણ બનાવવા સુધી તથા અધ્યેતાને જ્ઞાનના સર્જક બનાવવા માટે શોધ અધ્યયનના અમલ સુધી જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનને શિક્ષણ સાથે સંબંધ છે.

❋ સ્વાધ્યાય ❋

પ્રશ્ન.1. આઠથી દસ વાક્યોમાં જવાબ લખો.

(1) જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનની સંકલ્પના સ્પષ્ટ કરો.

(2) અધ્યયન સંદર્ભે જ્ઞાનાત્મક મનોવિજ્ઞાન વર્તનવાદી મનોવિજ્ઞાન કરતાં કઈ રીતે જુદું પડે છે ?

(3) જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનના સિદ્ધાંતો શિક્ષકને શી રીતે ઉપયોગી થઈ શકે છે ?

(4) જ્ઞાનાત્મક મનોવિજ્ઞાન અનુસાર અધ્યયન એટલે શું ?

પ્રશ્ન.2. ટૂંકમાં જવાબ લખો

(1) જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનનો અર્થ

(2) જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનનું મુખ્ય ક્ષેત્ર

(3) જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનના વિકાસમાં ફાળો દેનારા

(4) જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનની પરિભાષા

પ્રકરણ 4

વાયૂગોત્સ્કી અને જ્ઞાનાત્મક વિકાસ

4.1 પ્રસ્તાવના
4.2 સંરચનાવાદ અને વાયૂગોત્સ્કી
4.3 વાયૂગોત્સ્કી અને ઝોન ઑફ પ્રોક્સિમલ ડેવલપમેન્ટ
❋ સ્વાધ્યાય

4.1 પ્રસ્તાવના :

જ્ઞાનાત્મક મનોવિજ્ઞાને અધ્યયનને મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા કહી છે. તેથી જ્ઞાનાત્મક વિકાસ શારીરિક વિકાસની માફક નજરે જોઈ શકતો નથી. પરંતુ બાળક દ્વારા થતાં કાર્યોનું પરિણામ જોઈ શકાય છે. બાળક દ્વારા જગત વિશેની સમજણમાં તથા તેના સંદર્ભે તે અંગે થતી તેની ક્રિયાઓમાં તેનો જ્ઞાનાત્મક વિકાસ પ્રતિબિંબિત થતો હોય છે. પરંતુ આ ક્રિયાઓ થવા માટેની જવાબદાર આંતરિક પ્રક્રિયાનું માપન કરી શકાતું નથી. નિરીક્ષણ છે કે શિશુ તાર્કિક રીતે વિચારી શકતું નથી. શાળાએ જતું બાળક કૉલેજમાં જતા કૉલેજિયન જેટલું તાર્કિક રીતે વિચારી શકતું નથી, કે સંકલ્પના સમજ શક્તિ ધરાવતું નથી. તેનો બિલકુલ એવો અર્થ નથી થતો કે શાળાએ જતા અધ્યેતામાં સંકલ્પના સમજ શક્તિનો અભાવ છે. તે બન્ને પાત્રોમાં સંકલ્પના સમજ શક્તિનો કે તર્ક શક્તિનો જે તફાવત દેખાય છે તે બન્નેની સંકલ્પના સમજશક્તિ કે તર્ક શક્તિની માત્રાનો તફાવત છે. આ રીતે જીવનનું જ્ઞાનાત્મક પરિમાણ આટલું સંકુલ અને આંતરિક હોવા છતાં આજે આ ક્ષેત્રમાં પ્રયોગશાળામાં થયેલાં સંશોધનો અને બાળકો કાર્ય કરતાં હોય તે સમયના મનોવિજ્ઞાનીઓના નિરીક્ષણોને પરિણામે જ્ઞાનાત્મક વિકાસ પ્રક્રિયા અંગે ઘણું બધું જાણતા થઈ શક્યા છીએ.

જ્ઞાનાત્મક વિકાસ એ વિચાર શક્તિ વિકાસનો પર્યાય છે. કોઈપણ કાર્ય સંપન્ન થતાં પહેલાં તે કાર્ય માનસિક સ્તરે, ચેતનાના ધરાતલ પર પ્રથમ થઈ જતું હોય છે, માટે કોઈપણ કાર્યના મૂળમાં વિચાર રહેલો હોય છે. કાર્ય એ વિચારનું ક્રિયાત્મક સ્વરૂપ છે. વિચાર મનુષ્યની આંતરિક ક્રિયા છે. વિચારના ગર્ભમાં વ્યક્તિની સૃષ્ટિ વિશેની સમજણ રહેલી હોય છે માટે જ એક જ કાર્ય ભિન્ન ભિન્ન વ્યક્તિઓ કરે તો પણ તેનાં પરિણામો જુદાં જુદાં આવી શકે છે.

જ્ઞાનાત્મક મનોવિજ્ઞાને એ પણ દર્શાવ્યું કે, જ્ઞાનાત્મક વિકાસ તબક્કાવાર થાય છે. એ તબક્કાઓ આ મુજબ છે :

(1) પ્રત્યક્ષીકરણ - જેના દ્વારા સૃષ્ટિની ઓળખ થાય છે.

(2) વિચાર - જેના દ્વારા સૃષ્ટિને સમજવામાં આવે છે, તેનું જ્ઞાન થાય છે.

(3) ભાષા - જેના દ્વારા સૃષ્ટિની થયેલ ઓળખ, સમજ અભિવ્યક્ત થાય છે.

જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનની આ બધી નીપજને પરિણામે વીસમી સદીના છેલ્લા દાયકામાં જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનીઓના વિચારોમાં ક્રાન્તિ આવી તેને 'જ્ઞાનાત્મક ક્રાન્તિ' નામે ઓળખવામાં આવે છે. આ ક્રાંતિમાંથી સંરચનાવાદનો જન્મ થયો.

4.2 સંરચનાવાદ અને વાયૂગોત્સ્કી :

આજે શિક્ષણ જગત પછી તે પૂર્વના સમાજોનું હોય કે પશ્ચિમના સમાજોનું સંરચનાવાદની બોલબાલા સૌથી વધુ છે. સંરચનાવાદ અધ્યયનના તમામ વર્તનવાદી, સમષ્ટિવાદી, જ્ઞાનવાદી વગેરે વિચારોને પડકારે છે. સંરચનાવાદનો મૂળ વિચાર જહોન ડ્યૂઈના શિક્ષણ ચિંતનમાં મળે છે. એ સમય વીસમી સદીનો આરંભ કાળ હતો. આજે એ જૂના વિચારનો નવેસરથી વ્યાપક સ્વીકાર થયો છે અને જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનનાં તાજેતરનાં સંશોધનોએ તેને સમર્થન આપ્યું છે. સંરચનાવાદે વર્તનવાદની અધ્યયન અંગેની S R થિયરીનો વિરોધ કર્યો. એ જ પ્રમાણે જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનની અધ્યયન અંગેની વિચારધારાનો પણ અસ્વીકાર કર્યો. તેને બદલે તેમણે એવું તારવ્યું કે, વ્યક્તિ પોતાના ખ્યાલો (અધ્યયન)નું ઘડતર પોતાના પર્યાવરણ સાથે આંતરક્રિયા કરીને ખ્યાલોનું ઘડતર પોતાની સંસ્કૃતિના સંદર્ભમાં પોતાની જાતે કરે છે, તેથી તેને યોગ્ય પર્યાવરણ પૂરું પાડવાની જવાબદારી સમાજની છે.

અલબત્ત, સંરચનાવાદ શિક્ષણનો કોઈ એક સિદ્ધાંત નથી, પરંતુ તે એક અભિગમ છે. તેના ઘડતરમાં ડ્યૂઈ ઉપરાંત થોમસ કુહ્ન, રોર્ટી, ગુડમેન તથા પિયાજે, ગેસ્ટાલ્ટ મનોવિજ્ઞાન, બર્ટલેટ, વૉન ગ્લેસર્સફેલ્ડ, બ્રુનર તથા વાયૂગોત્સ્કી જેવા મનોવિજ્ઞાનીઓનો ફાળો છે.

સંરચનાવાદનો અર્થ આ મુજબ થઈ શકે : જ્ઞાન વિદ્યાર્થીના મનમાં હોય છે. તે તેણે જાતે રચેલું હોય છે. અધ્યેતા અનુભવ દરમિયાન નવા જ્ઞાનને પૂર્વજ્ઞાન સાથે સક્રિય રીતે સંયોજીને મનમાં જાતે જ્ઞાનની સતત રચના કરે છે.

આમ, સંરચનાવાદ એ અધ્યયનનું જ્ઞાનાત્મક દૃષ્ટિબિન્દુ છે. તે જ્ઞાનાત્મક મનોવિજ્ઞાન પર આધારિત છે. જ્ઞાન અને જ્ઞાનનું ઘડતર આંતરક્રિયાત્મક, આગમનાત્મક અને સહકારયુક્ત છે. જ્ઞાન પ્રાપ્તિની પ્રક્રિયામાં એક માત્ર અધ્યેતા જ છે અને તે એ સમયે સક્રિય હોય છે. વાસ્તવમાં ત્યારે તે જ્ઞાનનું સર્જન (રચના) કરતો હોય છે. માટે જ્ઞાન આપવાનું કે સ્વીકારવાનું વસ્તુ નથી બલકે જાતે સર્જવાનું છે. આ વિચારની સીધી અસર શિક્ષણ ઉપર થાય છે. શિક્ષક જ્ઞાનદાતા અને અધ્યેતા જ્ઞાન સ્વીકારનાર (Receiver)ની વિચારણાનું ખંડન થાય છે. શિક્ષક માર્ગદર્શક અને અધ્યેતા જ્ઞાનસર્જક બને છે. સંરચનાવાદનું આ મુખ્ય પ્રદાન છે.

સંરચનાવાદ એક સિદ્ધાન્ત નથી, પરંતુ અનેક સિદ્ધાંતોનો સમૂહ છે. સંરચનાવાદના વિવિધ પ્રકારો છે, તે આ મુજબ છે.

(1) તાત્ત્વિક સંરચનાવાદ (Philosophical) થોમસ કુહ્ન

(2) સ્વયં ભરણાત્મક સંરચનાવાદ (Cybernatic) માતુરા અને વારેલા

(3) આત્યન્તિક સંરચનાવાદ (radical) વૉન ગ્લેસર્સફેલ્ડ

(4) મનોવૈજ્ઞાનિક સંરચનાવાદ (Psychological) જિન પિયાજે

(5) જ્ઞાનાત્મક સંરચનાવાદ (Cognitive) જિન પિયાજે

(6) સામાજિક સંરચનાવાદ (Social) વાયૂગોત્સ્કી

વાયૂગોત્સ્કી સામાજિક સંરચનાવાદના પ્રણેતા ગણાય છે. તે પણ પિયાજેની જેમ અગ્રણી વિકાસાત્મક મનોવિજ્ઞાની હતા. તે રશિયાના હતા. તેમણે પોતાના જીવનકાળ (સન્ 1896 થી 1934) દરમિયાન બે શકવર્તી ગ્રંથો પ્રકાશિત કરેલા. તે પૈકીનું એક હતું (Thaughts and Languages) અને બીજું હતું (Mind in Society) અલબત્ત બન્ને તેમના અવસાન પછી પ્રસિદ્ધ થયા ને તેમણે તહેલકો મચાવ્યો.

વાયૂગોત્સ્કીએ વિવિધ સંસ્કૃતિઓનાં લક્ષણો એક તરફ તારવ્યાં. બીજી તરફ એ સંસ્કૃતિમાં ઉછરેલાં બાળકોની વિચાર પ્રક્રિયાની અવલોકન નોંધો તૈયાર કરી તેના આધારે તારવ્યું કે, જુદી જુદી સંસ્કૃતિમાં ઉછરેલાં બાળકોની વિચાર

પ્રક્રિયામાં પણ તફાવત જોવા મળે છે. દા.ત. વેપારીના બાળકોને લેવડ-દેવડ, હિસાબ-કિતાબની ક્રિયાઓ વારંવાર જોવા મળે છે. તેથી તેની એ વિશે રુચિ વધારે વિકસે છે અને તે અંગેનું જ્ઞાન વધે અને તેને પરિણામે તે અંગેની વિચાર પ્રક્રિયા પણ અન્ય બાળકો કરતાં વધારે સમૃદ્ધ બને. જ્ઞાનાત્મક વિકાસ અંગેનું દૃષ્ટિબિન્દુ પિયાજેના સિદ્ધાંતોમાં નથી. તેઓ તો બાળકને નાનો વિજ્ઞાની માનીને જ તેને વિશ્વ અંગે પ્રતિક્રિયા કરવા માટે સક્ષમ માને છે. તેથી તેના જ્ઞાનાત્મક વિકાસની ક્ષમતા માત્ર તેની એકલાની અનુભવ ક્ષમતા પર આધારિત છે. પરંતુ વાયૂગોત્સ્કીનું મંતવ્ય પિયાજેના અધ્યયન અંગેના મંતવ્યથી તદ્દન જુદું જ છે. તે માને છે કે, બાળકોનો જ્ઞાનાત્મક વિકાસ તેના સામાજિક પરિવેશ (આસપાસના લોકો, જગત અને તેના વ્યવહારો વચ્ચેની આંતરક્રિયાઓ) પર આધારિત છે. બાળક આ પરિવેશ સાથે આંતર વ્યવહાર કરે છે તેમ તેમ તેનો જ્ઞાનાત્મક વિકાસ થાય છે. આમાંથી જ જન્મ પામ્યો વાયૂગોત્સ્કીનો ઝોન ઑફ પ્રોક્સિમલ ડેવલપમેન્ટ – ZPD નો ખ્યાલ ઝોન ઑફ પ્રોક્સિમલ ડેવલપમેન્ટનો અર્થ થાય છે નિકટવર્તી વિકાસનો વિસ્તાર.

4.3 વાયૂગોત્સ્કી અને ઝોન ઑફ પ્રોક્સિમલ ડેવલપમેન્ટ :

વાયૂગોત્સ્કીના જ્ઞાનાત્મક વિકાસનો સિદ્ધાન્ત સંરચનાવાદી સિદ્ધાંતને અનુકૂળ હતો. તેમાં તે વિચાર, ભાષા અને પ્રત્યક્ષીકરણ બધામાં સમાજની, સંસ્કૃતિની ભૂમિકાને મહત્ત્વની ગણે છે. તેથી તેના સંરચનાવાદને દ્વન્દ્વાત્મક સંરચનાવાદ કહે છે, કારણ કે તેમના તારવ્યા મુજબ જ્ઞાન આન્તરિક (જ્ઞાનાત્મક) તેમજ બાહ્ય (વાતાવરણ અને સમજ) બન્ને પ્રકારના પરિબળો વચ્ચેની આન્તરક્રિયાથી વિકસે છે. વાયૂગોત્સ્કીના સિદ્ધાન્ત અનુસાર વ્યક્તિનો જ્ઞાનાત્મક વિકાસ આન્તરિકીકરણ (Internalization) તથા ભાષા જેવા સાંસ્કૃતિક ઉપકરણોના ઉપયોગથી થાય છે. વાયૂગોત્સ્કીના વિચારાનુસાર બાળકનાં વિચાર અને ભાષા જુદાં કાર્યો તરીકે શરૂ થાય છે, પણ પૂર્વ પ્રાથમિક શાળાનાં વર્ષોની વયે બાળકો ભાષા દ્વારા વિચાર કરે છે ત્યારે તે બન્ને જોડાઈ જાય છે. તેથી બાળકોનું વધુ ને વધુ અધ્યયન ઉત્તરોત્તર ભાષાત્મક બનતું જાય છે. સાંસ્કૃતિક જ્ઞાન ભૌતિક વાતાવરણ સાથેના સીધા અનુભવને બદલે ભાષા દ્વારા પ્રાપ્ત થાય છે. પ્રારંભમાં બાળક તેમનું ઘણું ખરું જ્ઞાન વાણી (મા-બાપ, શિક્ષકો, મિત્રો વગેરે સાથેની વાતચીત) દ્વારા મેળવે છે.

સંસ્કૃતિ અંગે ઊંડાણપૂર્વક વિચાર કરતાં વાયૂગોત્સ્કી કહે છે, સમાજ જે-જે તત્વો, ઘટકોથી બન્યો છે તેને ટકાવી રાખનાર શાશ્વત તત્વોનો સમુચ્ચય એટલે સંસ્કૃતિ. ભાષા તેનું મહત્ત્વનું ઘટક છે. તદ્ઉપરાંત સંકેતો, વૈજ્ઞાનિક ઉપકરણો, પરંપરાઓ, રીતિ-રિવાજો વગેરે ઘટકો છે. આ ઘટકો બાળકોની જ્ઞાન પ્રક્રિયા અને વિચારપ્રક્રિયા બન્નેને આધાર પૂરા પાડે છે. તેમાં બાળકોના વિચારોને પુખ્ત વયના લોકો સાંસ્કૃતિક આધાર પૂરા પાડે છે. આમેય સંસ્કૃતિનું હસ્તાન્તરણ વડીલો તરફથી બાળકો તરફ જતું હોય છે.

જ્ઞાનાત્મક વિકાસ અને સાંસ્કૃતિક, સામાજિક, આંતરક્રિયાની સમગ્ર ચર્ચા અને જ્ઞાનાત્મક વિકાસ પર અસર કરતાં પરિબળો તારવી શકાય છે. વાયૂગોત્સ્કીની દૃષ્ટિએ જ્ઞાનાત્મક વિકાસ પર અસર કરતાં પરિબળો નીચે મુજબ છે :

(1) ભાષા તથા ભાષાકીય વ્યવહાર

(2) વડીલો, સમાજ અને સંસ્કૃતિની ભૂમિકા

બે પૈકીનું પહેલું પરિબળ એટલે ભાષા. ભાષા અભિવ્યક્તિનું માધ્યમ તો છે જ, સાથોસાથ સંસ્કૃતિની રક્ષક છે. ભાષા સામાજિક વિકાસની પારાશીશી છે. ભાષા વ્યક્તિના સર્વાંગી વિકાસની કરોડરજ્જુ છે. ભાષા વ્યક્તિના માનસિક, જ્ઞાનાત્મક, સંવેગાત્મક, સામાજિક અને નૈતિક વિકાસની આધારશીલા છે. વ્યક્તિગત વિકાસની દૃષ્ટિએ ભાષા જ્ઞાનપ્રાપ્તિનું ઉપકરણ છે અને વિચારનું આધારબિન્દુ છે. જ્ઞાનાત્મક વિકાસ પર અસર કરતું મહત્ત્વનું પરિબળ ભાષા છે. ભાષાથી જ્ઞાનપ્રાપ્તિ થતાં વ્યક્તિનો જ્ઞાનાત્મક વિકાસ થાય છે એમ વાયૂગોત્સ્કીનું દૃઢપણે માનવું છે.

ભાષાનું બીજું પ્રકાર્ય છે : ખ્યાલોના ઘડતરનું, સંકલ્પનાઓના સ્પષ્ટીકરણનું. બાળક જ્યારે સૃષ્ટિના સંપર્કમાં આવે છે ત્યારે માત્ર સ્વાદેન્દ્રિય વડે સૃષ્ટિને ઓળખવા મથે છે. ત્યારબાદ અનુક્રમે સ્પર્શેન્દ્રિય, દર્શનેન્દ્રિય, શ્રવણેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય વડે સૃષ્ટિને જાણે છે. આ પ્રક્રિયા દરમિયાન તેના મસ્તિષ્કમાં જુદા જુદા અનુભવો ખ્યાલ રૂપે રચાતા હોય છે. પરંતુ એ સાર્થક ત્યારે જ બને છે કે જ્યારે આ અનુભવો શાબ્દિક રૂપમાં રૂપાન્તરણ પામે છે. ખ્યાલ કે સંકલ્પના અનુભવને લાંબુ આયુષ્ય બક્ષે છે. એટલે કે લાંબાગાળાના સ્મૃતિ સંગ્રાહકમાં તે સ્થાન પામે છે. આ બાબતમાં ભાષાની પુણ્ય ભૂમિકા રહે છે. સંરચનાવાદી મનોવિજ્ઞાન આ બાબતને પુષ્ટિ આપે છે. તે કહે છે કે, ભાષા વગર ખ્યાલ ઘડતર શક્ય નથી. વ્યક્તિ દરેક અનુભવને ભાષામાં રૂપાન્તરિત કરીને જ પામી શકે છે.

વાયૂગોત્સ્કી કહે છે કે, અનુભવને લઈને થતો સ્વયંવાદ કે મનમાં થતો ગણગણાટ જ્ઞાનાત્મક વિકાસનો માર્ગ છે. જાત સાથેની વાતચીત વડે જ બાળક પૂર્વજ્ઞાન સાથે નવાજ્ઞાનનું સંયોજન કરે છે. એ જ રીતે વડીલો અને સમવયસ્કોના બાળક સાથેના ભાષિક વ્યવહારો જ્ઞાનાત્મક વિકાસ પર જબરી અસર કરે છે, કારણ કે વાયૂગોત્સ્કીના મતે જ્ઞાનાત્મક વિકાસ તદ્દન(ખસૂસ) એકાંકી પ્રવૃત્તિ નથી કે સ્વકેન્દ્રી પ્રવૃત્તિ નથી, પરંતુ જ્ઞાનાત્મક વિકાસ એક પ્રકારની સામાજિક પ્રવૃત્તિ છે તથા તેનું સ્વરૂપ ચક્રિય છે. સમાજનો દરેક વ્યક્તિ પોતાનાથી વધુ અનુભવી કે તેજસ્વી સાથે વાતચીત કરી પોતાનો જ્ઞાનાત્મક વિકાસ સાધે છે. આનો અર્થ એ થાય કે જ્ઞાન મેળવવા માટે જગતના અનુભવોનું વિશ્લેષણ કે સંશ્લેષણ જેવી પ્રક્રિયામાં બાળક તદ્દન એકલું નથી, સમાજ-સંસ્કૃતિ તેની સાથે હોય છે.

વાચન, લેખન અને ગણન તથા શાળાકીય વિષયોનું જ્ઞાન સાંસ્કૃતિક જ્ઞાનનાં અગત્યનાં ઉદાહરણો છે. આ જ્ઞાન સામાજિક રીતે રચાય છે. તેથી આ બાબતોને બાળકના સામાજિક-સાંસ્કૃતિક પરિવેશ સાથે ભણાવવામાં આવે તો તે અસરકારક બને છે. વાયૂગોત્સ્કી આને ઝોન ઑફ પ્રોક્સિમલ ડેવલપમેન્ટ કહે છે. તેને ગુજરાતીમાં નિકટવર્તી વિકાસનો વિસ્તાર કહે છે. નિકટવર્તી વિકાસનો વિસ્તાર એટલે જ્ઞાન કે કૌશલોનો એવો વિસ્તાર કે તે બાળકો જાતે એકલાં ન શીખી શકે, પણ શિક્ષકો કે વડીલોની મદદથી શીખી શકે. આ વિસ્તાર સિદ્ધાંત પ્રમાણે અધ્યયનનો આધાર પૂર્વજ્ઞાન પર છે. અહીં સમાજની ભૂમિકા વધી જાય છે. નિકટવર્તી વિકાસ વિસ્તારમાં સમાજના બીજા લોકો સાથેના સતત સંવાદથી જ્ઞાનાત્મક વિકાસ ઝડપી બને છે. અહીં સહકારી અધ્યયન (Co-operative Learning) ની સંકલ્પના આવકાર્ય બને છે. વાયૂગોત્સ્કી અધ્યયન અને વિકાસને પરસ્પરાવલંબી માને છે. વાયૂગોત્સ્કીનો નિકટવર્તી વિકાસ વિસ્તારનો ખ્યાલ અધ્યયન કોઈક રીતે બાળકના વિકાસની કક્ષાને અનુરૂપ હોવું જોઈએ એ પ્રશ્ન પ્રત્યેનો નવો અભિગમ છે. અધ્યયન અને વિકાસ વચ્ચેના સંબંધ સમજવા માટે વિકાસની બે કક્ષાઓ કે સ્તરો વચ્ચેનો તફાવત સમજવો જોઈએ. ખરેખર વિકાસ સ્તર અને સંભવિત વિકાસ સ્તર. ખરેખર વિકાસ સ્તર એટલે બાળક એકલા, સ્વતંત્ર રહીને જે સિદ્ધિઓ કે કાર્યો દર્શાવે છે તે છે. જ્યારે સંભવિત વિકાસ સ્તર એટલે બાળક બીજાની, વડીલોની અને સમાજની મદદથી જે વિકાસ સાધી શકે તેમ હોય તે વિકાસ. તેથી જ ZPD નિકટવર્તી વિકાસ વિસ્તાર તરફ અભિમુખ શિક્ષણ કે એ કેન્દ્રી શિક્ષણ વધારે ફળદાયી બને છે. આ સિદ્ધાંતનું મુખ્ય પ્રદાન એ છે કે, આવશ્યકતા અનુસાર અધ્યેતાને વડીલો, સહાધ્યાયીઓ, સમાજ, શિક્ષકો તરફથી યોગ્ય માર્ગદર્શન અપાવું જોઈએ.

❊ સ્વાધ્યાય ❊

પ્રશ્ન.1. આઠથી દસ વાક્યોમાં જવાબ લખો.

(1) વાયૂગોત્સ્કીની દૃષ્ટિએ જ્ઞાનાત્મક વિકાસ એટલે શું ?

(2) વાયૂગોત્સ્કીની દૃષ્ટિએ જ્ઞાનાત્મક વિકાસ પર અસર કરતાં પરિબળો લખો.

(3) નિકટવર્તી વિકાસ વિસ્તારનો સિદ્ધાંત સ્પષ્ટ કરો.

(4) જ્ઞાનાત્મક વિકાસમાં ભાષાની ભૂમિકા સ્પષ્ટ કરો.

પ્રશ્ન.2. ટૂંકમાં જવાબ લખો

(1) સામાજિક સંરચનાવાદ

(2) સંરચનાવાદનો ઉદ્ભવ

(3) પિયાજે અને વાયૂગોત્સ્કીના જ્ઞાનાત્મક વિકાસની સંકલ્પનામાં તફાવત.

પ્રકરણ 5 કોહ્લબર્ગ અને નૈતિકતાનો વિકાસ

5.1 પ્રસ્તાવના
5.2 નૈતિકતાની સંકલ્પના
5.3 નૈતિકતાના વિકાસની અવસ્થાઓ
5.4 નૈતિકતાના વિકાસ સિદ્ધાંતનું મૂલ્યાંકન
5.5 શૈક્ષણિક ફલિતાર્થો
❋ સ્વાધ્યાય

5.1 પ્રસ્તાવના :

When the money is lost, nothing is lost,
When the health is lost, something is lost,
When the character is lost, everything is lost.

પૈસા ખોવાય છે ત્યારે સમજો કે તમે કશું ગુમાવ્યું નથી, જ્યારે સ્વાસ્થ્ય ગુમાવીએ છીએ ત્યારે જીવનમાં કશુંક ગુમાવ્યું છે તેમ સમજી લેવું જોઈએ, પરંતુ જ્યારે ચારિત્ર્ય ગુમાવો છો ત્યારે સમજો કે તમે જીવનમાં સઘળું ગુમાવ્યું છે.

ચારિત્ર્યનો પર્યાય છે - નીતિમત્તા. વ્યવહારોની, વર્તનોની નૈતિક આધારશિલા એટલે ચારિત્ર્ય. આથી જ, જીવનમાં નૈતિક વિકાસનું ઘણું મહત્ત્વ છે. ડૉ. એ. ફૂરસ અનુસાર, નૈતિક વિકાસ એટલે મૂલ્યાભિમુખતા. આ અંગેના સંશોધનોના તારણરૂપ તે કહે છે કે, "મૂલ્ય પ્રાપ્તિ (નૈતિક ધોરણો અંગેની તત્પરતા) વિષયક તત્પરતા વ્યક્તિના છ વર્ષથી પચ્ચીસ વર્ષના ગાળા દરમિયાન સૌથી વધુ હોય છે." તેથી આ ગાળા દરમિયાન અધ્યેતાઓને નૈતિક ધોરણોની પસંદગી કરતાં શીખવવું જોઈએ. ડૉ. ફૂરસનું આ વિધાન નૈતિકતાના વિકાસમાં શાળા શિક્ષણનું મહત્ત્વ સ્પષ્ટ કરે છે. છ વર્ષ સુધી બાળક ઘર-પરિવારમાં વધુ સમય રહે છે તેથી તેના નૈતિક વિકાસ પર પરિવારની અસર વધુ થાય છે. શેરી, મહોલ્લાના મિત્રો સાથે પણ તે રહે છે માટે તેની અસર પણ થતી હોય છે. ત્યારબાદ તેનો શાળામાં

પ્રવેશ થાય છે અને તે ત્યાં સોળથી અઠાર વર્ષનો થાય ત્યાં સુધી શાળામાં રહે છે. માટે આ ગાળા દરમિયાન નૈતિકતાના વિકાસ માટેના જરૂરી વિપુલમાત્રામાં અનુભવો શાળાએ પૂરા પાડવા જોઈએ.

5.2 નૈતિકતાની સંકલ્પના :

નૈતિકતાનો સંબંધ મન અને આત્માની સાથે છે. તેથી તે આચાર દ્વારા વધુ દશ્યમાન બને છે. પ્રસિદ્ધ વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈન ભારપૂર્વક નોંધે છે કે, "વર્તનને નીતિયુક્ત કરવું એ જ જીવનનું મોટામાં મોટું કર્તવ્ય હોવું જોઈએ. આપણા જીવનનું આંતરિક સંતુલન અને એમ કહો કે, જીવનનું અસ્તિત્વ તેના પર આધારિત છે. માત્ર નીતિમત્તા જ જીવનને સુંદર અને ગૌરવવંતુ બનાવી શકે છે. તેથી નીતિમત્તાને જીવન શક્તિ બનાવવી અને તે અંગે પારદર્શી સમજણ કેળવવી એ જ શિક્ષણનું પરમ કાર્ય હોવું જોઈએ."

નીતિમત્તાનું જીવનમાં આટલું બધું મહત્ત્વ હોય ત્યારે નૈતિકતા શું છે તે સમજી લેવું જોઈએ. નૈતિકતા એ બીજું કશું નથી પણ સદાચાર અને ઉચ્ચ માનવીય મૂલ્યોની પસંદગી, કર્તવ્ય પ્રત્યેની પ્રામાણિકતા વગેરે છે. ટૂંકમાં, વ્યક્તિના અને સમષ્ટિના શ્રેય અને પ્રેયને પોષનારું બળ એટલે નૈતિકતા.

નૈતિકતાના વિકાસના સંદર્ભે ત્રણથી બાર વર્ષની વયનાં બાળકોનો જિન પિયાજેએ અભ્યાસ કરેલો અને આમ, તેણે આ ક્ષેત્રમાં પાયાનું કામ કરેલું. જ્યારે લોરેન્સ કોહ્લબર્ગ અમેરિકાની યુનિવર્સિટી ઑફ શિકાગોના વિદ્યાર્થી હતા ત્યારે તેમને પિયાજેના નૈતિકતાના વિકાસ અંગેના વિચારો જાણવા મળ્યા. તેનાથી પ્રભાવિત થઈ તેમણે પણ નૈતિકતાના વિકાસ અંગે અધ્યયન શરૂ કર્યું, સંશોધનો કર્યાં અને માનવના નૈતિક વિકાસને સમજવાનો એક નવો જ અભિગમ રજૂ કર્યો. આ અભિગમ મુજબ તેઓ જુદી-જુદી અવસ્થાનાં બાળકોને દ્વિધાભરેલી પરિસ્થિતિઓવાળી વાર્તાઓ, કાલ્પનિક પ્રસંગો વગેરે સંભળાવતા. ત્યારબાદ તે અંગે પ્રશ્નોત્તરી કરતા. પાત્રો તરફથી જે-જે ઉત્તરો મળતા તેને ઔચિત્યના ત્રાજવે તોળતા તથા વિવેકપૂર્ણ છે કે નહિ તેનો નિર્ણય કરતા. આ રીતે તેમણે નૈતિકતાની વિકાસ પ્રક્રિયા અંગે તારણો તારવ્યાં. ૧૯ વ્યાખ્યાન માં સન્ 1963માં તેમણે નૈતિકતાના વિકાસની છ અવસ્થા ો વર્ણવી..

5.3 નૈતિકતાના વિકાસની અવસ્થાઓ :

તબક્કા	અવસ્થા	નામ	લક્ષણો
પ્રથમ પૂર્વ નિયામક વય જન્મથી 09 વર્ષ	પ્રથમ	આજ્ઞાપાલન અભિમુખતા (નૈતિકતાનું સૌથી નીચું સ્તર)	-જેઓ સત્તા ઉપર છે તેમની પાસે વધુ શક્તિ હોય છે. માટે તેમની આજ્ઞાનું પાલન કરવું જોઈએ. -આજ્ઞા પાલન કરવાથી સજામાંથી બચી જવાય.
	બીજી	સાધનાત્મક સાપેક્ષ અભિમુખતા	-કાર્ય પોતાની જરૂરિયાત સંતોષવાનું સાધન, કાર્યનું માપસરનું વળતર મળે તો એ યોગ્ય ગણાય. -નિયમોનું પાલન કરવાથી બદલારૂપ લાભ મળવો જોઈએ.
બીજું નિયમાત્મક નૈતિકતા વય 09 થી 20 વર્ષ	ત્રીજી	સારી છાપ પ્રત્યેની અભિમુખતા (સમાજના નિયમોનું પાલન)	આપણે બીજાઓને ખુશ કરે તેવું વર્તન કરવું જોઈએ.
	ચોથી	કાયદો અને વ્યવસ્થાની અભિમુખતા	-સમાજમાં વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નિયમો ઘડવા જોઈએ અને તેનું પાલન આપણે કરવું જોઈએ. - સત્તા પ્રત્યે આદર વ્યક્ત થાય છે.

ત્રીજું ઉત્તર નિયમાત્મકતા વય 20 થી વધુ	પાંચમી	સામાજિક કરાર પ્રત્યે અભિમુખતા	-સમાજમાં વ્યવસ્થા જળવાઈ રહે તે માટેના નિયમો સત્તાધીશોના મનસ્વી રીતે ઘડાયેલા નહિ હોવા જોઈએ. -આ નિયમો સામાજિક સહમતિના આધારે ઘડાયેલા હોવા જોઈએ.
	છઠ્ઠી	સાર્વત્રિક નૈતિક સિદ્ધાંત પ્રત્યે અભિમુખતા	- વ્યક્તિએ પોતે સ્વીકારેલા નૈતિક નિયમોને આધારે નૈતિક નિર્ણયો થવા જોઈએ. - નિયમો સ્વીકાર્યા પછી તેનો અમલ સતત થવો જોઈએ.

કોહ્લબર્ગ સૂચિત વ્યક્તિના નૈતિકતાના વિકાસના તબક્કાઓ વિશે થોડું વિગતે જાણીએ.

❐ **તબક્કો – 1 : પૂર્વ નિયામક :**

આ તબક્કો જન્મથી 9 વર્ષ સુધીના બાળ વર્તનનાં તારણો રજૂ કરે છે. તેમાં આજ્ઞા પાલનતા, પોતાની જરૂરિયાત સંતોષાય તેવા કાર્ય કરવાને પ્રમુખતા તથા કાર્યનું યોગ્ય વળતર મળે તે કાર્યને યોગ્ય ગણવું. નિયમોનું પાલન કરવાથી યોગ્ય બદલો મળે એ તરફ લક્ષ્ય આપવું. વગેરેનો સમાવેશ થાય છે. મોટેરાઓ જે વર્તનને બિરદાવે તે વર્તનને સારું ગણવું અને જે વર્તનની નિંદા કરે તે વર્તનને ખરાબ ગણવાનું સમજે છે. આ તબક્કામાં બાળવર્તનની મુખ્ય ધરી સજા અને શાબાશી છે.

❐ **તબક્કો – 2 : નિયમાત્મક નૈતિકતા :**

આ તબક્કા અંતર્ગત ત્રીજી અને ચોથી અવસ્થાનો સમાવેશ થાય છે. તેમાં 09 વર્ષથી 20 વર્ષની વય જૂથનાં પાત્રો હોય છે. અહીં તે અન્યની શુભેચ્છા મેળવવા પોતાની સારી છાપ ઊભી કરવા પ્રયત્નશીલ

હોય છે. તે સમજે છે કે જો આપણે પ્રામાણિક હશું તો તેની બીજાઓ ઉપર સારી છાપ પડશે. એટલે કે સમાજની સ્વીકૃતિ માટેના વર્તનોને એ પસંદગી આપશે. પરિણામે સમાજના કાયદા-કાનૂનને પાળવાનું પસંદ કરશે.

❐ **તબક્કો – 3 : ઉત્તર નિયમાત્મકતા**

આ તબક્કા અંતર્ગત પાંચમી અને છઠ્ઠી અવસ્થાનો સમાવેશ થાય છે. અહીં તેનો અહ્મ જાગૃત થાય છે. તેથી તે સામાજિક નિયમો અને પોતાના વૈયક્તિક હકો પ્રત્યે સભાન બને છે. પરિણામે, પોતાની સામાજિક સ્વીકૃતિ થાય તે માટે દાવેદાર બને છે. તેને હવે, પોતે કુમાર છે કે કન્યા તે પ્રકારની સ્વીકૃતિમાં રસ નથી. બલ્કે, તે હવે જેન્ટલમેન કુમાર કે જેન્ટલમેન કુમારી તરીકેની સ્વીકૃતિ ઝંખે છે. તેનામાં સહકારની ભાવના કેળવાઈ છે. તેનામાં જનહિતાયની લાગણી વિકસવા લાગે છે. આમ, તે ધીરે-ધીરે સામાજિક વ્યક્તિ બનતો જાય છે. તેથી નિયમો કે વ્યવસ્થા સામાજિક સહમતિના આધારે ઘડાવી જોઈએ તેવો દઢ અભિપ્રાય ધરાવવા લાગે છે. તેથી સામાજિક સહમતિના ધોરણે ઘડાયેલા નિયમો અને સ્વીકારેલા નિયમોનો અમલ સતત થવો જોઈએ. આમ, આ તબક્કામાં તે સાર્વત્રિક નૈતિક સિદ્ધાંત પ્રત્યે અભિમુખ બને છે.

5.4 નૈતિકતાના વિકાસ સિદ્ધાંતનું મૂલ્યાંકન :

કોહ્લબર્ગે ઉક્ત તબક્કાઓમાં વ્યક્તિના નૈતિક વર્તન તરાહના વિકાસની દિશા બતાવી છે. જન્મથી નવ વર્ષ સુધીનું વર્તન સ્વ-કેન્દ્રી અને રૂઢિગત હોય છે પણ ક્રમશઃ ઉંમર વધતાં તે રૂઢિમુક્ત બની પરકેન્દ્રી તબક્કામાં પ્રવેશે છે. આમ, કોહ્લબર્ગે વ્યક્તિનો નૈતિક વિકાસ કેવી રીતે થાય છે તે દર્શાવ્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો, સ્વ-કેન્દ્રી વર્તન ક્રમશઃ કેવી રીતે પરકેન્દ્રી બને છે તથા સર્વદેશીય નૈતિક સિદ્ધાંતોને આત્મસાત્ કરે છે તે દર્શાવ્યું છે.

તેમનું આ અધ્યયન અને વિચારણા એ બાબત પણ સ્પષ્ટ કરે છે કે, વ્યક્તિની નૈતિક વિચારણાની પ્રક્રિયાના વિકાસ આડે ન તો વ્યક્તિનો સામાજિક દરજ્જો કે ન તો સંસ્કૃતિ આડે આવે છે. આમ, નૈતિક વિચારસરણીના વિકાસ પર સામાજિક દરજ્જાની કે સંસ્કૃતિની અસર થતી નથી. તદ્ઉપરાંત આ વિકાસ

ક્રમશઃ છે અને ક્રમિક છે. પરિણામે, તેમાંના કોઈ તબક્કાને કુદાવીને આગળ જઈ શકાતું નથી. નૈતિક વિચાર વિકાસને ઉંમર સાથે ઘનિષ્ટ સંબંધ છે. નૈતિક વિચાર વિકાસને તીવ્ર બનાવી શકાય છે. આ બાબત મૂલ્ય શિક્ષણ માટે પ્રોત્સાહક છે. નૈતિક વિચારધારાને તીવ્રતર બનાવવા માટે કોહ્લબર્ગ રોલ-ટેકિંગ પ્રયુક્તિ સૂચવે છે. રોલ-ટેકિંગ એટલે અન્યના સ્થાને પોતાને મૂકીને વર્તન વિશે નિર્ણય લેવો.

કોહ્લબર્ગના નૈતિક વિચારણા વિકાસના આ તબક્કાઓ અને અવસ્થાઓ નિશ્ચિત અને સાર્વત્રિક ક્રમમાં જ થાય છે ? એટલે કે, વિશ્વના દરેક સમાજને આ લાગુ પડે છે ? આ પ્રશ્નોના ઉત્તર મેળવવા માર્ટિન હોફમેને નૈતિક વિચારણાના વિકાસ અંગેના અન્ય અનેક સંશોધનોનું વિશ્લેષણ કરીને તારવ્યું કે કોહ્લબર્ગની સૂચિત અવસ્થાઓ અને તબક્કાઓ વિશ્વના તમામ સમાજો માટે યોગ્ય નથી, પરંતુ અમેરિકી સમાજ માટે યોગ્ય છે.

5.5 શૈક્ષણિક ફલિતાર્થો :

એટલું તો સ્પષ્ટ છે કે, નૈતિકતાનાં ઉચ્ચ ધોરણો આધારિત વ્યક્તિઓ દ્વારા ન્યાયિક સમાજનું નિર્માણ શક્ય છે. તેથી શિક્ષણ અને શિક્ષકે અધ્યેતાના નૈતિક વિકાસ માટે સભાનતાપૂર્વક પ્રયત્નો કરવા જોઈએ. આ માટે શિક્ષકને નીચેની બાબતો સૂચવવાનું યોગ્ય ગણાશે.

(1) નૈતિકતા સંબંધિત પ્રસંગો તરફ આંખ આડા કાન ન કરો. તેના પર પૂરતું ધ્યાન આપો અને યોગ્ય માર્ગદર્શન આપી નૈતિકતાના સંઘર્ષને પ્રોત્સાહન આપો. શક્ય હોય ત્યારે કાલ્પનિક ઘટનાઓ રજૂ કરી તેને યોગ્ય નિર્ણય કરવાની તક આપો.

(2) નૈતિકતાની વિચારણા પર ભાર આપવો. નૈતિકતાની વિચારણા માટેના વર્ગખંડમાં કે વર્ગખંડ બહાર પ્રસંગો બનતા હોય છે. આવા પ્રસંગે બાળકની નૈતિક તર્કશક્તિ વિકસે તે પ્રકારની ચર્ચા કરો. મોટે ભાગે બનાવ કે વર્તન અંગે "શા માટે" જેવા પ્રશ્નો કરો. જ્યારે-જ્યારે નૈતિકતાના ધોરણથી ઉત્તર વિમુખ થતો જણાય ત્યારે તેને અટકાવો અને યોગ્ય માર્ગદર્શન આપો.

(3) અન્યના દૃષ્ટિબિંદુને સ્વીકારો. નૈતિકતાની વિચારણાના વિકાસમાં

ખુલ્લુ મન રાખીને ચર્ચા આવકાર્ય છે. તેથી શિક્ષકે અધ્યેતાઓને ખુલ્લુ મન રાખી ચર્ચા કરવા પ્રેરવા જોઈએ. આ ચર્ચા દરમિયાન જે કોઈ નૈતિકતાના ધોરણને જાળવતા દૃષ્ટિકોણ રજૂ થાય તેને સ્વીકારવાની ખેલદિલી દર્શાવે.

(4) અધ્યેતાઓ વચ્ચે આંતરક્રિયા કરાવો. આ માટે શિક્ષકે નાના-નાના જૂથોમાં વર્તુળાકાર બેઠકો ગોઠવીને ચર્ચાનો મંચ ખુલ્લો કરવો જોઈએ. આજ પ્રમાણે વિવિધ પ્રવૃત્તિઓ રજૂ કરીને અધ્યેતાઓ વચ્ચે આંતરક્રિયાઓ વધે તેવી તકો પૂરી પાડવી જોઈએ.

(5) સામાન્યીકરણ પર ભાર મૂકવો. ઉપરોક્ત વિવિધ પ્રવૃત્તિઓ, ચર્ચાઓ વગેરેના તારણોને અધ્યેતાઓની ભાષામાં સામાન્યીકરણ કરાવો. આ માટે અધ્યેતાના નૈતિક વિચાર કૌશલને વ્યાપક સંદર્ભમાં મૂકવાની તક પૂરી પાડો.

❊ સ્વાધ્યાય ❊

પ્રશ્ન.1. આઠથી દસ વાક્યોમાં જવાબ લખો.

(1) નૈતિકતાના વિકાસની સંકલ્પના સ્પષ્ટ કરો.

(2) કોહ્લબર્ગના નૈતિકતાના વિકાસની અવસ્થાઓ વર્ણવો.

(3) કોહ્લબર્ગના નૈતિકતાના વિકાસ સિદ્ધાંતનું મૂલ્યાંકન કરો.

(4) નૈતિક વિકાસ સિદ્ધાંતના શૈક્ષણિક ફલિતાર્થો જણાવો.

પ્ર.-2 ટૂંકનોંધ લખો.

(1) સામાજિક નિયમો તરફ અભિમુખ વ્યક્તિનાં લક્ષણો.

(2) નૈતિકતાના વિકાસ માટે શિક્ષક તરીકેનું તમારું કોઈ એક વર્તન.

પ્રકરણ 6

બાલ્યાવસ્થામાં વિકાસ

6.1 પ્રસ્તાવના

6.2 બાલ્યાવસ્થાની સંકલ્પના અને તબક્કા

6.3 બાલ્યાવસ્થા દરમ્યાનના વિકાસ સંદર્ભો

6.4 સામાજિક વિકાસ : અર્થ, મહત્ત્વ, સામાજિક પ્રક્રિયા, તેની અધ્યયન-અધ્યાપન પર અસર, સામાજિકીકરણનો સિદ્ધાંત-ઈરિકસનના મનો-સામાજિક સિદ્ધાંત

❊ સ્વાધ્યાય

6.1 પ્રસ્તાવના :

જીવન એક એવું તત્ત્વ છે કે જે વિકસે છે. જીવનનો વિકાસ વિવિધ અવસ્થાઓમાં થઈને થતો હોય છે. આ અવસ્થાઓનું નામકરણ આ મુજબ કરવામાં આવ્યું છે : શૈશવાવસ્થા, બાલ્યાવસ્થા, કિશોરાવસ્થા, તરુણાવસ્થા, પ્રૌઢાવસ્થા, વગેરે. આ અવસ્થાઓ વચ્ચે ચુસ્ત ભેદ રેખા હોતી નથી કારણ કે જીવન એક અવસ્થામાં હોય ત્યારે બીજી અવસ્થાનાં લક્ષણો પણ દેખાવા લાગે છે. વાસ્તવમાં દરેક અવસ્થાનાં લક્ષણો નિર્ધારિત હોય છે. જેમ કે, બાલ્યાવસ્થાનું બાળક હોય તો તેને મિત્રો બનાવવાં ગમે છે, જૂથમાં રમવું ગમે છે, વગેરે વગેરે. ખરેખર માનવવિકાસ એક સાંકળ સમાન છે, તે છૂટી કડીઓ જેવું નથી. તેથી બધી અવસ્થાનું મહત્ત્વ છે. તે અવસ્થાઓ આ મુજબ છે :

	અવસ્થા	અવસ્થાનું નામ	સમયગાળો
1.	પહેલી અવસ્થા	ગર્ભાવસ્થા	જન્મ પહેલાંનો નવ માસનો ગાળો (ગર્ભધાનથી જન્મ સુધી)
2.	બીજી અવસ્થા	શિશુઅવસ્થા	જન્મથી 05 થી 06 વર્ષનો ગાળો
3.	ત્રીજી અવસ્થા	કિશોરાવસ્થા	06 થી 12 વર્ષનો સમયગાળો
4.	ચોથી અવસ્થા	તરુણાવસ્થા	12 થી 18 વર્ષનો સમયગાળો
5.	પાંચમી અવસ્થા	યુવાવસ્થા	19 થી 32-35 વર્ષનો સમયગાળો
6.	છઠ્ઠી અવસ્થા	પ્રૌઢાવસ્થા	35-40 થી 60 વર્ષ સુધીનો ગાળો
7.	સાતમી અવસ્થા	વૃદ્ધાવસ્થા	60 વર્ષથી વધુ.

આ દરેક અવસ્થામાં માનવનો વિકાસ થતો હોય છે. જેમ કે, માતા જ્યારે ગર્ભધારણ કરે છે ત્યારથી જીવનની શરૂઆત થાય છે. ગર્ભમાં બાળકના શરીરની વૃદ્ધિ થાય છે. તો શિશુ અવસ્થામાં શરીર વૃદ્ધિની સાથોસાથ અંગોનું હલનચલન કરતાં શીખે છે. કિશોરાવસ્થામાં શરીર વૃદ્ધિની સાથે સાથે માનસિક વિકાસ પણ થાય છે. હવે તે વિચારે છે, તર્ક કરે છે. સામાજિક વિકાસ થાય છે તેવી ખબર આપણને ત્યારે પડે છે કે ત્યારે તે ઘરનો ઉંબરો ઓળંગીને શેરીમાં જવા લાગે છે, શાળાએ જવા લાગે છે. ચોથી અવસ્થા તરુણાવસ્થા. તેમાં તે જાતીય આવેગ અનુભવે છે, સાહસ કરવા ઝંખે છે, **કૂછ તૂફાની કરતે હૈ** ની લાગણી અનુભવે છે. આમ, યુવાવસ્થા સુધી વિકાસ થયા કરે છે.

આપણા અભ્યાસક્રમમાં ગર્ભાવસ્થા, શિશુઅવસ્થામાં વૃદ્ધિ વિકાસની વાત નથી. તેને છોડી દઈને સીધા બાલ્યાવસ્થા (કિશોરાવસ્થા) અંગેની જાણકારી અપેક્ષિત છે. તેથી વિકાસની વાત એ અવસ્થાથી શરૂ કરીશું.

6.2 બાલ્યાવસ્થાની સંકલ્પના તથા તબક્કા :

ગર્ભાવસ્થા પછીની અવસ્થા તે શિશુઅવસ્થા. તેનો સમયગાળો જન્મથી 05 થી 06 વર્ષનો ગાળો. ત્યાર પછી કિશોરાવસ્થા અને કેટલાક તેને બાલ્યાવસ્થા પણ કહે છે. આ બાલ્યાવસ્થાને બે તબક્કામાં વહેંચવામાં આવે છે. એ તબક્કાઓ આ મુજબ છે :

(1) પ્રારંભિક બાલ્યાવસ્થા (અર્લી ચાઈલ્ડહુડ) :

તેનો સમયગાળો બે વર્ષથી છ વર્ષનો ગણવામાં આવે છે. છ વર્ષ એ શાળા પ્રવેશની ઉંમર છે. જો કે આજકાલ તો લોકો બાળક અઢી વર્ષનું થાય ત્યાં જ નર્સરી, આંગણવાડી જેવી સંસ્થામાં મૂકી દે છે. પછી કે.જી. બાલમંદિર જેવી સંસ્થાઓ પણ અસ્તિત્વમાં આવી છે.

(2) ઉત્તર બાલ્યાવસ્થા (લેટ ચાઈલ્ડહુડ) :

તેનો સમયગાળો છ વર્ષથી બાર વર્ષનો ગણવામાં આવે છે. આ બંને અવસ્થાને કિશોરાવસ્થા પણ કહેવામાં આવે છે. જુદા જુદા વિકાસાત્મક મનોવિજ્ઞાનીઓ માનવ વિકાસના જુદા જુદા તબક્કા ગણે છે.

આવો આપણે બાલ્યાવસ્થાને ઓળખીએ.

બાલ્યાવસ્થા છ વર્ષથી શરૂ થઈ. બારેક વર્ષ સુધી ગણવામાં આવે છે. આ અવસ્થામાં વૃદ્ધિ અને વિકાસની પ્રક્રિયા ચાલુ હોય છે. જીવનના વિવિધ પાસાઓમાં વિકાસ થતો હોય છે. જો કે આ અવસ્થામાં શિશુ અવસ્થાની તુલનામાં શારીરિક વિકાસ અપેક્ષાકૃત મંદ થાય છે. એટલે કે શારીરિક વિકાસની ગતિ થોડી ધીમી પડે છે. આ તબક્કામાં અગાઉ થયેલ શારીરિક વિકાસ સ્થિરતા ધારણ કરે છે. જો કે હવે આ અવસ્થામાં તેની અંતઃસ્રાવી ગ્રંથિઓ સક્રિય બને છે. તેથી આ ગાળા દરમિયાન ચેષ્ટા વિકાસ પૂર્ણરૂપે થાય છે. તેની જિજ્ઞાસાવૃત્તિ વધે છે, વિકસે છે. તે અવનવા તર્કો કરવા લાગે છે. આ અવસ્થા દરમિયાન તે મિત્રો બનાવે છે, જૂથમાં રમવું, કામ કરવું કે વિવિધ પ્રવૃત્તિ કરવી ગમે છે. તે ઘરનો ઉંબરો ઓળંગી શેરીમાં આવે છે. તેને સંઘરવું, રખડવું, રમવું ગમે છે. નવથી અગિયાર વર્ષની વયે જિમ્નાસ્ટિકની યોગ્ય તાલીમ આપી વિશ્વ ચેમ્પિયન ખેલાડી તૈયાર થયાના દાખલા જોવા મળે છે. આ અવસ્થા દરમિયાન કિશોર પોતાના આદર્શ રૂપ સ્પોર્ટ[illegible]રને સ્થાન આપે છે. હવે તે સાનિયા મિર્ઝા કે વિરાટ કોહલી થવા ઇચ્છે છે.

આ અવસ્થામાં માંસ પેશીઓનો વિકાસ નોંધપાત્ર થાય છે. તેથી તમામ ક્રિયા સ્વતંત્રપણે, જાતે કરવા સક્ષમ બને છે. ગતિવિષયક ક્રિયાઓ સફળતાપૂર્વક કરી શકે છે. દોડ, સાઈકિલિંગ, સ્કેટિંગ, તરવું વગેરે ક્રિયાઓ સફળતાપૂર્વક કરી શકે છે. વ્યાયામ અને યોગ પણ કરે છે. આ અવસ્થામાં અસ્થિકરણની પ્રક્રિયા પૂરી થાય છે. હાડકાંની જોડ મજબૂત બને છે.

આ અવસ્થામાં માનસિક વિકાસ ખૂબ થાય છે. તેને પરિણામે બૌદ્ધિક રમતો રમવા પ્રેરાય છે. ઉખાણા, કોયડા, રમૂજી ટૂચકા, અંતકડી જેવી બૌદ્ધિક રમતો પણ તે રમે છે.

હવે તો જૂથ, ટોળી કે મિત્રવૃન્દનો સભ્ય બને છે. પોતાના સંવેગોને નિયંત્રણમાં રાખતાં શીખે છે. રમતમાં હાર-જીતને પચાવે છે. અરે ! હવે તે પોતાની મર્યાદા ખામીઓ કે દોષને પણ જોતાં શીખે છે. ટીમના સભ્યો જોડે સહકારભર્યો વર્તન-વ્યવહાર કરે છે. આ અવસ્થામાં જાતિભેદ હોતો નથી. વળી આ અવસ્થા દરમિયાન કિશોર વીરપૂજા તરફ વધુ ઢળે છે. તેથી ખેલાડીઓ, સાહસવીરો તથા વ્યાયામવીરોને પોતાના આદર્શ સમજીને પોતાના જીવનમાં પરિવર્તન કરે છે. વિજ્ઞાનકથાઓ, સાહસકથાઓ વાંચે છે. આ અવસ્થા જીવનઘડતર માટે ખૂબ ઉપયોગી અવસ્થા છે.

6.3 બાલ્યાવસ્થા દરમિયાનના વિકાસના સંદર્ભો :

બાલ્યાવસ્થા એ શૈશવાવસ્થા અને તરુણાવસ્થાને જોડતી કડી છે તેથી તે મહત્ત્વની અવસ્થા છે. તેનો વિકાસ પછી તે શારીરિક હોય કે માનસિક, સામાજિક હોય કે નૈતિક, વગેરે એકથી વધુ સંદર્ભોથી પ્રભાવિત થતો હોય છે. તે સંદર્ભોમાં મુખ્યત્વે બહીર્સ વધુ હોય છે. માનવજીવ પ્રકૃતિતઃ વિચારપ્રધાન સામાજિક પ્રાણી છે. તેને સૃષ્ટિના બાહ્ય અંગ-ઉપાંગો જોડે આન્તરક્રિયા કરવી ગમે છે ને તે દ્વારા જ તેનો વિકાસ થાય છે. આવો એ સંદર્ભોને ઓળખીએ. એ સંદર્ભો આ મુજબ છે :

(1) સામાજિક-આર્થિક સંદર્ભ

(2) રાજકીય અને સાંસ્કૃતિક સંદર્ભ

(3) કુટુમ્બ સંદર્ભ

(4) શાળા સંદર્ભ

(5) પાડોશી અને સમાજ સંદર્ભ

ઉક્ત સંદર્ભોના પરિપ્રેક્ષ્યમાં બાલ્યાવસ્થાના વિકાસને સમજીએ.

(1) સામાજિક-આર્થિક સંદર્ભ :

વ્યક્તિનો વિકાસ તેને મળતા પર્યાવરણ પર આધાર રાખે છે. બાલ્યાવસ્થા દરમિયાન તેને કેવું સામાજિક-આર્થિક વાતાવરણ મળે છે તેના ઉપર તેના વિકાસનો આધાર રહે છે. જે બાળકને બાલ્યાવસ્થા દરમિયાન ઉચ્ચ-સામાજિક-આર્થિક પર્યાવરણ મળ્યું હોય તેનો સર્વ પ્રકારનો વિકાસ વધુ થાય છે જ્યારે જે બાળકને નબળું સામાજિક આર્થિક પર્યાવરણ મળે તેનો શારીરિકથી માંડીને બૌદ્ધિક, સાંવેગિક, વગેરે તમામ પ્રકારનો વિકાસ ઓછો થાય છે. સામાજિક-આર્થિક સ્થિતિ બાળકની જરૂરિયાતના સંતોષ પર સીધી અસર કરે છે. સંશોધનો પણ આ બાબતને સ્વીકારે છે. આ પ્રકારનો સંદર્ભ બાળકના રોજિંદા જીવન માટે જરૂરી ખ્યાલોના વિકાસને સીધી અસર કરે છે.

(2) રાજકીય અને સાંસ્કૃતિક સંદર્ભ :

રાજકીય અને સાંસ્કૃતિક સંદર્ભ બાલ્યાવસ્થા દરમિયાન થતા સામાજિક તથા નૈતિકતાના વિચાર વિકાસમાં અગત્યની ભૂમિકા ભજવે છે. જેમ કે, લોકશાહી મૂલક રાજકીય વાતાવરણમાં ઉછરેલ બાળકનો નૈતિક વિકાસ સરમુખત્યારશાહી રાજકીય માહોલમાં ઉછરેલ, વિકસેલ બાળક કરતાં વધુ હોવાનો. આવો જ સાંસ્કૃતિક સંદર્ભ છે જે બાળક બહુસાંસ્કૃતિક માહોલમાં મોટું થયું હોય તેનો બૌદ્ધિક, સાંવેગિક, ભાષિક વિકાસ વધુ હોવાનો. આમ રાજકીય અને સાંસ્કૃતિક સંદર્ભે વિકાસનું ચિત્ર જુદું જુદું જોવા મળે છે.

(3) કુટુંબ સંદર્ભ :

કુટુંબ તો જીવનની પહેલી પાઠશાળા છે. બાળક અનુકરણશીલ હોય છે. તેથી માતા-પિતા તથા કુટુંબના અન્ય સદસ્યોના વાણી-વર્તનનું અનુકરણ કરવા લાગે છે. આ અનુકૃત વર્તન જીવનપર્યન્ત જળવાઈ રહેતું હોય છે. તે દૃષ્ટિએ બાળકનો વિકાસ કુટુંબના સંદર્ભે થતો હોય છે તેમ કહી શકાય. બાલ્યાવસ્થામાં બાળકના સામાજિક, સાંવેગિક, ભાષિક અને નૈતિક વિકાસ કુટુંબના સંદર્ભમાં જ થતો હોય છે. ઘરમાં બાળકની સંખ્યા, કુટુંબનો વયસ્ક સદસ્યો વચ્ચેના પરસ્પરના સંબંધો, વગેરે બાળકના વિકાસ પર અસર કરે છે.

(4) શાળા સંદર્ભ :

ઉત્તર બાલ્યાવસ્થામાં બાળક શાળામાં પ્રવેશ કરે છે ત્યારે તે શાળાનું શૈક્ષણિક વાતાવરણ, વર્ગખંડ બહારનું વાતાવરણ, શિક્ષકોને અધ્યેતાઓ સાથેનો વ્યવહાર, તેમાં યોજાતી પ્રવૃત્તિઓ વગેરેના સંદર્ભે બાળકનો માનસિક, શારીરિક, ભાષિક, સાંવેગિક વિકાસ થતો હોય છે. શાળાનું વ્યવસ્થાપન લોકશાહીમૂલક હોય તો એ મુજબ બાળકનો વિકાસ થાય છે.

(5) પાડોશીઓ અને સમાજ સંદર્ભ :

પહેલો સગો તે પાડોશી. આ લોકવાણી જ દર્શાવે છે કે, પાડોશીનો વિકાસ માટેનો સંદર્ભ કેટલો સમર્થ છે. પાડોશીની રહેણી કરણી

આચાર-વિચાર, સામાજિક-આર્થિક સ્થિતિ વગેરેની સીધી અસર બાળકના માનસ પર થાય છે. તેના આધારે બાળકના વિવિધ પ્રકારના વિકાસની દિશા અને ગતિ નક્કી થતી હોય છે.

આવું જ બીજું પરિબળ તે સમાજ. ગુનાહિત સમાજમાં ઉછરતું બાળક અને વ્યાવસાયિક સમાજમાં ઉછરતા બાળકના વિકાસમાં નોંધપાત્ર તફાવત રહેવાનો. તેથી જ લોકો પોતાનું નિવાસસ્થાન પસંદ કરતી વખતે આસપાસની લોકાલિટી અંગે જાણકારી મેળવતા હોય છે.

આ રીતે બાલ્યાવસ્થા દરમિયાન વિવિધ જનજાતીય (ડેમોગ્રાફિક) સંદર્ભો અનુસાર બાળકના વિકાસની રૂપરેખા બંધાતી હોય છે.

(6) સાંસ્કૃતિક સંદર્ભ :

બાલ વિકાસ સંસ્કૃતિથી પ્રભાવિત થાય છે. એટલે જ સંસ્કૃતિની વ્યાખ્યામાં જે તે સમયની બાળઉછેરની પદ્ધતિઓનો પણ સમાવેશ થાય છે પ્રત્યેક સંસ્કૃતિની ચોક્કસ વિચારધારા હોય છે. તેની અસર બાળ ઉછેર ઉપર થાય છે. પ્રાચીન એથેન્સ અને સ્પાર્ટામાં બળવાન, સામર્થ્યવાન બાળકોને મહત્ત્વ અપાતું હતું. બાળકોને પર્વત પરથી ગબડાવતાં જે બાળકો જીવિત રહે તે ઉછેરવામાં આવતાં. નબળાં બાળકો પર્વત પરથી ગબડાવતાં મૃત્યુ પામતાં હતાં. આ સંસ્કૃતિની માન્યતા હતી કે સબળને જ જીવવાનો અધિકાર છે. વીસમી સદીના પ્રારંભે એવી માન્યતા ઉદ્‌ભવી હતી કે બાળકોને સ્તનપાન કરાવવાથી સ્ત્રીનું સૌંદર્ય ઘટી જાય છે. આથી સ્તનપાનને બદલે પાવડરના દૂધનો ઉપયોગ ઘણો વધી ગયો હતો. આ સંસ્કૃતિમાં બાળકને સ્તનપાન કરાવવાનું ઓછું થઈ ગયું હતું. દૂધના પાવડર વેચતી ઘણી કંપનીઓ અસ્તિત્વમાં આવી હતી. આ પછી આરોગ્યશાસ્ત્રીઓએ જણાવ્યું કે, માતાનું દૂધ જ ઉત્તમ ખોરાક છે. બાળક તેથી વંચિત રહે તો તેનો વિકાસ રૂંધાય છે. હવે આ માન્યતા સ્વીકારાતાં બાળકોને પાઉડરનું દૂધ આપવાનું ઘણું ઘટી ગયું છે. આમ બાળ ઉછેરમાં સંસ્કૃતિ અસર કરે છે. બાળકોને બાળપણમાં ખડતલ બનાવવા યોગ્ય આહાર, યોગ્ય કસરત, રમતોની તાલીમ અપાય છે. ભવિષ્યમાં આવાં બાળકો ખડતલ બને છે.

આમ સંસ્કૃતિનો ખૂબ સારો પ્રભાવ બાળ વિકાસ પર જોવા મળે છે. વિવિધ સંસ્કૃતિઓમાં બાળઉછેરની વિવિધ પદ્ધતિઓ, માન્યતાઓ, પ્રણાલિકાઓ હોય છે. તેની અસર બાળ વિકાસ પર થાય છે.

6.4 બાલ્યાવસ્થામાં સામાજિક વિકાસ :

6.4.1 અર્થ :

મનુષ્ય સ્વભાવગત વિચાર પ્રધાન સામાજિક પ્રાણી છે. જેમ જીવવા માટે જળ, અન્ન, વાયુ અનિવાર્ય છે તેમ સમાજ પણ જરૂરી તત્ત્વ છે. તેની સમાજમાં રહીને જીવવાની આકાંક્ષા હોય છે. તેથી જ તે સમાજનાં બંધનો તે સ્વીકારે છે તથા સમાજના જુદા જુદા સદસ્યો સાથે અનુકૂલન સાધે છે. વિકાસમાં અન્ય વિવિધ પરિમાણોની જેમજ તેનો સામાજિક વિકાસ મહત્ત્વનું પરિમાણ છે. આ સામાજિક વિકાસ શું છે ? ચાલો તેનો અર્થ જાણીએ.

શ્રીમતી હરલોક સામાજિક વિકાસનો અર્થ આ મુજબ છે,

"Social development means the attaining of maturity in social relationship."

એટલે કે, સામાજિક સંબંધોમાં પરિપક્વતા પ્રાપ્ત કરવી એ સામાજિક વિકાસ છે.

અલબત્ત આ પરિભાષા નાનકડી છે, પરંતુ છે સારગર્ભિત. તેમાં સંબંધોમાં પરિપક્વતા ચાવીરૂપ શબ્દ છે. પરિપક્વતા એ કોઈપણ પ્રકારના વિકાસની ચરમોવસ્થા છે. સામાજિક સંબંધોમાં પરિપક્વતા પ્રાપ્ત કરવી એ સામાજિક વિકાસની ચરમોવસ્થા છે. આ સ્થિતિ પ્રાપ્ત થવાથી વ્યક્તિ સામાજિક સંબંધો લાંબા ગાળા સુધી જાળવી શકે છે અને પોતાના સામાજિક પર્યાવરણ સાથે અનુકૂલન સાધી શકે છે.

6.4.2 મહત્ત્વ :

આમ તો કોઈપણ પ્રકારના વિકાસનું મહત્ત્વ કદી ઓછું હોતું નથી. સામાજિક વિકાસનું પણ એટલું જ મહત્ત્વ છે. સામાજિક વિકાસ એટલે સમાજ સાથે અનુકૂલન સાધી સુખશાતામાં જીવન જીવવું. આ ક્ષમતા સામાજિક વિકાસ દર્શાવે છે.

જેમનો સામાજિક વિકાસ થયો હોતો નથી તે સમાજ માટે જોખમરૂપ સાબિત થાય છે. સમાજની શાંતિ ડહોળી શકે તે માટે સામાજિક વિકાસનું ઘણું મહત્ત્વ છે.

વ્યક્તિનો સામાજિક વિકાસ થાય તો જ સામાજિક સંસ્થાઓનો પણ વિકાસ થાય. જો વ્યક્તિનો સામાજિક વિકાસ પર્યાપ્ત ન થયો હોય તો જે તે સામાજિક સંસ્થાઓના અસ્તિત્વ સામે પણ ખતરો ઊભો થાય છે.

આમ, વિવિધ દૃષ્ટિકોણથી સામાજિક વિકાસનું મહત્ત્વ સિદ્ધ થાય છે.

6.4.3 સામાજિકીકરણની પ્રક્રિયા :

બેશક જન્મ સમયે શિશુ સામાજિક હોતું જ નથી. તે સ્વકેન્દ્રી-સ્વાર્થી હોય છે. તે પોતાની શારીરિક જરૂરિયાતને સંતોષવા માટે જ જીવે છે. તેને બીજાની ચિંતા જ હોતી નથી. પરંતુ જેમ જેમ ઉંમર વધે છે તેમ તેમ તેને અન્ય જરૂરિયાતો સંતોષવાની જરૂર પડે છે. પરિણામે તેને બીજા ઉપર આધાર રાખવાનું મહત્ત્વ સમજાય છે, ત્યારથી તેની સામાજિકીકરણની પ્રક્રિયા શરૂ થાય છે.

હવે તેને વસ્તુ અને વ્યક્તિ વચ્ચેનો તફાવત સમજાય છે. પરિણામે તેનામાં સહકારની ભાવના વિકસે છે. કશુંક મેળવવા માટે કશુંક દેવું પણ પડેના વ્યવહારને માન્યતા દેવા લાગે છે. મિત્રો અને અન્યને આદર દેવા લાગે છે. પોતાના વિચારો તથા અભિપ્રાયોને જડભરતની જેમ વળગી નથી રહેતો, પરંતુ અન્યના વિચારો, અભિપ્રાયો વગેરેને પણ સ્વીકારવા લાગે છે. પછી તે જૂથ રચે છે અને પોતાના જૂથમાંથી જરૂર પડ્યે અન્ય જૂથમાં પણ જોડાય છે. આ રીતે તેનો સમાજ વિસ્તરતો જાય છે.

ટૂંકમાં, સામાજિકીકરણની પ્રક્રિયા ધીરે ધીરે થતી પ્રક્રિયા છે. તે સહજ સ્વાભાવિક પ્રક્રિયા છે. ઉંમર વધવાની સાથે સાથે તે વ્યાપક બનતી જાય છે.

6.4.4 બાલ્યાવસ્થામાં સામાજિક વિકાસ :

ઉત્તર બાલ્યાવસ્થામાં બાળક શાળામાં પ્રવેશ કરે છે. ત્યારથી તેના સામાજિક વિકાસનું વર્તુળ વિસ્તરવા લાગે છે. આ અવસ્થામાં તેના સામાજિક વર્તનોમાં પરિવર્તન દેખાવા લાગે છે. **આ પરિવર્તનો નીચે મુજબ છે :**

(1) આ અવસ્થામાં બાળકોની સામાજિક સમજણ વધવા લાગે છે. તેની સામાજિક દુનિયા વિસ્તરવા લાગે છે. અન્યો સાથે અનુકૂલન સાધવા જરૂરી સામાજિક ગુણો વિકસવા લાગે છે.

(2) હવે તે માતા-પિતા તથા અન્ય વડીલોની છત્રછાયામાંથી આઝાદ થવા ઇચ્છે છે. તેનો સ્વતંત્રતાબોધ પ્રબળ બને છે. તેથી મા-બાપ કે વડીલો સાથે ઓછામાં ઓછો સમય વીતાવવા લાગે છે. તેને પોતાના હમઉમ્ર સાથે રમવા-નાચવાનું ગમે છે.

(3) પછી તે પોતાના સમવયસ્કોની ટોળીમાં જોડાવા ઇચ્છે છે. તેનો સક્રિય સભ્ય બને છે. ટોળીની તેના વર્તન ઉપર અસર જોવા મળે છે. તેના આદર્શો અને માન્યતાઓનો પ્રભાવ ઘેરો બને છે.

(4) પોતાની ટોળીના ખાસ વ્યક્તિ પરત્વે તેને આદર થાય છે. તેની માન્યતાઓ અને આદર્શો તથા માતા-પિતા કે વડીલોની માન્યતાઓ-આદર્શો વચ્ચે સંઘર્ષ થાય છે ત્યારે પોતાના અનુકૂલન માટે મૂંઝવણ અનુભવે છે.

(5) આ ઉંમરે કુમાર-કન્યા જુદા જુદા રહેવાનું પસંદ કરે છે. તેઓ અલગ-અલગ પ્રવૃત્તિઓ પણ કરે છે. તેમની અભિરુચિ, ટેવો વચ્ચે તફાવત હોવાથી પોતપોતાની ટોળી બનાવીને રાચે છે.

(6) ઉત્તર બાલ્યાવસ્થામાં તેની જૂથમાં રહેવાની-ટોળીમાં રહેવાની ઝંખના પ્રબળતમ હોય છે, તેથી તેને પોતાની ટોળી/જૂથ પરત્વે અંધભક્તિ પ્રબળ બને છે. જો કે આ જૂથ ભક્તિને પરિણામે તેનામાં સદ્‌ગુણ-દુર્ગુણ બન્નેનો વિકાસ થાય છે.

6.4.5 સામાજિકીકરણનો સિદ્ધાંત :

સામાજિકતા પણ વ્યક્તિના વ્યક્તિત્વનું એક પરિમાણ છે. આ દૃષ્ટિએ વ્યક્તિની સામાજિકતાનો વિકાસ એટલે વ્યક્તિત્વનો વિકાસ ગણી શકાય. મનોસામાજિકતાના વિકાસ અંગે ઘણા મનોસમાજ વિજ્ઞાનીઓએ પોતપોતાના દૃષ્ટિકોણથી અભ્યાસ સિદ્ધાંતો રજૂ કર્યા છે. તેમાં ઈરિકસને રજૂ કરેલા સિદ્ધાંતને અહીં રજૂ કરવામાં આવ્યો છે.

ઈ.સ. 1902માં જર્મનીમાં જન્મેલ ઈરિક્સને શાળા શિક્ષણનો બહિષ્કાર કરી ઘુમક્કડ બની પ્રવાસ પસંદ કરેલો. યુરોપમાં જાણીતા મનોવિજ્ઞાની સિગ્મન ફ્રોઈડના સંપર્કમાં આવ્યા. તેમના હાથ નીચે તાલીમ લીધી. જીવનના અનુભવને આધારે તેમણે વ્યક્તિત્વ પર સામાજિક અને સાંસ્કૃતિક અસરો નોંધી. તેને આધારે તેમણે મનોસામાજિક વિકાસની આઠ અવસ્થાઓ દર્શાવી. ઈરિક્સનના સિદ્ધાંત અનુસાર મનોસામાજિક વિકાસના દરેક તબક્કે મનોવૈજ્ઞાનિક કટોકટીનો સામનો કરવાનો થાય છે. આ કટોકટીને દ્વિધાગ્રસ્તતા પણ કહેવાય છે. વ્યક્તિ આ કટોકટીનો હકારાત્મક ઉકેલ પસંદ કરે છે તે મહત્ત્વનું છે. નકારાત્મક ઉકેલ અનુકૂલનમાં મુશ્કેલી ઊભી કરે છે. અહીં સામાજિક વાતાવરણ મહત્ત્વનું છે.

❋ **ઈરિક્સનનો મનોસામાજિક વિકાસનો સિદ્ધાંત :**

ઈરિક્સને મનોસામાજિક વિકાસની આઠ અવસ્થાઓ દર્શાવી છે. તે આ મુજબ છે.

(1) વિશ્વાસ – અવિશ્વાસ : જન્મથી 12 થી 18 મહિના

(2) સ્વાયત્તતા – શરમ : 18 મહિનાથી 3 વર્ષ

(3) પહેલ કરવી – અપરાધભાવ : 3 વર્ષથી 6 વર્ષ

(4) પરિશ્રમ – લઘુતા : 6 થી 12 વર્ષ

(5) ઓળખ – ભૂમિકા, મૂંઝવણ : 12 થી 18 વર્ષ

(6) ગાઢ સંબંધ – વિખૂટાપણું : પૂર્વ પુખ્તાવસ્થા

(7) સર્જકતા – સ્થગિતતા : મધ્ય પુખ્તાવસ્થા

(8) પરિપૂર્ણતા – નિરાશા : ઉત્તર પુખ્તાવસ્થા

હવે દરેક અવસ્થાનો ટૂંકમાં પરિચય મેળવીએ.

અવસ્થા-(1) વિશ્વાસ-અવિશ્વાસ. (જન્મથી 18 માસનો ગાળો). આ દરમિયાન શિશુ પૂર્ણતયા પરાવલંબી હોય છે. માતા સાથે મુખ્ય સંબંધ હોય છે. તે પોતે વિશ્વાસથી ભરપૂર છે પરંતુ સામે પક્ષે તેને દરેક વખતે સહાય મળશે જ કે નહિ તે બાબતે તેને અવિશ્વાસ રહ્યા કરે છે. આથી આ અવસ્થાને વિશ્વાસ વિરુદ્ધ અવિશ્વાસની કહેવામાં આવી છે.

અવસ્થા-(2) સ્વાયત્તતા વિરુદ્ધ શરમ. (સમયગાળો 18 મહિનાથી 3 વર્ષ). આ દરમિયાન માતા-પિતા સાથે સૌથી વધુ સંબંધ. કટોકટી : પકડી રાખવું કે જતું કરવું. કટોકટીનું પરિણામ ઇચ્છા. આ સમયગાળામાં તે પોતાનાં દૈનિક કાર્યો બીજાની મદદ વગર જાતે કરતું થાય છે. આ દૃષ્ટિએ તે સ્વાયત્ત–આત્મવિશ્વાસવાળું બને છે. પરંતુ આ સમયે મા-બાપને સંશય રહે છે કે બાળક કાર્ય સફળ કરી શકશે કે નહિ તેથી તેને કાર્ય કરતાં અટકાવે છે ત્યારે તેનો આત્મવિશ્વાસ ઘટે છે. મનમાં કટોકટી સર્જાય છે ને તે શરમ અનુભવે છે.

અવસ્થા-(3) પહેલ કરવી – અપરાધભાવ અનુભવવો. (સમયગાળો 3 વર્ષથી 6 વર્ષ). આ અવસ્થામાં તે ઘરથી બહાર નીકળી શેરી મિત્રો સુધી પહોંચે છે. ત્યાં તેને નવા જગત અને નવા અનુભવો થાય છે. આ નવું જગત તેને પડકારરૂપ લાગે છે તેથી તે પહેલ કરવા ઇચ્છે છે...પરંતુ એ સાથે જ તેના મનમાં બીજી લાગણી ઉત્પન્ન થાય છે....તેને થાય છે કે પહેલ તો કરું પણ નિષ્ફળ જઈશ તો ? તેથી તેના મનમાં પ્રચ્છન્ન રીતે અપરાધભાવ જન્મે છે, ને મનમાં કટોકટી ઊભી થાય છે. ત્યારે મા-બાપ, વગેરે તરફથી પ્રોત્સાહન મળે તો કટોકટી ઉકલે છે.

અવસ્થા-(4) પરિશ્રમ – લઘુતા. (6 થી 12 વર્ષનો સમયગાળો). બાલ્યાવસ્થા અહીં પૂર્ણ થાય છે. આ દરમિયાન ઉદ્યમ, પરિશ્રમ વિરુદ્ધ લઘુતાની કટોકટી સર્જાતી હોય છે. આ અવસ્થા દરમિયાન બાળક ઘર-કુટુંબમાંથી નીકળી શેરીમાં હરીફરી હવે શાળામાં પ્રવેશ કરે છે. અહીં બાળક કિશોર બને છે. અંતર્મુખ મટી બહિર્મુખ થાય છે. કુતૂહલનાં ક્ષેત્રો વિકસે છે. તે અન્યોની સ્વીકૃતિ ઇચ્છે છે. આ હેતુસર પરિશ્રમ-ઉદ્યમ કરે છે. પરંતુ જ્યારે સ્વીકૃતિ નથી મળી શકતી ત્યારે તેનામાં લઘુતાગ્રંથિ જન્મે છે. આ સમયે શિક્ષક-મિત્રો તરફથી પ્રાત્સાહનની જરૂર રહે છે.

બાકીની અવસ્થાઓની રજૂઆત ટૂંકમાં [illegible]લા માટે કરવામાં આવી છે કે તનું સ્થાન અભ્યાસક્રમમા નથી.

અવસ્થા-(5) ઓળખ અને ભૂમિકા/મૂંઝવણ (ઉંમર વર્ષ 12 થી 18) આ અવસ્થા તરુણાવસ્થા છે. અહીં પોતાની અસ્મિતા કે ઓળખની વિરુદ્ધમાં પોતાની ભૂમિકા (રોલ) વિશે મૂંઝવણ ઉત્પન્ન થાય છે. અહીં તે પોતાની જાતને સવાલ પૂછે છે 'હું કોણ છું' તેનો ઉત્તર મેળવવા તે વિવિધ પ્રવૃત્તિઓ કરે છે ત્યારે તેને પ્રોત્સાહનની જરૂર રહે છે.

અવસ્થા-(6) ગાઢ સંબંધ – વિખૂટાપણું (ઉંમર વર્ષ 18 થી આગળ) તેને પુખ્તાવસ્થા પણ ગણાય. અહીં ગાઢ સંબંધ વિરુદ્ધ વિખૂટાપણાની કટોકટી સર્જાય છે. જો કે આ અવસ્થા દરમિયાન સ્ત્રીની ઓળખ પૂરેપૂરી થાય છે. તે નવા સંબંધો સ્થાપવા આતુર હોય છે. સંબંધ સેતુ રચવા તત્પર હોય છે, પરંતુ તેમાં નિષ્ફળ જતાં તે એકલો અટૂલો પડી જાય છે, ત્યારે તેને હૂંફની જરૂર રહે છે.

અવસ્થા-(7) સર્જકતા – સ્થગિતતા. આ મધ્ય પુખ્તાવસ્થા છે. તેમાં આત્મમગ્નતા વધુ છે. તેને ભજીને તે નવી પેઢીના વિકાસ માટે સંઘર્ષ કરે છે. પરંતુ એ સમયે નવી પેઢીનો સાથ મળશે કે નહિ એમ વિચારી તે રોકાઈ જાય છે, સ્થગિત થઈ જાય છે ને પુનઃ આત્મલીન થવા લાગે છે.

અવસ્થા-(8) પરિપૂર્ણતા – નિરાશા, ઉત્તર પુખ્તતાવસ્થા. આને વૃદ્ધાવસ્થા પણ કહેવાય. તેમાં સિદ્ધિના ભાવ વિરુદ્ધ નિરાશાની કટોકટી સર્જાય છે. આ ક્ષણે તે પૂર્વ જીવન ઉપર દૃષ્ટિપાત કરી નિરાશાભાવ અનુભવે છે.

6.4.6 અધ્યયન અધ્યાપન પર અસર (શૈક્ષણિક ફલિતાર્થો) :

ઈરિક્સનના સામાજિકીકરણના સિદ્ધાંતની શિક્ષણ જગત પર ઊંડી અસર થઈ છે. તેમણે જે અવસ્થાઓ સૂચવી છે અને તે દરમિયાનનાં લક્ષણો સૂચવ્યાં છે એ પ્રમાણે બાળકને કટોકટીના ઉકેલ માટે વિશેષ માર્ગદર્શનની જરૂર રહે છે. આ કાર્ય શરૂઆતના તબક્કે એટલે કે છ વર્ષ સુધી મા-બાપે માર્ગદર્શનની જવાબદારી વહન કરવી પડે. પણ પછી છ વર્ષે બાળક શાળામાં પ્રવેશ કરે અને ત્યારે નવું જગત જુએ, નવા અનુભવો મેળવે ત્યારે અનેક પ્રકારની કટોકટી અનુભવે છે. આ અવસ્થામાં શિક્ષક તેને માટે માર્ગદર્શક બની શકે. શિક્ષકે શું શું કરવું જોઈએ તે અંગે ઈરિક્સનના સામાજિકીકરણના સિદ્ધાંત પરથી તારવી શકાય.

(1) બાળકને પરિશ્રમ કરવાનું મન થાય છે ત્યારે શિક્ષકે બાળકને વાસ્તવિક ધ્યેય નક્કી કરવાની અને તે દિશામાં પરિશ્રમ કરવાની તક આપવી જોઈએ. આ દૃષ્ટિએ નાનાં નાનાં ગૃહકાર્યો, લાંબાં-લાંબાં ગૃહકાર્યો કરવાનું સોંપો.

(2) અધ્યેતાઓને સ્વતંત્રતા આપો તથા જવાબદારીઓને દર્શાવવાના અવસર પ્રદાન કરો. તેથી પ્રામાણિક ભૂલોને નિંદો નહીં, બલકે સહન કરો.

(4) હતોત્સાહ અધ્યેતાઓનો આત્મવિશ્વાસ સંપાદન કરવામાં મદદ કરો.

(5) આ ઉત્તર બાલ્યાવસ્થાના અધ્યેતાઓને માર્ગદર્શનની વિશેષ જરૂર રહે છે, તેથી માર્ગદર્શન પૂરું પાડો.

❊ સ્વાધ્યાય ❊

પ્ર.-1 આઠથી દસ વાક્યોમાં જવાબ લખો.

(1) બાલ્યાવસ્થાની સંકલ્પના સ્પષ્ટ કરો.

(2) બાલ્યાવસ્થાના વિકાસમાં કયા કયા સંદર્ભો ધ્યાનમાં રાખશો ? શા માટે ?

(3) ઈરિક્સનનો સામાજિકીકરણનો સિદ્ધાંત સ્પષ્ટ કરો.

(4) ઈરિક્સનના સિદ્ધાંતની અધ્યયન-અધ્યાપન પર અસર દર્શાવો.

પ્ર.-2 ટૂંકનોંધ લખો.

(1). બાલ્યાવસ્થાના વિકાસનો કુટુંબ સંદર્ભ

(2) બાલ્યાવસ્થામાં સામાજિક વિકાસનું મહત્ત્વ

(3) ઈરિક્સનના સામાજિકીકરણ પ્રક્રિયામાં કટોકટીનું સ્થાન

(4) બાળકના સામાજિક વિકાસમાં શિક્ષકનું યોગદાન

પ્રકરણ 7 બાલ્યાવસ્થામાં સાંવેગિક વિકાસ

7.1 પ્રસ્તાવના
7.2 અર્થ
7.3 સાંવેગિક વિકાસની પ્રક્રિયા
7.4 સાંવેગિક વિકાસ પર અસર કરતાં પરિબળો
7.5 શૈક્ષણિક ફલિતાર્થો
❋ સ્વાધ્યાય

7.1 પ્રસ્તાવના :

જીવન એ વિવિધ સંવેગોનું મિશ્રણ છે. જીવનની કોઈ ક્ષણ સંવેગ વગરની હોતી નથી. સંવેગ અનુભવવો એ જીવનની સહજ-સ્વાભાવિક ક્રિયા છે. પરંતુ સંવેગની અભિવ્યક્તિમાં નિયંત્રણ, સંતુલન એ પ્રયત્નસાધ્ય ક્રિયા છે. શિક્ષણનું પરમ કર્તવ્ય જ સંવેગની અભિવ્યક્તિમાં સુધારનું છે.

7.2 સંવેગનો અર્થ :

સંવેગ એટલે લાગણી. અંગ્રેજીના ઈમોશન (Emotion) શબ્દનો પર્યાય તે સંવેગ. લેટિન ભાષાના Emovere શબ્દ પરથી Emotion શબ્દ ઉતરી આવ્યો છે. Emovereનો લેટિન ભાષામાં અર્થ થાય છે-ક્ષુબ્ધ થવું, ભીતર ઉથલપાથલ અનુભવવી. આ એક પ્રકારની ભાવાત્મક સ્થિતિ છે. તેનું મહત્ત્વ દર્શાવતા એક ચિંતક ક્લોઈડ રૂકેએ લખ્યું છે : Life without emotion is life without motion.

સંવેગ અંગેની પરિભાષાઓ જોઈએ.....

❋ સમગ્ર જ્ઞાન તંત્રને વિક્ષુબ્ધ કરી મૂકનારી તીવ્ર લાગણી એટલે સંવેગ

– વૂડવર્થ

❋ સંવેગ એ પ્રેરણાનું કેન્દ્રિય, અનિવાર્ય અને અપરિવર્તનશીલ પાસું.

– મેકડૂગલ

❋ સંવેગ એ વ્યક્તિને અંતરમનથી હચમચાવી મૂકનારો તીવ્ર ખળભળાટ છે. આ મૂળ તો માનસિક અવસ્થા છે, પરંતુ તેનાથી વર્તન, ચેતન, અનુભાવન વગેરે ક્રિયા પ્રભાવિત થાય છે.

– પી.ટી.યંગ

❑ **આ બધી પરિભાષાઓ પરથી આ બાબતો ફલિત થાય છે :**

(1) બાહ્ય જગતના કોઈ ઉદ્દીપકના સંપર્કમાં આવતાં તેનું જ્ઞાનતંત્ર અસરગ્રસ્ત થાય છે. પરિણામે ચેતનામાં લાગણી સળવળે છે, અનુભૂતિ થાય છે.

(2) ઉત્પન્ન થયેલ આ લાગણી વાતાવરણના સંપર્કમાં આવતાં ઘેરી, વ્યાપક અને તીવ્ર બને છે. પરિણામે ચેતનતંત્રમાં ખળભળાટ મચી જાય છે.

(3) ચેતનતંત્રમાં મચેલો ખળભળાટ શારીરિક ક્રિયાત્મકતાને સતેજ કરે છે. તેને પરિણામે કોઈ ને કોઈ વર્તન થાય છે, તેને સંવેગાત્મક વર્તન કહીએ છીએ.

(4) આ પ્રક્રિયાગત ચક્ર ચાલ્યા જ કરે છે....ચાલ્યા જ કરે છે, તેથી સંવેગ વગરની કોઈ જીવનક્ષણ હોતી નથી.

(5) સંવેગ એટલે લાગણીનું પ્રબળ થવું અને ક્રિયામાં પરિણમવું.

(6) આખીય ચક્રિય પ્રક્રિયાનું કેન્દ્રબિન્દુ ઉદ્દીપન એટલે અનુભવ.

(7) અનુભવની અનુભૂતિને લાગણી કહેવાય. અનુભૂતિની અભિવ્યક્તિને સંવેગ કહેવાય.

(8) લાગણી આત્મલક્ષી પ્રવૃત્તિ છે, તેથી સંવેગ પણ આત્મલક્ષી છે.

(9) લાગણી પર્યાવરણ (ખાસ કરીને સામાજિક)ના સંસર્ગમાં આવતાં પ્રબળ બને છે, તેને સંવેગ કહેવામાં આવે છે.

આ વિવેચન ઉપરથી સંવેગનાં લક્ષણો તારવી શકાય છે, તે આ મુજબ છે.

❑ **લક્ષણો :**

(1) સંવેગ એ લાગણીનો વિસ્તાર, પ્રબળતા અને સઘનતા છે.

(2) સંવેગ વ્યાપક અનુભૂતિ છે. દરેક જીવાત્મા તે અનુભવે છે.

(3) સંવેગ કોઈને કોઈ ઉદ્દીપન સાથે સંકળાયેલ હોય છે.

(4) કોઈપણ સંવેગના મૂળમાં ચોક્કસપણે સુખ અથવા દુઃખની લાગણી રહેતી હોય છે.

(5) સંવેગ જડ નથી, તરલ છે, ક્રિયાત્મક છે.

(6) સંવેગની સાથોસાથ શરીરમાં આંતરિક ફેરફારો થાય છે. જેમ કે, હૃદયના ધબકારા વધી જાય છે, વગેરે.

(7) ક્રોધ કે ઈર્ષ્યા જેવા સંવેગમાં વિવેકશક્તિ કુંઠિત થઈ જાય છે.

(8) સંવેગ સહજ છે, પ્રયત્ન સાધ્ય નથી.

(9) સંવેગ પ્રેરણાનું જનક છે. તે વર્તનને ચોક્કસ દિશા આપે છે.

(10) સંવેગ સભાનતાના સ્તરે અનુભવાય છે.

(11) સંવેગ જાગૃત થયા પછી તરત જ નષ્ટ થતો નથી, ધીમે ધીમે નષ્ટ થાય છે.

7.3 સાંવેગિક વિકાસની પ્રક્રિયા :

સાંવેગિક વિકાસની પ્રક્રિયા જીવનની અવસ્થાઓ સાથે સંકળાયેલી છે. શૈશવાવસ્થામાં સંવેગોમાં રહેલી પ્રબળતા અને પ્રખરતા બાલ્યાવસ્થા અને ઉત્તર બાલ્યાવસ્થામાં ઘટતી જાય છે. એટલે કે, શિશુ અવસ્થામાં ઉત્તેજિત કરનારા ઉદ્દીપકો હવે વય વધતાં તેને ઓછો ઉત્તેજિત કરવા લાગે છે. ઉ.ત. શિશુને સહેજ પણ તકલીફ થાય કે તે મોટેથી રડવા લાગે છે. પરંતુ બાલ્યાવસ્થામાં એ તકલીફો તેને ઓછી ઉત્તેજિત કરે છે તેથી પ્રતિક્રિયા તીવ્ર હોતી નથી. સાંવેગિક અભિવ્યક્તિ મંદ હોય છે.

પ્રક્રિયાગત વિચાર કરીએ તો શિશુ સંવેગો અસ્થિર હોય છે તેથી તે ઘડીકમાં રડે ને ઘડીકમાં હસવા લાગે. પરંતુ બાલ્યાવસ્થા તથા એ પછીની બીજી અવસ્થાઓમાં સંવેગો સ્થિર થવા લાગે છે, ત્યારે પણ ઉત્તર બાલ્યાવસ્થામાં તે વડીલો કે કુટુંબીજનોને જે સાંવેગિક વર્તન ગમતું હોતું નથી તેની અભિવ્યક્તિ તેમની સમક્ષ

કરતું નથી. આ અવસ્થા અન્ય સંવેગો કરતાં પ્રસન્નતા આનંદનો સંવેગ મુખ્ય હોય છે. અલબત્ત સાથે સાથે યદાકદા (ક્યારેક ક્યારેક) ક્રોધ-ઈર્ષ્યા જેવા સંવેગો પણ અનુભવે છે. જો કે આ અવસ્થાએ તે સંવેગો પર નિયંત્રણ મેળવવા સક્ષમ હોય છે. આ અવસ્થામાં ઠીક ઠીક માનસિક વિકાસ પણ થયેલો હોય છે તેથી સંવેગાત્મક આત્મનિરીક્ષણ પણ કરી શકે છે. ભૂલ થઈ હોય તો સ્વીકાર પણ કરે છે ને પછી સાંવેગિક આત્મનિરીક્ષણ પણ કરી શકે છે. ભૂલ થઈ હોય તો સ્વીકાર પણ કરે છે ને પછી સાંવેગિક વર્તનને સુધારવા પ્રયત્ન કરે છે. આ બાબતનું જગપ્રસિદ્ધ ઉદાહરણ છે મોહનદાસ કરમચંદ ગાંધીના બાલ્યાવસ્થા દરમિયાન ચોરી કરવી અને પાછળથી તે સ્વીકારી લેવી.

આ અવસ્થાને અંતે તે તરુણાવસ્થામાં પ્રવેશે છે. તરુણાવસ્થામાં શારીરિક વિકાસ પ્રચંડ ગતિએ થાય છે. લાગણીઓના ઘોડાપૂર આવે છે. પ્રજનન અવયવોનો પૂર્ણ વિકાસ થાય છે. આથી શરીર-મનની માંગ દિશા બદલે છે. તેથી જ તરુણાવસ્થા અવનવા સંવેગોની લીલાભૂમિ બની જાય છે. તો સામે પક્ષે વડીલો પણ 'તું હવે નાનો કીકલો નથી' એમ કહી તેની પાસેથી ઊંચી અપેક્ષાઓ રાખે છે, પણ જ્યારે કશું નવું કરવા જાય તો કહેશે, 'આવડો મોટો ઢાંઢો થયો તોય શું કરાય ને શું ન કરાયની ખબર પડતી નથી.' આવા સંજોગોમાં તરુણ માટે અનુકૂલનની મોટી સમસ્યા સર્જાય છે. પરિણામે તે પ્રેમ, ઉદ્વેગ, ભય, ક્રોધ, ઈર્ષા, સહાનુભૂતિ, કામેચ્છા જેવા વિવિધ સંવેગો તીવ્રતાથી તે અનુભવે છે.

તરુણાવસ્થાનાં વિકાસાત્મક કાર્યો તરફ નજર કરીએ તો તને સંબંધિત સંવેગોનો ખ્યાલ આપોઆપ આવી શકે છે.

આ અવસ્થામાં તે વિજાતીય મૈત્રી ઝંખે છે, વિજાતીય મંડળી ઉપર છવાઈ જવા ઇચ્છે છે, હીરો બનવા માગે છે. આવા સમયે તેને ભયનો તીવ્ર સંવેગ અનુભવાય છે. કારણ કે વિજાતીય જૂથ દ્વારા તેનો સ્વીકાર થશે કે નહિ ? એ સંશય લગાતાર તેનામાં ભય ઉત્પન્ન કરે છે. મિત્રો મશ્કરી તો નહીં કરે ને ? આવી બાબતો ભયને વધુ પ્રબળ બનાવે છે.

7.4 સાંવેગિક વિકાસ પર અસર કરતાં પરિબળો/સંદર્ભો :

સાંવેગિક વિકાસ વિવિધ પરિબળો અથવા સંદર્ભોમાં થાય છે. એ સંદર્ભો આ મુજબ છે :

(1) જૈવિક પરિબળો (2) સામાજિક પરિબળો.

(1) જૈવિક પરિબળો :

અહીં શારીરિક સ્વાસ્થ્ય, બુદ્ધિ, ગ્રહણશીલતા, શરીરનું કદ અને વજન, વગેરેનો સમાવેશ થાય છે. શારીરિક રીતે અસ્વસ્થ તરુણ-તરુણી વધુ તીવ્રતાથી સંવેગ અનુભવે છે. તેનામાં સાંવેગિક કટોકટી વધુ સર્જાય છે.

આવું જ કંઈક ઓછી બુદ્ધિ અને વધુ બુદ્ધિ ધરાવતા તરુણ-તરુણીઓમાં પણ સાંવેગિક તીવ્રતાનું પ્રમાણ જુદું જુદું હોય છે. તેઓની સાંવેગિક કટોકટી નિવારવાની રીત પણ જુદી જુદી હોય છે.

(2) સામાજિક પરિબળો :

તેમાં કુટુંબ, શાળા, શેરી, વડીલો, માતા-પિતા, શિક્ષકો વગેરેનો સમાવેશ થાય છે.

જે કુટુંબમાં સ્વતંત્રતા, માતા-પિતાની હૂંફ, પ્રોત્સાહન, વગેરે વધુ મળે છે તે તરુણ-તરુણીના સંવેગોમાં સ્થિરતા હશે, સંયમ હશે, તેઓ કટોકટી સમયે પુખ્તતાપૂર્ણ વર્તન કરશે. પરંતુ જેઓના કુટુંબમાં તણાવ, ઝઘડા અને સરમુખત્યારી હોય તેમાં ઉછરેલ તરુણ-તરુણીઓની સાંવેગિક અભિવ્યક્તિમાં ગરબડ જોવા મળશે. સંતુલિત વર્તન વ્યવહાર નહિ હોય.

આમ, સામાજિક જુદા જુદા સંદર્ભો અનુસાર સાંવેગિક વિકાસ પણ જુદો જુદો હોય છે.

7.5 સાંવેગિક વિકાસના શૈક્ષણિક ફલિતાર્થો :

જીવન અને સંવેગ અભિન્ન છે જ્યાં જીવન ત્યાં સંવેગ. સંવેગની સંતુલિત અભિવ્યક્તિમાં જ સુખ-શાંતિ છે. સંવેગની અસંતુલિત અભિવ્યક્તિ ઉદ્વેગ, સંઘર્ષનું કારણ બને છે. તેથી સંવેગની સંતુલિત અભિવ્યક્તિ આવકાર્ય છે. આ માટે શિક્ષણ ઉપયોગી થઈ શકે છે. શિક્ષણથી સંવેગોનું ઊર્ધ્વીકરણ શક્ય છે. આ માટે શિક્ષકનું કેવું વર્તન મદદરૂપ થાય તે જોઈએ.

(1) શિક્ષકોએ સંતુલિત સંવેગ અભિવ્યક્તિ દર્શાવતાં વર્તન વ્યવહારોના નમૂના પૂરા પાડવા જોઈએ.

(2) સંવેગોનું માર્ગાન્તિકરણ થઈ શકે. આ માટે જુદી જુદી પ્રવૃત્તિઓનું આયોજન કરી શકાય. એ માટે કળા, રમતગમત, નાટક ચેટક, વાર્તા-લેખન જેવી પ્રવૃત્તિ થઈ શકે.

(3) વર્ગખંડમાં પણ અનુકૂળ સંવેગો ઉત્પન્ન કરનાર ઉદ્દીપનો પૂરા પાડવા જોઈએ.

(4) વર્ગખંડમાં જાતીય શિક્ષણની વ્યવસ્થા કરવી જોઈએ.

(5) શાળામાં સલાહ અને માર્ગદર્શનની વ્યવસ્થા થવી જોઈએ.

❊ સ્વાધ્યાય ❊

પ્ર.-1 આઠથી દસ વાક્યોમાં જવાબ લખો.

(1) સંવેગનાં લક્ષણો દર્શાવો.

(2) સંવેગ વિકાસની પ્રક્રિયા સમજાવો.

(3) સંવેગોની સંતુલિત અભિવ્યક્તિ માટે શિક્ષક તરીકે તમે શું શું કરશો ?

પ્ર.-2 ટૂંકનોંધ લખો.

(1) સંવેગોનું માર્ગાન્તીકરણ

(2) સંવેગો પર અસર કરનારાં પરિબળો

પ્રકરણ 8 બાલ્યાવસ્થામાં આધ્યાત્મિક વિકાસ

8.1 પ્રસ્તાવના

8.2 આધ્યાત્મિક વિકાસનો અર્થ

8.3 ચરિત્રનું ગઠન કેવી રીતે ?

8.4 આધ્યાત્મિક વિકાસની પ્રક્રિયા

8.5 આધ્યાત્મિક વિકાસના શૈક્ષણિક ફલિતાર્થો

❋ સ્વાધ્યાય

8.1 પ્રસ્તાવના :

સર્વાંગીણ વિકાસ શબ્દ આજના યુગમાં ચલણી સિક્કાની જેમ વપરાતો થઈ ગયો છે. તો પણ ઇચ્છવાયોગ્ય શબ્દ છે. તેને શબ્દ કહેવા કરતાં સંકલ્પના, વિભાવના કહેવું વધુ ઉચિત છે. તે માત્ર શબ્દ નથી, પરંતુ સિદ્ધ કરવા જેવું ધ્યેય છે. જો મનુષ્યનો સર્વાંગીણ વિકાસ થાય તો આ સૃષ્ટિ સ્વર્ગ બની જાય. મનુષ્યના સર્વાંગીણ વિકાસની જવાબદારી શિક્ષણ જેવી સામાજિક સંસ્થાએ અદા કરવાની હોય છે. પરંતુ શું શિક્ષણ આજે સર્વાંગીણ વિકાસ કરે છે ? બેશક, આજનું શિક્ષણ ડૉકટરો, એન્જિનિયરો, વકીલો અને ચાર્ટડ એકાઉન્ટો, વિજ્ઞાનીઓ, શિક્ષકો, કમ્પ્યૂટર નિષ્ણાતો, વગેરે તૈયાર કરે છે. પરંતુ ખરા અર્થમાં તે પ્રામાણિક, વ્યવસાયને વફાદાર એવા ડૉક્ટરો, એન્જિનિયરો, વકીલો, વગેરે તૈયાર કરે છે ? જો શિક્ષણ એવા વફાદાર વ્યાવસાયિકો તૈયાર કરતું હોત તો આપણને ચોરેને ચૌટે સંભળાય છે કે ડોક્ટરો તો ચીરવા જ બેઠા છે, વકીલો તો ચૂસવા જ બેઠા છે, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો તો હવાલા પાડવાની હાટડી માંડીને બેઠા છે...તે ન સાંભળવા મળત. આવો સમાજ કેમ તૈયાર થયો ? શિક્ષણે કયાં માર્ગ ભૂલ્યો ? શિક્ષણે બૌદ્ધિક, જ્ઞાનાત્મક વિકાસ સાધ્યો પણ આધ્યાત્મિક વિકાસ અંગે શું ? જ્ઞાન સાથે આધ્યાત્મિકતા ન હોય તો રાવણનું સર્જન થાય પણ જ્ઞાન સાથે આધ્યાત્મિકતા હોય તો શ્રીરામનું સર્જન થાય.

8.2 આધ્યાત્મિક વિકાસનો અર્થ : (Meaning of Spiritual Development) :

શ્રેય અને પ્રેયને પારખવાનો તથા તે મુજબ જીવન વ્યવહાર કરવાનું વલણ એટલે આધ્યાત્મિકતા. સર્વજન સુખાય, સર્વજન હિતાય ની લાગણીનો ઉછેર તે આધ્યાત્મિકતા. Live and Let Live નું વલણ નહિ, પરંતુ Live and Let to Live ના વલણ મુજબનું વર્તન એટલે આધ્યાત્મિકતા. જીવો અને જીવવા દો એ તો આદિ માનવથી સહેજ સુધરેલા માનવનું જીવન સૂત્ર. પરંતુ જીવો પણ બીજાને જીવાડવા માટે જીવો, એ આધ્યાત્મિક માનવનું જીવન સૂત્ર છે.

આધ્યાત્મિકતાનો વિકાસ એટલે બાળકમાં જન્મદત્ત રહેલી સદ્‌વૃત્તિ, વિવેકશક્તિ અને સત્યપ્રિયતાની ભાવનાનો વિકાસ. ઉલ્લેખ કરવાની કે સ્પષ્ટતા કરવાની જરૂર જ નથી કે બાળક જન્મથી જ ઉક્ત ગુણોના બીજ સાથે જન્મે છે. શિક્ષણે તો તેને ઉજેરવાની, ઉછેરવાની અને વિકસાવવાની જ હોય છે. જે શારીરિક વૃદ્ધિ અને માનસિક વિકાસ સહજ રૂપે થાય છે તેમ આધ્યાત્મિક બીજમાં પણ અંકુરિત થવાની ક્ષમતા હોય છે. જરૂર છે તો તેને યોગ્ય વાતાવરણ પૂરું પાડવાની તથા જરૂરી માવજત કરવાની. મહાત્મા ગાંધીજીનું આ કથન : મારી દૃષ્ટિએ શિક્ષણ એ છે કે જે બાળકના શરીર, મન અને આત્મામાં રહેલા સર્વોત્તમ ગુણોના સર્વતોમુખી વિકાસ કરે. By Education, I mean an all round drawing out of the best in child and man - body, mind and spirit.

આમ, આધ્યાત્મિકતાનો સંબંધ આત્મા સાથે જોડાય છે. આ આત્માને સંસારના પરમતત્ત્વ (ઈશ્વર)ના અંશ રૂપે સ્વીકારવામાં આવે છે. કવિ રૈદાસે સાચે જ ગાયું છે :

પ્રભુજી તુમ ચન્દન હમ પાની
જાકિ અંગ અંગ બાસ સમાની

જેમ ચંદનમાં પાણી ભળે તો પાણી પણ સુગંધીદાર બને છે તેમ આત્મામાં પરમાત્માનો અંશ ભળેલો છે ને તેથી જીવન સુખમય બને છે. પરંતુ અફસોસ ! એ પરમતત્વને ઢાંકી દઈને સ્વનો અહંકાર પ્રબળ બને છે. તેથી મનુષ્યને સર્જનાર પ્રભુને છેતરવાના તે પ્રપંચો કરે છે ને જીવનને દોઝખ બનાવે છે. પરમ તત્ત્વને ઢાંકી દેવાને કારણે જ આત્મજ્ઞાન કે આત્માનુભૂતિ થતી નથી. શિક્ષણે વ્યક્તિને આત્મજ્ઞાન કરાવવાનું છે. આ માટે આધ્યાત્મિક વિકાસ ખૂબ જરૂરી છે. સુકરાત કહેતા, નો ધાય સેલ્ફ (know thyself) – તું તારી જાતને ઓળખ. સ્વની ઓળખ મહત્ત્વની છે. સ્વ એટલે વ્યક્તિનું ચરિત્ર. જીવનનું અમૂલ્ય તત્ત્વ ચરિત્ર. ચરિત્ર ઘડતરના માર્ગે આધ્યાત્મિક વિકાસ શક્ય બને. ચરિત્રના ઘડતર માટે નૈતિક આચાર-વિચાર ઈંટ-ચૂનોને સિમેન્ટનું કામ કરે છે. આધ્યાત્મિક વિકાસના બે પાસા ગણાય : એક ચરિત્ર ઘડતર અને બીજું નૈતિક આચાર-વિચાર.

આધ્યાત્મિક વિકાસને આ રીતે પરિભાષિત કરી શકાય : બાળકમાં જન્મજાત જે કંઈ આધ્યાત્મિકતા રહેલી હોય છે તેના વિકાસ દ્વારા આત્મજ્ઞાન યા આત્માનુભૂતિ કરાવવાની છે. તેથી બાળક ઈશ્વર તથા સૃષ્ટિ સાથે તાદાત્મ્ય સાધી શકે.

ત્યારે પ્રશ્ન એ થાય છે કે, આત્મજ્ઞાન અને આત્માનુભૂતિ થઈ શકે કેવી રીતે ? આ પ્રશ્નનો ઊંડાણપૂર્વક વિચાર કરીએ તો સ્પષ્ટ સમજાય છે કે શુદ્ધ આચરણ તથા વર્તન-વ્યવહારની શુદ્ધતા દ્વારા એ શક્ય બની શકે. આ સંદર્ભે ગાંધીજીના વિચાર વિચારણીય છે. તેઓ લખે છે : આત્માનો વિકાસ કરવો હોય તો ચરિત્રનું ગઠન કરવું જોઈએ. તથા વ્યક્તિને ઈશ્વર બોધ તરફ અગ્રેસર કરવા જરૂરી છે. To develop the spirit is to build character and to enable us to work towards knowledge of God and self realization.

આ રીતે બાળકમાં આધ્યાત્મિક વિકાસ ધીરે ધીરે કરી શકાય છે. તો પછી, આવો શરૂઆત કરીએ, ચરિત્રના ઘડતરથી.

8.3 ચરિત્રનું ગઠન કેવી રીતે ? :

એ પહેલાં ચરિત્ર એટલે શું ? તે વિચારીએ. ચરિત્ર વિશે જુદા જુદા ચિંતકોએ જુદાં જુદાં મંતવ્યો દર્શાવ્યાં છે. જેમ કે :

બોનહેમ,

When we talk of a strong character we mean strength of will, – મજબૂત ચરિત્રનો અર્થ મજબૂત ઇચ્છાશક્તિ, સંકલ્પશક્તિ.

સેમ્યુઅલ સ્માઈલ, ચરિત્ર એ સદ્‌આદતોનો સમુચ્ચય છે.

Character is the bundle of habits/good habits

મેક્ડૂગલ, સ્થાયી ભાવ ચરિત્રના એકમો છે, તેથી ચરિત્ર સ્થાયી ભાવોની વ્યવસ્થા છે અથવા સંગઠન છે.

Units of character are the sentiments and characters is the system or organisation of sentiments.

ડમવિલે, એવી બધી જ ક્રિયાઓના સમુચ્ચય જે વ્યક્તિના વ્યક્તિત્વમાં જોવા મળે છે, તે ચરિત્ર નામે ઓળખાય છે.

Character is the sum of the tendencies which an individual process.

મેક્ડૂગલે સ્થાયી ભાવોના સમુચ્ચયને ચરિત્ર કહ્યું છે. સ્થાયી ભાવ એટલે વ્યક્તિ કે વસ્તુ પરત્વે સંવેગાત્મક ક્રિયાઓ તથા ભાવનાઓનું સ્થાયી અને સંગઠિત સ્વરૂપ. મહત્ત્વના સ્થાયી ભાવ કયા કયા છે ? તે આ મુજબ છે.

(1) દેશભક્તિ
(2) નૈતિકતા
(3) ધાર્મિકતા
(4) સામાજિકતા
(5) બૌદ્ધિકતા
(6) સૌંદર્યાત્મકતા
(7) આત્મસન્માન

આ બધાંમાં આત્મસન્માન સર્વોચ્ચ સ્થાન પર હોય છે. ચરિત્રવાન વ્યક્તિ આત્મસન્માની હોય છે. આ સ્થાયી ભાવને આધારે વ્યક્તિ પોતાના જીવનદર્શનને સમજે છે. નૈતિક, સામાજિક, બૌદ્ધિક તમામ પ્રકારના સ્થાયી ભાવોનું સ્વરૂપ આત્મસન્માનની ભાવનાને અનુકૂળ થતું હોય છે. તેથી ચરિત્ર વિશે કહેવું હોય તો એમ કહી શકાય કે, ઉક્ત બધા સ્થાયી ભાવોનો સમુચ્ચય જ ચરિત્ર છે.

8.4 આધ્યાત્મિક વિકાસની પ્રક્રિયા :

આધ્યાત્મિકતાનાં બે પરિમાણો ચરિત્ર તથા નૈતિકતાનો ઉલ્લેખ આગળ કર્યો હતો. તેથી આધ્યાત્મિકતાનો વિકાસ એટલે વ્યક્તિની નૈતિકતાનો વિકાસ કરવો તથા ચરિત્રનું ગઠન કરવું. બાળકમાં નૈતિકતાના વિકાસ માટેના કાર્યક્રમો ઘણા મનોવૈજ્ઞાનિકોએ તૈયાર કર્યા છે. તે પૈકીનો લોરેન્સ કોહલબર્ગનો નૈતિકતાના વિકાસ અંગેનો સિદ્ધાંત વધુ સ્વીકૃતિ પામ્યો છે. તેમણે નૈતિકતાના વિકાસની અવસ્થાઓ દર્શાવી હતી. તે આ મુજબ છે.



કોહલબર્ગ વિશે તથા તેના નૈતિક સિદ્ધાંત અંગે વિગતે ચર્ચા અગાઉના પ્રકરણમાં થયેલ છે.

8.5 આધ્યાત્મિક વિકાસના શૈક્ષણિક ફલિતાર્થો :

આધ્યાત્મિક વિકાસ ઉર્ફે ચારિત્રિક વિકાસ ઉર્ફે નૈતિક વિકાસ કોઈપણ યુગમાં અને કોઈપણ ભૂમિના શિક્ષણના ધ્યેયોમાં અધ્યેતાના ચારિત્રિક વિકાસનું સ્થાન અવિચળ રહ્યું છે. અલબત્ત શિક્ષણનું પ્રમાણ વધ્યું છે તો સમાજમાં ભ્રષ્ટાચાર, અનૈતિકતાનું પ્રમાણ પણ વધ્યું છે એ હકીકત છે. આવા નાજુક સમયે અધ્યેતાના નૈતિક વિકાસ માટે ડગલું આગળ ભરવું જ પડશે. શિક્ષણ શું કરી શકે ? આવો તેનો ઉત્તર મેળવીએ...

(1) શિક્ષકોએ અધ્યેતાઓની મૂળ વૃત્તિઓ તથા સંવેગોના ઊર્ધ્વીકરણ માટે અધ્યેતાઓને વિશેષ પ્રકારનું પ્રશિક્ષણ આપવું જોઈએ.

(2) ઇચ્છાશક્તિ તથા સંકલ્પશક્તિ વધે તે માટે અવસરો પૂરા પાડવા જોઈએ. આ હેતુસર પ્રવાસ, પર્યટન, ખેલકૂદ, નાટ્ય વગેરે પ્રવૃત્તિઓ યોજવી જોઈએ.

(3) સારી ટેવોનું ઘડતર કરવું જોઈએ.

(4) અધ્યેતા સમક્ષ ઉમદા ચરિત્રવાળા લોક નેતા (ચૂંટણીથી બની બેઠેલા નેતા નહિ) તથા સમાજ-રાષ્ટ્ર માટે જીવનદાન દેનાર વિભૂતિઓને આદર્શરૂપે રજૂ કરવા જોઈએ. તેમના જીવન-કવનથી પરિચિત કરવા જોઈએ.

(5) યોગ્ય સ્થાયી ભાવો કેળવાય એ માટે પ્રવૃત્તિઓ યોજવી જોઈએ.

(6) અધ્યેતાઓની નૈતિકતાને સમૂહમાં બિરદાવવી જોઈએ, તેમને આદર આપવો જોઈએ.

(7) તેમને યોગ્ય સૂચનો થવાં જોઈએ તથા તેનું પાલન થાય એ માટે આગ્રહ રખાવો જોઈએ.

(8) અધ્યેતાઓને અનુકરણ કરવાનું ગમે તેવી બાબતો કે આચાર-વ્યવહાર અધ્યેતાઓ સમક્ષ રજૂ કરવા જોઈએ.

ચારિત્રિક / નૈતિક વિકાસ માટે શાળા ઉપરાંત ઘર, કુટુંબ તથા સમાજ પણ જવાબદારી નિભાવી શકે છે. ચારિત્રિક વિકાસમાં સમાજની અસર વધુ થતી હોય છે. બેશક, ચરિત્ર ઘડતર એ બહુ વ્યાપક કાર્ય છે. તેમાં સૌનો સાથ અને સહકાર જરૂરી છે. નવી ચરિત્ર ઘડતર પ્રક્રિયા લાંબાગાળાની અને ધીમી પ્રક્રિયા છે, તેથી તે માટે રાહ જોવી જરૂરી છે.

❋ સ્વાધ્યાય ❋

1. આઠથી દસ વાક્યોમાં જવાબ લખો.

(1) આધ્યાત્મિક વિકાસ એટલે શું ?

(2) આધ્યાત્મિક વિકાસમાં શાળા અને શિક્ષણનો ફાળો દર્શાવો.

(3) આધ્યાત્મિક વિકાસ માટે શિક્ષક તરીકે તમે શું શું કરશો ?

(4) નૈતિકતાના વિકાસની રૂપરેખા આપો.

પ્રકરણ 9

જ્ઞાનાત્મક વિકાસના સિદ્ધાંતો

9.1 પ્રસ્તાવના

9.2 જ્ઞાનાત્મક વિકાસની સંકલ્પના

9.3 જિન પિયાજેનો જ્ઞાનાત્મક વિકાસનો સિદ્ધાંત

9.4 પિયાજેના જ્ઞાનાત્મક વિકાસના સિદ્ધાંતની મર્યાદા

9.5 શૈક્ષણિક ફલિતાર્થો

❋ સ્વાધ્યાય

9.1 પ્રસ્તાવના :

બાળકના શારીરિક વિકાસ અને વૃદ્ધિના પરિણામે બાળકની શારીરિક શક્તિઓ આવડતો, કૌશલ્યોમાં વધારો થાય છે. આમ, તેના આંતરિક તથા બાહ્ય શારીરિક અવયવોમાં સતત પરિવર્તનો થયા કરે છે. આ વૃદ્ધિ અને વિકાસને કારણે વય વધતાં એવાં એવાં શારીરિક કાર્યો કરવા શક્તિમાન બનતો જાય છે જે શરૂઆતમાં કરી શકતો ન હતો. આમ થવાનું કારણ એ છે કે જેમ જેમ કઠિન કાર્યો કરવાની જરૂર પડે છે તેમ તેમ વધુ વિકસેલી માનસિક શક્તિઓની પણ જરૂર પડતી હોય છે. બાળક જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેમ તેની માનસિક શક્તિઓ વિકસતી જાય છે. આ પ્રકારના માનસિક તથા બૌદ્ધિક વિકાસને જ્ઞાનાત્મક વિકાસ પણ કહેવામાં આવે છે.

9.2 જ્ઞાનાત્મક વિકાસની સંકલ્પના :

જો કે જ્ઞાનાત્મક વિકાસ એ શારીરિક વિકાસની માફક સ્પષ્ટપણે જોઈ શકાય તેવી પ્રક્રિયા નથી, પરંતુ તે બાળક દ્વારા થતાં કાર્યોના પરિણામોમાં જોઈ શકાય છે. બાળક દ્વારા જગત વિશેની સમજણમાં તથા તેના સંદર્ભે તે અંગે થતી ક્રિયાઓમાં તેનો જ્ઞાનાત્મક વિકાસ પ્રતિબિંબિત થતો હોય છે. પરંતુ આ ક્રિયાઓ, બાહ્ય વર્તનો થવા માટેની જવાબદાર એવી તેની આંતરિક પ્રક્રિયાઓનું માપન કરી શકાતું નથી. સૌનું અવલોકન છે કે, બે થી અઢી વર્ષનું શિશુબાળ તાર્કિક રીતે

વિચારી શકતું નથી, અને કૉલેજના અધ્યેતાઓ જેટલી સંકલ્પના સમજ શક્તિ શાળાએ જતું બાળક ધરાવતું હોતું નથી. તેમ છતાં તેનામાં સંકલ્પના સમજ શક્તિ નથી તેવું કહી શકાય નહિ.

જ્ઞાનાત્મક વિકાસ એ વિચાર શક્તિનો પર્યાય છે. કોઈપણ કાર્ય કરતાં પહેલાં તે કાર્ય માનસિક સ્તરે પ્રથમ થઈ જતું હોય છે. તેથી કાર્યને વિચારનું ક્રિયાત્મક સ્વરૂપ કહી શકાય. વિચાર અંગે પ્રશ્નો તો એ થાય છે કે વ્યક્તિ વિચાર કઈ રીતે કરે છે ? બાળકના વિચાર પુખ્તતા કયારે ધારણ કરે છે ? એનો અર્થ એ થયો કે જ્ઞાનાત્મક વિકાસ તબક્કાવાર થાય છે. જ્ઞાનાત્મક વિકાસના આ તબક્કાઓ ત્રણ ક્ષેત્રો સાથે સંબંધિત છે : (1) પ્રત્યક્ષીકરણ, (2) વિચાર, (3) ભાષા. આ ત્રણેય ક્ષેત્રોના વિકાસ માટે કેટલીક માનસિક શક્તિઓ મહત્ત્વનો ભાગ ભજવે છે. તે આ મુજબ છે : (1) બુદ્ધિ, (2) ખ્યાલ ઘડતર, (3) સ્મૃતિ, (4) તર્ક, (5) ભાષા. અધ્યેતાઓમાં આ શક્તિઓનો યોગ્ય અને પૂરતો વિકાસ થાય તો જ્ઞાનાત્મક વિકાસ પણ યોગ્ય અને પૂરતો થઈ શકે.

9.3 જિન પિયાજેનો જ્ઞાનાત્મક વિકાસનો સિદ્ધાંત :

જિન પિયાજે મૂળભૂત રીતે જીવવિજ્ઞાનના વિદ્યાર્થી હતા. પરંતુ તેમણે Ph.D. ની ઉપાધિ મેળવ્યા બાદ મનોવિજ્ઞાન, જ્ઞાન મીમાંસા અને તર્કશાસ્ત્રમાં રસ લેવાનું શરૂ કર્યું. પરિણામે તેમના મનોવિજ્ઞાનના ક્ષેત્રે જ્ઞાનાત્મક વિકાસ અંગેના સિદ્ધાંતને સમજાવવા તેમણે જીવવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને તર્કશાસ્ત્રના પારિભાષિક શબ્દોનો ઉપયોગ કર્યો છે.

જિન પિયાજે જ્યારે ફ્રેન્ચ ભાષામાં બુદ્ધિ કસોટીઓનું રૂપાંતર કરવાનું કામ કરી રહ્યા હતા ત્યારે બુદ્ધિ કસોટીના સાચા ઉત્તરોને બદલે ખોટા ઉત્તરોના વિશ્લેષણમાં રસ પડ્યો. તેને આધારે બાળકોની વિચાર પ્રક્રિયા અંગે તેમણે વિચારવાનું શરૂ કર્યું. આ વિચારોને લઈને સન 1960થી જગતભરમાં તેઓ પ્રસિદ્ધ થયા. તેમણે તારવ્યું કે વ્યક્તિનો જ્ઞાનાત્મક વિકાસ તેના સમગ્ર જૈવિક વિકાસનું એક પાસું છે. વ્યક્તિની માનસિક પ્રક્રિયા તેની જન્મજાત ચેષ્ટાઓ અને ક્રિયાઓ (પ્રતિક્ષિપ્ત ક્રિયાઓ) સાથે સંકળાયેલ છે. ફિલોસોફીની જ્ઞાનમીમાંસા શાખાએ તેને મનુષ્યના જ્ઞાનાત્મક વિકાસને સમજવા પ્રેર્યા. તેમણે તારવ્યું કે બુદ્ધિ પાયાનું તત્ત્વ છે. બુદ્ધિ એટલે વાતાવરણ સાથે અનુકૂલન સાધવાની ક્ષમતા. વાતાવરણ સાથે

અનુકૂલન સાધવા મનુષ્ય બે પ્રક્રિયાઓ અજમાવે છે. એક આત્મસાતીકરણ અને બે સુવિધાર્થે ફેરફાર. આ અંગે આગળ ચર્ચા કરશું. પરંતુ તે પહેલાં જ્ઞાનાત્મક વિકાસ અંગેના પિયાજેના પાયાના ખ્યાલો સમજી લઈએ.

❑ જ્ઞાનાત્મક વિકાસ અંગેના પાયાના ખ્યાલો :

(1) સંગઠન : સંગઠનને પિયાજે જ્ઞાનાત્મક વિકાસનો પાયાનો ખ્યાલ ગણે છે. સંગઠન એટલે ગોઠવણી .. . મનુષ્ય પોતાની પાંચ જ્ઞાનેન્દ્રિયો થકી આ જગતમાં અને જગતના વિવિધ અનુભવો કરે છે. આ અનુભવો તેની વિચાર પ્રક્રિયાને ધક્કો મારે છે. તેને પરિણામે અનુભવ વિષયક એક ખ્યાલ બંધાય છે અથવા માન્યતા ઘડાઈ છે. આ પ્રક્રિયાનું વ્યવસ્થિત સંગઠન કરવું તે મનુષ્યની જન્મજાત વૃત્તિ છે. આ સંગઠનના બે પેટા ઘટકો છે. (1) સુશ્લિષ્ટતા, (2) તંત્રાત્મકતા. જેમ શારીરિક ક્રિયાઓ કરવા માટે શરીરના અને મનનાં જુદાં-જુદાં સંયોજનો રચાઈને એક તંત્ર સર્જાય છે તેને શારીરિક સંગઠન કહેવાય છે. એવી જ રીતે જ્ઞાનાત્મક ક્રિયાઓ કરવા માટે મનોવૈજ્ઞાનિક સંગઠનો રચાય છે. તે જેટલું વ્યવસ્થિત એટલું મનોવર્તન પણ વ્યવસ્થિત. આસપાસના પર્યાવરણ સાથે આંતરક્રિયા કરવા માટે વ્યક્તિ પોતાની જ્ઞાનાત્મક સંરચનાઓને સુસંગત તંત્રમાં સુગ્રંથિત કરે છે, તેને તંત્રાત્મકતા કહેવામાં આવે છે.

(2) અનુકૂલન : અનુકૂલનને સમાયોજન પણ કહેવામાં આવે છે. મનુષ્યનું આજ સુધીના અસ્તિત્વનું કારણ તેની સમાયોજન વૃત્તિ છે. દરેક સજીવનું આ એક સ્વાભાવિક વલણ છે. દરેક સજીવ પર્યાવરણ સાથે અનુકૂળ થવાનાં વલણ સાથે જન્મે છે. અનુકૂલન એ મનુષ્યનું જન્મજાત વલણ છે, તેથી મનુષ્ય અનુભવ પ્રદાન કરનાર વાતાવરણ સાથે અનુકૂલન સાધી લે છે. આ અનુકૂલન સાધવાની વૃત્તિઓ શારીરિક અને માનસિક પ્રક્રિયાઓનું સંચાલન કરે છે. તેમાંની માનસિક પ્રક્રિયાઓ અનુભવને નવી પરિસ્થિતિમાં ઉપયોગમાં લઈ શકાય તેવા સ્વરૂપમાં રૂપાંતરિત કરે છે. ટૂંકમાં, સંગઠન અને અનુકૂલન જ્ઞાનાત્મક વિકાસના બે મૂળભૂત કારણો છે.

❑ જ્ઞાનાત્મક વિકાસ અંગેની પાયાની પ્રક્રિયાઓ :

પિયાજેએ જેમ જ્ઞાનાત્મક વિકાસ માટેના બે પાયાનાં કારણો તારવ્યાં છે, તેમ જ્ઞાનાત્મક વિકાસ માટેની ચાર પાયાની પ્રક્રિયાઓ દર્શાવી છે. તે આ મુજબ છે.

(1) યોજના પ્રક્રિયા

(2) આત્મસાતીકરણ પ્રક્રિયા

(3) સુવિધા અર્થે ફેરફાર પ્રક્રિયા

(4) સમતુલન પ્રક્રિયા

દરેક પ્રક્રિયાનો અર્થ ટૂંકમાં સમજીએ,

(1) યોજના પ્રક્રિયા :

પિયાજે માનતા હતા કે બાળક વાતાવરણ સાથે આંતરક્રિયા કરી અનુભવ મેળવે છે. આ અનુભવને સમજવા તે વિચારોનું સંગઠન કરે છે. આ સંગઠનને આધારે બાળક વાતાવરણ સાથે વ્યવહાર કરે છે. એટલે કે અનુકૂલન સાધે છે. આ બે ક્રિયાઓ દરમિયાન બાળક પુખ્ત વયના લોકો જે રીતે વિચાર કરે છે, વર્તન કરે છે તે રીતે પોતે પણ વાપરવા પ્રયત્ન કરે છે ત્યારે તે મથામણ અનુભવે છે. આ મથામણને યોજના પ્રક્રિયા કહે છે. આમ, યોજના-પ્રક્રિયા વર્તનને દોરનારી માનસિક પ્રક્રિયા છે. આ તારણને વ્યવસ્થાપન મનોવિજ્ઞાન પણ ટેકો આપે છે. મનુષ્ય કોઈ પણ વર્તન કરે છે ત્યારે મૂળભૂત રીતે તો તે અંગે તેણે કરેલી માનસિક યોજના જ પ્રગટ થતી હોય છે. યોજના વિવિધ પ્રકારની હોય છે. પિયાજેના જ્ઞાનાત્મક વિકાસના સિદ્ધાંતમાં આ પાયાની પ્રક્રિયા છે.

(2) આત્મસાતીકરણ :

બાળક જ્યારે યોજનાઓમાં તફાવત તારવી શકે અથવા સમાનતા તારવી શકે ત્યારે તે અનુકૂલન સાધી શકે છે. અહીં જ્ઞાનાત્મક વિકાસ થયેલો ગણાય. સમાયોજન માટેની બે પાયાની પ્રવૃત્તિઓ છે તે પૈકીની એક એટલે આત્મસાતીકરણ-બે સુવિધા અર્થે ફેરફાર.

આત્મસાતીકરણ એટલે આત્મસાત્ કરવું, અંતરમનથી સ્વીકાર કરવો અથવા પોતામાં સમાવી લેવું. આ થયો તેનો શાબ્દિક અર્થ. પરંતુ માનસિક અનુકૂલનની પ્રક્રિયામાં આનો અર્થ જરા જુદો થાય છે. પિયાજેના સંદર્ભમાં આત્મસાતીકરણનો કંઈક આવો અર્થ થઈ શકે - વર્તમાન યોજનાના સંદર્ભમાં નવા પદાર્થને સમજવાની પ્રક્રિયા એટલે આત્મસાતીકરણ. બાળક જ્યારે અનુભવનું અર્થઘટન કરે ત્યારે જો તે અનુભવ તેની વર્તમાન યોજનાઓમાં બંધ બેસતો થઈ જાય તો ત્યારે આત્મસાતીકરણ થયું કહેવાય.

આત્મસાતીકરણને સરળ શબ્દમાં કહેવું હોય તો આપણા પૂર્વાનુભવ સાથે તાજા અનુભવોને સાંકળીને કરવામાં આવતું અર્થઘટન અને તેનો સ્વીકાર.

(3) સુવિધા અર્થે ફેરફાર :

સુવિધા અર્થે ફેરફાર એટલે અગાઉ કરેલી યોજનાઓમાં ફેરફાર ત્યારે પ્રશ્ન થાય કે ફેરફાર શા માટે ? તેના જવાબમાં પિયાજે નોંધે છે કે, નવા અનુભવને સમજવામાં કે નવા અનુભવનું અર્થઘટન કરવામાં કોઈ અવરોધ ઊભો થાય ત્યારે આ અવરોધને દૂર કરવા માટે મૂળ યોજનામાં કરવું પડતું પરિવર્તન તે સુવિધા અર્થે ફેરફાર કહેવાય. અથવા તો નવા અનુભવને સમજવા કે અર્થઘટન કરવામાં સાનુકૂળતા રહે તે હેતુથી મૂળ યોજનામાં કરવામાં આવતું પરિવર્તન.

ટૂંકમાં, આત્મસાતીકરણ અને સુવિધા અર્થે યોજનામાં કરવામાં આવતો ફેરફાર, આ બંને પ્રક્રિયાથી વ્યક્તિ વાતાવરણ સાથેનું પોતાનું અનુકૂલન ગોઠવે છે.

(4) સંતુલન પ્રક્રિયા :

જિન પિયાજે સંતુલન પ્રક્રિયાનો વિશિષ્ટ અર્થમાં પ્રયોગ કરે છે. વ્યક્તિને પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા વાતાવરણ સાથે અનુકૂલન સાધવાની મુખ્ય જરૂરિયાત છે. તેથી તે વાતાવરણ સાથે મહત્તમ અનુકૂલન સાધવા પોતાના જ્ઞાનને ગોઠવવા માગે છે. એટલે કે, દરેક વસ્તુ માટે જગ્યા હોવી જોઈએ અને દરેક વસ્તુ તેની જગ્યાએ હોવી જોઈએ. આ પરિસ્થિતિને પિયાજે સમતુલા કહે છે.

જ્ઞાનાત્મક વિકાસની દૃષ્ટિએ જ્યારે અનુભવ વ્યક્તિના પૂર્વાનુભવ સાથે બંધ બેસતો નથી આવતો ત્યારે અસમતુલા સર્જાય છે. આ અસમતુલાને વ્યક્તિ દૂર કરવા માગે છે. એ હેતુસર તે યોજનામાં ફેરફાર કરે છે. ટૂંકમાં, નવા અનુભવ અને વર્તમાન યોજના વચ્ચેની આંતરક્રિયા દર્શાવવા માટે સમતુલાનો પ્રયોગ કરવામાં આવે છે. પિયાજેની દૃષ્ટિએ જ્ઞાનાત્મક વિકાસ, બાળકનું જ્ઞાનાત્મક તંત્ર અને બાહ્ય જગત વચ્ચે સ્થિર સમતુલાની રચના કરે છે. જ્યાં સુધી સમતુલા જળવાતી નથી, ત્યાં સુધી નવી નવી યોજનાઓ વિકસ્યા કરે છે, અને જૂની યોજનાઓમાં સુવિધા અર્થે ફેરફારો થયા કરે છે. એનો અર્થ એ થયો કે અસમતુલા સર્જાય ત્યારે અધ્યેતાને નવું શીખીને જ્ઞાનાત્મક વિકાસ સાધવાની તક મળે છે.

❑ જ્ઞાનાત્મક વિકાસની અવસ્થાઓ :

પિયાજેના મતે વિકાસની ભિન્ન ભિન્ન અવસ્થાઓમાં વિચારના માળખાઓની જટિલતામાં વધારો થાય છે, તથા વિચારણામાં પ્રત્યાવર્તન ક્ષમતા અને સંગ્રહણ ક્ષમતાનો વિકાસ એટલે જ્ઞાનાત્મક વિકાસ. પિયાજેએ જ્ઞાનાત્મક વિકાસને ચાર અવસ્થામાં વહેંચ્યું છે. આ અવસ્થાઓ આ મુજબ છે.

ક્રમ	અવસ્થા	ઉંમર	લક્ષણો
(1)	જ્ઞાનેન્દ્રિયો અને શારીરિક પ્રવૃત્તિઓ (Sensori-Motor Stage)	જન્મથી બે વર્ષ	યોજનાઓ જ્ઞાનેન્દ્રિયો અને શારીરિક પ્રવૃત્તિઓ દ્વારા વિકસે છે. નજર સામે હાજર ન હોય છતાં પદાર્થના કાયમીપણાના ખ્યાલોનો વિકાસ અને પ્રતિક્ષિપ્ત ક્રિયાઓને સ્થાને ધ્યેયલક્ષી વર્તનનો ક્રમશઃ વિકાસ.
(2)	પૂર્વ ક્રિયાત્મક (Pre-operational)	બે થી સાત વર્ષ	પદાર્થો માટે પ્રતીકોનો ઉપયોગ, સંગ્રહણ ક્ષમતાનો પ્રારંભ છતાં વિચારણામાં અહંકેન્દ્રિતા, એક જ પાસામાં વિચારણા બંધાઈ રહે, ભાષાનો વિકાસ, પ્રત્યાવર્તન ક્ષમતાનો અભાવ, અતાર્કિક વિચારણા
(3)	મૂર્ત પ્રક્રિયાત્મક (Concrete - Operational)	સાતથી અગિયાર વર્ષ	તાર્કિક વિચારણા કરી શકે, મૂર્ત અનુભવોને આધારે સામાન્યીકરણો કરી શકે, પ્રત્યાવર્તન ક્ષમતા, વિચારોની અહંકેન્દ્રિતામાં ઘટાડો, છતાં અનુભવ ન કર્યો હોય તો પરિસ્થિતિ સાથે કેવળ માનસિક રીતે કામ પાડી શકે નહિ.
(4)	ઔપચારિક-અમૂર્ત પ્રક્રિયાત્મક (Formal -Operational)	અગિયારથી વર્ષથી પુખ્તવસ્થા સુધી	અમૂર્ત વિચારણા કરી શકે, ઉત્કલ્પનાઓ રચે છે, સમસ્યાઓ વ્યવસ્થિત રીતે ઉકેલી શકે છે. માનસિક ક્રિયા કલાપો કરે છે, સંભવિત પરિણામોનો અગાઉથી વિચાર કરી શકે છે. તારુણ્યની અહંકેન્દ્રિતા.

હવે પ્રત્યેક અવસ્થાનો વિગતે પરિચય મેળવીએ.

❑ અવસ્થા પહેલી :

આ પહેલી અવસ્થા છે. તેનું નામાભિધાન-જ્ઞાનેન્દ્રિયો અને શારીરિક પ્રવૃત્તિઓની અવસ્થા-કરવામાં આવ્યું છે. તે યોગ્ય એટલા માટે છે કે આ અવસ્થામાં જન્મથી બે વર્ષનું શિશુ વાતાવરણ સાથે જ્ઞાનેન્દ્રિયો વડે આંતરક્રિયા કરે છે. તે જ્ઞાનેન્દ્રિયો વડે વાતાવરણને ઓળખે છે, અનુભવે છે તથા શારીરિક ક્રિયાઓ દ્વારા સમજણ કેળવે છે. જ્ઞાનાત્મક વિકાસની આ પ્રથમ અવસ્થા છે. આ મહત્ત્વની અવસ્થા છે. આ તબક્કા/અવસ્થામાં બાળકની પ્રાથમિક સ્તરની પરખ શક્તિ વિકસે છે. ત્યારબાદ પૂર્વાનુમાનાત્મક અનુમાનનો વિકાસ થાય છે. છેવટે નજર સમક્ષ ન હોય છતાં પદાર્થના કાયમીપણાનો ખ્યાલ વિકસે છે અને પ્રતિક્ષિપ્ત ક્રિયાઓને સ્થાને ધ્યેયલક્ષી વર્તનનો ક્રમશઃ વિકાસ થાય છે. તેથી પ્રયત્ન અને ભૂલને બદલે વિચાર પ્રધાન આયોજિત અભિગમનો વધુ ઉપયોગ કરે છે. આ અવસ્થા દરમિયાન યોજનાનું સ્વરૂપ બનવા લાગે છે.

❑ અવસ્થા બીજી :

આ અવસ્થાનું નામ છે પૂર્વ પ્રક્રિયાત્મક અવસ્થા. કેટલાક તેને પૂર્વ માનસિક ક્રિયાત્મક વિચાર અવસ્થા પણ કહે છે. આ અવસ્થા 02 થી 07 વર્ષ દરમિયાન રહે છે. અલબત્ત, આ અવસ્થામાં બાળક તાર્કિક વિચારણા કરી શકતું નથી. તેમ છતાં આ અવસ્થા દરમિયાન બાળકો ચિહ્નો, સંકેતો, પ્રતીકો કે સંજ્ઞાઓની મદદથી વિચાર કરી શકે છે. વિચાર પ્રક્રિયાનો વિકાસ થાય છે. પરિણામે ભૂતકાળના અનુભવોનો વર્તમાનને સમજવામાં લાભ લઈ શકે છે. અહીં તાર્કિક

વિચારણા નહિ થઈ શકવાનું કારણ પિયાજે એ આપે છે કે, આ અવસ્થા દરમિયાન બાળક અહંકેન્દ્રી વધુ હોય છે, તે એકાંક્ષી-એકાંગી રીતે વિચારી શકે છે. તેનું પદાર્થનું પ્રત્યક્ષીકરણ અધૂરું હોય છે. તે પદાર્થનાં વિવિધ પરિમાણો જોઈ શકતું નથી કે વિચારી શકતું નથી. તેનામાં પ્રત્યાવર્તન ક્ષમતાનો અભાવ હોય છે.

❑ **અવસ્થા ત્રીજી :**

પિયાજે તેને મૂર્ત પ્રક્રિયાત્મક અવસ્થા કહે છે. તે સાતથી અગિયાર વર્ષ દરમિયાનના સમયગાળા માટે હોય છે. અહીં બાળક હવે કિશોર થઈ ગયું હોય છે. તે હવે તાર્કિક વિચાર કરી શકે છે, પૂરતું પ્રત્યક્ષીકરણ કરી શકે છે. તે વર્ગીકરણ-સંયોગીકરણ જેવી ઉચ્ચતરની માનસિક પ્રક્રિયાઓ કરી શકે છે. આ અવસ્થામાં તે યોજનાઓને વધુ સ્થિર અને વધુ પૂર્ણ કરી શકે છે. તેણે જે પદાર્થનો પ્રત્યક્ષ અનુભવ કર્યો હોય તેના વિશે તાર્કિક વિચારણા કરી શકે છે. આ અવસ્થા મૂર્ત પ્રતિક્રિયાઓની અવસ્થા હોય છે. તેને જેનો પ્રત્યક્ષ અનુભવ ન થયો હોય તો તેવી પરિસ્થિતિ સાથે માનસિક રીતે કામ પાર પાડી શકતો નથી. અલબત્ત, આ અવસ્થા દરમિયાન અહંકેન્દ્રિયતા ઘટી હોય છે તેથી હવે બીજાના દૃષ્ટિકોણ સ્વીકારતો થાય છે.

❑ **અવસ્થા ચોથી :**

આ અવસ્થાને પિયાજે અમૂર્ત પ્રતિક્રિયાત્મક અવસ્થા કહે છે. આ સૌથી લાંબી અવસ્થા છે. તેનો સમયગાળો અગિયારથી પુખ્તાવસ્થા સુધી લંબાય છે. આમેય તે તરુણાવસ્થાનો સમય છે. અહીં તેની વિચારશક્તિ વધુ વિકસે છે. તે હવે અનુભવ ચાહે પ્રત્યક્ષ હો યા પરોક્ષ પરત્વે અમૂર્ત પ્રતિક્રિયા વ્યક્ત કરી શકે છે. તેને હવે વિચાર માટે નક્કર કે મૂર્ત અનુભવની જરૂર નથી. તે હવે કાર્ય અને પરિણામ અંગે ધારણાઓ- ઉત્કલ્પનાઓ (Hypothesis) રચી શકે છે. સમસ્યા ઉકેલ કાર્યમાં પણ વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા લાગે છે. તે આડેધડ નિર્ણયો લેતો નથી. બલકે તે નિરીક્ષણ, પ્રયોગ, અજમાયશ કરીને પછી નિર્ણય લે છે. જ્ઞાનાત્મક વિકાસની આ શ્રેષ્ઠ અવસ્થા છે.

પિયાજેના જ્ઞાનાત્મક વિકાસના સિદ્ધાંતની વ્યાપક રીતો સ્વીકૃતિ થઈ છે, પરંતુ તે મર્યાદામુક્ત નથી જ. તેની મર્યાદાઓ આ મુજબ છે.

9.4 પિયાજેના જ્ઞાનાત્મક વિકાસના સિદ્ધાંતની મર્યાદાઓ :

(1) કેટલાક મનોવિજ્ઞાનીઓના મતે પિયાજેના જ્ઞાનાત્મક વિકાસ સિદ્ધાન્તમાં બાળકોની માનસિક શક્તિઓ - કલ્પના, સર્જનાત્મકતા વગેરેને સ્થાન નથી અને માનસિક શક્તિઓના સ્વીકાર માટે ઘણાં કડક ધોરણો રાખ્યાં છે. ઘણી વખત પિયાજેએ સૂચવેલ ધોરણો કરતાંય વધુ શક્તિશાળી જોવા મળે છે.

(2) આ સિદ્ધાંતમાં તરુણોની માનસિક શક્તિઓ અંગે વધુ ઉદાર ખ્યાલ રજૂ થયો છે. અમૂર્ત વિચારણા કરવાની શક્તિ અંગે વધુ પડતો વિશ્વાસ દર્શાવાયો છે. સંશોધનનાં તારણો જણાવે છે કે, કૉલેજોના પ્રથમ વર્ષના અધ્યેતાઓમાંથી 25 થી 30 % અધ્યેતાઓ અમૂર્ત વિચાર કરી શકતા નથી.

(3) પિયાજેનો વિશ્વાસ હતો કે, વ્યક્તિના જ્ઞાનાત્મક વિકાસની ગતિ વધારી શકાતી નથી. એ તો ક્રમશઃ જ આગળ વધે છે. આ વિશ્વાસ પણ બેબુનિયાદ સિદ્ધ થયો છે. સંશોધનોએ તારવી આપ્યું છે. જ્ઞાનાત્મક વિકાસનો વેગ વધારી શકાય છે.

(4) પિયાજેએ જુદી જુદી સંસ્કૃતિમાં ઉછરતા, વૃદ્ધિ પામતાં બાળકોના જ્ઞાનાત્મક વિકાસ વિશે વિચાર્યું જ નથી. જ્ઞાનાત્મક વિકાસ ઉપર સંસ્કૃતિની અસર નોંધાઈ છે.

9.5 જ્ઞાનાત્મક વિકાસ સિદ્ધાંતના શૈક્ષણિક ફલિતાર્થો :

પિયાજેએ જ્ઞાનાત્મક વિકાસના ક્ષેત્રે પાયાનું કામ કર્યું છે. તે ઘણું ઉપયોગી છે. તેના શૈક્ષણિક ફલિતાર્થો આ મુજબ છે.

(1) જ્ઞાનાત્મક વિકાસ દર પર વ્યક્તિગત તફાવતોની અસર પડે છે. તેથી શિક્ષણકાર્ય દરમિયાન અધ્યેતાઓની અધ્યયન વિકાસ કક્ષાને લક્ષમાં રાખી શિક્ષણ યોજના, TLM વગેરે પ્રયોજી શકાય.

(2) પિયાજેએ દરેક અવસ્થામાં અધ્યેતા કરી શકે તેવી પ્રવૃત્તિઓ સૂચવી છે, તો તે પ્રમાણે શિક્ષણ આયોજન કરી શકાય.

(3) અધ્યેતાઓમાં અસંતુલન પેદા કરી શકે તેવા ઉદ્દીપનો પૂરા પાડવા જોઈએ કારણ કે જ્ઞાનાત્મક વિકાસ અસંતુલન દૂર કરવાના પ્રયત્નો દ્વારા થાય છે.

(4) અધ્યેતાઓના પૂર્વાનુભવને શિક્ષણ કાર્ય દરમિયાન લક્ષમાં રાખવા. તથા પૂર્વાનુભવ સાથે નવા અનુભવને અચૂકપણે સાંકળવા. જ્ઞાનાત્મક યોજનાઓ તેની પુરોગામી યોજનામાંથી જ જન્મે છે, વિકસે છે.

(5) બાળકો પુખ્ત વ્યક્તિઓની જેમ વિચારી શકતાં નથી, તેથી શિક્ષકે પુખ્ત વયના લોકોના દૃષ્ટિકોણથી બાળકોની વિચારણાને ન મૂલવવી જોઈએ.

(6) અધ્યેતાને શીખવો નહિ, શીખવા દો. પ્રવૃત્તિ દ્વારા અધ્યયન અભિગમ અપનાવો.

❊ સ્વાધ્યાય ❊

પ્ર.1 આઠથી દસ વાક્યોમાં જવાબ આપો. (વિસ્તારથી જવાબ લખો)

(1) જ્ઞાનાત્મક વિકાસ અંગેની પાયાની પ્રક્રિયાઓ સમજાવો.

(2) પિયાજે સૂચિત જ્ઞાનાત્મક વિકાસની અવસ્થાઓનો ટૂંકમાં પરિચય આપો.

(3) પિયાજેના જ્ઞાનાત્મક વિકાસની મર્યાદાઓ ગણાવો.

(4) જ્ઞાનાત્મક વિકાસ સિદ્ધાંતના શૈક્ષણિક ફલિતાર્થો જણાવો.

પ્ર.2. ટૂંકનોંધ લખો

(1) જ્ઞાનાત્મક વિકાસની સંકલ્પના

(2) મૂર્ત પ્રક્રિયાત્મક અવસ્થા

(3) આત્મસાતીકરણ

પ્રકરણ 10 તંદુરસ્ત બાળપણ

10.1 પ્રસ્તાવના

10.2 સ્વસ્થ બાળકની સંકલ્પના

10.3 પોષક આહારની સંકલ્પના

10.4 સ્વાસ્થ્ય માટેની આવશ્યક પ્રવૃત્તિઓ

10.5 બાળકનો વિકાસનો અધિકાર

10.6 બાળ સંરક્ષણ અને તેમાં સમાજની ભૂમિકા

❊ સ્વાધ્યાય

10.1 પ્રસ્તાવના :

આજનું બાળક એ આવતી કાલનું નાગરિક છે. તેથી દેશનું ભવિષ્ય એ બાળકના પર્યાપ્ત વિકાસ પર આધાર રાખે છે. દેશ અને દુનિયામાં આ કારણે જ સ્વસ્થ બાળપણ માટે ચિંતા સેવવામાં આવે છે અને તેને પરિણામે સંયુક્ત રાષ્ટ્ર સંઘથી માંડીને વિવિધ રાષ્ટ્રોએ પણ કાયદાકીય જોગવાઈ કરીને વિવિધ સંસ્થાઓ તથા સંગઠનો દ્વારા બાળ સ્વાસ્થ્ય માટે અથવા તો બાળકના સ્વસ્થ વિકાસ માટે પ્રયત્નો કરવામાં આવે છે.

10.2 સ્વસ્થ બાળકની સંકલ્પના :

અહીં સ્વાસ્થ્યને બે સંદર્ભમાં જોવામાં આવે છે. (1) બાળકની તંદુરસ્તી. તેનો સંબંધ બાળકના શારીરિક આરોગ્ય સાથે જોડાયેલો હોય છે. પરંતુ આપણે સૌ જાણીએ છીએ કે, જેનું મન તંદુરસ્ત તેનું તન તંદુરસ્ત. તેથી સ્વસ્થ બાળકની સંકલ્પનામાં માનસિક તંદુરસ્તીનો પણ સમાવેશ કરવામાં આવે છે. (2) માનસિક સ્વાસ્થ્ય. સ્વસ્થ બાળકની સંકલ્પનામાં શરીર ઉપરાંત મનનો સમાવેશ થાય છે. મનની સ્વસ્થતા એ સ્વસ્થ બાળકનું બીજું પરિમાણ છે.

આ બે પરિમાણોને આધારે સ્વસ્થ બાળકની સંકલ્પના આ મુજબ રજૂ થઈ શકે. સ્વસ્થ બાળક એટલે જે બાળકનું શરીર તંદુરસ્ત હોય ((WHO) સંસ્થાએ માન્ય કરેલ શારીરિક તંદુરસ્તીના ધોરણ મુજબ) તથા માનસિક રીતે સ્વસ્થ અને તેનો પૂરો વિકાસ થયો હોય તેવું બાળક.

10.3 પોષક આહારની સંકલ્પના :

રાષ્ટ્રીય પોષક આહાર સંસ્થાન (નેશનલ ઈન્સ્ટિટ્યુશન ઑફ ન્યુટ્રેશન, હૈદરાબાદ) તરફથી અવાર-નવાર પોષક આહાર સંબંધિત માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવે છે. તદ્અનુસાર પોષક આહાર એટલે બાળકની શારીરિક ક્ષમતાના વિકાસ માટે જરૂરી એવાં વિટામીન, પ્રોટીન, ખનીજ તત્ત્વો, કાર્બોદિત, ચરબી વગેરે જેવાં તત્ત્વોનો યોગ્ય માત્રામાં સમાવેશ કરતો આહાર. બાળકના વૃદ્ધિ અને વિકાસ માટે દૂધ, ઘી અને તેલ, શિંગ તથા અન્ય કઠોળ વગેરેનું યોગ્ય માત્રામાં સંમિશ્રણ.

પોષક આહાર અંગે NIN દ્વારા જે ભલામણો થઈ છે, તે આ મુજબ છે.

(1) વિવિધ પ્રકારનો ખોરાક લેવો. પરંતુ સંતુલિત આહાર હોવો જોઈએ.

(2) ઘરે બનાવેલ અર્ધ પ્રવાહી ખોરાક લેવો.

(3) બાલ્યાવસ્થા અને કિશોરાવસ્થા દરમિયાન પર્યાપ્ત માત્રામાં અને યોગ્ય ખોરાક લેવો.

(4) ખૂબ વધારે ખાવું નહિ.

(5) તૈલી પદાર્થોનો ઓછો ઉપયોગ કરો.

(6) રસોઈ બનાવવાની પદ્ધતિ આરોગ્યપ્રદ હોવી જોઈએ.

(7) તૈયાર અને જંકફૂડથી દૂર રહો.

પોષક આહાર એ શરીરની વૃદ્ધિ અને વિકાસ પર સીધી અસર કરે છે. પોષક આહાર શારીરિક કાર્યો તથા જીવનકાર્યો કરવા માટે જરૂરી છે. દરેક ઉંમર, જાતિ અને શારીરિક સ્ટેટસ મુજબ પોષક આહારની સંકલ્પના બદલાતી હોય છે, છતાં સંતુલિત આહારની સંકલ્પના નીચેની આકૃતિમાં દર્શાવી છે.



10.4 સ્વાસ્થ્ય માટેની આવશ્યક પ્રવૃત્તિઓ :

સ્વાસ્થ્યની પ્રાપ્તિ અને જાળવણી માત્ર આહારથી થઈ શકતી નથી. એમ હોત તો તો મધ્યમવર્ગ તથા ઉચ્ચ મધ્યમવર્ગના લોકો તંદુરસ્ત જ હોત ને ! બિમાર થતા જ ન હોત ને. પરંતુ અવલોકન એવું છે કે બિમારીનું સામ્રાજ્ય એ વર્ગના લોકો પર વધુ છવાયેલું રહે છે. ગરીબ અને મજદૂર વર્ગના લોકો અપેક્ષાકૃત ઓછા બિમાર પડે છે. એ દર્શાવે છે કે, માત્ર આહારથી જ તંદુરસ્તી મેળવી શકાતી નથી. એ ઉપરાંત કેટલીક પ્રવૃત્તિઓ પણ જરૂરી હોય છે. એ પ્રવૃત્તિઓ નીચે મુજબ હોય શકે છે.

❑ **પ્રવૃત્તિઓ :**

(1) શારીરિક વ્યાયામ :

તેની અંતર્ગત અંગકસરતો, યોગ અને પ્રાણાયામ, દોડ અને ચાલ જેવી બાબતોનો સમાવેશ થાય.

(2) ખેલકૂદ :

મહત્ત્વની બાબત છે. તે શારીરિક તથા માનસિક આનંદ દેનારી બાબત છે. રમતો બે પ્રકારની હોય છે.

(i) મેદાની રમતો : ખોખો, કબડ્ડી, ક્રિકેટ, હોકી, વૉલીબોલ, વગેરે.

(ii) રૂમમાં રમાતી રમતો : ચેસ, બેડમિન્ટન, કેરમ, પ્લેનકાર્ડઝ

(3) પરંપરાગત રમતો :

પક્કડદાવ, ગિલ્લીદંડા, લખોટા, થપ્પો, ખજાનાની શોધ, વગેરે પરંપરાગત રમતો પણ શિક્ષક રમાડી શકે.

(4) **શેરી રમતો :**

આટાપાટા, ઊભી ખો, ટપલીદાવ વગેરે

આ અને આવી રમતો દ્વારા બાળકોની તંદુરસ્તી તથા સ્વાસ્થ્યમાં વૃદ્ધિ કરી શકાય છે.

10.5 બાળકનો વિકાસનો અધિકાર :

બેશક, બાળકો કોઈપણ રાષ્ટ્રનું અમૂલ્ય ધન છે. બાળવિકાસ એ એટલું જ મહત્ત્વનું છે. જેટલું મહત્ત્વ રાષ્ટ્રીય ભૌતિક સામગ્રીનો વિકાસ, માનવસંસાધન વિકાસ અંતર્ગત બાળવિકાસનો વિચાર થવો જોઈએ. ભારત વિશ્વના તમામ રાષ્ટ્રોમાં બાળમાનવ વસતિની દૃષ્ટિએ પ્રથમ ક્રમે છે. તે વિશ્વના અન્ય કોઈપણ દેશ કરતાં વધુ બાળમાનવ વસતિ ધરાવે છે. બાળકલ્યાણ અને બાળ વિકાસ માટે ભારત દેશે નોંધપાત્ર પ્રયત્નો કર્યા છે. તેમાં પણ બાળકોના મૂળભૂત અધિકારો બાબતે જબરું કામ કર્યું છે. તેમ છતાં હજુ ઘણું કરવાનું બાકી પણ છે. આ દેશે બાળકોની મૂળભૂત જરૂરિયાતની આપૂર્તિ માટે વ્યાજબી ચિંતા સેવી છે, તેમ જ પગલાં ભર્યાં છે. વારંવાર કમિટીઓ નીમીને અહેવાલો, ભલામણો મેળવી છે. અફસોસ એ છે કે, દરેક વખતે બાળકી અંગેના વિચારો ઓછા થયા છે.

ભારતના મહાન બંધારણે બાળકોને આ મુજબના બાળ અધિકારો પ્રદાન કર્યા છે.

(1) બંધારણની ધારા 14 અનુસાર દરેકને (અબાલવૃદ્ધ સૌને) કાયદા સમક્ષ સમાન ગણવામાં આવે તથા સૌને કાયદાકીય સરખું રક્ષણ મળશે.

(2) ધારા 15(3) મુજબ સ્ત્રી અને બાળકોના કલ્યાણ માટે રાજ્ય ખાસ વધારાની સવલત ઊભી કરી શકશે.

(3) ધારા 21 મુજબ કાયદાકીય જોગવાઈ અનુસાર સિવાય કોઈ વ્યક્તિની પોતાની જિંદગી અથવા વ્યક્તિગત સ્વાતંત્ર્ય પર તરાપ મારી શકશે નહીં.

(4) ધારા 21 A મુજબ રાજ્ય સરકારોએ 06 થી 14 વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ માટે કાનૂન કરીને પણ આપવાનું રહેશે.

(5) ધારા 23 અનુસાર કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા બાળ મજૂર કે માનવ વેપાર કે હેરાફેરી કરી શકશે નહીં.

(6) ધારા 24 અનુસાર 14 વર્ષથી નીચેની ઉંમરના બાળકને કારખાનામાં, ખાણમાં કે એવા સેકટરમાં નોકર તરીકે રાખી શકાશે નહિ.

(7) ધારા 25 અનુસાર બાળકને તેના આત્માને અનુસરવાનો, વ્યવસાયનો પ્રેક્ટિસ કરવાનો તથા ધર્મ સ્વીકારવાનો અધિકાર મળે છે.

(8) ધારા 39 (ઈ) અને (એફ) બાળકને કોઈપણ પ્રકારના શોષણ પછી તે વૈચારિક હોય કે ભૌતિક શોષણથી મુક્ત રાખવાની રાજ્યની જવાબદારી નક્કી કરે છે. તેનું આત્મસન્માન - આત્મ ગૌરવ જળવાઈ રહે તેવી સવલતો પૂરી પાડવાની જવાબદારી રાજ્ય સરકારની ઠેરવે છે.

(9) ધારા 45 અનુસાર રાજ્ય સરકારે શૈશવાવસ્થાની કાળજી અને શિક્ષણની વ્યવસ્થા કરવાની રહેશે.

આ સિવાય કેટલાક બાળરક્ષણ અંગેના કાયદાઓ પણ કેન્દ્ર સરકારે કર્યા છે, તે આ મુજબ છે :

(1) સન્ 1929માં બાળલગ્ન ગેરકાયદેસર ઠરાવતો કાયદો પસાર કરેલો.

(2) સન્ 1956માં અનૈતિક બાળ હેરાફેરી પ્રતિબંધક કાયદો ઘડવામાં આવેલો છે.

(3) સન્ 1956માં બાળકો તથા કિશોરોને હાનિ પહોંચે તેવા પ્રકાશનો પર પ્રતિબંધનો કાયદો પસાર થયેલો.

(4) સન્ 1986માં બાળમજૂરી અટકાવવાનો કાયદો કરેલ.

(5) સન્ 1990માં ગાર્ડિયન એન્ડ વોર્ડસ એકટ પાસ થયેલો.

(6) સન્ 1992માં નવજાત શિશુ માટે માતાના દૂધના વિકલ્પમાં બોટલ દ્વારા દૂધ પૂરું પાડવાનો તથા શિશુ આહાર માટે કાયદો પસાર કરેલો.

(7) સન્ 1994માં ગર્ભ પરીક્ષણ (જાતિ પરીક્ષણ) અટકાવવાનો કાયદો ઘડ્યો હતો.

(8) સન્ 1995 ખોડ ખાંપણ ધરાવતાં બાળકોને પણ સમાન તક, તેના અધિકારોના રક્ષણ તથા સંપૂર્ણ સહભાગિતા માટે કાયદો ઘડ્યો હતો.

(9) સન્ 2000માં કાંચી ઉંમરના બાળકોના ન્યાય માટે (કેર એન્ડ પ્રોટેકશન એકટ) પસાર કરેલો.

(10) સન્ 2005માં બાળ અધિકારોના રક્ષણ માટે કમિશન્સનો કાયદો ઘડાયેલો.

આ રીતે બાળ અધિકારો અને તેના રક્ષણ માટે જુદા જુદા સમયે કાયદાઓ ઘડવામાં આવેલા.

10.6 બાળ સંરક્ષણમાં સમાજની ભૂમિકા :

જો બાળક સમાજનો પાયો ગણાતો હોય તો તેના સંરક્ષણની જવાબદારી પણ સમાજની જ બને. બાલ્યાવસ્થા તેના આરંભે પરાવલંબનની અવસ્થા છે, ઉત્તર બાલ્યાવસ્થામાં પણ તેની સમજણ એટલી વિકસેલી હોતી નથી તેથી તેને વિશેષ રક્ષણની જરૂર રહે છે. તેમાંય કન્યાબાળ માટે તો ખાસ સંરક્ષણની જરૂર રહે છે. સરકાર કાયદા ઘડી શકે છે, પણ સ્વાર્થી સમાજ તેના લીરેલીરા ઉડાડતો જોવા મળે છે ત્યારે શિક્ષિત સમાજની જવાબદારી વધી જાય છે. આવો, આપણે સમાજના વિવિધ અંગોની બાળસંરક્ષણની જવાબદારી જાણીએ.

(1) માતા-પિતા :

બાળઉછેરની મુખ્ય જવાબદારી માતાપિતાની છે. તેમના વર્તન વ્યવહારો જેન્ડર ભેદ દર્શાવે તેવા ન હોવા જોઈએ. એટલું જ નહિ, તે બાળકનો પૂરતો વિકાસ થાય માટે તેમના આહાર-વિહાર વગેરે વિશે વધારે સાવધ રહેવું જોઈએ. બાળકોની જરૂરિયાત પૂરી પાડવા પોતાના બજેટમાં ફેરફાર કરવો પડે તો પણ એ માટે તૈયાર રહેવું જોઈએ. જ્યારે પણ બાળ અધિકાર ઉપર કોઈ તરાપ મારતું જણાય તો તેના રક્ષણ માટે કાર્યવાહી કરવી જોઈએ.

(2) શિક્ષક :

ઉત્તર બાલ્યાવસ્થામાં બાળક શાળાએ જતું થાય છે. શાળા તો બાળકના સર્વાંગીણ વિકાસ માટે કાર્ય કરતી સંસ્થા છે, ને શિક્ષક તેની મુખ્ય ધરી છે. તેના અધ્યાપન વ્યવહારો લોકશાહી મૂલક હોવા જોઈએ, જેથી બાળ અધિકારોનું રક્ષણ થાય. તેણે બાળકો માટે ફ્રેન્ડ, ફિલોસોફર એન્ડ ગાઈડની ભૂમિકા અદા કરવાની છે.

શાળા સર્વાંગીણ વિકાસ માટેનો રંગમંચ છે. બધાં બાળકોને સમાન તક મળે, આદર મળે તે પ્રમાણે શિક્ષણનું અને શિક્ષણેત્તર પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ.

શાળા અને શિક્ષણ બાળ વિકાસની ઊર્જા છે.

※ સ્વાધ્યાય ※

પ્ર.1 આઠથી દસ વાક્યોમાં જવાબ લખો.

(1) સ્વસ્થ શૈશવની સંકલ્પના સ્પષ્ટ કરો.

(2) બાળ અધિકારોનો વિકાસ દર્શાવો.

(3) બાળ અધિકારોના રક્ષણમાં સમાજની ભૂમિકા સમજાવો

પ્ર.2 ટૂંકનોંધ લખો

(1) બાળ સ્વાસ્થ્ય માટેની આવશ્યક પ્રવૃત્તિઓ

(2) પોષક આહારની સંકલ્પના

એકમ - 2

પ્રકરણ 11 તરુણાવસ્થા

11.1 પ્રસ્તાવના

11.2 તરુણાવસ્થાની સંકલ્પના

11.3 ભારતીય સંદર્ભમાં તરુણાવસ્થાનાં લક્ષણો

11.4 તરુણાવસ્થા વિકાસના તબક્કા : આર્થિક-સામાજિક સ્થિતિ, (રાજકીય અને સાંસ્કૃતિક ચલોના સંદર્ભમાં)

❋ સ્વાધ્યાય

11.1 પ્રસ્તાવના :

'કદમ જ્યાં જ્યાં ધરીશું ત્યાં
મનોહર બાગ સર્જીશું.
અમે વેરાન ધરતી પર
વિહરવાનું નથી શીખ્યા'

આ છે તરુણોનું ખમીર ... આ છે તરુણોનું જોશ ... જીવન વિકાસની શ્રૃંખલાની એક કડી આ અવસ્થા. જીવન શ્રૃંખલાની આ કડીનું ઘણું મહત્ત્વ છે. જીવનમાં અને સમાજમાં જે કંઈ નવસર્જન થયું છે, ક્રાન્તિઓ થઈ છે તેમાં તરુણોનું યોગદાન કમ નથી રહ્યું, એમ ઈતિહાસ કહે છે. બહુ દૂર જવાની કે જોવાની જરૂર નથી. આઝાદી પૂર્વેની આઝાદી માટેની લડત યાદ કરો. ભગતસિંહ, ચન્દ્રશેખર, રામપ્રસાદ બિસ્મિલ અને અશફાકલ્લૂલાંખાન જેવા કેટલાયે લબરમૂછિયા તરુણોએ જીવસટોસટીની બાજી ખેલી હતી. ખેર, આ અવસ્થાનું અનેરું મહત્ત્વ છે, તેથી જ શિક્ષકે આ અવસ્થાને સુપેરે સમજવી જરૂરી છે. આ અવસ્થાને સમજવી એટલે શું ?

આ અવસ્થામાં તરૂણના શારીરિક વિકાસ, માનસિક વિકાસ, સામાજિક વિકાસ, નૈતિક વિકાસ, વગેરે જેવાં વિવિધ પરિમાણોમાં થતો વિકાસ. વળી તે જુદા જુદા જનજાતીય ચલો જેવા કે સામાજિક આર્થિક સ્થિતિ, રાજકીય અને સાંસ્કૃતિક પરિવેશના સંદર્ભમાં તરુણોના વિકાસની તરેહો જાણવી.

આવો, જીવન ઊર્જાથી ઊભરાતા અને મનોમન અનેક પ્રકારના સંઘર્ષો અનુભવતા તરુણોને રૂબરૂ મળીએ....

11.2 તરુણાવસ્થાની સંકલ્પના :

લેટિન ભાષાનો એક શબ્દ છે Adolecer, જેનો અર્થ થાય છે. 'વૃદ્ધિ પામવી કે પ્રૌઢતા ધારણ કરવી.' આ પરથી Adolescent અને Adolescence શબ્દો આવ્યા છે. જેમના અર્થ અનુક્રમે તરુણ અને તારુણ્ય કે તરુણાવસ્થા થાય છે. આ અવસ્થાને તરુણાવસ્થા, કુમારાવસ્થા કે પ્રૌગંડાવસ્થા તરીકે પણ ઓળખવામાં આવે છે. આમ મૂળ લેટિન શબ્દના અર્થ મુજબ જોઈએ તો, તરુણાવસ્થામાં શારીરિક અને માનસિક પુખ્તતાનો સમાવેશ થઈ જાય છે. હવે આપણે તરુણાવસ્થાને તેની વિવિધ વ્યાખ્યાઓના સંદર્ભમાં સમજીએ.

❋ **વ્યાખ્યા :**

❋ *"It is a period in the life of the individual which begins at the end of the childhood and ends in the beginning of youth"*

– *Jones and Simpson*

"તરુણાવસ્થા પ્રત્યેક વ્યક્તિના જીવનનો એવો કાળ છે કે જે કિશોરાવસ્થાના અંતમાં શરૂ થાય છે, અને યુવાવસ્થાના પ્રારંભમાં સમાપ્ત થાય છે."

❋ "તારુણ્ય એ જીવનની વસંત છે. આ એક એવી અવસ્થા છે કે જ્યારે વ્યક્તિ નથી બાળક હોતી કે નથી પ્રૌઢ."

– ડૉ. પાન્ડે

❋ "તારુણ્ય એ તમામ સામાજિક વર્ગોના યુવક–યુવતીઓના સમૂહમાં બનતી પ્રાકૃતિક સહજ ઘટના છે અને તે મુખ્યત્વે આધુનિક સભ્યતા અને સંસ્કૃતિની પેદાશ છે."

– *Encyclopedia of Psychology*

❋ "તારુણ્ય એ ભૌગોલિક, સામાજિક અને ભવિષ્યના આયામો પર ઝડપથી વિસ્તરતું જીવન ફલક છે."

– કર્ટલેવિન

❋ "તારુણ્ય એ વ્યક્તિની બાલ્યાવસ્થાથી શરૂ કરીને પુખ્તતા સુધીના સમયને વિકસિત કરતી અને આકારિત કરતી અવસ્થા છે."

– જર્સિલ્ડ

આમ, કિશોરાવસ્થાથી યુવાવસ્થામાં પ્રવેશ પામવાનો સમગ્ર સંક્રાંતિકાળ એ તારુણ્ય, તરુણાવસ્થા, કુમારાવસ્થા કે પ્રૌગંડાવસ્થા છે. હોલિંગવર્થ આ તબક્કાને નિજશોધ (finding oneself) ના ગાળા તરીકે ઓળખાવે છે.

❋ "તારુણ્યનો સમય એવો છે કે તે દરમ્યાન વ્યક્તિ પોતાને સાચી રીતે ઓળખતાં શીખે છે, તેમજ પોતાને શું લાગે છે, તેનું સચોટ ભાન તેને થવા લાગે છે."

– ફ્રિડનબર્ગ

❋ "તરુણ એટલે તારક. તારે તે તરુણ"

– વિનોબાજી

❋ "તારુણ્ય સમુ પવિત્ર બીજું કશું નથી. આપણે ત્યાં તારુણ્ય એ દેવોનો ગુણ મનાયો છે. દેવો તરુણ રહે છે, તેઓ ક્યારેય વૃદ્ધ થતા નથી; ક્યારેય મરતા નથી."

– દાદા ધર્માધિકારી

❋ "મનોવિજ્ઞાનીઓ દ્વારા ઘણા વખત સુધી ઉપદેશ આપ્યા પછી છેવટે એ વાત વ્યાપક રીતે સ્વીકારવામાં આવેલ છે કે શૈક્ષણિક દૃષ્ટિએ તરુણાવસ્થાનું ખૂબ મહત્ત્વ છે."

– વેલેન્ટાઈન

ડૉ. પાન્ડેય પોતાના મહાનિબંધની ભૂમિકામાં દર્શાવે છે કે "તારુણ્ય વ્યક્તિના જીવનનો એટલો મહત્ત્વનો ગાળો છે કે તેને ઉવેખી શકાય નહિ. કેળવણીની દૃષ્ટિએ આ ખૂબ મહત્ત્વનો ગાળો છે. તરુણના શિક્ષણ ક્ષેત્રમાં વિવિધ

માર્ગો અને સાધનોના સંદર્ભમાં સુધારો લાવવા માટે આ અવસ્થાને સમજવી જરૂરી છે. તરુણની જરૂરિયાતો અને રસ પર આધારિત ન હોય તેવી શૈક્ષણિક પ્રવૃત્તિઓ ફળદાયી બની શકે નહિ."

મહાપુરૂષોનાં જીવન-ચરિત્રો અને આત્મકથાઓ વાંચતાં એ ખ્યાલ આવી જાય છે કે તેમના ઉદાત્ત જીવનની સિદ્ધિનો પાયો તેમની તરુણાવસ્થામાં જ નંખાઈ ચૂકેલો હોય છે. આ સમયગાળાનું વાતાવરણ તેમને જાગૃત પુરુષાર્થ અને સિદ્ધિમાર્ગે દોરી જતું હોય છે. વળી તરુણાવસ્થામાં બાળ અપરાધોની સંખ્યા વિશેષ જોવામાં આવે છે. શાળામાંથી ભાગી જવાથી માંડીને ચોરી, દાદાગીરી અને છેડતી જેવી સમસ્યાઓ તેઓ ઊભી કરે છે. આથી એમને સારી રીતે સમજીને યોગ્ય વ્યવહાર અને અધ્યયન અનુભવો પૂરા પાડવા માટે પણ આ કાળનો ઊંડો અભ્યાસ કરવો આવશ્યક છે.

આમ તો આપણે આગળ જોયું તેમ તરુણાવસ્થા અગિયારમા વર્ષથી શરૂ થઈ એકવીસમા વર્ષ સુધી વિસ્તરેલી છે, પરંતુ આ અવસ્થાને તેનાં લક્ષણોને આધારે ચાર ભાગમાં વહેંચવામાં આવે છે, જે નીચે મુજબ છે.

1. **પૂર્વ તરુણાવસ્થા :** છોકરીની વય 11 થી 12 વર્ષની હોય તથા છોકરાની વય 13 થી 14 વર્ષની હોય તે અવસ્થાને પૂર્વ તરુણાવસ્થા કહેવામાં આવે છે.
2. **પ્રારંભિક તરુણાવસ્થા :** છોકરીની વય 13 થી 14 વર્ષની હોય તથા છોકરાની વય 15 થી 16 વર્ષની હોય તે અવસ્થાને પ્રારંભિક તરુણાવસ્થા કહેવામાં આવે છે.
3. **મધ્ય તરુણાવસ્થા :** છોકરીની વય 15 થી 17 વર્ષની હોય તથા છોકરાની વય 17 થી 18 વર્ષની હોય તે અવસ્થાને મધ્ય તરુણાવસ્થા કહેવામાં આવે છે.
4. **ઉત્તર તરુણાવસ્થા :** છોકરીની વય 18 થી 21 વર્ષની હોય તથા છોકરાની વય 19 થી 21 વર્ષની હોય તે અવસ્થાને ઉત્તર તરુણાવસ્થા કહેવામાં આવે છે.

ઉપર દર્શાવેલા વયવિસ્તારને શિથિલ અર્થમાં સમજવો જોઈએ. ભૌગોલિક સ્થાન, આબોહવા, જાતીયતા, સંસ્કૃતિ વગેરે પરિબળો પણ તરુણાવસ્થાની સમયાવધિ પર અસર કરે છે. વળી કોઈ અવસ્થા ક્રમશઃ શરૂ થતી નથી, પરંતુ

આગલી અવસ્થાના ઉત્તરાર્ધની સાથે તેના પછીની અવસ્થાના પૂર્વાર્ધનો આરંભ થઈ ચૂક્યો હોય છે. વ્યક્તિગત ભિન્નતાની અસર પણ સમયાવધિ પર થાય છે. Encyclopedia of Psychology માં છોકરાઓ માટે તરુણાવસ્થાની સમયાવધિ 15 થી 21 વર્ષ અને છોકરીઓ માટે 13 થી 21 વર્ષની દર્શાવેલ છે.

11.3 ભારતીય સંદર્ભમાં તરુણાવસ્થાનાં લક્ષણો :

તરુણો અને તરુણીઓનાં તરુણાવસ્થાનાં લક્ષણો વિશે આપણે અગાઉના પ્રકરણમાં જોઈ ગયા છીએ. અહીં આપણે તરુણાવસ્થાનાં લક્ષણો દર્શાવતાં કેટલાંક નોંધપાત્ર વિધાનો જોઈએ.

1. **તારુણ્ય એ માનવજીવનનો સંક્રાંતિકાળ છે :** કુમારાવસ્થામાંથી યુવાવસ્થામાં પરિવર્તન થતી વ્યક્તિ માટે તારુણ્ય એ સંક્રાંતિકાળ છે. આ સમયગાળામાં કોઈ તેને બાળકમાં ખપાવે તે તેને ગમતું નથી, તો પુખ્ત અને યુવાન વ્યક્તિની જેમ જવાબદારી અદા કરવાની તેનામાં ક્ષમતા, શ્રદ્ધા કે વિશ્વાસ નથી.

2. **તારુણ્ય એ અસ્થિરતાનો ગાળો છે :** તરુણ આ તબક્કે વિવિધ બાબતે અસ્થિર હોય છે. બાળપણની આદતો તે છોડી શકતો નથી અને નવી પ્રૌઢ આદતો તે અપનાવી શકતો નથી. ક્યારેક કોઈ કાર્યમાં સફળતા મળતાં તેને પોતાનામાં શ્રદ્ધા જાગે છે, પણ તે પછીથી કેટલીક બાબતોમાં ધારી સફળતા ન મળતાં તેને પોતાની જાતમાં જાગેલી શ્રદ્ધા ઓસરી જાય છે. આમ તેનામાં સાંવેગિક અસ્થિરતા પેદા થાય છે, જેને પરિણામે ઉદાર વ્યવહાર કરતો તરુણ ગમે ત્યારે સ્વાર્થી વર્તન કરવા લાગી જાય છે. એના સામાજિક સંબંધોમાં પણ ફેરફારો થયા કરે છે.

3. **તરુણાવસ્થા એ પ્રશ્નાવસ્થા છે :** પુખ્ત થતા જતા તરુણની સમક્ષ અનેક પ્રશ્નો આવીને તેને સતાવે છે. શારીરિક અને જાતીય બાબતે તેનામાં પરિવર્તનો આવે છે, તેથી તેના મનમાં અનેક પ્રશ્નો પેદા થાય છે. વિજાતીય આકર્ષણનો સહજ સંતોષ લેવા જતાં સામાજિક રૂઢિઓ પ્રશ્નાર્થ બનીને સામે આવે છે. તેનો માનસિક વિકાસ થતાં તેની તર્કશક્તિ ખીલે છે અને તે વિવિધ બાબતો અંગે તર્ક કરવા લાગી જાય છે, પરિણામે તેના મનમાં જાગતી વિવિધ

જિજ્ઞાસાઓ તેને સતાવે છે. અભ્યાસ, વ્યવસાય તેમજ સામાજિક ક્ષેત્રે સ્વનિર્ભર કેવી રીતે થવું તે પ્રશ્નનો જવાબ શોધવા તે મથે છે. આમ તેના મનમાં ઊભી થતી પ્રશ્નોની હારમાળાને લીધે તરુણાવસ્થાને પ્રશ્નાવસ્થા પણ કહેવામાં આવે છે.

4. **તારુણ્ય એ કટોકટીનો ગાળો છે :** તરુણ જેમ જેમ પુખ્તતા તરફ પ્રયાણ કરે છે તેમ તેમ તે પોતાની સમસ્યાઓ ઉકેલવા માટે એકલો પડતો જાય છે. આમ થવાથી પોતાના જીવનમાં તે કટોકટીનો અનુભવ કરે છે. આ તબક્કે તેનું વર્તન વિચિત્ર બની જાય છે. તેના આ પ્રકારના વર્તન વૈચિત્ર્યને કારણે વડીલોને પણ તેનું વર્તન કટોકટીભર્યું જણાય છે. તેની વર્તન વિચિત્રતાઓને કારણે તેને વડીલોનું સહાનુભૂતિભર્યું માર્ગદર્શન મળતું નથી. આમ થવાથી તે મૂંઝાય છે અને તેની કટોકટી વધુને વધુ તીવ્ર થતી જાય છે.

5. **તારુણ્ય એ પ્રચંડ પરિવર્તનનો ગાળો છે :** તરુણાવસ્થામાં થતા શારીરિક ફેરફારો અને તેમાંયે મુખ્યત્વે જાતીય ફેરફારો તો વાસ્તવમાં કોઈપણ તરુણ કે તરુણીને હચમચાવી મૂકે એવા પ્રચંડ હોય છે. આની સાથો-સાથ માનસિક તેમજ સામાજિક બાબતે પણ વ્યક્તિનું વલણ તદ્દન નવીન વળાંક લે છે.

6. **તરુણાવસ્થા એ સંદિગ્ધ અવસ્થા છે :** તરુણ માટે સંદિગ્ધતાની સ્થિતિ ઊભી થવા માટે તેના વડીલો વધારે જવાબદાર છે. તરુણનું બાલસહજ વર્તન જોવા મળે તો તે વડીલોનો ઠપકો પામે છે, એટલું જ નહિ, પરંતુ તે પ્રૌઢ જેવું વર્તન કરવા જાય તો વડીલો તરફથી ઠપકાપાત્ર બને છે. વડીલોનો આવો સંદિગ્ધ વ્યવહાર તરુણને અત્યંત મૂંઝવે છે.

7. **તારુણ્ય એ તોફાન, ઝંઝાવાત અને તીવ્ર ખેંચતાણનો ગાળો છે :** તરુણના જીવનમાં પ્રશ્નો પેદા થતાં તેનામાં જે અકળામણ પેદા થાય છે, તે જ્યારે જ્યારે તેના સંવેગો સાથે સંકળાય છે, ત્યારે તરુણ માનસિક ખેંચતાણનો અનુભવ કરે છે. એમાંથી રાહત મેળવવા

કેટલાક તરુણો અસામાજિક વ્યવહાર કરી બેસે છે. તરુણના મનમાં ચાલતાં તોફાનો અને ઝંઝાવાતો ભીતરી હોય છે. તે હંમેશાં દૃશ્ય સ્વરૂપે જણાતાં નથી, પરંતુ આ પ્રકારની માનસિક ખેંચતાણની અવસ્થા વત્તા-ઓછા પ્રમાણમાં તેઓ અવશ્ય અનુભવે છે.

❋ **હવે આપણે ડો. પાન્ડેએ જણાવેલી તરુણાવસ્થાની લાક્ષણિકતાઓ જોઈએ :**

❋ તરુણાવસ્થા એ એક એવો તબક્કો છે કે જેમાં તરુણ-તરુણીએ પોતાના ભવિષ્ય અંગે અભ્યાસ, વ્યવસાય, લગ્ન વગેરે બાબતે પસંદગી કરી લેવાની હોય છે.

❋ તરુણો અને તરુણીઓનાં જાતીય અંગોનો વિકાસ થતાં તેઓ જાતીય આનંદ પ્રાપ્ત કરવા માટે પ્રેરાય છે, પરંતુ આ અંગે તેમને સામાજિક નિયંત્રણ અવરોધે છે. તેનાથી તેમનામાં વર્તન વૈચિત્ર્યો જન્મે છે. ઘણીવાર પોતાના કઢંગા વ્યવહારથી તેઓ હાસ્યાસ્પદ બને છે. આથી તેઓ અકળાય છે. તેમનામાં સંઘર્ષ અને અસંતોષ પેદા થાય છે, જેનાથી ત્રાસીને તેઓ આ અવસ્થામાંથી છૂટકારો ઇચ્છે છે.

❋ તરુણો અને તરુણીઓએ પોતાની વર્તનભાત પોતાના પર્યાવરણને અનુરૂપ ઘડવાની હોય છે, પરંતુ એ રીતે અનુકૂલન સાધવામાં તેમને મુશ્કેલી પડે છે.

❋ બધાં જ તરુણો અને તરુણીઓમાં એક જ બાબતે એક સરખા વ્યવહારની અપેક્ષા રાખી શકાય નહિ. તેમનામાં એક સરખી લાક્ષણિક્તાઓ પણ હોઈ શકે નહિ. દરેક તરુણ-તરુણીને પોતાનું અનેરું વ્યક્તિત્વ હોય છે.

❋ **તરુણનો અર્થ :**

તરુણ એ જાતિવાચક નામ છે. રમેશ પણ તરુણ હોય અને યોસેફ પણ તરુણ હોય, રુસ્તમ પણ તરુણ હોય અને મગન પણ તરુણ હોય. જહાનવી પણ તરુણી હોય અને રેશ્મા પણ તરુણી હોય છે.

જીવન વિકાસના એક તબક્કે કિશોરાવસ્થાના ઉત્તરાર્ધે સંક્રાન્તિકાળ શરૂ થાય છે ત્યારે વેરાન ધરતીને મનોહરબાગમાં ફેરવવાની ખ્વાહીશ જાગે છે. આગળ-પાછળનો વિચાર કરવાની ફૂરસદ નથી, ઉમદા હેતુ માટે કંઈ કરી છૂટવાની તલપ ઊઠે છે. આ અવસ્થામાં રાચતો વ્યક્તિ એટલે તરુણ. આ અવસ્થા વિશેષનું પ્રતિનિધિત્વ કરનાર જીવાત્માનું નામ છે તરુણ.

સંત વિનોબા તરુણનો અર્થ બહુ માર્મિક રીતે આપે છે : 'જે તારે તે તરુણ. તરુણ એટલે તારક' આ અભિપ્રાયનો શબ્દાર્થ અને વ્યંજનાર્થ વિચારશો તો પણ તમને તરુણનો સાચો પરિચય મળી જશે.

બીજું પદ છે-તારુણ્ય કે તરુણાવસ્થા, તારુણ્ય જીવનની એક અવસ્થાનું નામ છે, તેને તરુણાવસ્થા કહે છે. મનોવિજ્ઞાન - સમાજમનોવિજ્ઞાનની દૃષ્ટિએ જીવનમાં આ અવસ્થાનું ખૂબ મહત્ત્વ છે.

તારુણ્ય માટે લેટિન ભાષામાં Adulecer શબ્દ પ્રયોજાય છે. Adulecer એટલે વૃદ્ધિ પામવી, કે પ્રૌઢતા ધારણ કરવી. આ શબ્દ પરથી Adolescent શબ્દ બન્યો છે. તે પ્રમાણે જે વૃદ્ધિ પામે છે અથવા પ્રૌઢતા ધારણ કરવાની દિશામાં આગળ વધે છે તેને તરુણ કહી શકાય. તારુણ્યની જુદા જુદા વિકાસાત્મક મનોવિજ્ઞાનીઓએ **પરિભાષાઓ** આપી છે, તે જાણીએ ....

❋ ભારતીય મનોવિજ્ઞાની ડૉ. પાંડે તારુણ્યને આ રીતે પરિભાષિત કરે છે : તારુણ્ય એ જીવનની વસંત છે. આ એક એવી અવસ્થા છે કે જ્યારે વ્યક્તિ નથી બાળક હોતું કે નથી પ્રૌઢ.

❋ પાશ્ચાત્ય મનોવિજ્ઞાની કર્ટ લેવિન કહે છે : 'તારુણ્ય એ ભૌગોલિક, સામાજિક અને ભવિષ્યના આયામો પર ઝડપથી વિસ્તરતું જતું જીવન ફલક છે.'

❋ વિકાસાત્મક મનોવિજ્ઞાની જર્શિલ્ડ તારુણ્યને આ રીતે પરિભાષિત કરે છે: 'તારુણ્ય એ વ્યક્તિની બાલ્યાવસ્થાથી શરૂ થઈને પુખ્તતા સુધીના સમયને વિકસિત કરતી અને રૂપાકાર પ્રદાન કરતી અવસ્થા છે.'

જ્ઞાનકોશગત તારુણ્યનો અર્થ આ મુજબ થાય છે.

❋ એનસાઈકલોપીડિયા ઑફ સાયકોલોજી અનુસાર, તારુણ્ય એ તમામ સામાજિક વર્ગોના યુવક - યુવતીઓના સમૂહમાં બનતી પ્રાકૃતિક સહજ ઘટના છે અને તે મુખ્યત્વે આધુનિક સભ્યતા અને સંસ્કૃતિની પેદાશ છે.

❋ ભારતીય શબ્દ મીમાંસા રજૂ કરતા શબ્દસાર સંગ્રહમાં તારુણ્ય વિષે આ મુજબની નોંધ છે : તારુણ્ય એ તમામ સામાજિક વર્ગોનાં પાત્રોનાં (એકમોમાં, વ્યક્તિઓમાં) સમૂહમાં બનતી કુદરતી ઘટના છે.

આ બધી પરિભાષાઓ, અર્થોના સારરૂપે તારવી શકાય કે તરુણાવસ્થા અને બાળકમાંથી કિશોર થયા પછી કિશોરમાંથી યુવાન થવા સુધીનો સંક્રાન્તિ કાળ છે. આ અર્થને ઝીણવટથી તપાસીએ તો આ શબ્દ તારુણ્ય એ શારીરિક તથા માનસિક વિકાસની પુખ્તતા સુધીનાનો નિર્દેશ આપે છે. મનોવિજ્ઞાનના સારસંગ્રહમાં આ અવસ્થાનો સમય ગાળો કુમારો માટે 15 થી 21 વર્ષનો અને કુમારીઓ માટે 13 થી 21 વર્ષનો દર્શાવ્યો છે. અલબત્ત, સામાજિક, ભૌગોલિક અને સાંસ્કૃતિક પર્યાવરણનો ફેરફાર પણ આ સમયગાળામાં ફેરફાર કરે છે. ભારત જેવા ઉષ્ણ કટિબંધના દેશોમાં તારુણ્યનો આરંભ 10 કે 11 વર્ષથી શરૂ થઈ જાય છે, અને તે 18 વર્ષ કે તેથી વધુ સુધી હોય છે. જ્યારે શીત કટિબંધમાં વસતા સમાજમાં આ અવસ્થાની શરૂઆત 11 કે 12 વર્ષથી મોડી થાય છે. ટૂંકમાં, તરુણાવસ્થામાં પ્રવેશતાં તરુણ - તરુણીઓ હજી તો કિશોરાવસ્થાના અંતિમ વર્ષોમાં જીવતાં તરુણ તરુણીઓમાં જ્યારે ઝડપથી તારુણ્યનાં લક્ષણો દેખાવા માંડે છે ત્યારે તેઓ મૂંઝવણ અનુભવતાં થઈ જાય છે. આવો તારુણ્યનાં લક્ષણો જાણીએ

❋ તરુણાવસ્થાનાં લક્ષણો :

વિકાસ અને વૃદ્ધિ વ્યક્તિના વર્તનમાં પ્રગટે છે. તેથી તરુણાવસ્થાનાં લક્ષણો પણ તે આધારિત હોય તે સ્વાભાવિક છે. તદ્અનુસાર તરુણાવસ્થાનાં લક્ષણો આ મુજબ છે.

(1) ગૌણ તેમજ મુખ્ય જાતીય અવયવોનો પૂરો વિકાસ, તે હવે પ્રજનનક્ષમ બન્યા હોય છે.

(2) માનસિક દૃષ્ટિએ પણ મહત્તમ વિકાસ, હવે તે તર્ક, સ્મૃતિ જેવાં બૌદ્ધિક કાર્યો કરે છે.

(3) તરુણાવસ્થાની શરૂઆતે તરુણોની ઊંચાઈ તરુણીઓ કરતાં વધુ હોય છે, પરંતુ તરુણાવસ્થાના મધ્યાહ્નમાં તરુણીઓ ઊંચાઈની બાબતમાં આગળ વધી જાય છે.

(4) ભારતીય સમાજમાં કિશોરાવસ્થાના ઉત્તરાર્ધથી જ વ્યક્તિમાં તરુણ - તરુણીઓનો તારુણ્યકાળ દૃષ્ટિગોચર થવા લાગે છે. પરંતુ માતા-પિતાનાં નિયંત્રણો તેમની પસંદગીમાં અવરોધક બને છે. આ સ્થિતિમાં તેઓ માનસિક સંઘર્ષ અનુભવે છે.

(5) હવે તે વિજાતીય મૈત્રી ઝંખે છે, ને સજાતીય મંડળીમાંથી વિજાતીય મંડળીમાં સ્થાન પ્રાપ્ત કરવા મથે છે.

(6) પોતાનાં સામાજિક કર્તવ્યો - દાયિત્વો સમજીને સમાજમાન્ય વર્તન તરાહો સભાનતાપૂર્વક ગોઠવે છે.

(7) ભારતમાં મોટે ભાગે સંયુક્ત પરિવારો હોય છે. સંયુક્ત પરિવારના પોતાનાં આગવાં ધારા-ધોરણો અને નીતિ-નિયમો હોય છે. કેટલીકવાર આ બાબત તરુણ-તરુણીને સ્વતંત્રતાપૂર્વક નિર્ણય લેવામાં અવરોધક બને છે, તેથી તે ગૂંગળામણ અનુભવે છે.

(8) કિશોરાવસ્થામાં જે રુચિઓ હતી તે હવે બદલાય છે. વાચન સિનેમા - શૃંગાર અને પ્રસાધન વધુ ગમે છે. અરીસા સામે લાંબો વખત સુધી ઊભા રહેવું, સ્વ સાથે વાતચીત કરવાનું, હવે વધુ ગમે છે.

(9) અવનવા તરંગોથી તરુણ - તરુણીઓનું મન છલકાઈ ઊઠે છે. તેઓ ઘણું ખરું દિવાસ્વપ્નમાં રાચે છે.

(10) સમાજ સેવા તથા કંઈક કરી છૂટવાની લાગણી તીવ્ર બને છે. આ સંદર્ભે નેતૃત્વ લેવાનું ગમે છે.

(11) ભારતીય સંસ્કૃતિ અને સમાજ કંઈક અંશે રૂઢિવાદી રહ્યાં છે. પરિણામે સામાજિક અને સાંસ્કૃતિક કેટલીક પરંપરાઓનું પાલન કરવાનું તરુણો - તરુણીઓ પર સીધું કે પ્રછન્ન દબાણ રહેતું હોય છે, જે તેમને ગમતું હોતું નથી.

(12) ઘરમાં વડીલોની અને શાળામાં શિક્ષકોની ઇચ્છાઓને માન આપતા રહીને તેઓની સ્થિતિ ત્રિશંકુ જેવી થઈ જાય છે. કોઈ કહે હજુ તું નાનો / નાની છે, હજુ તું આ ન કરી શકે. જ્યારે કોઈ કહે, આમ જ કરવું પડશે, તું હવે મોટો /મોટી થઈ. પરિણામે તેના મનમાં અવઢવ સર્જાય છે. તેની નકારાત્મક અસર તેના વ્યક્તિના વિકાસ પર પડે છે.

(13) ભારતીય તરુણ-તરુણી આ અવસ્થામાં ઘરની બહાર પોતાના સમવયસ્કોની સાથે રહેવાનું પસંદ કરે છે.

(14) આ અવસ્થામાં જનરેશન ગેપ વધુ જોવા મળે છે. વડીલો અને મોટેરાંઓના વિચારો, માન્યતાઓ અને પસંદ - નાપસંદથી તરુણ-તરુણીઓની પસંદ-નાપસંદ તદ્દન જુદી હોય છે. વિચાર અને માન્યતાઓમાં પણ જમીન-આસમાનનો તફાવત હોય છે. તેથી તેઓ વડીલો, મા-બાપો કે મોટેરાંઓ સાથે સુખ-દુઃખની ભાગીદારી કરી શકતાં નથી.

(15) ભારતીય તરુણ-તરુણીઓમાં આ અવસ્થા દરમિયાન તરુણોને મૂંછનો દોરો ફૂટે છે, ગાલ પર દાઢી ઊગે છે તથા તેમના જાતીય અંગોમાં શુક્રગ્રંથિઓ, શિશ્ન, શુક્રવાહિની તેમજ પ્રોસ્ટેટ ગ્રંથિનો વિકાસ થાય છે. જ્યારે તરુણીઓના જાતીય અંગોમાં બીજાશય, બીજ વાહક નલિકાઓ, ગર્ભાશય અને યોનિનો વિકાસ થાય છે. તરુણીઓને આ અવસ્થામાં રજસ્રાવ શરૂ થાય છે તથા સ્તન પ્રદેશની વૃદ્ધિ થાય છે.

(16) ઉક્ત જાતીય અંગોના વિકાસને પરિણામે તે વિજાતીય આકર્ષણ અનુભવે છે. પરંતુ સામાજિક નિયંત્રણો અને કેટલાક અવરોધોને પરિણામે એ આકર્ષણ ફળીભૂત થતું નથી. તેથી તેનું મન વિદ્રોહ કરવા લાગે છે. તદ્ઉપરાંત આકર્ષણની પ્રબળતાને કારણે જાતીય આનંદ પ્રત્યક્ષ રીતે માણી ન શકતાં તરુણ-તરુણીઓમાં કેટલીક જાતીય વિકૃતિઓ જન્મે છે.

(17) ભારતીય તરુણોને ધંધાકીય રુચિઓમાં વધારે રસ દેખાય છે, જ્યારે પશ્ચિમી જગતના તરુણો સાહસિક કાર્યો કરવા વધુ પ્રેરાય છે.

11.4 તરુણાવસ્થા વિકાસના તબક્કા (જનજાતીય ચલોના સંદર્ભમાં) :

જીવન વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે. તો પણ તેને તબક્કાવાર વહેંચીને તેના વિશે વિગતે જાણી શકાય છે. તરુણાવસ્થાના ચાર તબક્કા મનોવિજ્ઞાનના સર્વસાર સંગ્રહમાં આ મુજબ દર્શાવ્યા છે :

	અવસ્થા	કન્યાની વય	કુમારની વય
1.	પૂર્વતરુણાવસ્થા	11થી 12	13 થી 14
2.	પ્રારંભિક તરુણાવસ્થા	13 થી 14	15 થી 16
3.	મધ્ય તરુણાવસ્થા	15 થી 17	17 થી 18
4.	ઉત્તર તરુણાવસ્થા	18 થી 21	19 થી 21

આ તબક્કાઓને અર્નેસ્ટ જહોન્સ, હેવિંગ હર્સ્ટ જેવા વિકાસાત્મક મનોવિજ્ઞાનીઓ પણ સમર્થન આપે છે. અર્નેસ્ટ જહોન્સના મતાનુસાર, મનુષ્ય પુખ્તતાને પહોંચવા માટે વિકાસના ચક્રમાંથી બે વખત પસાર થાય છે. આ દૃષ્ટિએ જોતાં તરુણાવસ્થા અને પુખ્તાવસ્થા અનુક્રમે શૈશવાવસ્થા અને કિશોરાવસ્થાનું પુનરાવર્તન છે તેમ કહી શકાય. તારુણ્યના વિકાસના જે તબક્કાઓમાં વયમર્યાદાઓ દર્શાવી છે, તેમનો ચુસ્ત રીતે સ્વીકાર થઈ શકે તેમ નથી. કારણ કે, બાળકનું જીવન અનેક પ્રકારના જનજાતીય ચલો (સામાજિક - આર્થિક સ્તર, ભૌગોલિક પર્યાવરણ, સાંસ્કૃતિક પર્યાવરણ વગેરે) થી પ્રભાવિત થતું હોય છે. વળી, આ અવસ્થાઓ પણ એક-મેક સાથે સંકળાયેલી હોય છે. જેમકે, ઉત્તર બાલ્યાવસ્થામાં જ કેટલાંક બાળકોમાં તરુણાવસ્થાના કેટલાંક લક્ષણો દેખાવા લાગે છે.

❋ તારુણ્યમાં વિકાસનાં પરિમાણ :

(1) તરુણાવસ્થામાં શારીરિક વિકાસ :

તરુણીઓમાં તરુણની તુલનામાં શારીરિક વૃદ્ધિ વહેલી શરૂ થાય છે અને વહેલી અટકી જાય છે. એટલે કે, તરુણીઓની શારીરિક વૃદ્ધિ 15 - 16 મા વર્ષે અટકી જતી હોય છે. જ્યારે તરુણોની શારીરિક વૃદ્ધિ 19-20 વર્ષ સુધી થયા કરે છે. આ વૃદ્ધિ તેમની પિચ્યુટરી ગ્રંથિ તથા જાતીય ગ્રંથિને આભારી છે.

વજનની દૃષ્ટિએ શારીરિક વિકાસને જોઈએ તો આ અવસ્થામાં તરુણોનું વજન તરુણીઓના વજન કરતાં 10 થી 11 કિલો વધુ હોય છે. આ વજનવૃદ્ધિ તેના સ્નાયુઓ અને હાડકાંઓની વૃદ્ધિને કારણે થયું હોય છે.

ઊંચાઈની દૃષ્ટિએ પણ તરુણોની ઊંચાઈ વૃદ્ધિ 18 વર્ષ કે તેથી વધુ વય સુધી થતી રહે છે. જ્યારે તરુણીઓની ઊંચાઈ વૃદ્ધિ 16 વર્ષની વય પછી અટકી જતી હોય છે.

આ અવસ્થા દરમિયાન મસ્તકનો વિકાસ ચાલુ રહે છે, પરંતુ 15થી 16મા વર્ષે તે પૂર્ણ થઈ જાય છે. એ જ રીતે શરીરમાં અસ્થિકરણની પ્રક્રિયા પણ આ અવસ્થા દરમિયાન પૂર્ણ થાય છે. આ અવસ્થામાં હૃદયનું કદ મોટું થાય છે. આ ઉપરાંત પેટ, આંતરડાં, કાળજું વગેરે અંગોની ઝડપી વૃદ્ધિ થાય છે, ભૂખ વધુ લાગે છે ને પાચન શક્તિ સુધરે છે. ફેફસાં મજબૂત બને છે પરંતુ તરુણીઓ કરતાં તરુણના ફેફસાંની મજબુતાઈ વધુ હોય છે. તરુણોની કંઠનળીમાં ફેરફાર થાય છે. પરિણામે, તે અવાજની મૃદુતા ગુમાવે છે અને અવાજમાં કઠોરતા અને ઘોઘરાપણું વધે છે. જ્યારે તરુણીઓના અવાજમાં મધુરતા વધે છે. મજ્જાતંતુઓની વૃદ્ધિને કારણે તેમની માનસિક શક્તિઓનો વિકાસ થાય છે.

વિકાસાત્મક સંશોધનોએ એક નવું તથ્ય શોધી કાઢ્યું છે તે અનુસાર, ગઈ સદી દરમિયાન દર દશ વર્ષે વૃદ્ધિ - વિકાસની શરૂઆતનો સમય 4 માસ વહેલો થતો જોવા મળે છે. શારીરિક વૃદ્ધિ-વિકાસની બાળકના શારીરિક વિકાસ, તેનાં માતા-પિતાના શારીરિક વિકાસની તરેહને અનુસરે છે. એટલે કે, જો માતાના જીવનમાં રજોદર્શન મોડું શરૂ થયું હોય તો તેની દીકરીના જીવનમાં પણ રજોદર્શન મોડું શરૂ થઈ શકે. એવી જ રીતે જો માતા-પિતાની દૃષ્ટિ નબળી હોય અને ચશ્માધારી હોય તો બાળક પણ નબળી દૃષ્ટિવાળો ચશ્માધારી હોઈ શકે.

શારીરિક વૃદ્ધિ પર તરુણોની જાતિની સ્પષ્ટ અસર જોવા મળે છે. શારીરિક વિકાસમાં ઝડપી પરિવર્તનો આવતાં તે પોતાની જાત તરફ સભાનતા અનુભવવા લાગે છે. ક્યારેક કુતૂહલભાવ તો ક્યારેક ભય અનુભવે છે. તરુણીઓ વધુ શરમાળ બને છે. તેમનામાં રહેલું સ્ત્રૈણતત્ત્વ પ્રબળ બને છે. બંને એકાંતપ્રિય બને છે, અને સ્વૈરવિહારી બને છે.

❋ શારીરિક વિકાસ : આર્થિક-સામાજિક ચલોનો સંદર્ભ :

જીવન સામાજિક, પ્રાકૃતિક અને સામાજિક પર્યાવરણમાં વિકસે છે તેથી તેની પ્રત્યક્ષ અસર જીવન વિકાસ પર થાય છે. આનો આપણે તરુણો - તરુણીઓના શારીરિક વિકાસ પર તેની અસર નોંધીએ.

પ્રથમ જોઈએ સામાજિક - આર્થિક ચલની અસર. સામાજિક આર્થિક પર્યાવરણમાં પરિવારની આવક, કુટુંબના સભ્યોની સંખ્યા, રહેવાના મકાનની માલિકી, પરિવહનના વાહનોની સંખ્યા વગેરે ઘટકો દ્વારા પરિવારની સામાજિક આર્થિક સ્થિતિ નક્કી થાય છે. માતા-પિતાનું શિક્ષણ, વ્યવસાય, સામાજિક મોભો, જાતિ, વગેરેને આધારે સામાજિક સ્તર નક્કી થાય છે. આ માહિતીને આધારે સમાજને ત્રણ સ્તરમાં વહેંચવામાં આવે છે : જે આ મુજબ છે -

(1) ઉચ્ચ સામાજિક - આર્થિક સ્થિતિ

(2) મધ્યમ સામાજિક - આર્થિક સ્થિતિ

(3) નિમ્ન સામાજિક - આર્થિક સ્થિતિ

આ ચલને આધાર રૂપે લઈ તેમણે તરુણો-તરુણીઓના શારીરિક સ્વાસ્થ, આહાર વિષયક ટેવો, વજન અને ઊંચાઈ વગેરે અંગે સંશોધનો થયાં છે. તેનાં તારણો જાણવાથી તરુણાવસ્થા દરમિયાનના શારીરિક વિકાસ પર તેની અસર જાણી શકાય છે.

મોટા ભાગનાં સંશોધનોએ તારવ્યું છે કે નિમ્ન સામાજિક આર્થિક સ્તરના તરુણ - તરુણીઓનો શારીરિક વિકાસ ઉચ્ચ સામાજિક આર્થિક સ્તરનાં તરુણ-તરુણીઓના શારીરિક વિકાસ કરતાં ઓછો છે. એનું અર્થઘટન એવું થયું કે નિમ્ન સામાજિક- આર્થિક સ્તરના તરુણ - તરુણીઓનું વજન, ઊંચાઈ સરેરાશ કરતાં ઓછી રહે છે. તેમની આહાર-વિષયક ટેવો પણ ક્ષતિપૂર્ણ અને યોગ્ય હોતી નથી. તેમનામાં બિમારીનું પ્રમાણ વધારે, નબળાઈનું પ્રમાણ વધારે રહે છે. સ્વચ્છતા તરફ ઓછા અભિમુખ હોય છે. પોષક આહાર મળતો નથી, પરિણામે શારીરિક વિકાસ અપેક્ષા મુજબ હોતો નથી.

ટૂંકમાં, સામાજિક આર્થિક સ્થિતિના સંદર્ભમાં તારુણ્યાવસ્થામાં શારીરિક વિકાસનું ચિત્ર કદરૂપું થાય છે. આ દર્શાવે છે કે, તરુણાવસ્થામાં શારીરિક વિકાસ સામાજિક - આર્થિક સ્થિતિના સંદર્ભમાં થતો હોય છે. અલબત્ત, તેમાં જૈવિક સંદર્ભો પણ નજરમાં રાખવા જોઈએ. અંતે તો વિકાસ વંશવારસો અને પર્યાવરણથી પ્રભાવિત થતો જ હોય છે.

(2) તરુણાવસ્થામાં સાંવેગિક વિકાસ :

તરુણાવસ્થાને મનોવિજ્ઞાનીઓ લાગણીઓના વિસ્ફોટની અવસ્થા કહે છે. આ અવસ્થામાં આજપર્યન્ત જેવી જેવી લાગણીઓ તરુણ-તરુણીઓએ નથી અનુભવી એવી ચિત્રવિચિત્ર લાગણીઓ અનુભવે છે. તારુણ્ય એ પરિવર્તનનો સમયગાળો છે. શારીરિક ફેરફારો ઝડપી એટલે વર્તન અને વલણોમાં પણ ઝડપી ફેરફારો. આ અવસ્થા તીવ્ર આવેગશીલતાની અવસ્થા છે. તીવ્ર આવેગશીલતા મોટેભાગે પ્રારંભિક તરુણાવસ્થા દરમિયાન વધુ હોય છે.

તરુણાવસ્થામાં મોટેભાગે તરુણ-તરુણીઓ ભયનો સંવેગ વધુ અનુભવતા હોય છે. આનું મુખ્ય કારણ છે : શારીરિક ઝડપી ફેરફારો. જેમ કે, ઉત્તર તરુણાવસ્થા એટલે કે યૌવનની અણદીઠેલી ભોમ પર પગ માંડવાની તૈયારી. હાઈસ્કૂલમાં તરુણો પરીક્ષાથી, શિક્ષકોથી, સ્પર્ધાઓથી અને ગૃહકાર્યોથી ભય પામતા હોય છે. માતા-પિતા દ્વારા અસ્વીકાર, મિત્રોની મજાક મશ્કરી, તેની શક્તિ, બહારની જવાબદારી સોંપી દેવાની આ બધાં તરુણ - તરુણીઓના મનમાં ભયનાં કારણો છે.

❋ **તરુણોમાં ભયનો સંવેગ બે-ત્રણ રીતે અભિવ્યક્ત થાય છે :**

(1) ભયભીત તરુણનું શરીર અક્કડ થઈ જાય છે. શરીર ફિક્કું પડી જાય છે, ધ્રુજે છે અને પરસેવો વળે છે. આ અભિવ્યક્તિ તરુણોમાં વધુ જોવા મળે છે.

(2) બીજી અભિવ્યક્તિ એટલે પલાયનતા. ભયના ઉદ્દીપકથી દૂર ભાગવું. જેમ કે પરીક્ષાના ભયને કારણે પરીક્ષા દેવાનું ટાળે છે, ગૃહકાર્ય શિક્ષક માંગશે તો, એમ વિચારી શાળાએ જવાનું ટાળે છે.

(3) કેટલીક પરિસ્થિતિઓમાં તરુણ ભયના સંવેગને છૂપાવે અને વિશિષ્ટ રીતે વ્યક્ત કરે છે. કેટલીકવાર ભયના સંવેગ સાથે ગુસ્સો વ્યક્ત કરે છે તો કેટલીકવાર ભયની સામે અતિનમ્રપણું દર્શાવે છે.

તરુણાવસ્થામાં ગુસ્સો વસ્તુ કરતાં વ્યક્તિ કે પરિસ્થિતિ વડે ઉત્પન્ન થાય છે જેમ કે ઘરમાં કપડાં અને ફેશન સંબંધિત નિયમો, વડીલો દ્વારા નજીકનું અવલોકન, સાચું શું તે અંગે વડીલો અને તરુણોમાં મતભેદ, સતત રોકટોક, વધુ પડતાં નિયંત્રણો માતા-પિતાનાં લક્ષણો અને ટેવો વગેરે..... તરુણોમાં ગુસ્સો ઉત્પન્ન કરવાનાં સામાન્ય કારણો છે, તરુણ કૉલેજમાં પ્રવેશ કરે છે ત્યારે માબાપની અયોગ્ય ટીકા અને બાળક ગણીને તેની સાથે વર્તન વ્યવહાર ગુસ્સો ઉત્પન્ન કરનાર કારણો છે.

શરીર સ્વાસ્થ્ય અને તરુણના સંવેગોને નજીકનો સંબંધ છે. જે તરુણનો ભૂતકાળ ગંભીર માંદગીવાળો રહ્યો હોય તેના સંવેગોના વિકાસમાં ગરબડ રહે છે, તેના પ્રત્યેક સંવેગ નકારાત્મક રીતે વ્યક્ત થાય છે.

ગુસ્સાની જેમ પ્રેમ પણ તરુણાવસ્થાનો અગત્યનો સંવેગ છે. પ્રેમ કરવો અને પ્રેમ મેળવવો એ તદ્દન કુદરતી પ્રક્રિયા છે. સામાન્ય રીતે સંતોષમાંથી ઉદ્ભવતી લાગણીઓ ચોક્કસ વ્યક્તિ કે પરિસ્થિતિ સાથે જોડાય છે. આને પ્રેમ કહી શકાય. જે તરુણને માતાપિતાનો પ્રેમ મળ્યો હોય તે અન્યને પ્રેમ કરી શકે છે. પરંતુ જેમને બાળપણથી જ માતાપિતાના ક્રોધનો શિકાર થવું પડ્યું હોય, જેમણે આવેગાત્મક આઘાતો સહન કર્યા હોય તે અન્ય માનવ જોડે સાંવેગિક રીતે જોડાવામાં મુશ્કેલી અનુભવે છે.

તરુણાવસ્થામાં વિષમલિંગી કોઈ એક વ્યક્તિ પર પ્રેમ કેન્દ્રિત થાય છે જો કે બધા તરુણોમાં આવું બને છે, તેમ કહી શકાય નહીં. કેટલાકને સમલિંગી વ્યક્તિ જોડે પણ સ્નેહતંતુ બંધાય છે. તે વીરપૂજાનો ભાવ દાખવે છે.

ઈર્ષા મૂળે તો સામાજિક લાક્ષણિકતામાંથી જન્મે છે. ઈર્ષા એ પ્રેમ, ગુસ્સો, કે ભય, ગુમાવવાની શક્યતાઓનું સંયોજન છે. તરુણને જે વ્યક્તિ પ્રત્યે પ્રેમ છે તે વ્યક્તિ બીજી કોઈ પ્રવૃત્તિમાં સામેલ થઈ હોય તો તે પ્રવૃત્તિ ઈર્ષા જગાડે છે. તરુણમાં જ્યારે વિજાતીય સભ્યમાં રસ વિકસે છે ત્યારે તેનામાં ઈર્ષા ટોચ પર

હોય છે. તરુણમાં જયારે બીજા તરફથી ઇચ્છિત પ્રેમ, માનની તૃષ્ણા, પ્રબળ રીતે ઇચ્છિત ધ્યેયની પ્રાપ્તિમાં અવરોધ અથવા ઊણપનો ભય રહે ત્યારે ઈર્ષા ઉત્પન્ન થાય છે.

ઈર્ષાની અભિવ્યક્તિ મુખ્યત્વે શાબ્દિક કે ગણગણાટ સ્વરૂપે થાય છે. ક્યારેક તરુણ કે તરુણી બાલિશ રીતે વર્તે છે, રડે છે. તેમ છતાં ક્યારેક ઈર્ષાની અભિવ્યક્તિ શાબ્દિક હુમલા વડે પણ થતી હોય છે.

❋ સાંવેગિક વિકાસ : આર્થિક-સામાજિક ચલોના સંદર્ભે :

આર્થિક-સામાજિક પરિબળો એ માનવજીવનના ઉદ્‌ગમ બિંદુથી લઈને અંતિમ શ્વાસ સુધી વધતી-ઓછી અસર કરતા હોય છે. તરુણોનો સાંવેગિક વિકાસ તો આર્થિક-સામાજિક ચલોના સંદર્ભે થાય છે. આ સંદર્ભો સંવેગોની ઉત્પત્તિ કરતા સંવેગોની અભિવ્યક્તિને વધુ ઘડે છે એટલે કે તે સંવેગોની અભિવ્યકિતને આકાર (Shape) આપે છે. સંવેગ ઉત્પન્ન થાય તે અભિવ્યક્તિ ન થાય તો માનસિક કુંઠામાં કે બિમારીમાં પરિણમે છે. તેથી સંવેગો અંગે જનજાતીય ચલોના સંદર્ભ વિશે વિચારીએ ....

સામાજિક-આર્થિક સ્થિતિ પરિવાર, કુટુંબનું એક લક્ષણ છે. તે કુટુંબના જુદા જુદા સદસ્યો, સભ્યોના પારસ્પરિક વર્તન વ્યવહારોને અસર કરે છે. તેની અસર તરુણોના સાંવેગિક વિકાસ પર અસર કરે છે. જે કુટુંબમાં સદસ્યો પરસ્પર આદરપૂર્વક વર્તન વ્યવહાર કરતા હોય, પ્રેમભાવ રાખતા હોય, એકબીજાની જરૂરિયાત પૂરી કરવા તત્પર રહેતા હોય તેવા સામાજિક આર્થિક વાતાવરણમાં તરુણોના સંવેગોનું માર્ગાન્તીકરણ સરળતાથી થાય છે. કુટુંબમાં કલહ, તણાવ, ઈર્ષા, અભાવ અને અશાંતિનું મુખ્ય કારણ આર્થિક સંકડામણ હોય છે અથવા તો અહંકારની ભાવના હોય છે. ત્યાં તરુણોના મસ્તિષ્કમાં વિપરીત સંવેગો જન્મે છે. જે કુટુંબના સભ્યો જો તરુણ સાથે પ્રેમ, દયા, સહાનુભૂતિ તથા આદર સાથે વર્તન વ્યવહાર કરતા હોય તે તરુણનો સ્વસ્થ સાંવેગિક વિકાસ થાય છે. આ ઉપરાંત કુટુંબમાં ભાઈ-બહેનોની સંખ્યા તથા એ સંખ્યામાં તરુણનો ક્રમ પણ સંવેગોના જન્મ તથા સંવેગોની અભિવ્યક્તિ પર અસર કરે છે.

સંસ્કૃતિ એટલે પારિવારિક વાતાવરણ, આસપાસના પડોશીઓના વર્તન-વ્યવહારો, આચારવિચાર, ઉત્સવો ઉજવવાની શૈલી, આસપાસના સમાજના વ્યવહારો, માન્યતાઓ, વિશ્વાસો અને શ્રદ્ધાઓ. આમ તૈયાર થયેલું રસાયણ તે સંસ્કૃતિ. સાંસ્કૃતિક મનોવિજ્ઞાને તારવ્યું છે કે, માનવ જીવન અને સંસ્કૃતિ પરસ્પરને પ્રભાવિત કરતાં કરતાં વિકસે છે. સંવેગ એ તરુણના સાંસ્કૃતિક બોધના સંદર્ભમાં આકાર ધારણ કરે છે. લડાયક સંસ્કૃતિમાં ઉછેરલ તરુણોના સંવેગો પણ તીવ્ર હોય અને તેની અભિવ્યક્તિ આક્રમક હોય. જ્યારે કૃષક સંસ્કૃતિમાં ઉછરેલ તરુણના સંવેગોમાં મુખ્યત્વે પ્રેમ, દયા, કરુણા અને વિશ્વાસ વધુ હશે. આમ સાંસ્કૃતિક સંદર્ભ તરુણના સંવેગોના સ્વરૂપને નિર્ધારિત કરે છે.

શાળા પણ એક પ્રકારની સામાજિક સંસ્થા છે. તે પણ તેની સંસ્કૃતિ ધરાવે છે. તરુણો સાથે શિક્ષકના વર્તનવ્યવહારો, શાળા પ્રશાસનના નિયમો, શિસ્ત અંગેના ખ્યાલો, સહઅભ્યાસક પ્રવૃત્તિઓનું આયોજન વગેરે તરુણાના સાંવેગિક વિકાસને પ્રભાવિત કરે છે.

શાળા અને કુટુંબના માહોલ મુખ્યત્વે બે પ્રકારના છે : (1) લોકશાહીયુક્ત (2) સરમુખત્યારશાહી

આમ, ઉપરોક્ત અભિગમ સંપૂર્ણ સમાજને નિયંત્રિત કરે છે. તેથી તેમાં ઉછરતા તરુણના સાંવેગિક વિકાસ પર પણ નિયંત્રણ કરે છે. સરમુખત્યારશાહીમાં સ્વાતંત્ર્ય માટેના પ્રેમનો આવેગ પ્રબળ હોવા છતાં તરુણ માટે તેને અભિવ્યક્ત કરવાનું મુશ્કેલ બને છે.

(3) આર્થિક-સામાજિક ચલોના સંદર્ભમાં સામાજિક વિકાસ :

મનુષ્ય સામાજિક પ્રાણી એટલા માટે છે કે તેમાં જન્મથી જ સામાજિક ગુણોનો વિકાસ થતો હોય છે. તરુણાવસ્થામાં તરુણ વ્યક્તિ તરફથી સમષ્ટિ તરફ ગતિ કરે છે સ્વ તરફથી પર તરફ ઢળે છે. આ વ્યવસ્થામાં તેનો જાતિબોધ તીવ્ર હોય છે. પરિણામે તરુણ - તરુણી પરસ્પર આકર્ષણ અનુભવે છે. જાતજાતનાં વસ્ત્રો, હેરસ્ટાઈલ, મેકઅપ, હાવભાવ, ચેન-ચાળા વગેરે કરીને બીજાનું ધ્યાન આકર્ષિત કરવા સભાનતાપૂર્વક પ્રયાસ કરે છે. જેમ જેમ નજીક આવતા જાય છે તેમ તેમ યૌન સંબંધ સ્થાપિત કરવાની કામના (તીવ્ર ઇચ્છા) જાગે છે. ત્યારે સામાજિક વ્યવહારોની ચાવી યૌન સંબંધી જરૂરિયાતની પૂર્તિ અને અરમાનોના હાથમાં જતી રહે છે.

આ સંવેગ પર નિયંત્રણ લાદે છે - કુટુંબનાં ધારાધોરણ, સામાજિક માન્યતાઓ અને સાંસ્કૃતિક ધોરણો. પરિણામે તરુણ કે તરુણીને પોતાના જાતીય આવેગોને જબરદસ્તી નિયંત્રણમાં રાખવા પડે છે. પશ્ચિમી સંસ્કૃતિ અને પૌર્વાત્ય સંસ્કૃતિની ભેદક રેખા જ અહીં છે. ત્યાં તમામ પ્રકારનાં સ્વાતંત્ર્યો પ્રજાજનો માણે છે, તેથી જાતીય આવેગોની અભિવ્યક્તિ પર નિયંત્રણ ઓછાં છે. ભારતમાં જાતીય આવેગોના ઊર્ધ્વીકરણ પર ભાર મૂકવામાં આવે છે.

જે પરિવારમાં નીતિ-અનીતિના ખ્યાલો કડક હોય છે તે ઘરના તરુણો સામાજિક વિકાસમાં જાતીય બોધ ભારે અસર કરે છે.

તરુણોનો સામાજિક વિકાસ તરુણો સાથેના માતાપિતાની વર્તન તરેહ પર આધાર રાખે છે. એલ્ડરે માતાપિતાની સાત વર્તન-તરેહો રજૂ કરી છે, તે આ મુજબ છે.

(1) **આપખુદી વર્તન તરેહ** : કુટુંબની સંપૂર્ણ સત્તા માબાપ પોતાના હાથમાં રાખે છે.

(2) **સત્તાવાહી વર્તન તરેહ** : તરુણના પોતાના વિચાર રજૂ કરી શકે પણ આખરી નિર્ણય માતા-પિતાના હાથમાં.

(3) **લોકશાહી વર્તન તરેહ** : માતા-પિતા અને તરુણ વચ્ચે મુક્ત ચર્ચા થાય. તરુણ કેટલાક નિર્ણયો લે પરંતુ માતાપિતા નિર્ણય લેવાની બાબતમાં સમાન અધિકાર ધરાવે છે.

(4) **સમતુલિત વર્તન તરેહ** : તરુણના વર્તન અંગે તરુણ અને માતાપિતા નિર્ણય લેવાની બાબતમાં સમાન અધિકાર ધરાવે છે.

(5) **ઉદારવર્તન તરેહ** : તરુણના વર્તન અંગે નિર્ણય લેવામાં તરુણ પોતે વધારે સક્રિય હોય છે, પરંતુ મા-બાપના અભિપ્રાયને આદર આપવામાં આવે છે.

(6) **હસ્તક્ષેપ રહિત વર્તન-તરેહ** : તરુણ માતાપિતાની ઇચ્છાઓ અવગણવા સંપૂર્ણ મુક્ત હોય છે. તરુણ પોતાના વર્તન અંગે આખરી નિર્ણય લેવામાં સંપૂર્ણ સત્તા ધરાવે છે.

(7) **અવગણનાત્મક વર્તન-તરેહ** : માતાપિતાએ તરુણના વર્તનને નિયંત્રિત કરવા કે દિશાસૂચન કરવાનો પ્રયત્ન છોડી દીધો હોય છે.

આ વર્તન તરેહોમાં માતા-પિતાનું વલણ, માન્યતાઓ, તરુણ અંગેની સમજ, લોકશાહી વલણ વગેરે તરુણોના સામાજિક વિકાસ પર અસર કરે છે. જે કુટુંબમાં આપખુદીવર્તન તરેહ હોય ત્યાં તરુણને અનુકૂલનના પ્રશ્નો વધુ હોય, જ્યાં સત્તાવાહી વર્તન તરેહ છે, ત્યાંના તરુણને અપાનુકૂલનની સમસ્યા સતાવે છે. આ તરુણો પોતાની શાળામાં, મિત્રવૃન્દમાં પણ સમસ્યાઓ સર્જે છે. પરંતુ જ્યાં લોકશાહી વર્તન તરેહ છે તેવા કુટુંબમાં ઉછરેલ તરુણને અનુકૂલનના પ્રશ્નો ખાસ નડતા નથી. તેઓ માતાપિતા સાથે પ્રશ્ન અંગે નિખાલસ ચર્ચા કરી શકે છે તેથી વૈફલ્ય ઓછું અનુભવે છે. સામાજિક જવાબદારીમાંથી તેઓ છટકવાની કોશિષ કરતા નથી, બલકે જવાબદારી અદા કરવામાં આનંદ અનુભવે છે. તેમનો સામાજિક વિકાસ સ્વસ્થ હોય છે.

ટૂંકમાં, ઘરનું વાતાવરણ આપખુદ, અવિશ્વાસભર્યું અને અસ્વીકૃતિ દર્શાવતું હોય ત્યાં ઉછરેલ તરુણમાં ગુનાહિતતા વધુ જોવા મળે છે. માતાપિતા ઉપરાંત પરિવારના અન્ય સદસ્યોના વર્તન વ્યવહારોથી પણ તરુણનો સામાજિક વિકાસ પ્રભાવિત થાય છે.

સામાજિક વિકાસ શૂન્યાવકાશમાં થઈ શકતો નથી. એ માટે સમાજ જરૂરી છે. સમાજ એટલે એક વિસ્તારમાં કે એક પ્રદેશમાં વસતા લોકોનો સમૂહ, અથવા એક જ ધર્મ, જ્ઞાતિ કે વ્યવસાયના લોકોનું જૂથ. આવા સમૂહ સાથે તરુણોની આંતરક્રિયાઓને કારણે તેના સામાજિક વિકાસની તરેહ ઘડાય છે. તરુણનું સામાજિકરણ એટલે તેનો સામાજિક વિકાસ. તરુણનું સામાજિકરણ કેવું થશે તે સમાજના સ્વરૂપ પર આધાર રાખે છે. સમાજને પોતાની એક સંસ્કૃતિ પણ હોય છે. આ સંસ્કૃતિ એક સમાજની બીજા સમાજથી ભિન્નતા દર્શાવે છે. ભારતીય સમાજ અને પશ્ચિમી દેશના સમાજ વચ્ચે આ ભિન્નતા રહેલી છે. તેથી તે બન્ને સમાજના તરુણોની સામાજિક વિકાસમાં ભિન્નતા દેખાય છે. પશ્ચિમના દેશોમાં જ્ઞાતિ પ્રથા નથી, પરંતુ ત્યાં કાળા-ધોળા (રંગભેદ) તથા અમીર-ગરીબ વચ્ચે સંઘર્ષો ચાલ્યા કરે છે. જ્ઞાતિઓની

જડ વ્યવસ્થા છે. તરુણે તે પાળવી પડે છે. વ્યવસાય અર્થે, શિક્ષણ અર્થે તેણે અન્ય જ્ઞાતિઓના સભ્યો જોડે વર્તન - વ્યવહારો કરવા પડે છે, સંબંધો બાંધવા પડે છે, ત્યારે તરુણો માનસિક સંઘર્ષ અનુભવે છે.

ઈરિક્સને દર્શાવેલી પાંચમી અવસ્થામાં તરુણ ઓળખ વિરુદ્ધ મૂંઝવણમાંથી જાગૃત રીતે પોતાની ઓળખને દૃઢ કરે છે. પુખ્તાવસ્થા દરમિયાન છેલ્લી ત્રણ અવસ્થાએ વ્યક્તિ ગાઢ સંબંધ સર્જનાત્મકતા અને પરિપૂર્ણતા પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ રહે છે. તરુણોનો સામાજિક વિકાસ, કુટુંબ, મિત્રવૃન્દ, સમાજ, સંસ્કૃતિ અને રાજકીય નીતિ રીતિઓના સંદર્ભે થતો હોય છે.

❋ આર્થિક-સામાજિક ચલોના સંદર્ભમાં બૌદ્ધિક વિકાસ :

બુદ્ધિ વિશે મનોવિજ્ઞાનીઓના દૃષ્ટિકોણો જુદા જુદા છે. તેથી એ ચર્ચામાં ન પડતાં અહીં બુદ્ધિનો તારવેલો અર્થ જોઈએ, (1) અનુભવમાંથી શીખવાની કે સમજવાની શક્તિ, જ્ઞાન પ્રાપ્ત કરવાની અને તેને જાળવવાની તથા જરૂરિયાત પ્રમાણે તેનું ઉપાયોજન કરવાની શક્તિ, માનસિક શક્તિ.

સાંવેગિક બુદ્ધિ એટલે જીવનમાં, સંબંધમાં કે વ્યવસાયમાં સફળતા કે નિષ્ફળતા નક્કી કરતી અગત્યની ક્ષમતાઓ. તેનાં પાંચ ક્ષેત્રો છે, સ્વ-જાગૃતિ, સ્વપ્રેરણ, સ્વનિયંત્રણ, સમાનુભૂતિ અને સંબંધોમાં અનુકૂલન પર આધારિત વ્યવહારુ કૌશલો શીખવવાની વ્યક્તિની સમર્થતા.

અલબત બુદ્ધિક્ષમતા જન્મજાત છે તેથી તેનો વિકાસ આનુવંશિકતાના સંદર્ભે થાય છે. તેમ છતાં સંશોધનોએ પૂરવાર કર્યું છે કે આનુવંશિકતા સિવાયના કેટલાંક જનજાતીય ચલોના સંદર્ભમાં પણ બૌદ્ધિક વિકાસ થાય છે. એ પરિબળોમાં મુખ્ય જાતિ (Race), બંધારણીય પરિબળો (રાજકીય માહોલ) પ્રારંભિક અવસ્થામાં મળેલ પ્રોત્સાહન, સમાજ અને સંસ્કૃતિ.

સામાન્ય રીતે બુદ્ધિનો મહત્તમ વિકાસ બાળપણમાં જ થઈ જતો હોય છે. તરુણાવસ્થા પહેલાં મોટા ભાગનો બૌદ્ધિક વિકાસ થઈ ચૂક્યો હોય છે.

❋ આર્થિક-સામાજિક ચલોના સંદર્ભમાં જ્ઞાનાત્મક વિકાસ :

જ્ઞાનાત્મક વિકાસ અંગે અગાઉના પ્રકરણમાં વિગતે ચર્ચા થઈ ચૂકેલ છે. તેથી અહીં જનજાતીય ચલોના સંદર્ભમાં તરુણોના જ્ઞાનાત્મક વિકાસની વાત કરવામાં આવી છે. વિગોટ્સ્કીએ જ્ઞાનાત્મક વિકાસ પર જનજાતીય ચલોની અસરની ચર્ચા

કરી છે. તે પૈકીના સમાજ અને સંસ્કૃતિ એમ બે ચલ / પરિબળો તેમણે તારવ્યા છે. તે માટે તેમણે બે પરિમાણો : (1) ભાષા અને અંગત બોલી (2) સમવયસ્કોની ભૂમિકા ધ્યાનમાં લીધી અને તારવ્યું કે ભાષા અને બોલી તથા સમવયસ્કોની ભૂમિકાના સંદર્ભે વ્યક્તિનો જ્ઞાનાત્મક વિકાસ થાય છે. હવે તેને વિગતે તપાસીએ....

❋ ભાષા :

વિગોટ્સ્કીની દૃષ્ટિએ ભાષા જ્ઞાનાત્મક વિકાસ માટે ખૂબ જ અગત્યનું ઉપકરણ છે. તે વિચારોને વ્યકત કરવાનું તથા પ્રશ્નો પૂછવાનું ઉપકરણ પૂરું પાડે છે. એટલું જ નહિ, વિચાર માટે પણ ભાષા અનિવાર્ય છે. ભાષા દ્વારા જ વિચાર વિકસે છે. અલબત્ત, અનુભવ વિચાર માટેનું ઉદ્દીપન છે. પરંતુ અનુભવને જીભ નથી. અનુભવને કારણે વિચાર જન્મે પરંતુ ભાષાના અભાવમાં તે આગળ ન વધી શકે. વિચાર જ આગળ ન વધે તો જ્ઞાનાત્મક વિકાસ કેવી રીતે શક્ય બને? તેથી ભાષા ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. ભાષા જ વિચારો માટે કક્ષાઓ અને ખ્યાલો પૂરા પાડે છે. ભૂત અને ભવિષ્ય વચ્ચેનો સેતુ રચી આપે છે. વિગોટ્સ્કી કહે છે કે, જ્યારે પણ આપણો સામનો પ્રોબ્લેમ (સમસ્યા) સામે થાય ત્યારે વિચારીએ છીએ. એ સમયે ઘણે અંશે શબ્દોમાં કે અંશતઃ વાક્યોમાં વિચારીએ છીએ. ત્યારે વાસ્તવમાં અંગબોલી (ભાષાનો એક પ્રકાર) ના સ્વરૂપમાં જ્ઞાનાત્મક વિકાસ થાય છે. પરંતુ જ્યારે સમવયસ્કો જોડે મતભેદ ઊભા થાય અને અફડાતફડી મચે ત્યારે જે વિચાર થાય તે સામાજિક બોલી (ભાન્ય ભાષા) માં વિચારો, દલીલોની આપ-લે થાય. ત્યારે જ્ઞાનાત્મક વિકાસ (ખ્યાલો અને અભિપ્રાયો) સામાજિક બોલીમાં થાય છે. તરુણાવસ્થામાં સમવયસ્કો, વડીલો વગેરે જોડે મતભેદ થવાના પ્રસંગો વધી જાય છે ત્યારે વિચાર થાય તે સામાજિક બોલીમાં થાય છે, ત્યારે તરુણોનો જ્ઞાનાત્મક વિકાસ થાય છે.

❋ પુખ્તો તથા સમવયસ્કોની ભૂમિકા :

વિગોટ્સ્કી મૂળ મનોસામાજિક વિકાસ પ્રક્રિયાનું વર્ણન કરતા હતા. સામાજિક વિકાસ અને જ્ઞાનાત્મક વિકાસ એક સાંકળે બંધાયેલ છે. તેથી તેઓ કહે છે કે, જ્ઞાનાત્મક વિકાસમાં વ્યક્તિની પોતાની સંસ્કૃતિના વધુ સૂક્ષ્મ પુખ્ત વ્યક્તિઓ કે વધુ સૂક્ષ્મ સમવયસ્કો સાથેની વાતચીત તથા તેમની સાથેની

આંતરક્રિયાઓથી થાય છે. તરુણ તેની શારીરિક અવસ્થાને કારણે ઘણીવાર તેનું મન આ સાચું કે ખોટું'ની દ્વિધામાં ફસાયેલું હોય છે. આવા સમયે પુખ્તો તથા વધુ સક્ષમ સમવયસ્કો સાથે થતી વિચારોની આપ-લે તેના જ્ઞાનાત્મક વિકાસને ગતિ પૂરી પાડે છે. વ્યક્તિ જ્ઞાનાત્મક ક્રિયાઓની શોધમાં એકલી નથી, એ શોધમાં કુટુંબના સભ્યશ્રીઓ, શિક્ષકો, વડીલો વગેરે તેની સાથે છે એ વાતની પ્રતીતિ જ જ્ઞાનાત્મક વિકાસની આધારભૂમિ બને છે.

સામાજિક આંતરક્રિયા એ સમસ્યા ઉકેલની જેવી ઉચ્ચ માનસિક પ્રક્રિયાનો ઉદ્‌ગમ છે. વિગોટ્સ્કીનું તારણ છે કે વ્યક્તિના જ્ઞાનાત્મક વિકાસમાં પ્રત્યેક કાર્ય બે વાર જોવા મળે છે, પ્રથમ સામાજિક કક્ષાએ અને પછી વૈયક્તિક કક્ષાએ.

આ સિવાય પણ સામાજિક વિકાસ ધાર્મિક સંસ્થાઓ, સૂચના અને પ્રસારણ માધ્યમો, ટેલિવિઝન, નાટક અને ફિલ્મો વગેરે પ્રભાવ પાડે છે.

❋ સ્વાધ્યાય ❋

પ્ર.1 આઠથી દસ વાક્યોમાં જવાબ લખો.

(1) તરુણાવસ્થાની સંકલ્પના સ્પષ્ટ કરો.

(2) સામાજિક-આર્થિક તથા અન્ય જનજાતીય ચલોના સંદર્ભમાં તરુણોનો શારીરિક વિકાસ સમજાવો.

(3) જનજાતીય ચલોના સંદર્ભમાં તરુણોનો સામાજિક વિકાસ સ્પષ્ટ કરો.

(4) જનજાતીય ચલોના સંદર્ભમાં તરુણોનો જ્ઞાનાત્મક વિકાસ સમજાવો.

પ્ર.2 ટૂંકનોંધ લખો

(1) તરુણાવસ્થાનાં લક્ષણો

(2) વિગોટ્સ્કીનો જ્ઞાનાત્મક વિકાસ અંગેનો સિદ્ધાંત

(3) સાંવેગિક વિકાસ અને આર્થિક-સામાજિક સંદર્ભ

પ્રકરણ 12 વ્યક્તિત્વ - વિકાસ

12.1 પ્રસ્તાવના
12.2 વ્યક્તિત્વની સંકલ્પના
12.3 વ્યક્તિત્વ વિકાસ : તરુણાવસ્થા સંદર્ભ
12.4 વ્યક્તિત્વના સિદ્ધાંતો
❋ સ્વાધ્યાય

12.1 પ્રસ્તાવના :

શાળા કક્ષાએ અધ્યેતાઓ અમુક શિક્ષકને આદર આપતા હોય છે. તેના વખાણ કરતા હોય છે. જ્યારે અમુક શિક્ષકો તરફ અણગમો વ્યક્ત કરતા હોય છે. અલબત્ત તેને માટે ઘણાં કારણો જવાબદાર હશે પરંતુ તેમાંનું એક કારણ ચોક્કસપણે વ્યક્તિત્વ હશે. આકર્ષક વ્યક્તિત્વ સૌને ગમે, પ્રભાવશાળી વ્યક્તિત્વ નેતા બને. આમ, વ્યક્તિત્વ સામેવાળા વ્યક્તિ પર અસર કરનારું પ્રભાવી ઘટક છે. કદાચિત્ એક્વીસમી સદીમાં જીવનને સફળ કરવા માટે પ્રભાવી વ્યક્તિત્વની જેટલી જરૂર છે તેટલી આજ પહેલાં ક્યારેય ન હતી. કોઈ પણ વ્યવસાય હોય કે જોબ, તેમાં સફળ થવા પ્રભાવી વ્યક્તિત્વ એ પહેલી જરૂરિયાત છે. તેથી બાળકોનો વ્યક્તિત્વ વિકાસ એ મહત્ત્વનો મુદ્દો બને છે.

12.2 વ્યક્તિત્વની સંકલ્પના :

વ્યક્તિત્વ શબ્દ અંગ્રેજીના પર્સનાલિટીના પર્યાય તરીકે વપરાય છે. તે અંગ્રેજી શબ્દ મૂળ લેટિન શબ્દ Personae ઉપરથી ઉતરી આવ્યો છે. તેનો અર્થ થાય છે to sound through. આ વાક્યાંશ મહોરું પહેરીને બોલતા અભિનેતા માટે વાપરવામાં આવે છે. એ દર્શાવે છે કે, Personality શબ્દ ખરા અર્થમાં મહોરું અથવા બાહ્ય સ્વરૂપ સાથે સંબંધ ધરાવે છે. પરંતુ ભાષાના ઉપયોગને પરિણામે તે શબ્દનો અર્થ વિસ્તાર વધુ થયો છે. ને તે માત્ર મહોરું જ ન રહ્યો પરંતુ સંપૂર્ણ દેખાવનો પર્યાય થયો. ત્યારબાદ ફરી તેનો અર્થવિસ્તાર થયો. આધુનિક

યુગમાં પર્સનાલિટીનો અર્થ વ્યક્તિના વૈવિધ્યસભર આંતરિક તથા બાહ્ય લક્ષણોનો ક્રિયાત્મક સમુચ્ચય બની ગયો. વ્યક્તિનાં આંતરિક લક્ષણોમાં તેની અભિયોગ્યતાઓ, ક્ષમતાઓ, સંવેદનાઓ, ઇચ્છાઓ, અભિરુચિ, ગમા-અણગમા, માન્યતાઓ અને અભિપ્રાયોનો સમાવેશ થવા લાગ્યો. તથા બાહ્ય લક્ષણોમાં શારીરિક બાંધો, દેખાવ, વર્ણ, ઊંચાઈ, વજન, હાલ-ચાલ, વર્તનશૈલી વગેરેનો સમાવેશ થવા લાગ્યો.

આ રીતે વ્યક્તિત્વનો અર્થ વિસ્તરતો ગયો અને તે બહુઆયામી તથા પ્રવાહી સંજ્ઞા બની ગઈ. તેને નિશ્ચિત ચોકઠામાં બાંધવું મુશ્કેલ બની ગયું. તેમ છતાં મનોવિજ્ઞાનીઓ વ્યક્તિત્વ વિશે આવી કંઈક સમજણ આપવાનો પ્રયત્ન કરે છે, 'વ્યક્તિત્વ વ્યક્તિનાં ગુણો, લક્ષણો, ક્ષમતાઓ, શારીરિક બંધારણો અને દેખાવો, વર્તન તરેહો, રીત રસમો, વલણો તેમજ શક્તિઓ અને અભિરુચિઓનું લાક્ષણિક સંગઠન છે.'

❋ વ્યક્તિત્વની પરિભાષા :

❋ **ઓલપોર્ટ** : વ્યક્તિત્વ એ વ્યક્તિની મનો-શારીરિક રચનાઓનું ક્રિયાશીલ સંગઠન છે, જે વાતાવરણ સાથે તેનું અનુકૂલન નક્કી કરે છે.

❋ **વુડવર્થ** : વ્યક્તિત્વ એટલે વ્યક્તિના વિચારો અને આવિષ્કારો, મનોવલણો અને રુચિઓ, તેની આગવી વર્તનશૈલી અને જીવનની ફિલસૂફી એ બધા દ્વારા પ્રગટ થતું વ્યક્તિત્વનું સમગ્ર સ્વરૂપ.

❋ **આઈસેન્ક** : વ્યક્તિત્વ વ્યક્તિના ચરિત્ર, સ્વભાવ, બુદ્ધિ તેમજ શારીરિક રચનાઓનાં થોડાંઘણાં એવાં સ્થાયી અને સ્થિર સંગઠન છે, જે વાતાવરણની સાથે તેનાં અપૂર્વ સમાયોજન નિર્ધારિત કરે છે.

❋ **ટ્રેક્સલર** : વ્યક્તિત્વ એ સામાજિક પરિસ્થિતિમાં વ્યક્તિનાં વર્તનોનો સરવાળો છે. આ વર્તનોમાં માત્ર બાહ્ય ક્રિયાઓનો સમાવેશ થતો નથી, પરંતુ બાહ્ય પરિસ્થિતિઓ વ્યક્તિમાં ઊભી કરેલી લાગણી કે જેનું વ્યક્તિએ પોતે અતઃ દર્શન દ્વારા અર્થઘટન કરેલ છે, તેનો પણ સમાવેશ થાય છે.

❋ **કેટલ** : વ્યક્તિત્વ એ છે જે વ્યક્તિ આવેલ પરિસ્થિતિમાં શું કરશે, તે અંગેની આગાહી કરવાની ક્ષમતા અર્પે છે.

ઉક્ત બધી પરિભાષાઓનું સારદોહન કરી વ્યક્તિત્વની કેટલીક **લાક્ષણિકતાઓ** તારવી શકાય.

(1) તે માનસિક શક્તિઓ, અભિયોગ્યતાઓ, અભિરુચિઓ, સ્વભાવ, વિચારો, લાગણીઓ અને વર્તનોનો સરવાળો છે.

(2) તે ગતિશીલ વ્યવસ્થા છે, તે જડ કે સ્થિર નથી. તે સહેતુક રીતે એક ચોક્કસ દિશામાં ક્રિયાશીલ રહેતું પરિબળ છે. આ ક્રિયાશીલતા જરૂરિયાત સંતોષવા માટે હોય છે.

(3) વ્યક્તિત્વ માત્ર શારીરિક પરિબળો કે માત્ર માનસિક પરિબળો પર આધારિત નથી; વાસ્તવમાં તેમાં આ બન્નેનો સમન્વય, બન્નેનું સંકલન થયેલું હોય છે.

(4) કોઈપણ બે વ્યક્તિઓ તેમના વાતાવરણ સાથે તદ્દન એક સરખી રીતે સમાયોજન સાધી શકતી નથી. દરેક વ્યક્તિમાં તેની શારીરિક અને માનસિક શક્તિઓનું જે વિશિષ્ટ સંકલન થયું હોય છે, તેને પરિણામે તેની સમાયોજન પ્રક્રિયા પણ અન્ય વ્યક્તિથી જુદી પડે છે.

(5) તેના દ્વારા વ્યક્તિના ભાવિ વર્તન અંગે આગાહી કરી શકાય છે.

(6) વ્યક્તિની બધી જ ક્રિયાઓ કોઈ એક પ્રકારના સમાયોજનને અનુલક્ષીને થતી હોય છે.

વ્યક્તિત્વની વિવિધ પરિભાષાઓ વિશે ચિંતન કરતાં **ત્રણ પરિમાણો** નજરે પડે છે, તે આ મુજબ છે.

(1) માનસિક તેમજ ક્રિયાત્મક ઘટકોનો સમુચ્ચય.

(2) અનુકૂલન પ્રક્રિયા અને ગતિશીલતા સ્વરૂપ

(3) સાતત્ય અને સમગ્રતા સ્વરૂપ

વ્યક્તિત્વનું સ્વરૂપ વ્યક્તિના માનસિક ઘટકો, જેવા કે માનસિક ક્ષમતાઓ, અભિયોગ્યતાઓ, અભિરુચિઓ, શક્તિઓ, માન્યતાઓ, ચિંતન શક્તિ, લાગણીઓ વગેરે તથા ક્રિયાત્મક ઘટકો જેવા કે શારીરિક વૃદ્ધિ, વિકાસ, આંગિક - શાબ્દિક વ્યવહારો, વર્તનશૈલીઓ, રીતભાત વગેરેનો સમાવેશ કરવાથી વ્યક્તિત્વનાં સ્વરૂપ બંધાય છે. આ બન્ને ઘટકોનાં સંતુલિત સમન્વયનું પ્રયોજન શું ? તે અંગે વિચારીએ ત્યારે સામાજિક અનુકૂલનનું પરિમાણ ઊભરી આવે છે. આગળ માનસિક તથા ક્રિયાત્મક ઘટકો અંતર્ગત જે શક્તિ - ક્ષમતા અને વિકાસ જાણ્યો તે બધા આ અનુકૂલન સાધવામાં સહાયક બને છે. પરંતુ આ દ્વારા વ્યક્ત થતું વ્યક્તિત્વ સ્થિર અને સ્થાયી નથી રહેતું. તે પરિવર્તનશીલ-ગતિશીલ હોય છે. તેથી જ અનુકૂલન શક્ય બને છે, સરળ બને છે. અનેક પ્રકારના વાતાવરણ સાથેના અનુકૂલનની અનંત શ્રૃંખલાની નિષ્પત્તિ એ વ્યક્તિના વ્યક્તિત્વનું સૂચન કરે છે. તેથી વ્યક્તિત્વના પરિવર્તનશીલ, ગત્યાત્મક સ્વરૂપનું પરિમાણ ઊઘડે છે. વ્યક્તિત્વ ગતિશીલ હોવાથી જ વ્યક્તિ બાહ્ય ઉદ્દીપનો પરત્વે પ્રતિચાર આપે છે.

વ્યક્તિત્વનું ત્રીજું પરિમાણ એટલે સાતત્ય અને સમગ્રતા, આગવાપણું. સમગ્રતા સમષ્ટિરૂપ છે. વ્યક્તિત્વ અનેક ઘટકોનો સમુચ્ચય છે પરંતુ તે અસર તો સમગ્ર રૂપે જ કરે છે. યાદ રહે, વ્યક્તિત્વનું કોઈ એકાકી ઘટક અસર કરતું જ નથી. એક મિત્ર બીજા મિત્રને કહે, 'વાહ! દોસ્ત ! આજ તારો વટ પડે છે ને !!' ત્યારે ખરેખર તો તે મિત્રના સમગ્ર વ્યક્તિત્વને જ બિરદાવતો હોય છે. વળી આ સમગ્રતા સતત રીતે પ્રભાવિત કરતી હોય છે. ટૂંકમાં, વ્યક્તિત્વ ઘટકમય હોવા છતાં અખંડ છે, સમગ્ર છે અને સાતત્યપૂર્ણ છે. તે અનુકૂલન સાધીને અસરકારકતા સિદ્ધ કરે છે. વ્યક્તિત્વનું સ્વરૂપ લવચીક છે, તરલ છે.

12.3 વ્યક્તિત્વ વિકાસ : તરુણાવસ્થા સંદર્ભ

હરલોક નામના મનોવિજ્ઞાનીને ડેવલપમેન્ટલ સાયકોલોજી નામના ગ્રંથમાં બાલ્યાવસ્થા, પૂર્વબાલ્યાવસ્થા, ઉત્તરબાલ્યાવસ્થા અને તરુણાવસ્થા દરમિયાન વ્યક્તિત્વનાં લક્ષણોમાં થતા ફેરફારની તરેહ આ પ્રમાણે વર્ણવી છે.

12.3.1 બાલ્યાવસ્થામાં વ્યક્તિત્વ-વિકાસ (સંક્ષેપમાં):

વ્યક્તિત્વ વિકાસની ક્ષમતા શિશુના જન્મ સમયે અસ્તિત્વ ધરાવતી હોય છે. બાલ્યાવસ્થા એ વ્યક્તિત્વ - વિકાસ માટે કટોકટીનો કાળ છે. આ અવસ્થા દરમિયાન થતી વ્યક્તિત્વ-વિકાસ સંબંધિત કેટલીક નોંધપાત્ર હકીકતો આ પ્રમાણે છે :

(1) બાળકનું વાતવરણ બિલકુલ ઘર પૂરતું મર્યાદિત હોય છે અને માતા જ વધુમાં વધુ સમય તેની સાથે હોય છે. આથી માતાનો સ્વભાવ બાળક સાથેનું તેનું વર્તન અને સંબંધ બાળકના વ્યક્તિત્વ પર અસર કરે છે.

(2) જ્યારે બાળક સ્વતંત્ર રીતે કામ કરવા પ્રયત્ન કરતું હોય છે ત્યારે માતાપિતાનું વધુ પડતું રક્ષણાત્મક વર્તન નુકસાનકારક બને છે.

(3) બાલ્યાવસ્થા દરમિયાન ચોક્કસ વ્યક્તિત્વ ગુણોમાં ફેરફાર થાય છે. આ ફેરફાર ગુણાત્મક હોય અથવા સંખ્યાત્મક હોય છે. સંખ્યાત્મક ફેરફારમાં કોઈ પણ ગુણ પ્રબળ થાય છે, અથવા નબળો પડે છે. ગુણાત્મક ફેરફાર સામાજિક રીતે અનિચ્છનીય ગુણ દૂર થાય છે અને તેના સ્થાને ઇચ્છનીય ગુણ વિકાસ પામે છે. મોટાભાગના ગુણોમાં સંખ્યાત્મક ફેરફાર થાય છે. ઉદા. બાલ્યાવસ્થાથી જે બાળક શરમાળ હોય તે એવું પર્યાવરણ શોધે છે, જે આ ગુણને પ્રોત્સાહન આપે. ઉપરાંત તે પોતાને અનુકૂળ ન હોય તેવા વાતાવરણથી દૂર રહેવા પ્રયત્ન કરે છે, પરિણામે ઉંમર વધતાં શરમાળપણું નબળું પડવાને બદલે પ્રબળ બને છે.

(4) બાળકોની સ્વસંકલ્પના વિકાસમાં મુખ્યત્વે બાળક પોતાના માટે મહત્ત્વ ધરાવતા લોકો પોતાના વિશે શું માને છે તે અંગે કંઇ વિચારે છે, તેની અસર મુખ્ય છે. કુટુંબના સંબંધો બગડે તો બાળકમાં નકારાત્મક સંકલ્પના વિકસે છે.

12.3.2 પ્રારંભિક બાલ્યાવસ્થામાં વ્યક્તિત્વ-વિકાસ (સંક્ષેપમાં):

જે વ્યક્તિત્વ તરેહનો પાયો બાલ્યાવસ્થામાં નખાયો તે હવે ચોક્કસ સ્વરૂપ લેવાનું શરૂ કરે છે. હવે બાળકો પાડોશીઓ સમવયસ્કો (નર્સરી તથા બાલમંદિરમાં) ના સંપર્કમાં આવવા લાગે છે. આ સમવયસ્કોના વલણો અને તેઓ બાળક સાથે શી રીતે વર્તે છે, તે બાળકની સ્વસંકલ્પનાને અસર કરે છે. આ અસર માતાપિતાની અસરને નબળી બનાવે છે યા પ્રબળ બનાવે છે. કેટલીક પરિસ્થિતિઓ પ્રારંભિક બાલ્યાવસ્થામાં બાળકની સ્વસંકલ્પના ઘડવામાં અગત્યની ભૂમિકા ભજવે છે. તે છે તાલીમ પદ્ધતિ, માતાપિતાની આકાંક્ષા, ભાંડરડામાં પોતાનો ક્રમ, જાતીયતા - ભૂમિકાની ઓળખ, વાતાવરણજન્ય અસલામતી વગેરે. આ અવસ્થામાં ત્રણ પ્રકારના વ્યક્તિત્વવાળાં બાળકો જોવા મળે છે.

(1) **સરળ બાળકો :** શારીરિક અને મનોવૈજ્ઞાનિક રીતે બરોબર અનુકૂલિત બાળકો.

(2) **મુશ્કેલ બાળકો :** શારીરિક કાર્યોમાં અનિયમિત, પ્રતિચારમાં તીવ્ર અને પરિવર્તનો સાથે બંધબેસતા થવામાં મુશ્કેલી અનુભવતાં બાળકો.

(3) **ધીમાં બાળકો :** નીચી ક્રિયાશીલતા ધરાવે છે અને ઝડપથી અનુકૂલિત ન થઈ શકનારાં બાળકો.

12.3.3 તરુણાવસ્થા દરમિયાન વ્યક્તિત્વ-વિકાસ :

આ અવસ્થામાં સ્વસંકલ્પના, સ્વબોધ એકદમ વિકસે છે. જાતિબોધ તીવ્ર બને છે ને તેને પરિણામે સારા વ્યક્તિત્વ ગુણો અંગે સભાન થઈ જાય છે. જો આવા ગુણો તેમના મિત્રો ધરાવતા હોય તો તેમની પ્રશંસા કરે છે. તેઓ વ્યક્તિત્વની સામાજિક સંબંધોમાં શી ભૂમિકા છે, તેનું મહત્ત્વ પણ જાણવા લાગે છે ને તેથી એ બાબતે વધુ સભાન બને છે. પોતાનું વ્યક્તિત્વ સુધારવા મથે છે. સામાન્ય રીતે અસરકારક વ્યક્તિત્વ માટે જાગૃતિપૂર્વક પ્રયત્ન કરે છે. જે ગુણોની તેમના સમવયસ્કો અને વિજાતીય સમવયસ્કો વખાણ કરે તે વિકસાવવા પ્રયત્ન કરે છે. આવા ગુણ ધરાવનાર વ્યક્તિને આદર્શ બનાવે છે.

એવી ઘણી પરિસ્થિતિઓ છે, જે તેઓની સ્વસંકલ્પનામાં પરિવર્તન કરીને વ્યક્તિત્વની તરેહને ઘડે છે. જેમ કે **પરિપક્વતાવય,** વહેલા પરિપક્વ થનાર તરુણોમાં હકારાત્મક સ્વ-સંકલ્પના વિકાસ પામે છે, પરિણામે સારું અનુકૂલન સાધી શકે છે. મોડા પરિપક્વ થનારાઓ એમ માનવા લાગે છે કે અમને ખોટી રીતે સમજવામાં આવે છે, તેથી તેઓ અપાનુકૂલિત બને છે.

બાહ્ય દેખાવ : એ બીજી પરિસ્થિતિ છે - શારીરિક આકર્ષતા વ્યક્તિત્વ વિશે સારો ખ્યાલ ધરાવે છે, તે સામાજિક સ્વીકૃતિમાં મદદરૂપ થાય છે. કોઈ પણ શારીરિક ખામી તેઓમાં લઘુતા પ્રેરે છે.

કુટુંબ સંબંધો : તરુણને કુટુંબના કોઈ સભ્ય સાથે નજીકનો સંબંધ હોય તો તે વ્યક્તિ સાથે તાદાત્મ્ય સાધે છે અને તેના જેવું વ્યક્તિત્વ વિકસાવવા પ્રયત્ન કરે છે.

સમવયસ્કો : તરુણોના વ્યક્તિત્વને સમવયસ્કો બે રીતે અસર કરે છે. (1) તરુણની સ્વસંકલ્પના એ તરુણ તેના સમવયસ્કોની પોતા પ્રત્યેની માન્યતા અંગે શું વિચારે છે તેનું પ્રતિબિંબ છે. (2) તેના પર જૂથ દ્વારા માન્ય વ્યક્તિત્વ ગુણો વિકસાવવા માટે દબાણ આવે છે.

સર્જનાત્મકતા : જે તરુણોને રમત અને શૈક્ષણિક કાર્યમાં સર્જનાત્મક બનવા પ્રોત્સાહિત કરવામાં આવે છે તેઓમાં સર્જકતાની લાગણી જન્મે છે, જે તેઓની સ્વ સંકલ્પના પર હકારાત્મક અસર કરે છે.

આકાંક્ષા સ્તર : જે તરુણો અવાસ્તવિક રીતે ઊંચો આકાંક્ષા સ્તર ધરાવે છે, તેઓ નિષ્ફળતા અનુભવે છે, પરિણામે તેઓમાં લઘુતાગ્રંથિ જન્માવે છે તથા બચાવપ્રયુક્તિ અજમાવવા પ્રેરે છે. પરંતુ જે તરુણો વાસ્તવિક આકાંક્ષા સ્તર ધરાવે છે તે વધુ સફળતા અનુભવે છે તેથી તેનો આત્મવિશ્વાસ અને સ્વસંતોષ વધે છે, તેમનું સ્વસ્થ વ્યક્તિત્વ વિકસે છે.

12.3.4 વ્યક્તિત્વના સિદ્ધાંતો :

વ્યક્તિત્વ એ માનવ જીવનનું એવું પાસું છે કે જે તેના જીવન વિકાસની સાથોસાથ આકાર ધારણ કરતું જતું હોય છે. પરંતુ વ્યક્તિત્વની સંકલ્પના અંગે મનોવિજ્ઞાનીઓમાં એકમતિ નથી. દરેક મનોવિજ્ઞાની પોત-પોતાના અભિગમોથી વ્યક્તિત્વનો અભ્યાસ રજૂ કરે છે તથા તેને આધારે વ્યક્તિત્વના સિદ્ધાંતો તારવે છે. એ સિદ્ધાંતો સમજવાથી વ્યક્તિત્વ અંગેનો ખ્યાલ સ્પષ્ટ થશે. આવો, વ્યક્તિત્વના સિદ્ધાંતોને જાણીએ.... પરંતુ સાથોસાથ એ નોંધવું પણ જરૂરી છે કે આ સિદ્ધાંતોની ચર્ચાની સાથોસાથ સ્વાતંત્ર્ય માટેની કશમકશ, અનુકૂલન, અહં (સ્વ) ની ઓળખ અને ભાવિ ભૂમિકા વચ્ચેનો ગૂંચવાડો તથા બચાવ પ્રયુક્તિની પણ ચર્ચા સાંકળી લેવામાં આવી છે, તે સકારણ છે. વ્યક્તિત્વ વિકાસ એ તરલ પ્રક્રિયા છે, જ્યારે ઉક્ત ચારેય પક્ષો એ વિકાસ પ્રક્રિયાને અસર કરે છે. જો તરુણની આઝાદી (તમામ બંધનોથી મુક્તિ - લઘુતાગ્રંથિથી મુક્તિ)ની કશમકશ સફળ થાય તો તે અનુકૂલિત તરુણ બને. જો તેના 'સ્વ'ની ઓળખ યોગ્ય થાય અને પોતાની ભાવિજીવન ભૂમિકા વિશેની ધારણા વચ્ચે સમવાય સધાય તો તે તરુણ અનુકૂલિત તરુણ બને. અને જો એ શક્ય ન થાય તથા ભાવિ જીવન ભૂમિકા અને સ્વ વચ્ચે અંતર વધે તો ગૂંચવાડો ઊભો થાય. પરિણામે અપાનુકૂલન વધે ને તરુણ બચાવ પ્રયુક્તિ વાપરતો થાય. બચાવ પ્રયુક્તિ વાપરીને તે પોતાની અક્ષમતાઓ છૂપાવતો થાય. પરિણામે વ્યક્તિત્વ વિકાસમાં અવરોધ ઉત્પન્ન થાય. તેથી વ્યક્તિત્વ વિકાસની ચર્ચામાં આ ચારેય પરિમાણોની ચર્ચા સાંકળવી જ રહી. અહીં ચારેય પરિબળોને સ્પષ્ટ કરતાં કરતાં વ્યક્તિત્વ વિકાસમાં તેની ભૂમિકા સ્પષ્ટ કરવામાં આવી છે, તેથી હવે તે પરિબળો વિશે જાણીએ...

(1) સ્વાતંત્ર્ય માટેની ઝંખના :

બાળક જન્મે છે ત્યારથી તે પરાવલંબી તથા અનુકરણશીલ હોય છે. પરંતુ તે પોતાનાથી મોટેરાંઓ, માતા-પિતા તથા મોટા ભાઈ-બહેનોમાં ક્રિયાત્મક વ્યવહારો જોતું હોય છે. તે જુએ છે

કે મોટેરાં તો દરેક ક્રિયા કોઈની પણ મદદ લીધા વગર સ્વતંત્ર રીતે કરી શકે છે ત્યારે તે પણ તેમ કરવા ઇચ્છા ધરાવે છે. પરંતુ એ સમયે માતા-પિતા કે મોટેરાંઓ તેને અટકાવે છે. આમ, ઇચ્છા અને તેના નિયંત્રણ વચ્ચેથી સ્વાતંત્ર્યની ઝંખના જન્મે છે. તેમાં તેનો અહ્મ ભળે છે.

જેમ-જેમ ઉંમર વધે તેમ તેમ અનુભવ વધે. પરિણામે અહ્મ પણ વિકસે (અહીં અહ્મ એટલે **મૈં ભી કુછ કમ નહિ**ની લાગણી) ત્યારે પણ કિશોર કે તરુણ કંઈક નવું કરવા જાય કે તરત જ માતા-પિતા કે મોટેરાં તેની તરફ શંકાની દૃષ્ટિએ જુએ અને તેને અટકાવવા કોશિશ કરે. ત્યારે કિશોર કે તરુણ માતા-પિતા કે વડીલોની રક્ષાત્મક નજરથી છૂટવા ઝંખે છે. આ ઝંખના કશમકશમાં ફેરવાઈ જાય છે. ત્યારે જો માતા-પિતા કે વડીલો તેના અહમ્નો સ્વીકાર કરી રક્ષાત્મક નજર બદલી નવું કરવાને પ્રોત્સાહન આપે તો તે વ્યક્તિત્વ અનુકૂલિન વ્યક્તિત્વ બને.

(2) અનુકૂલન :

વ્યક્તિ સ્વભાવગત અનુકૂલનશીલ પ્રાણી છે. અનુકૂલન એટલે અનુકૂળ થવું. પરંતુ મનોવિજ્ઞાનની દૃષ્ટિએ જો મનોવિજ્ઞાનનો અર્થ કરવામાં આવે તો, વ્યક્તિ પોતાની જાત અને પોતાના પર્યાવરણ વચ્ચે સુસંવાદી સંબંધ તરાહ સ્થાપવાના હેતુથી પોતાના વર્તનમાં પરિવર્તન કરે તો આ પ્રક્રિયાને અનુકૂલન કહેવાય. જ્યારે સ્વાતંત્ર્ય માટેની તેની કશમકશ ચાલતી હોય કે સ્વ-સંકલ્પના આધારે ધ્યેય-પ્રાપ્તિ માટે તે પ્રયત્નશીલ હોય ત્યારે જો કોઈ અંતરાય આવે અને તે વ્યક્તિ જરૂરિયાત મુજબ વર્તનમાં પરિવર્તન ન કરે કે ન કરી શકે ત્યારે તેનાથી અનુકૂલન જાળવી શકાતું નથી, તેથી તે તંગદિલી અનુભવે છે.

(3) અહમ્‌ની ઓળખ વિરુદ્ધ આત્મસ્થાપનની ભૂમિકા અંગેની ગૂંચવણ :

ફ્રોઇડ અને યુંગ જેવા મનોવિશ્લેષણવાદી મનોવિજ્ઞાનીઓએ વ્યક્તિત્વ ઘડતરમાં અહ્‌મની ભૂમિકા સ્પષ્ટ કરી આપી છે. અહમ્‌ એટલે I. કાર્લ રોજર્સે અહમ્‌ની આ સંકલ્પનાને વિસ્તારીને વાસ્તવિક સ્વ તથા આદર્શવાદી સ્વ રૂપે ઓળખાવી. અહમ્‌ એટલે પોતાની ક્ષમતા અંગેનો પોતાનો ખ્યાલ. આ ખ્યાલ તેનો પોતાનો છે તેથી તેની વાસ્તવિકતા કે અવાસ્તવિકતાનો નિર્ણય તે પોતે કરે છે. જેમ જેમ જગતના અનુભવો તેના વધતા જાય છે તેમ તેમ તેના ભાવિ જીવનનાં સપનાઓ પણ વિકસતાં જાય છે, અને છેવટે તે પોતાના ભાવિ જીવનની ભૂમિકા નિર્ધારિત કરે છે ત્યારે એ ભૂમિકાને પરિપૂર્ણ કરવાની તેની ક્ષમતા અને તેણે નિર્ધારિત કરેલી ભૂમિકા વચ્ચે જો અંતર વધુ હોય તો તે વ્યક્તિ ભૂમિકા અંગે ગૂંચવણ અનુભવે છે. આ સ્થિતિને અહ્‌મની ઓળખ વિરુદ્ધ ભાવિ જીવનની ભૂમિકા કહેવામાં આવે છે.

(4) બચાવ પ્રયુક્તિઓ :

જ્યારે જરૂરિયાતોની પૂર્તિ માટેના પ્રયત્નોમાં અવરોધ ઉત્પન્ન થાય છે ત્યારે વ્યક્તિના મનમાં તંગદિલી પેદા થાય છે. ઉદાહરણ તરીકે કે તરુણ વડીલોના રક્ષાત્મક વલણથી છૂટવા અને સ્વાતંત્ર્યને મેળવવા કશમકશ કરે છે. હવે જો સ્વાતંત્ર્ય મેળવવાના તેના પ્રયત્નોમાં કોઈ અવરોધ આવે છે ત્યારે તેના મનમાં તંગદિલી ઉત્પન્ન થાય છે. આવી તંગદિલી નિવારવા માટે તરુણ / વ્યક્તિ બે પ્રકારના પ્રયત્નો કરે છે (1) પ્રત્યક્ષ પ્રયત્નો, (2) બચાવ પ્રયુક્તિઓ. તે પૈકીની બચાવ પ્રયુક્તિની વાત અહીં કરીએ. બચાવ પ્રયુક્તિ એટલે લક્ષ્ય પ્રાપ્તિના માર્ગમાં અવરોધો ન હટાવી શકવાને કારણે ઊભી થયેલ તંગદિલીને દૂર કરવા માટેની પરોક્ષ પદ્ધતિ. જો કે તેના ઉપયોગથી લક્ષ પ્રાપ્ત થતું નથી પરંતુ તંગદિલીથી કામચલાઉ રાહત મળે છે. આવી બચાવ પ્રયુક્તિઓ

ઘણી હોય છે. જેવી કે, **ક્ષતિપૂર્તિ, યૌક્તિકરણ પીછેહઠ, તાદાત્મ્ય, ઊર્ધ્વીકરણ, પ્રક્ષેપણ** અને **પ્રાચ્છાદન (રીપ્રેશન)** વગેરે. ઉદાહારણ તરીકે ક્ષતિપૂર્તિ. ક્ષતિપૂર્તિ એટલે કે વ્યક્તિ કોઈ એક ક્ષેત્ર કે લક્ષ્ય પ્રાપ્તિમાં પોતાની મર્યાદા કે અશક્તિ અનુભવે અને નિષ્ફળતા દેખાવા લાગે ત્યારે નિષ્ફળતાને ઢાંકવા માટે વ્યક્તિ એ ક્ષેત્રમાંથી અન્ય લક્ષ્ય પ્રાપ્ત કરવા કે બીજા ક્ષેત્રમાં સિદ્ધિ મેળવવા પ્રયત્ન કરે તેને ક્ષતિપૂર્તિ કહેવામાં આવે છે.

❋ કેટલીક બચાવ પ્રયુક્તિઓ :

અનુકૂલનની પ્રક્રિયા સમજતાં આપણે જોયું કે વ્યક્તિની ઇચ્છાપૂર્તિ કે લક્ષ્યપ્રાપ્તિના માર્ગમાં ક્યારેક અવરોધો આવે છે. આ અવરોધોને પાર કરવામાં નિષ્ફળતા મળે ત્યારે માનસિક ચિંતા અને તાણ પેદા થાય છે. આ પરિસ્થિતિમાં પોતાની નિષ્ફળતાઓ ઢાંકવા માટે,પોતાની પ્રતિષ્ઠા જાળવવા માટે તે જે આડકતરા કે પરોક્ષ માર્ગોનો ઉપયોગ કરે છે તે બચાવ પ્રયુક્તિઓ છે. આ બચાવ પ્રયુક્તિઓ વ્યક્તિ માટે સેફટી વાલ્વની ગરજ સારે છે. આનાથી તેની માનસિક તંગદિલી ઓછી થાય છે, અને ચિંતા અને ભયમાંથી મુક્ત થાય છે. તેનુ માનસિક સંતુલન જળવાઈ રહે છે, તેથી હવે આપણે આવી વિવિધ બચાવ પ્રયુક્તિઓ તરફ દૃષ્ટિપાત કરીશું.

❋ દિવાસ્વપ્ન (Day dreaming or Fantacy) :

સામાન્ય રીતે દરેક વ્યક્તિ માનસિક તંગદિલી કે હતાશામાંથી છૂટકારો મેળવવાનો પ્રયાસ કરે છે. વાસ્તવિક પરિસ્થિતિમાં તરુણો કે તરુણીઓની આવશ્યકતાઓની પૂર્તિ થતી નથી. તેવી પરિસ્થિતિમાં તેઓ વાસ્તવિક પરિસ્થિતિમાંથી છૂટકારો મેળવવાનો પ્રયાસ કરે છે, અને પોતે સેવેલાં સ્વપ્નો અને સિદ્ધિઓના ખ્યાલમાં ખોવાઈ જાય છે. આ રીતે પોતાની આવશ્યકતાઓની પૂર્તિ કર્યાનો સ્વપ્નિલ કે કાલ્પનિક આનંદ માણે છે. આથી તેઓ મિથ્યા સંતોષ માણે છે.

આ પ્રયુક્તિ દ્વારા વ્યક્તિ વાસ્તવિક વાતાવરણ કે પરિસ્થિતિમાંથી છટકવાનો પ્રયાસ કરે છે. તેઓ મનમાં પરણે છે, અને મનમાં રાંડે છે. તેઓ કાલ્પનિક દુનિયામાં વિહરતા હોય છે. જેમકે, ભૂખ્યો માણસ ખોરાક મેળવવાની

કલ્પના કરે છે. તરુણો અભ્યાસમાં સિદ્ધિ મેળવવાની કલ્પના કરે છે, પોતાના શત્રુઓને મનોમન પરાજિત કરે છે. પોતાની કલ્પનાના વિજાતીય પાત્રને મળ્યાનો કે મેળવ્યાનો આનંદ માણે છે. આ રીતે તેઓ પોતાની આવશ્યકતાની દિવાસ્વપ્ન સેવીને પૂર્તિ કરે છે.

આવાં દિવાસ્વપ્નો સર્જનાત્મક પ્રવૃત્તિને ઉત્તેજે છે. આવાં દિવાસ્વપ્નો સેવવાથી જો તે રચનાત્મક રીતે ક્રિયાન્વિત થાય તો તેનાથી તરુણોની સર્જનાત્મકતાને ખીલવાનો પૂરતો અવકાશ રહે છે. દિવાસ્વપ્નોમાં રાચતી કેટલીક વ્યક્તિઓ સફળ કવિઓ, ચિત્રકારો કે શિલ્પકારો બની છે.

આ પ્રયુક્તિનો જો અતિરેકભર્યો આશ્રય લેવામાં આવે, તો તે તરુણોના માનસિક સ્વાસ્થ્ય માટે વિઘાતક નીવડે છે. તેના અતિ સેવનથી વ્યક્તિ કેટલીકવાર મનોવિકૃતિઓનો ભોગ પણ બને છે.

❋ **યૌક્તિકીકરણ :**

જ્યારે વ્યક્તિ પોતાની નિષ્ફળતા માટે કે અયોગ્ય વર્તન માટે સાચાં કારણોને બદલે ઉપજાવી કાઢેલાં સારાં કારણોનો આશ્રય લે છે ત્યારે તે યૌક્તિકીકરણ બચાવ પ્રયુક્તિનો ઉપયોગ કરે છે. દા.ત., શિયાળને દ્રાક્ષ ન મળી, તેથી દ્રાક્ષ ખાટી, મળેલું ખાટું લીંબુ પણ મીઠું કહેવું એ માત્ર મન મનાવવાના પ્રયાસ છે. પરીક્ષામાં નિષ્ફળ જનાર એમ કહે કે મારે ક્યાં પાસ થવું હતું ? આપણે કાંઈ વેદિયા કે પુસ્તકના કીડા નથી. એવાં ખોટાં, ઉપજાવી કાઢેલાં કારણો આપે છે. આ એક નકારાત્મક બચાવ પ્રયુક્તિ છે, જે લાંબા ગાળે નુકસાન કર્તા છે.

❋ **તાદાત્મ્ય (Indentification) :**

જ્યારે વ્યક્તિ કોઈ વ્યક્તિ,સંસ્થા કે વિચાર યા આદર્શ સાથે એકાત્મભાવ અનુભવે છે ત્યારે તે તાદાત્મ્ય અનુભવે છે એમ કહી શકાય. તે જે તે વ્યક્તિ કે સંસ્થા સાથે ભાવાત્મક ઐક્ય (emotional integration) સાધે છે અને પોતાની જરૂરિયાત સંતોષે છે. જે-તે વ્યક્તિનાં સુખદુઃખ,તેનાં કાર્યો કે પરાક્રમો તે પોતાનાં માનીને ચાલે છે. સામાન્ય રીતે મુગ્ધાવસ્થાનાં કે તરુણાવસ્થાનાં બાળકો સહજતાથી તાદાત્મ્ય અનુભવે છે. તેઓ કોઈ નેતા, અભિનેતા કે પ્રસિદ્ધ ખેલાડીને પોતાનો આરાધ્યદેવ માનીને તેની સાથેની તાદાત્મ્ય અનુભવે છે. તેઓ કોઈ સંસ્થા, શાળા કે

દેશનું ગૌરવ પોતાનું ગૌરવ માને છે. સંસ્થા કે દેશને આફતને પણ તે પોતાની ગણે છે. કેટલાક તરુણો પોતાની જાતને તેંડુલકર, અમિતાભ બચ્ચન કે ગાવસ્કર માને છે, કેટલીક તરુણીઓ અભિનેત્રીનો સાથે તાદાત્મ્ય અનુભવવાની કોશિશ કરે છે. તે તેમના પહેરવેશ, બોલચાલ અને વર્તનના વળાંકોની નકલ કરે છે. કેટલાક મહાપુરુષો ગાંધીજી,જવાહરલાલ નહેરૂ કે સરદાર પટેલનું અનુકરણ કરી તેમની સાથે તાદાત્મ્ય અનુભવે છે. જેની સાથે તાદાત્મ્ય અનુભવાતું હોય તે વ્યક્તિના સદ્‌ગુણોનું અનુકરણ થાય તે ઇચ્છનીય છે. આથી તરુણોનું ચારિત્ર્ય ઘડતર પણ થઈ શકે છે. અસામાજિક પાત્રોની સાથે તાદાત્મ્ય અનુભવવાથી વ્યક્તિ પ્રગતિના બદલે પ્રતિગતિ તરફ ધકેલાઈ જાય છે, અને તે મનોવિકૃતિનો ભોગ બને છે.

❋ **ક્ષતિપૂર્તિ (Compensation) :**

સામાન્ય રીતે કોઈ એક ક્ષેત્રની પોતાની નિષ્ફળતા કે ઊણપ ઢાંકવા માટે વ્યક્તિ આ પ્રયુક્તિનો આશ્રય લે છે. તે એક ક્ષેત્રની ઉણપ બીજા ક્ષેત્ર દ્વારા પૂરી કરવા પ્રેરાય છે. આ એક વૈકલ્પિક લક્ષ્ય હાંસલ કરવાની પ્રયુક્તિ છે. કોઈ એક ક્ષેત્રમાં નિષ્ફળતાને વરેલી વ્યક્તિ અન્ય ક્ષેત્રમાં પ્રાવીણ્ય પ્રાપ્ત કરીને એક ક્ષેત્રની નિષ્ફળતાને બીજા ક્ષેત્રની સિદ્ધિમાં ફેરવી દે છે. આ ક્ષતિપૂર્તિ કહી શકાય. તેને ક્ષતિપૂર્તિ પણ કહેવામાં આવે છે. અંગ્રેજી કે ગણિતમાં નિષ્ફળતા મેળવનાર વિદ્યાર્થી રમત–ગમત કે સંગીત યા ચિત્રકલામાં પ્રાવીણ્ય મેળવીને સિદ્ધિ હાંસલ કરે છે. જે-તે ક્ષેત્રમાં ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરીને પોતાનો 'અહમ્' સંતોષે છે. આનાથી વ્યક્તિને સંતોષ પ્રાપ્ત થાય છે, અને સિદ્ધિ મેળવવાનો આનંદ મેળવે છે. કેટલીકવાર વ્યક્તિ પરોક્ષ રીતે પણ ક્ષતિપૂર્તિ કરે છે. જેમકે, પિતાની એન્જિનિયર બનવાની ઝંખના પૂર્ણ ન થતાં, તે પોતાના બાળકને એન્જિનિયર બનાવીને સંતોષ મેળવે છે.

❋ **ઊર્ધ્વીકરણ (Sublimation) :**

મનોવિજ્ઞાની ફ્રોઈડે આ બાબતમાં વિશેષ પ્રદાન કર્યું છે. વ્યક્તિ જ્યારે સામાજિક કે નૈતિક દૃષ્ટિએ અસ્વીકાર્ય વૃત્તિઓને સહજ રીતે સંતોષી ન શકે ત્યારે તે વૃત્તિઓને સમાજમાન્ય રીતે સંતોષવાનો તે પરોક્ષ કે આડકતરી રીતે પ્રયાસ કરે છે. આ ક્ષતિપૂર્તિનો એક પ્રકાર જ છે. આ રચનાત્મક બચાવ પ્રયુક્તિ છે. જ્યારે વ્યક્તિ પોતાની વૃત્તિઓને સમાજમાન્ય રીતે સહજ રીતે સંતોષી શકતી નથી ત્યારે તે વૃત્તિઓને આ માર્ગે સંતોષે છે. એક મનોવિજ્ઞાનીએ યોગ્ય રીતે કહ્યું છે,

"In successful sublimation, the direction and aim of the repressed drives has been into pathways new of creative endeavour"

અન્ય રીતે કહીએ તો, સામાજિક રીતે અસ્વીકાર્ય વર્તનને સ્થાને સ્વીકાર્ય વર્તન મૂકી માનસિક તંગદિલી હળવી કરવાનો પ્રયાસ એ ઊર્ધ્વીકરણ છે. જેમકે, બાળકોની લડાયક વૃત્તિને ઊર્ધ્વીકૃત કરવા માટે રમત–ગમતની કે અન્ય સ્પર્ધાઓનું આયોજન કરવું જોઈએ. પ્રેમમાં હતાશ થયેલી વ્યક્તિ ચિત્રકલા, સંગીતકલા કે સાહિત્યસર્જન દ્વારા પોતાની જાતીય વૃત્તિના ઊર્ધ્વીકરણથી વ્યક્તિ અને સમાજનુ શ્રેય સાધે છે. તેમની શક્તિઓ રચનાત્મક અને સમાજોપયોગી માર્ગે વાળે છે. માનસિક અસંતોષ દૂર થાય છે. આ રીતે આ પ્રયુક્તિથી વ્યક્તિ અને સમાજને લાભ થાય છે.

વ્યક્તિત્વ વિકાસના અભિગમો અને સિદ્ધાંતો


ગુણલક્ષી અભિગમ
૧. ઓલપોર્ટનો ગુણ સિદ્ધાંત
૨. કેટલનો ગુણ સિદ્ધાંત
પ્રકાર અને ગુણલક્ષી અભિગમ
૧. આઈઝેન્ક નો શ્રેણી સિદ્ધાંત
મનોવિશ્લેષણાત્મક અભિગમ
૧. ફ્રોઈડનો વ્યક્તિત્વ સિદ્ધાંત
૨. એડલરનું વૈયક્તિક મનોવિજ્ઞાન
૩. યુંગનું વિશ્લેષણાત્મક મનોવિજ્ઞાન
૪. એરિકસનનો મનો-સામાજિક વિકાસનો સિદ્ધાંત
માનવતાવાદી અભિગમ
૧. રોજર્સનો સ્વ સિદ્ધાંત
૨. મોસ્લોનો સ્વ વાસ્તવિકીકરણનો સિદ્ધાંત
અધ્યયનલક્ષી અભિગમ
૧. ડોલાર્ડ અને મિલરનો પ્રારંભિક સામાજિક અધ્યયનનો સિદ્ધાંત
૨. સ્કિનરનો આત્યંતિક વર્તનવાદ
૩. બાન્દુરાનો સામાજિક જ્ઞાનાત્મક સિદ્ધાંત
૪. રોટ્ટરનો સામાજિક અધ્યયનનો સિદ્ધાંત

સ્પષ્ટ છે કે, વ્યક્તિત્વ વિકાસને સમજવા મનોવિજ્ઞાનીઓએ છ અભિગમો અપનાવ્યા છે, અને તે અંતર્ગત સંશોધન - અભ્યાસ કરી કરીને બારથી તેર સિદ્ધાંતો તારવ્યા છે. અલબત્ત હિપોક્રેટસ અને શેલ્ડને રજૂ કરેલા પ્રકારલક્ષી અભિગમને અહીં રજૂ કરેલ નથી.

ઉપરોક્ત અભિગમો અને તે અંતર્ગત વ્યક્તિત્વને સમજવાના જે પ્રયત્નો થયા તેના ઉપરથી નીચે મુજબ તારવી શકાય.

(1) **ઓલપોર્ટ અને કેટલે તારવ્યું કે,** વ્યક્તિના વ્યક્તિત્વની ઓળખ તેના વ્યક્તિત્વ ગુણોના સંદર્ભમાં થતી હોય છે. વ્યક્તિત્વ ગુણો એટલે વ્યક્તિનાં ખાસ વર્તન લક્ષણો કે જેના થકી વ્યક્તિ અન્ય વ્યક્તિઓથી સાતત્યપૂર્ણ અને સ્થિરપણે જુદી પડે છે. આવા ખાસ લક્ષણોના સંદર્ભમાં વિચારવાનું વલણ એ વ્યક્તિત્વના ગુણ સિદ્ધાંતનો પાયો છે. આ વિચારણાના અંતે તેમણે ગુણોને ત્રણ વર્ગોમાં વર્ગીકૃત કર્યા.

(1) **મુખ્ય કે સર્વોપરિ ગુણ :** એટલે વ્યક્તિનું એવું એક માત્ર લક્ષણ કે જે વ્યક્તિના સમગ્ર વ્યક્તિત્વને પ્રભાવિત કરે છે. ઉદા. તરીકે મહાત્મા ગાંધીની સત્યવાદિતાનું લક્ષણ, હિટલરની સત્તા લાલસા.

(2) **કેન્દ્રીય ગુણો :** વ્યક્તિના એવા પાંચથી દસ ગુણો કે જે વ્યક્તિના વ્યક્તિત્વને શ્રેષ્ઠ રીતે વર્ણવી શકે. દા.ત. નિયમિતતા, કરકસર, ગંભીરતા, જવાબદારીનું ભાન.

(3) **ગૌણ ગુણો :** વર્તન ઉપર બહુ ઓછી અસર કરે તેવા આકસ્મિક કે ઉપરછલ્લી ટેવથી દેખાતા ગુણો, ઉદા. તરીકે ફેશનનો શોખ, અમુક રંગની પસંદગી.

આ ગુણો વર્તનના ઉત્તેજક તરીકે કામ કરે છે. તે વર્તનનું ધ્યેય નક્કી કરે છે. વળી આ ગુણો અસ્થિર નથી, સ્થિર છે, સ્થાયી છે. વારંવાર બદલાતા નથી. વ્યક્તિત્વ ગુણ એ વ્યક્તિનું લક્ષણ છે, તેને સામાજિક કે નૈતિક રીતે મૂલવવું યોગ્ય નથી.

કેટલે અવયવ પૃથક્કરણ નામની અંકશાસ્ત્રીય પ્રયુક્તિનો ઉપયોગ કરીને 171 ગુણો તારવી આપેલા. તેને લક્ષણ સમાનતાને આધારે 35 જૂથોમાં તારવ્યા. તેને આધારે 16 વ્યક્તિત્વ ઘટકો તારવ્યા.

જો કે આ અભ્યાસો વ્યક્તિત્વ અંગે કોઈ મોટો સિદ્ધાંત રજૂ કરતો નથી. મનોવિજ્ઞાનીઓ આ અભ્યાસોને ચોક્કસ વ્યક્તિત્વ ગુણોને સમજવાના પ્રયત્નરૂપે કરે છે.

(2) આઈઝેન્કનો શ્રેણી સિદ્ધાંત :

તેમણે પ્રકાર અને ગુણલક્ષી અભિગમ અંતર્ગત અભ્યાસ કરી શ્રેણી સિદ્ધાંત તારવ્યો. તે મુજબ વ્યક્તિત્વના ત્રણ પાસાં (1) અંતર્મુખતા - બહિર્મુખતા (2) સૌમ્ય મનોવિકૃતિ (ન્યૂરોટિસિઝન) (3) તીવ્ર મનોવિકૃતિ (સાઈકોટિઝમ).

આઈઝેન્ક અનુસાર, અંતર્મુખતા અને બહિર્મુખતા એ મગજના અવરોધો અને ઉત્તેજનાની સમતુલાની બાબત છે. સૌમ્ય મનોવિકૃતિના પાસામાં ચિત્તભ્રમ લોકોનો સમાવેશ કર્યો છે. જ્યારે તીવ્ર મનોવિકૃતિ પાસા પર ઊંચો પ્રામાંક મેળવનાર વ્યક્તિમાં અપ્રમાણ સાંવેગિક અભિવ્યક્તિ કે અવિચારીપણું વિશેષ જોવા મળે છે.

(3) મનોવિશ્લેષણાત્મક અભિગમ : ફ્રોઈડનો વ્યક્તિત્વ સિદ્ધાંત

તેમણે વ્યક્તિત્વ સંબંધિત નીચેના ખ્યાલો રજૂ કર્યા:

(1) જાગૃતતાની કક્ષાઓ (લેવલ ઑફ કોન્સિયસનેસ)

(2) વ્યક્તિત્વનું બંધારણ (સ્ટ્રક્ચર ઑફ પર્સનાલિટી)

(3) ચિંતાતુરતા અને બચાવ પ્રયુક્તિઓ

ફ્રોઈડની દૃષ્ટિએ વ્યક્તિત્વ ત્રણ ભાગોમાં વહેંચાયેલું છે. (1) તત્ તત્વ : મૂળભૂત અને આદિમ આવેગો ધરાવે છે. તેમાં શારીરિક જરૂરિયાતો, જાતીય ઇચ્છાઓ અને આક્રમક આવેગાત્મક દબાણોનો સમાવેશ થાય છે. સુખના સિદ્ધાંત અનુસાર કામ કરે છે. તે તાત્કાલિક સંપૂર્ણ સંતોષ ઇચ્છે છે. પરંતુ સમાજ વ્યક્તિને તાત્કાલિક સંપૂર્ણ સંતોષ માટે બહુ ઓછી તક આપે છે. વ્યક્તિના મૂળભૂત આવેગોના પ્રયાસો તેને ગંભીર મુશ્કેલીમાં મૂકે છે. આ હકીકતના પ્રતિચાર રૂપે વ્યક્તિત્વનો બીજો ઘટક અહંનો વિકાસ થાય છે. તત્ તત્ત્વ અજાગૃત મનના સ્તરે હોય છે, જ્યારે બીજું ઘટક અહં જાગૃતમનના સ્તરે હોય છે. અહંનું મુખ્ય કાર્ય તત્ તત્ત્વને તેનાં આવેગાત્મક દબાણોને સંતોષવાની યોગ્ય પરિસ્થિતિ ઊભી ન થાય ત્યાં સુધી નિયંત્રિત કરવાનું છે. અહં

વાસ્તવિકતાના સિદ્ધાંત અનુસાર કાર્ય કરે છે. અહં બાહ્ય પરિસ્થિતિઓ અને વિવિધ ક્રિયાઓમાં શક્ય પરિણામોને ધ્યાનમાં લઈને વર્તનને દિશા આપે છે.

ફ્રોઈડના વ્યક્તિત્વના સિદ્ધાંત અનુસાર ત્રીજું ઘટક અનિવાર્ય છે. તે મહદ્ અંશે અર્ધજાગૃત મનના સ્તરે હોય છે. તે પણ તત્ તત્વના આંતરિક આવેશોના સંતોષ માટેના પ્રયત્નોને નિયંત્રિત કરવાનું કાર્ય કરે છે પણ નૈતિકતાના માપદંડ વડે નિયંત્રણ કરે છે. અધિઅહંને આપણી ભાષામાં આત્માનો અવાજ કહી શકીએ.

તત્ તત્ત્વના ભયજનક આવેગોના પ્રસ્ફૂટનને અટકાવવા માટે અહં મુશ્કેલીનો સામનો કરે છે ત્યારે તે નિષ્ફળ જાય તો અધિઅહં તે આવેગોને રચનાત્મક રીતે પ્રસ્ફૂટન કરવા તૈયાર કરે છે. તેને આપણે બચાવ પ્રયુક્તિ કહીએ છીએ.

❋ યુંગનો વિશ્લેષણાત્મક સિદ્ધાંત :

આપણે વ્યક્તિત્વની વાત કરતાં કરતાં મનની વાત એટલા માટે કરીએ છીએ કે અનુકૂલિત વર્તન વ્યક્તિત્વ છે. આ પ્રકારના વર્તનનું પ્રેરક નિયંત્રક અને પુરસ્કારક મન છે. યુંગના સિદ્ધાંત અનુસાર મનના ત્રણ વિભાગો છે :

(1) અહં (Ego) જાગૃત મન / ચેતન મન

(2) વૈયક્તિક અજાગૃત મન - (Personal Unconscious)

(3) સામુદાયિક અજાગૃત મન - (Collective Unconscious)

જાગૃત મન એ વ્યક્તિના અહંનું સ્થાન છે. તેના દ્વારા જાગૃત વર્તનોનું નિયંત્રણ થાય છે. તેની નીચે વૈયક્તિક અજાગ્રત મનનો વિસ્તાર આવેલો છે. આ વિસ્તારમાં વ્યક્તિના પ્રાચ્છાદિત થયેલા અંગત જીવન સંબંધી બાબતોનો સમાવેશ થાય છે. વ્યક્તિ પ્રવર્તમાન સમયે તેના અંગે સભાન હોતી નથી, પરંતુ તેને જાગૃત મનમાં લાવી શકાય છે ખરી. વૈયક્તિક જાગૃત મનના વિસ્તારની નીચે સામુદાયિક અજાગૃત મનનો વિસ્તાર આવેલો છે. તેને માનસિક વારસો કહેવામાં આવે છે. તે જાતિગત અનુભવોનું સંગ્રહસ્થાન છે. વ્યક્તિ તેના જ્ઞાન સાથે જન્મે છે, છતાં તેના વિશે વ્યક્તિને કશી ખબર હોતી નથી. તે વ્યક્તિનાં સાંવેગિક વર્તનો પર અસર કરે છે.

માનવવર્તન જાતીય પ્રેરણ કે સત્તાપ્રેરણ વડે દોરવાયેલ નથી, પરંતુ તે સ્વવાસ્તવિકીકરણની જરૂરિયાતથી પ્રેરાયેલ હોય છે. અહીં યુંગ ફ્રોઇડના વિચારોથી જુદા પડે છે. દરેક વ્યક્તિ પોતાની રીતે સ્વવાસ્તવિકીકરણની જરૂરિયાત પૂર્ણ કરવા પ્રયત્ન કરે છે.

યુંગના અભિપ્રાય અનુસાર, વિકાસ તેની જીવનશક્તિ (libilo) દ્વારા થાય છે તે વ્યક્તિના તમામ વર્તનો માટે જવાબદાર છે. તેનો સામાન્ય પ્રવાહ વ્યક્તિને અનુકૂલિત બનાવે છે પણ જો પ્રવાહમાં અવરોધ આવે તો તે વ્યક્તિને અપાનુકૂલિત બનાવે છે. તેના સામાન્ય પ્રવાહમાં વ્યક્તિત્વ અંતર્મુખી કે બહિર્મુખી થઈ શકે છે. જે વ્યક્તિમાં જીવનશક્તિ અંદરની તરફ વહે છે તે વ્યક્તિ અંતર્મુખી બને છે પરંતુ જે વ્યક્તિમાં જીવનશક્તિ બહારની તરફ વહે છે તે બહિર્મુખી બને છે. આ રીતે યુંગે વ્યક્તિત્વના બે પ્રકારો પાડેલા.

અંતર્મુખી વ્યક્તિને સપનાંઓ, લાગણીઓ અને વિચારોનું આંતરિક વિશ્વ હોય છે જ્યારે બહિર્મુખી વસ્તુઓ, લોકો અને પદાર્થોના બાહ્ય જગતને વધુ પસંદ કરે છે.

અંતર્મુખી વ્યક્તિ પોતાના અહંને - સ્વને બરાબર ઓળખે છે પરંતુ જીવનમાં પોતાની ભૂમિકા અંગે સ્પષ્ટ સમજ કેળવી શકતો નથી ત્યારે તેના જીવન પ્રવાહમાં અવરોધ ઉત્પન્ન થાય છે અને તે અપાનુકૂલન તરફ ઢળી જાય છે. આ સ્થિતિ તરુણાવસ્થામાં વધુ ઊભી થાય છે. તેના ઘટમાં ઘોડા થનગને છે, પોતાનો આત્મવિશ્વાસ તેને ઘડીકમાં સચીન બનવા પ્રેરે છે, તો ઘડીકમાં સલમાનખાન, ઘડીકમાં વૈજ્ઞાનિક તો ઘડીકમાં સમાજ સેવક બનવા ઈચ્છે છે. પરિણામે તેના મસ્તિષ્કમાં જીવનના પોતાના સાચુકલા રોલ અંગે અવઢવ થાય છે, આવી અવસ્થામાં તરુણને વિશેષ માર્ગદર્શનની જરૂર પડે છે.

❋ એડલરનું યૈયક્તિક મનોવિજ્ઞાન :

એડલર હતા ફ્રોઇડના શિષ્ય, સહકાર્યકર છતાં તેમણે વ્યક્તિત્વ અંગેનો સિદ્ધાંત જુદો જ રજૂ કર્યો હતો. તેમનો કેન્દ્રીય વિચાર 'સામાજિક માનવ' કે જે સ્વ-સુધારણા, સ્વ-પરિપૂર્ણતા અને સમાન સુખાકારીમાં ફાળો આપવા તેમ જ સહકારથી જીવવા માટે સક્ષમ છે. તેમની Feeling of Community ની સંકલ્પના

મહત્ત્વની છે. એડલરના મતે વૈયક્તિક મનોવિજ્ઞાન એ અનોખી, અવિભાજ્ય અને અવિભાજિત વ્યક્તિનું મનોવિજ્ઞાન છે. તેઓની ધારણા હતી કે વ્યક્તિ એક એકમ (ઓર્ગેનાઈઝેશન) તરીકે વર્તે છે. તેમાં વિચારો, લાગણીઓ, ક્રિયાઓ, સ્વપ્નો, સ્મૃતિઓ અને શરીરરચના પણ એક જ દિશામાં ગતિ કરે છે.

વ્યક્તિત્વ વિકાસ સક્રિય અને સર્જનાત્મક પ્રક્રિયા છે. તેમાં તે જીવનના અનુભવોને અર્થ આપે છે. આ અર્થને આધારે આત્મલક્ષી વાસ્તવિક્તાની રચના કરે છે. આ દૃષ્ટિએ વ્યક્તિ વારસો અને વાતાવરણનો મૂક સાક્ષી નથી પરંતુ તે પરિસ્થિતિની સક્રિય રચના કરનાર અને તેનું અર્થઘટન કરનાર છે.

શિશુ અવસ્થાથી જ વ્યક્તિત્વ વિકાસની શરૂઆત થઈ જાય છે. ઉત્તર બાલ્યાવસ્થામાં બાળક તેના રોજિંદા અને સામાન્ય કાર્યમાં મોટાં બાળકો અને પુખ્ત લોકોની સાથે પોતાની તુલના કરે છે ત્યારે તેનામાં પોતે શક્તિવાન નથી એવી લાગણી જાગૃત બને છે. એડલર તેને લઘુતાની લાગણી એવું નામ આપે છે. એડલર તેને ઋણ પરિસ્થિતિના અનુભવ તરીકે વર્ણવે છે. આ લાગણીઓ વ્યક્તિને ધન પરિસ્થિતિ પ્રાપ્ત કરવા પ્રેરિત કરે છે અને આરંભાઈ છે, કવેસ્ટ (ઝંખના) ફોર ઈન્ડિપેન્ડન્સ - સામર્થ્ય, સ્વાતંત્ર્ય માટેની કશમકશ, સંઘર્ષ આ સંઘર્ષ તરુણાવસ્થામાં ચરમસીમાએ પહોંચે છે. અલબત્ત, આ દિશામાં પ્રયત્નોનું કારણ છે - સર્જનાત્મક જીવનશક્તિ. વ્યક્તિનાં કાર્યો (પ્રયત્નો) હંમેશાં વાસ્તવિક્તાથી દોરવાયેલાં હોતાં નથી, તે સાચું હોવાની ધારણાથી પણ દોરવાયેલાં હોય છે. આના આધારે એડલરે 'આખરી ધ્યેય' (ફાઈનલ ગોલ) ની સંકલ્પના રજૂ કરી છે. આખરી ધ્યેય તરફની ગતિ એ લઘુતાની લાગણીને પાર કરવાના પ્રયત્નો વડે પ્રેરિત છે. વ્યક્તિના આ પ્રયત્નો નેની ક્ષમતાના પૂર્ણ વાસ્તવિકીકરણ તરફ હોય છે. મોસ્લોનો સ્વ-વાસ્તવિકરણના સિદ્ધાંતને મળતો એડલરનો આ સિદ્ધાંત છે.

લઘુતાની લાગણી જીવન વિકાસની દરેક અવસ્થાએ જુદી જુદી રીતે જન્મતી હોય છે ત્યારે લઘુતાને ઓવરટેઈક કરવાના વ્યક્તિના પ્રયત્નો પણ સતત ચાલુ (કવેસ્ટ ફોર ઈન્ડિપેન્ડન્સ) રહેતા હોય છે. ત્યારે જો તેને કુટુંબ, સમવયસ્કો અને બીજા સામાજિક પરિબળો મદદ કરે, માર્ગદર્શન આપે તો તે મુશ્કેલીઓ, પડકારોનો સામનો કરતાં શીખે છે, તેથી તેનામાં હિંમતનો વિકાસ થાય છે. તે

સમુદાયનાં કાર્યો તથા પ્રેમ કરવા શક્તિમાન બને છે, એટલે કે તે લઘુતાથી સ્વતંત્ર, મુક્ત થાય છે. પરંતુ જો આ સંઘર્ષમાં, ક્ષમતાઓના વાસ્તવિકીકરણના પ્રયત્નોમાં તેને કુટુંબ, સમવયસ્કો કે સમુદાય તરફથી પૂરતું પ્રોત્સાહન નથી તો તે નાહિંમત બને છે ને તેનામાં લઘુતાની લાગણી વિકસે છે. તેને પરિણામે તે જીવનનું આખરી ધ્યેય એવું નક્કી કરે છે કે જે સિદ્ધ કરવું નામુમકીન હોય છે. તેને કારણે તે અનુકૂલન સાધી શકતી નથી. અને વ્યક્તિત્વ વિકાસને બદલે વ્યક્તિત્વ વિકૃતિમાં પરિણમે છે, અથવા તો તે બચાવ પ્રયુકિતઓનો ઉપયોગ કરવા લાગે છે.

❋ કાર્લ રોજર્સનો 'સ્વ' સિદ્ધાંત :

રોજર્સનું મુખ્ય પ્રદાન છે સ્વસંકલ્પના (સેલ્ફ કન્સેપ્ટ). તેમના મતે 'સ્વ'માં તમામ વિચારો, ખ્યાલો, પ્રત્યક્ષીકરણો અને મૂલ્યોનો સમાવેશ થાય છે. તેમાં 'હું શું છું' અને 'હું શું કરી શકું' તે અંગેની જાગૃતિનો સમાવેશ થાય છે. આમાંથી સર્જાય છે સ્વસંકલ્પના. વ્યક્તિ દરેક અનુભવને સ્વસંકલ્પનાથી મૂલવે છે. વ્યક્તિ પોતાની સ્વ પ્રતિમા, અનુભવો અને લાગણીઓ સાથે સાતત્ય હોય તેવું વર્તન કરે છે. પરંતુ જેનું સાતત્ય ન હોય તેવાં વર્તનો, અનુભવો અને લાગણીઓનો તેનું જાગૃત મન અસ્વીકાર કરે છે. જો કે આવું કાયમી બનતું પણ નથી.

જેમ જેમ વ્યક્તિ પોતાની સ્વસંકલ્પના સાથે સાતત્ય ન ધરાવતા અનુભવોનાં વધુ ક્ષેત્રોનો અસ્વીકાર કરે છે તેમ તેમ તેના સ્વ અને વાસ્તવિકતા વચ્ચેનું અંતર વધે છે, પરિણામે અપાનુકૂલનની સમસ્યાઓ વધે છે. જ્યારે સારી રીતે અનુકૂલિત વ્યક્તિની સ્વસંકલ્પના તેના અનુભવો, લાગણીઓ તથા વિચારો સાથે સાતત્ય ધરાવે છે. તે નવા વિચારો, અનુભવોને પચાવીને સ્વસંકલ્પનામાં ભેળવી શકે છે તેથી સ્વસંકલ્પના વિકસતી રહે છે.

રોજર્સે 'આદર્શ સ્વ' સંકલ્પના પણ રજૂ કરી છે. એટલે કે એક વાસ્તવિક 'સ્વ' ને બીજો 'આદર્શ સ્વ' જે છે અને જે થવું છે તેના સંબંધોની તરેહ વ્યક્તિત્વ વિકાસ પર અસર કરે છે. જે વ્યક્તિના વાસ્તવિક 'સ્વ' અને 'આદર્શ સ્વ' નજીક નજીક હોય તો તે વ્યક્તિ અનુકૂલિત વ્યક્તિ બને છે. આવી વ્યક્તિ વધુ પરિપૂર્ણતા અને આનંદની લાગણી અનુભવી શકે છે. પરંતુ જેના બે 'સ્વ' વચ્ચે અંતર વધુ હોય તે અપાનુકૂલિત ધરાવે છે અને તે અસંતુષ્ટ અને ખિન્ન ખિન્ન વધુ રહે છે.

વાસ્તવિક સ્વ અને આદર્શ સ્વ વચ્ચેનું અંતર ઘટાડવાના પ્રયત્નથી જ ક્વેસ્ટ ફોર ઇન્ડિપેન્ડન્સ શરૂ થાય છે. આ (ક્વેશ્ટ) સંઘર્ષ કે કશમકશ વખતે તેને કુટુંબ, શાળા-શિક્ષક તથા સમુદાય - સમાજ તરફથી હકારાત્મક સહયોગ મળ્યો હોય તો ઉક્ત અંતર ઘટવામાં મદદરૂપ થાય છે. તેના આદર્શ સ્વ વિશે કોઈ પણ પ્રકારની અસમંજસ રહેતી નથી. તેની સ્વ સંકલ્પના (અહં) માં વિકૃતિ આવતી નથી. પરિણામે તેના આદર્શ સ્વ કે જે તેણે ભવિષ્યમાં નિભાવવાની ભૂમિકા (રોલ) છે તે બાબતે કોઈ કન્ફ્યુઝન (ગૂંચવણ) રહેતી નથી. હવે તેણે કોઈ બચાવ પ્રયુક્તિનો ઉપયોગ કરવાની જરૂર પણ રહેતી નથી. પરંતુ જ્યારે વાસ્તવિક સ્વ અને આદર્શ સ્વ જેને વ્યક્તિનો અહં અને ભાવિભૂમિકા ગણી શકીએ. એ બે વચ્ચે અંતર ઘટાડવા વ્યક્તિ કશમકશ કરી રહી હોય ત્યારે એ કુટુંબ, સમવયસ્કો તથા સમુદાય કે સમાજ તરફથી હકારાત્મક પ્રોત્સાહન ન મળે તો સ્વ-સંકલ્પનામાં વિરૂપતા આવવાની શક્યતા વધે છે. તેના અહં અને ભાવિ ભૂમિકા વચ્ચે સંશય જન્મે છે, પરિણામે ભાવિ બૂમિકા અંગે તે ગૂંચવણ (કન્ફ્યુઝન) અનુભવે છે. તેને ઢાંકવા તે બચાવ પ્રયુક્તિનો ઉપયોગ કરવા મજબૂર બને છે.

અલબત્ત, આ સ્થિતિ તરુણાવસ્થામાં વધુ ઊભી થાય છે. તરુણાવસ્થા સંશયાવસ્થા છે. તરુણાવસ્થા એ ઓળખની અવસ્થા છે. તરુણાવસ્થા એ અવાસ્તવિકતામાં રાચવાની અવસ્થા છે. આ બધાને કારણે તેના વાસ્તવિક સ્વ અને આદર્શ સ્વ વચ્ચે અંતર વધવાની શક્યતા વધે છે.

❋ સ્વાધ્યાય ❋

પ્ર.1 આઠથી દસ વાક્યોમાં જવાબ લખો.

(1) વ્યક્તિત્વ વિકાસ એટલે શું ?

(2) તરુણાવસ્થામાં વ્યક્તિત્વ વિકાસ સમજાવો.

(3) વ્યક્તિત્વ વિકાસમાં અનુકૂલનનું મહત્ત્વ સમજાવો.

(4) કોઈ એક બચાવ પ્રયુક્તિ ઉદાહરણ સાથે સમજાવો.

(5) વ્યક્તિત્વ વિકાસનો રોજર્સનો સિદ્ધાંત સ્પષ્ટ કરો.

પ્ર.2 ટૂંકનોંધ લખો

(1) વ્યક્તિત્વની સંકલ્પના

(2) સ્વાતંત્ર્ય માટેની કશમકશ

(3) એડલરનું વૈયક્તિક મનોવિજ્ઞાન

પ્રકરણ 13

તરુણાવસ્થા : સાંસ્કૃતિક સંદર્ભ

13.1 પ્રસ્તાવના
13.2 તરુણાવસ્થા : સાંસ્કૃતિક સંદર્ભ
13.3 પશ્ચિમી સંસ્કૃતિની તારુણ્ય પર અસર
13.4 ભારતની વિવિધ સંસ્કૃતિઓની તારુણ્ય પર અસર
13.5 સાંસ્કૃતિક સંદર્ભમાં તરુણાવસ્થાના અભ્યાસ
13.6 ઉપસંહાર
❋ સ્વાધ્યાય

13.1 પ્રસ્તાવના :

આપણે જાણીએ છીએ કે વિકાસ બે બાબતોથી પ્રભાવિત થાય છે. (1) આનુવંશિકતા (2) વારસો. સંસ્કૃતિનો સમાવેશ વાતાવરણમાં કરવામાં આવે છે. આપણે જાણીએ છીએ કે સંસ્કૃતિ એટલે પેઢી દર પેઢી મળતો વારસો. જેમાં જ્ઞાન, કલાઓ, સંગીત, સાહિત્ય, રીત-રિવાજો, જીવનશૈલી, આહાર-ટેવો, બાળઉછેર વગેરેનો સમાવેશ થાય છે. આ બધી જ બાબતોનો સમાવેશ સંસ્કૃતિમાં થાય છે. સમયાંતરે સંસ્કૃતિઓ બદલાય છે. ભારતમાં આર્ય સંસ્કૃતિ, દ્રવિડ સંસ્કૃતિ, મુસ્લિમ સંસ્કૃતિ, ખ્રિસ્તી સંસ્કૃતિ, પશ્ચિમી સંસ્કૃતિની અસરો થઈ છે. તારુણ્ય ઉપર આ વિવિધ સંસ્કૃતિઓની ભિન્ન ભિન્ન અસરો જોવા મળે છે. દુનિયાના વિવિધ વિભાગોની ભિન્ન ભિન્ન સંસ્કૃતિઓની ભિન્ન અસરો તરુણ-તરુણીઓ ઉપર જોવા મળે છે. પ્રસ્તુત પ્રકરણમાં વિવિધ સંસ્કૃતિઓના સંદર્ભમાં તારુણ્યની ચર્ચા કરવામાં આવી છે.

13.2 તરુણાવસ્થા : સાંસ્કૃતિક સંદર્ભ :

તારુણ્યના વિકાસની શારીરિક તરાહ વિવિધ પ્રદેશોમાં સમાન જોવા મળે છે. પરંતુ ભારત જેવા ગરમ પ્રદેશોમાં તારુણ્યનો પ્રારંભ વહેલો થાય છે, જ્યારે ઠંડા

પ્રદેશોમાં તારુણ્યનો પ્રારંભ થોડો મોડો થાય છે. તારુણ્યનાં વિવિધ લક્ષણો ઉપર વિવિધ સંસ્કૃતિઓની અસર અવશ્ય જોવા મળે છે. તરુણાવસ્થામાં થતા જાતીય પરિવર્તનોની સમજ પશ્ચિમની સંસ્કૃતિમાં જાતીય શિક્ષણ દ્વારા અપાય છે. જ્યારે ભારત જેવા પરંપરાગત સમાજમાં ઘણાં નિયંત્રણો જોવા મળે છે. પશ્ચિમી સંસ્કૃતિમાં તરુણ-તરુણીઓ છૂટથી હળી-મળી શકે છે, જ્યારે ભારત જેવા દેશમાં ઘણાં નિયંત્રણો હોય છે. આમ સંસ્કૃતિ ક્યાંક તારુણ્યના વિકાસમાં અવરોધક બને છે તો ક્યાંક અતિ વધારે છૂટછાટને કારણે માઠાં પરિણામ પણ જોવા મળે છે.

13.3 પશ્ચિમી સંસ્કૃતિની તારુણ્ય પર અસર :

ભારતીય સમાજ પરંપરાગત સમાજ છે જ્યારે પશ્ચિમી સમાજમાં તરુણ-તરુણીઓ ઉપર ઓછાં નિયંત્રણો છે. તેમને સ્વતંત્ર નિર્ણય લેવા દેવાય છે. આથી ઊલટું, ભારતમાં સંતાનો માતા-પિતા અને વડીલો ઉપર અવલંબિત છે. તરુણાવસ્થામાં સ્વાતંત્ર્યની ઝંખના મહત્ત્વનું લક્ષણ છે. જો આ ઝંખના અવરોધાય તો તરુણ-તરુણી બંડખોર પણ બની શકે છે. તરુણાવસ્થામાં જાતીય આકર્ષણ થાય છે. તરુણને તરુણી પ્રત્યે અને તરુણીને તરુણ પ્રત્યે આકર્ષણ થાય છે. પશ્ચિમી સંસ્કૃતિમાં તરુણ-તરુણીઓને છૂટથી હળવા-મળવા દેવાય છે. ત્યાં 'ડેટીંગ'ની પ્રથા અમલમાં છે. આથી ઊલટું, ભારતમાં આ અંગે ઘણાં નિયંત્રણો હોય છે, જે તરુણ-તરુણીઓ માટે અવરોધક બને છે. પશ્ચિમના દેશોમાં શાળાઓમાં વૈજ્ઞાનિક રીતે જાતીય શિક્ષણ અપાય છે. ભારતમાં આ અંગે સ્પષ્ટ નીતિ નથી. પરિણામે તરુણ-તરુણીઓ ફૂટપાથિયું, સસ્તુ, ભ્રામક સાહિત્ય વાંચવા પ્રેરાય છે.

જો તરુણ-તરુણીઓને બંધન વિના હળવા-મળવા દેવાય તો તેનાં વિધાયક પરિણામો આવે છે. પશ્ચિમી સમાજમાં માધ્યમિક કક્ષાએ તરુણ ફાજલ સમયમાં કામ કરી કમાય છે. માતા-પિતા પર નિર્ભર રહેતો નથી. આથી ઊલટું, ભારતીય સમાજમાં તરુણ-તરુણી માતા-પિતા પર આર્થિક નિર્ભર રહે છે. જો તે કોઈ કમાવાનું કાર્ય કરે તો તેની ટીકા થાય છે.

તરુણાવસ્થામાં તરુણ-તરુણીઓને સુંદર દેખાવું ગમે છે. તેમને ટાપટીપ ગમે છે. પશ્ચિમી સંસ્કૃતિ આમાં અવરોધક બનતી નથી.

રશિયા, ચીન, આરબ દેશો, મુસ્લિમ દેશો આ બધા દેશોની સંસ્કૃતિઓમાં ભિન્નતાઓ છે. આ ભિન્નતાઓની અસર તરુણ-તરુણીઓ ઉપર અવશ્ય જોવા મળે છે. એટલે જ વિવિધ દેશોના તરુણ-તરુણીઓમાં આપણને ભિન્નતા જોવા મળે છે. કલાઓ અને સાહિત્યના શોખના વિકાસ ઉપર પણ સંસ્કૃતિ અસર કરે છે. ઈઝરાયલમાં ઉચ્ચ શિક્ષણ લેતાં તરુણ-તરુણીઓ માટે લશ્કરી તાલીમ ફરજિયાત છે. આની સીધી અસર તરુણ-તરુણીઓના વ્યક્તિત્વ પર જોવા મળે છે. તે હિંમતવાન બને છે, રાષ્ટ્રપ્રેમની ભાવનાવાળા બને છે, તેમના વર્તનમાં ચોક્કસ પ્રકારની શિસ્ત જોવા મળે છે.

13.4 ભારતની વિવિધ સંસ્કૃતિઓની તારુણ્ય પર અસર :

ભારત વિવિધ સંસ્કૃતિઓ ધરાવતો દેશ છે. એટલે જ ભારતીય સમાજ બહુ સાંસ્કૃતિક (Multi-Cultural) ગણાય છે. ભારતમાં દ્રવિડ સંસ્કૃતિ, આર્ય સંસ્કૃતિ, મુસ્લિમ સંસ્કૃતિ, અંગ્રેજ સંસ્કૃતિ ઉપરાંત જૈન સંસ્કૃતિ, બૌદ્ધ સંસ્કૃતિ, ખ્રિસ્તી સંસ્કૃતિ, પારસી સંસ્કૃતિઓ પણ જોવા મળે છે. આ સંસ્કૃતિઓની અસર તરુણ-તરુણીઓ ઉપર જોવા મળે છે.

હિન્દુ સંસ્કૃતિ આર્ય અને દ્રવિડ સંસ્કૃતિની મિશ્ર અસર ધરાવે છે. તેમાં પણ ધર્મ અને જાતિની અસરો જોવા મળે છે. બ્રાહ્મણ, વણિક, પટેલ, કારીગર વર્ગ અને પેટા જ્ઞાતિઓના રીત-રિવાજો, જીવનશૈલી, ખાનપાનની ટેવો ભિન્ન હોય છે. રાજપૂત કોમ લડાયક અને બહાદુરીના ગુણો ધરાવે છે. આથી લશ્કરમાં કે પોલીસ ખાતામાં આ જ્ઞાતિના લોકો વધારે હોય છે. આથી ઊલટું-વાણિયા, બ્રાહ્મણમાં આવી લડાયક વૃત્તિ ઓછી હોવાથી આ જ્ઞાતિના લોકો લશ્કરમાં, પોલીસ ખાતામાં ઓછી સંખ્યામાં હોય છે.

મહારાષ્ટ્રના લોકોમાં સંગીત, નૃત્ય માટે વધુ આકર્ષણ હોય છે. દક્ષિણ ભારતનાં ઘણાં રાજ્યોમાં શાસ્ત્રીય નૃત્યો વધારે પ્રચલિત છે. તરુણ તરુણીઓ ઉપર

આ વાતાવરણની અસર થાય છે. તેમનું આકર્ષણ આ બાબતો તરફ વધારે થાય છે. ગુજરાતીઓ વેપારી પ્રજા ગણાય છે. એટલે જ ગુજરાતી તરુણ-તરુણી વેપારમાં રસ લેતા થાય છે. સંગીત કે કલાઓમાં રસ લેનારની સંખ્યા ઓછી જોવા મળે છે.

ભારત ઉપખંડ જેવડો વિશાળ દેશ છે. દેશમાં વિવિધ જ્ઞાતિઓના, વિવિધ ધર્મો પાળતા, વિવિધ ભાષાઓ બોલતા, ભિન્ન ભિન્ન રીત-રિવાજોને અનુસરતા, ખાન-પાનની વિવિધ ટેવો ધરાવતા, પહેરવેશમાં ભિન્નતા ધરાવતા લોકો રહે છે.

આર્થિક ભેદની અસર પણ જીવન ઉપર થાય છે. ભારતમાં હજુ અમુક વર્ગના લોકોમાં, જીવનશૈલી, શિક્ષણ, વ્યવસાયમાં સંકુચિતપણું જોવા મળે છે. બાળકો, કિશોરો, તરુણો, યુવાનો સંકોચશીલ-શરમાળ છે. તેની અસર તરુણ-તરુણીઓના વિકાસ ઉપર થાય છે.

મુસ્લિમ સંસ્કૃતિ પણ ઘણી રીતે ભિન્ન છે. રીત-રિવાજોમાં ભિન્નતા છે. આના પરિણામે મુસ્લિમ તરુણ-તરુણીઓને ઓછું સ્વાતંત્ર્ય મળે છે.

જો કે સંદેશા વ્યવહાર, વાહન-વ્યવહાર, મોબાઈલ, ટી.વી. અને શિક્ષણની અસરને કારણે થોડાં પરિવર્તનો આવ્યાં છે.

13.5 સાંસ્કૃતિક સંદર્ભમાં તરુણાવસ્થાના અભ્યાસ :

વિવિધ સંસ્કૃતિઓની તરુણાવસ્થા ઉપર થતી અસરોના ઘણા અભ્યાસ થયા છે. આપણે આવા કેટલાક અભ્યાસ વિશે ચર્ચા કરીશું.

(1) મૈત્રી કે પ્રીતિ શૈલીના એક અભ્યાસમાં જોવા મળ્યું કે અમેરિકન બાળક માતા સાથે નિકટ સંબંધ શૈલી ધરાવે છે. જ્યારે જર્મન બાળક સલામત પ્રીતિ શૈલી ધરાવતું નથી. આની અસર તરુણાવસ્થા ઉપર થાય છે. સલામત પ્રીતિ શૈલી ન ધરાવતાં તરુણ-તરુણીઓ જલ્દી મિત્રો બનાવી શકતાં નથી.

(2) તરુણ-તરુણીઓના મૈત્રી સંબંધોનો અભ્યાસ કરતાં જોવા મળ્યું કે પૂર્વની સંસ્કૃતિમાં ઉછરતાં તરુણ-તરુણીઓ મૈત્રી સંબંધોની બાબતમાં ચિંતાતુર રહે છે. તરુણીઓ પ્રગાઢ મૈત્રી પસંદ કરે છે. જ્યારે તરુણો મિત્રતાની બાબતે કૌશલ અને રસ-રુચિને મહત્ત્વ આપે છે. પશ્ચિમી સંસ્કૃતિમાં ઉછરતા તરુણ-તરુણીઓ મિત્રતાને હળવાશથી લે છે. મિત્રતા લાંબી ન ટકે તેની તે ચિંતા કરતા નથી.

(3) એક અભ્યાસમાં જોવા મળ્યું કે, પશ્ચિમી સંસ્કૃતિમાં ઉછરેલ તરુણ-તરુણી સ્વાભિમાની અને સ્વાવલંબી હોય છે. તરુણાવસ્થાથી જ તે માતા-પિતા પર આધાર રાખતા નથી. તેને તેના વિચારો, ખ્યાલો અને અભિવ્યક્તિ ઉપર ભરોસો છે. આથી ઊલટું, ભારતીય સંસ્કૃતિમાં ઉછરેલ તરુણ-તરુણીઓ માતા-પિતા કે વડીલોના અભિપ્રાયથી જુદા પડવાની હિંમત દાખવતા નથી. તેમના જીવનના મહત્ત્વના નિર્ણયો માતા-પિતા કે વડીલો લેતા હોય છે.

(4) અમેરિકન સંસ્કૃતિમાં અને પશ્ચિમી સમાજમાં જાતીય પ્રવૃત્તિઓ વિશે મુક્ત વિચારણા થાય છે. તરુણ તરુણીઓને આ પ્રવૃત્તિ માટે સ્વતંત્રતા હોય છે. જ્યારે ભારતીય તરુણ-તરુણીઓ આ બાબતે આઝાદી ભોગવતાં નથી. દિલ્હીમાં થયેલા એક સર્વેક્ષણમાં જીવન સાથીની પસંદગી અંગેના એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું હતું કે 75 થી 80 ટકા તરુણ-તરુણીઓએ માતા-પિતા કે વડીલો સૂચવે તેને જીવનસાથી તરીકે પસંદ કરવાનું જણાવ્યું હતું.

(5) પશ્ચિમના દેશોમાં આવેગની અભિવ્યક્તિમાં પણ ભિન્નતા જોવા મળે છે. અમેરિકા જેવા દેશમાં શાળાઓમાં હિંસાનું પ્રમાણ ચિંતાજનક રીતે વધેલું જોવા મળ્યું છે. સ્વાતંત્ર્ય સ્વચ્છંદતામાં પરિણમ્યું છે. આથી ઊલટું, ભારતીય સમાજમાં તરુણ-તરુણીઓ પ્રેમમાં નિષ્ફળતા કે પરીક્ષામાં નાપાસ થવાથી કે નાપાસ થવાના ભયને કારણે આપઘાત જેવાં પગલાં ભરે છે.

(6) કુહન એમ.એસ. અને મેક પાર્ટલેન્ડના એક અભ્યાસમાં જોવા મળ્યું કે 'સ્વ સંકલ્પના' માટે ઓસ્ટ્રેલિયા, કેનેડા, સ્વીડન, આઈસલેન્ડ, નેટિવ અમેરિકન, ઈન્ડિયન, આફ્રિકન તથા પૂર્વ એશિયાના નમૂના લઈ કરેલા અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે, 'સ્વ સંકલ્પના' ઉપર સંસ્કૃતિ ભેદની નોંધપાત્ર અસર જોવા મળી હતી.

(7) માર્ગરિટ મીડે વિવિધ સંસ્કૃતિઓના યુવક-યુવતીઓનો અભ્યાસ કર્યો હતો. તેમણે ન્યુગિની પ્રદેશની આરેપશ, મુન્દુ ગોમર અને આમ્બુલી જાતિઓના તરુણોનાં વર્તન વલણો તપાસ્યાં હતાં. આ તરુણો સૌમ્ય, માયાળુ અને આશાવાદી જોવા મળ્યા હતાં. તેમનાં જૂથોમાં ઝઘડા થાય છે, પરંતુ હિંસક હોતા નથી. ભયાનક આક્રમકતા તેમનામાં જોવા મળતી નથી.

માર્ગરિટ મીડના મતાનુસાર સ્ત્રીઓ અને પુરુષોના સ્વભાવ તેમજ લક્ષણો જન્મજાત છે, એવી આપણી માન્યતા ખોટી છે. આ લક્ષણોને સમાજ અને સંસ્કૃતિ ઘડે છે.

આ બધા અભ્યાસ સૂચવે છે કે, તરુણાવસ્થા ઉપર જે-તે સંસ્કૃતિની નોંધપાત્ર અસર થાય છે. ભલે તરુણાવસ્થાના શારીરિક વિકાસની તરેહ બધે સમાન હોય. વ્યક્તિનાં ઘણાં લક્ષણો સંસ્કૃતિથી પ્રભાવિત થાય છે. વિવિધ સંસ્કૃતિઓની વિવિધ અસરો તરુણાવસ્થા ઉપર થતી જોવા મળી છે એ સંશોધનોએ પણ પૂરવાર કર્યું છે.

13.6 ઉપસંહાર :

તારુણ્ય એ જીવનનો સંક્રાંતિકાળ છે. જીવનની વસંત છે. તેમ છતાં આ અવસ્થાને મુંઝવણભરી અને કટોકટીની અવસ્થા પણ કહેવામાં આવી છે. તરુણ-તરુણીઓની આ મૂંઝવણો અને સમસ્યાનો સાચો ઉકેલ તેના સમાજમાંથી તેની સંસ્કૃતિમાંથી તેના કૌટુંબિક જીવનમાંથી મળે તો તરુણ-તરુણીઓમાં વિકાસ યોગ્ય દિશામાં થઈ શકે.

વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસે, ઈલેક્ટ્રોનિક માધ્યમોના વિકાસે જીવનમાં આમૂલ પરિવર્તનો આણ્યાં છે. વિવિધ સંસ્કૃતિઓ એકમેકની નિકટ આવી છે. વિવિધ સંસ્કૃતિઓનાં સારાં લક્ષણો સ્વીકારી ભારતીય સંસ્કૃતિમાં અપેક્ષિત વિધાયક પરિવર્તનો આવે તો તારુણ્યના વિકાસમાં મોકળાશ મળે. તરુણ-તરુણીઓનો ઉચિત વિકાસ થાય.

⁂ સ્વાધ્યાય ⁂

પ્ર.1 આઠથી દસ વાક્યોમાં જવાબ લખો.

(1) તરુણો પર સંસ્કૃતિની અસરો ચર્ચો.

(2) 'સંસ્કૃતિ તારુણ્યના વિકાસને દિશા આપે છે.' કથનની ચર્ચા કરો.

(3) પશ્ચિમી સંસ્કૃતિની તરુણાવસ્થા પરની અસરો જણાવો.

(4) ભારતીય સંસ્કૃતિની તરુણાવસ્થા ઉપર થતી અસરો વર્ણવો.

(5) વિવિધ સંસ્કૃતિઓની તરુણાવસ્થા ઉપર થતી અસરના અભ્યાસ વર્ણવો.

પ્ર.2 ટૂંકનોંધ લખો

(1) તરુણાવસ્થા અને પૂર્વ તથા પશ્ચિમની સંસ્કૃતિ

(2) તરુણાવસ્થા ઉપર સાંસ્કૃતિક બંધનોની નકારાત્મક અસર

પ્રકરણ 14 શહેરીકરણ અને આર્થિક પરિવર્તનોની તરુણાવસ્થા પર અસરો

14.1 પ્રસ્તાવના
14.2 શહેરીકરણની તરુણાવસ્થામાં થતા વિકાસ પર અસરો
14.3 આર્થિક પરિવર્તનોની તરુણાવસ્થામાં થતા વિકાસ પર અસરો
14.4 ઉપસંહાર
❋ સ્વાધ્યાય

14.1 પ્રસ્તાવના :

બાળવિકાસ વિવિધ પરિબળોથી પ્રભાવિત થાય છે. વિકાસના તબક્કાઓમાં તરુણાવસ્થા મહત્ત્વનો તબક્કો છે. તરુણાવસ્થા પર અસર કરતાં પરિબળો અનુવંશ અને વાતાવરણ છે. વાતાવરણમાં ઘણી બાબતોનો સમાવેશ થાય છે. સમાજ વાતાવરણનો મહત્ત્વનો ઘટક છે. સમાજ સતત પરિવર્તનશીલ છે. સમાજનું સ્વરૂપ સમયાંતરે બદલાય છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસે સમાજનું સ્વરૂપ ઘણી રીતે બદલ્યું છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસને કારણે ઔદ્યોગીકરણ થયું છે. ઉદ્યોગોના વિકાસે માનવીની જીવનશૈલી ઘણી રીતે બદલી નાખી છે. ઉદ્યોગો મોટાં શહેરોમાં વિકસ્યા હોવાથી શહેરો વિસ્તર્યાં છે. જ્યારે ગામડાં તૂટ્યાં છે. ગ્રામીણ અર્થતંત્ર તૂટ્યું છે. લોકો આજીવિકા રળવા શહેરો તરફ વળ્યા છે. આ પ્રક્રિયાને શહેરીકરણની પ્રક્રિયા કહેવામાં આવે છે. સમગ્ર વિશ્વના અનેક દેશોમાં આ પ્રક્રિયા ચાલી રહી છે, શહેરીકરણ વધ્યું છે. શહેરીકરણે સમાજનું સ્વરૂપ બદલી નાખ્યું છે.

આ જ રીતે લોકોની આર્થિક સ્થિતિમાં નોંધપાત્ર ફેરફારો થયા છે. ઔદ્યોગિકીકરણને પરિણામે આર્થિક વિકાસ થયો છે. લોકોની આર્થિક સ્થિતિમાં નોંધપાત્ર પરિવર્તનો આવ્યાં છે, જીવનશૈલી બદલાઈ છે. ખોરાક ટેવો, મનોરંજનનાં માધ્યમો બદલાયાં છે. વાહન-વ્યવહાર વધુ સુવિધાજનક બન્યો છે. સંદેશા વ્યવહાર

ઝડપી બન્યો છે. લોકોના જીવનમાં કમ્પ્યૂટરે મહત્ત્વનું સ્થાન મેળવ્યું છે. મોબાઈલ ફોનથી ગમે તે સ્થળે ખૂબ ઝડપથી, સરળતાથી વાત થઈ શકે છે. રંગીન ફોટોગ્રાફ કે છાપેલું સાહિત્ય દુનિયાના કોઈપણ ખૂણે સરળતાથી મોકલી શકાય છે. શિક્ષણ, આરોગ્ય અને ઉદ્યોગ ક્ષેત્રે મહત્ત્વનાં પરિવર્તનો આવ્યાં છે. શહેરીકરણે અને આર્થિક વિકાસે લોકજીવનમાં પરિવર્તનો આણ્યાં છે. આ પરિવર્તનોની તારુણ્યમાં થતા વિકાસ ઉપર નોંધપાત્ર અસર કરી છે. પ્રસ્તુત પ્રકરણમાં આપણે શહેરીકરણ અને આર્થિક પરિવર્તનોની તરુણાવસ્થામાં થતા વિકાસ ઉપર શું શું અસરો થઈ છે, તેની ચર્ચા કરીશું.

14.2 શહેરીકરણની તરુણાવસ્થામાં થતા વિકાસ ઉપર અસરો :

છેલ્લાં પચાસ વર્ષોમાં શહેરીકરણની પ્રક્રિયા ઝડપી બની છે. ટોકિયો, લંડન, ન્યુયોર્ક, ટોરન્ટો જેવાં ઘણાં શહેરોની વસતિ ઘણી વધી છે. ભારતમાં મુંબઈ, કલકત્તા, દિલ્હી અને ચેન્નાઈ શહેરો ખૂબ મોટાં બન્યાં છે. બેંગ્લોર, અમદાવાદ, હૈદ્રાબાદ જેવાં શહેરો પણ વિકસ્યાં છે. ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર જેવાં શહેરો ઘણાં મોટાં થયાં છે. જિલ્લા મથકો પણ મોટાં થવા માંડ્યાં છે. શહેરોમાં ઉદ્યોગોનો વિકાસ થયો હોવાથી ગામડામાંથી લોકો વ્યવસાય મેળવવા શહેરો તરફ આકર્ષાયા છે. શહેરો વિસ્તરવાની સાથે સાથે તેના રસ્તાઓ વિકસ્યા છે. વાહન-વ્યવહારથી ઘણાં સ્થળો સાથે શહેરો જોડાયાં છે. મોટી મોટી હોસ્પિટલો થવાથી આરોગ્યવિષયક સુવિધાઓ વધી છે. વિવિધ રોગોના નિષ્ણાત ડૉક્ટરો ઉપલબ્ધ બન્યા છે. નાનાં નાનાં શહેરોમાં પણ હવે ઓપન હાર્ટ સર્જરી શક્ય બની છે. શિક્ષણની સુવિધાઓ વધી છે. દરેક ક્ષેત્રની ઉચ્ચ શિક્ષણની સુવિધાઓ શહેરોમાં ઉપલબ્ધ થઈ છે. સારાં ગ્રંથાલયોની સુવિધાઓ પ્રાપ્ત થઈ છે. કળાઓ, સંગીત, સાહિત્યની સંસ્થાઓ વિકાસ પામી છે. મનોરંજનનાં સાધનો વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ થયાં છે.

આની સાથે શહેરીકરણે ઘણી સમસ્યાઓ ઊભી કરી છે. રહેઠાણોની તંગી ઊભી થતાં ઝૂંડપપટ્ટી, ગીચ-ગંદા વિસ્તારો વધ્યા છે. વાહનો વધતાં રસ્તા સાંકડા બન્યા છે. ટ્રાફિકની અસુવિધાઓ ઊભી થઈ છે. શહેરોમાં જનસંખ્યા વધતાં સર્વત્ર ભીડ જોવા મળે છે. શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ મુશ્કેલ બન્યા છે. ગુનાખોરીનું

પ્રમાણ વધ્યું છે. ગુંડાગીરી, વેશ્યાવૃત્તિ જેવાં દૂષણો ફલ્યાં-ફાલ્યાં છે. આરોગ્ય સેવાઓ, પીવાના શુદ્ધ પાણીની સુવિધાઓ વાહન-વ્યવહારની સુવિધાઓ સરળતાથી ઉપલબ્ધ થતી નથી. ડ્રગ્સના રવાડે ચડેલા યુવાનો, તરુણોએ સમસ્યાઓ ઊભી કરી છે.

શહેરીકરણની અસર તારુણ્ય વિકાસ ઉપર થઈ છે. આ અસરો હકારાત્મક અને નકારાત્મક બંને પ્રકારની છે.

(1) શિક્ષણની સુવિધાઓ વધી છે. જુદી જુદી વિદ્યાશાખાઓમાં વિવિધ અભ્યાસક્રમોની સુવિધા વધી છે. આઈ.આઈ.એમ., આઈ.આઈ.ટી. જેવી સંસ્થાઓ ઘણાં શહેરોમાં ઉપલબ્ધ બની છે. વિવિધ ક્ષેત્રોમાં અભ્યાસની તકો વધી છે. ઉચ્ચ અભ્યાસાર્થે વિદેશમાં કે અન્ય મોટાં શહેરોમાં જવું પડતું નથી. અભ્યાસમાં ઘણું વૈવિધ્ય પ્રાપ્ત થયું છે.

(2) શિક્ષણ સંસ્થાઓમાં ઈન્ફર્મેશન ટેક્નોલોજીનો વ્યાપક ઉપયોગ થાય છે. આભાસી વર્ગખંડો, ઓનલાઈન એજ્યુકેશન, ઓન લાઈન ઈવેલ્યુએશન જેવા શબ્દો હવે નવા નથી. સ્વયં શિક્ષણની તકો વધી છે. ઈન્ટરનેટ દ્વારા સમગ્ર વિશ્વનું અદ્યતન જ્ઞાન ઉપલબ્ધ બન્યું છે. તરુણ-તરુણીઓની ક્ષમતા, રસ, અભિયોગ્યતા મુજબનું શિક્ષણ સુપ્રાપ્ય બન્યું છે.

(3) ઘણા પ્રકારની કલા સંસ્થાઓ ઉપલબ્ધ થઈ છે. સાહિત્ય, સંગીત, કળાઓના ક્ષેત્રે પોતાના રસ અનુસાર વિકસવાની તકો તરુણ-તરુણીઓને સુપ્રાપ્ય બની છે.

(4) રમત-ગમત અને ખેલકૂદ ક્ષેત્રે વિપુલ તકો પ્રાપ્ત થઈ છે. વિવિધ રમતોમાં ખેલકૂદમાં તાલીમની અને વિકાસની સુવિધાઓ વધી છે. તરુણ-તરુણીઓ આ ક્ષેત્રે વિકાસ કરી શકે છે. જીમમાં જઈ આરોગ્યની જાળવણીની સુવિધાઓ પ્રાપ્ત કરી શકે છે.

(5) આમ તરુણાવસ્થામાં થતા વિકાસને પોષક ઘણી સુવિધાઓ પ્રાપ્ત થઈ છે.

આની સાથે સાથે શહેરીકરણની **નકારાત્મક અસરો** પણ જોવા મળે છે.

(1) રહેઠાણોની તંગીના કારણે ઘણી મુશ્કેલીઓ ઊભી થઈ છે. સાંકડાં રહેઠાણોને કારણે અભ્યાસની સુવિધાઓ ઘટી છે. આના કારણે તરુણ-તરુણીઓ જેમની આર્થિક સ્થિતિ સાધારણ છે તેમના અભ્યાસ ઉપર વિપરિત અસરો થઈ છે.

(2) તરુણ-તરુણીઓ વ્યસનોના શિકાર બને છે. ડ્રગ્સના બંધાણી બની જાય છે. આવી વસ્તુ વેચનાર લોકો તરુણ-તરુણીઓને પોતાના શિકાર બનાવે છે.

(3) ગરીબી, તંગીના કારણે તરુણ-તરુણીઓ હતાશા અનુભવે છે. સારી શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશથી વંચિત રહેવાથી તે વિદ્રોહી બની જાય છે.

(4) આર્થિક નબળાં તરુણ-તરુણીઓ સંગીત, સાહિત્ય કે કળાની સંસ્થાઓનો લાભ લઈ શકતા નથી. અહીં પણ તેમના વિકાસની તકો ઝૂંટવાય છે. આનો લાભ માત્ર સારી આર્થિક પરિસ્થિતિવાળા તરુણ-તરુણીઓ લે છે.

(5) તરુણો તીવ્ર આવેગશીલતા ધરાવે છે. શહેરની વિકટ પરિસ્થિતિ તેમને હતાશ બનાવે છે. આ હતાશા તેમને વિદ્રોહી બનાવે છે, અને ઘણીવાર તે ગુનાખોરી તરફ વળે છે.

આમ, શહેરીકરણની પ્રક્રિયાની બે પ્રકારની અસરો જોવા મળે છે. જો આર્થિક નબળાં કુટુંબોને રહેઠાણ, આરોગ્ય, વાહનવ્યવહારની સુવિધાઓ મળે, ઉચ્ચ શિક્ષણની સારી ગુણવત્તાવાળી સંસ્થાઓ પ્રાપ્ત થાય. તેમની અભિરુચિ, અભિયોગ્યતા અનુસાર વિવિધ ક્ષેત્રે વિકસવાની સરળ તકો પ્રાપ્ત થાય તો આ ચિત્ર અવશ્ય બદલી શકાય.

14.3 આર્થિક પરિવર્તનોની તરુણાવસ્થાના વિકાસ ઉપર અસરો :

ઉદ્યોગોના વિકાસ પછી ઘણાં આર્થિક પરિવર્તનો આવ્યાં છે, ઉત્પાદન વધ્યું છે. લોકોની માથાદીઠ આવક વધી છે. સુખ-સુવિધાનાં સાધનો વધ્યાં છે, લોકોનું જીવનધોરણ બદલાયું છે.

ઔદ્યોગિક વિકાસને કારણે વસ્તુઓનું ઉત્પાદન વધ્યું છે. રોજગારીમાં વધારો થયો છે. ઘણી વસ્તુઓ સરળતાથી ઉપલબ્ધ બની છે. લોકોની જીવનશૈલી બદલાઈ છે. ખેતી વૈજ્ઞાનિક બનતાં ખેતી ક્ષેત્રે થતી આવક વધી છે. કારણ કે કૃષિ ઉત્પાદનમાં વધારો થયો છે. રાસાયણિક ખાતરોનો ઉપયોગ, જંતુનાશક દવાઓનો ઉપયોગ, સુધારેલાં બિયારણોનો ઉપયોગ, જમીન પરીક્ષણ જેવા વૈજ્ઞાનિક ઉપાયોને કારણે ખેત ઉત્પાદન વધ્યું છે. શાકભાજી, ફળો, ફૂલો અને આયુર્વેદિક ઔષધિઓ આપતી વનસ્પતિની ખેતીને કારણે ખેડૂતોની આવક વધી છે. પશુપાલન વૈજ્ઞાનિક બન્યું છે. ડેરી ઉદ્યોગ વિકાસ પામ્યો છે. આથી પશુપાલન પણ આર્થિક સ્થિતિ સુધરવા માટેનું કારણ બન્યું છે. વિદેશ વ્યાપાર વધ્યો છે. સુરત જેવું શહેર ડાયમંડ ઉદ્યોગ અને સાડી ઉદ્યોગને કારણે ભારત નહીં પણ વિશ્વમાં જાણીતું બન્યું છે, મોજશોખનાં સાધનો વધ્યાં છે. મનોરંજનનાં સાધનો વધ્યાં છે. લોકોની જીવનશૈલીમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. સામાન્ય માણસો પણ હવે મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા થયા છે. સાઈકલના સ્થાને હવે ટુ વ્હીલરનો ઉપયોગ થાય છે. મધ્યમ વર્ગમાં કુટુંબો પણ કાર વસાવી શકે છે. સામાન્ય કુટુંબો પણ ટી.વી. વસાવી શકે છે. ઘર પાકાં અને સુવિધાયુક્ત બન્યાં છે. આરોગ્યવિષયક સુવિધાઓ નોંધપાત્ર રીતે સુધરી છે.

આમ, આર્થિક વિકાસને કારણે જીવનનાં વિવિધ ક્ષેત્રે પરિવર્તનો આવ્યાં છે. શિક્ષણની સુવિધાઓ વધી છે. ઘણા નવા વિષયો અભ્યાસક્રમમાં ઉમેરાયા છે. શિક્ષણ પદ્ધતિઓ બદલાઈ છે. વેપાર, સંદેશાવ્યવહારમાં ઇલેકટ્રોનિક માધ્યમોનો ઉપયોગ થાય છે. ઈ-ટ્રેડ, ઈ-લર્નિંગ વગેરે શરૂ થયાં છે. જીવનનાં તમામ ક્ષેત્રે કમ્પ્યૂટર પ્રવેશ્યું છે. જ્ઞાનપ્રાપ્તિ માટે ઘણી બધી વેબસાઈટ ઉપલબ્ધ બની છે. સંદેશાવ્યવહાર અતિ ઝડપી બન્યો છે. ઈ-મેઈલ, ઈ-મેગેઝિન હવે નવી વસ્તુ રહી નથી. આર્થિક વિકાસને પરિણામે વાહનવ્યવહાર ઝડપી બન્યો છે. પહેલાં 'એરાઉન્ડ ધી વર્લ્ડ ઈન એઈટી ડેઝ' વિશ્વની સફર એંસી દિવસમાં ટૂંકી ગણાતી. હવે તેના સ્થાને 'એરાઉન્ડ ધી વર્લ્ડ ઈન એઈટ ડેઝ' વિશ્વની સફર માત્ર આઠ દિવસમાં સંભવિત બની છે. સરાસરી આયુષ્ય વિદેશોમાં 80 વર્ષ અને ભારત જેવા દેશમાં 70 વર્ષનું થયું છે. આર્થિક વિકાસે માનવજીવનને ધરમૂળથી પરિવર્તિત કરી દીધું છે.

❋ તારુણ્ય વિકાસ ઉપર આર્થિક વિકાસની અસર :

તરુણાવસ્થા સમાજમાં વિકાસ પામે છે. સમાજના સ્વરૂપની આ વિકાસ ઉપર અવશ્ય અસર થાય છે. તરુણાવસ્થા એ જાતીય પરિવર્તનોની અવસ્થા છે. તરુણ-તરુણીઓ ઘણા શારીરિક ફેરફારો અનુભવે છે. તેમને વિજાતીય આકર્ષણ થાય છે. આ સમયે તેને જાતીય બાબતો વિશે જાણવાની પ્રબળ ઇચ્છા થાય છે. મોબાઈલ ઉપર પ્રીન સાહિત્ય સરળતાથી ઉપલબ્ધ બન્યું છે. તરુણ-તરુણીઓ આ જોવા લલચાય છે. ભારત સરકારે આવી વેબસાઈટ ઉપર પ્રતિબંધ લાદવા પ્રયાસો કર્યા હતા પણ તેનો વિરોધ થતાં આ પ્રયાસો અટકી ગયા છે.

આ જ ઇલેક્ટ્રોનિક માધ્યમોનો જ્ઞાનપ્રાપ્તિ માટે પણ ઉપયોગ થઈ શકે. વિશ્વભરનું અદ્યતન જ્ઞાન ઘરેબેઠાં મેળવી શકાય. કેટલાંક તરુણ-તરુણીઓ આવાં ઉપકરણોનો સ્વ-અધ્યયનમાં સુંદર ઉપયોગ કરે છે અને પોતાના ક્ષેત્રના અદ્યતન જ્ઞાનથી પરિચિત રહે છે.

આર્થિક સદ્ધરતા વધતાં તરુણ-તરુણીઓની જરૂરિયાતો વધી છે. હવે તેને મોંઘી બાઈક કે પોતાની કાર ખરીદવાની ઇચ્છા થાય છે. પોતાની બહાદુરીનું પ્રદર્શન કરવા તે બાઈકને કે કારને ખૂબ ઝડપથી ચલાવી અકસ્માત સર્જે છે. આર્થિક રીતે સદ્ધર કુટુંબના નબીરા આવી કુટેવો ધરાવે છે.

તરુણાવસ્થામાં વિજાતીય આકર્ષણને કારણે તરુણ-તરુણીઓને ટાપ-ટીપ કરવી ગમે છે. એટલે ઘણી કંપનીઓ સૌંદર્ય પ્રસાધનો બનાવે છે અને જાહેરાતો દ્વારા તરુણ-તરુણીઓને આકર્ષે છે. તરુણ-તરુણીઓ આવાં મોંઘાં સૌંદર્ય પ્રસાધનો ખરીદે છે.

આર્થિક સદ્ધરતાને કારણે તરુણ-તરુણીઓ ડ્રગ્સની લતમાં સપડાય છે અને ખુવાર થાય છે. આ લત સંતોષવા તે ઘરમાં ચોરી પણ કરે છે.

આર્થિક સદ્ધરતાને કારણે તરુણ-તરુણીને 'પૉકેટમની' તરીકે માતા-પિતા ઘણા પૈસા આપે છે. આથી તે રેસ્ટોરાંમાં જઈ જંકફૂડ ખાય છે, જેની વિપરીત અસર આરોગ્ય ઉપર થાય છે.

આથી ઊલટું, આર્થિક સ્થિતિ સંગીન હોવાને કારણે, ઘણાં તરુણ-તરુણીઓ સારા ઉચ્ચ અભ્યાસક્રમોમાં જોડાય છે. તેમાં પ્રગતિ કરી વિકાસ સાધે છે. આર્થિક સધ્ધરતાને કારણે વિદેશોના અભ્યાસાર્થે જઈ શકે છે. સારાં સારાં પુસ્તકો ખરીદી શકે છે. કલા, સંગીત, સાહિત્ય અને ખેલકૂદમાં સારો વિકાસ સાધી શકે છે.

આર્થિક રીતે સધ્ધર થવાથી શિક્ષણમાં પણ ઘણાં પરિવર્તનો આવ્યાં છે. શાળાઓમાં કમ્પ્યૂટર, એલ.સી.ડી. વગેરેનો વ્યાપક ઉપયોગ થાય છે. વિદ્યાર્થી સ્વ પ્રયાસે અધ્યયન કરતો થયો છે.

આર્થિક પરિવર્તનોએ સમગ્ર સમાજ જીવનને અસર કરી છે. એટલે જ તરુણ-તરુણીઓ તેનાથી બાકાત કઈ રીતે રહી શકે ? તરુણોના વિકાસ ઉપર આર્થિક પરિવર્તનોએ ગાઢ અસર કરી છે. વિકસિત દેશોના તરુણો અને તરુણીઓ અને ભારત જેવા વિકાસશીલ દેશના તરુણ-તરુણીઓમાં ઘણો તફાવત જોવા મળે છે. જો આર્થિક પરિવર્તનોનો વિધાયક ઉપયોગ થાય તો તે તરુણ-તરુણીઓના વિકાસ પર અવશ્ય નોંધપાત્ર અસર કરી શકે.

❋ તરુણાવસ્થા ઉપર રાજકીય બાબતોની અસરો :

રાજકીય વાતાવરણ તરુણો ઉપર ગાઢ અસર કરે છે. ગાંધીજીના સમયગાળામાં ઘણા તરુણ-તરુણીઓએ રેંટિયો કાંતવાની, ખાદી પહેરવાની પ્રવૃત્તિ અપનાવી હતી અને આજીવન ખાદીનાં કપડાં પહેર્યાંનાં અનેક ઉદાહરણો સમાજમાં જોવા મળે છે. આજના રાજકીય પક્ષો તરુણ-તરુણીઓને હાથો બનાવે છે. વિરોધ સામે તોડ-ફોડ, ખરાબ ભાષાનો ઉપયોગ, મારામારી કરવાની વૃત્તિ. તેનાં ઉદાહરણ છે. દરેક રાજકીય પક્ષને તેની વિદ્યાર્થી પાંખ હોય છે. રાજકીય પક્ષો તેનો રાજકીય ઉપયોગ કરે છે. ઉચ્ચ શિક્ષણમાં વિદ્યાર્થી મંડળોની ચૂંટણીઓ પક્ષના ધોરણે લડાય છે, જે અયોગ્ય છે.

રાજકીય વિચારધારાની અસર તરુણ-તરુણીઓના માનસ પર ઝડપથી થાય છે. રાજકીય પક્ષો ચૂંટણી જીતવા તેનો દુરુપયોગ કરે છે. શિક્ષણમાં વ્યાપેલ ગુંડાગીરી, તોફાન, ખરાબ ભાષાનો ઉપયોગ તેનું પરિણામ છે.

❋ તરુણાવસ્થા પર સાંસ્કૃતિક બાબતોની અસર :

વિવિધ સંસ્કૃતિઓનું સાંસ્કૃતિક વાતાવરણ ભિન્ન ભિન્ન પ્રકારનું હોય છે. આ સાંસ્કૃતિક બાબતોની અસર તરુણાવસ્થા ઉપર થાય છે. ભારતીય સંસ્કૃતિમાં કુટુંબમાં ધાર્મિક વાતાવરણ હોય છે. માતા-પિતા ધર્મ સ્થાનોમાં જતાં હોય છે. તે ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવે છે. આથી ઊલટું, પશ્ચિમના દેશોમાં ધાર્મિક વાતાવરણ ઘણું ઓછું હોય છે. આ સંસ્કૃતિમાં ઉછરતાં તરુણ-તરુણીઓને ધર્મ કે ઈશ્વરમાં ઓછી શ્રદ્ધા હોય છે. જે કુટુંબોમાં સંગીતનું વાતાવરણ હોય તે કુટુંબમાં તરુણ-તરુણીઓ સંગીતમાં રસ લેતાં હોય છે. ઘરના સાંસ્કૃતિક વાતાવરણનો આ પ્રભાવ છે. જે ઘરમાં વાચનની ટેવ હોય, તે ઘરમાં તરુણ-તરુણીઓમાં વાચન રસ જોવા મળે છે. આ તરુણ-તરુણીઓ વર્તમાનપત્રો, સામયિકો, નવલકથાઓ વાંચે છે. જે કુટુંબ ઓછું શિક્ષિત છે, જ્યાં માતા-પિતા કે ઘરના અન્ય સભ્યોને વાચન શું, તેની જ ખબર હોતી નથી, ત્યાં તરુણ-તરુણીઓને વાચનની કોઈ ટેવ હોતી નથી. ગ્રામ્ય વિસ્તારનાં તરુણ-તરુણીઓ બાલ્યવાચનની ટેવ ધરાવતાં નથી તેનું કારણ તેમના ઘરનું વાતાવરણ છે. આમ, તરુણ-તરુણીઓ ઉપર તેમના ઘરની, સમાજની, સંસ્કૃતિનો ગાઢ પ્રભાવ જોવા મળે છે.

14.4 ઉપસંહાર :

તારુણ્યના વિકાસ પર વિવિધ પરિબળોની અસર થતી હોય છે. જેમાં શહેરીકરણ, આર્થિક પરિવર્તનો અને આર્થિક વિકાસ તેમજ વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસ પણ તરુણો પર અસર પડતી હોય છે.

❋ સ્વાધ્યાય ❋

પ્ર.1 આઠથી દસ વાક્યોમાં જવાબ લખો.

(1) શહેરીકરણની તારુણ્યના વિકાસ પર અસર નોધો.

(2) તારુણ્યના વિકાસ પર શહેરીકરણની નકારાત્મક અસરો જણાવો.

(3) આર્થિક પરિવર્તનો કયા કયા કારણોસર થાય છે ? તેની સમાજ, ઉપર શી અસરો થાય છે ?

(4) આર્થિક વિકાસની તારુણ્યના વિકાસ પર અસર નોંધો.

(5) વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસની તરુણો પર થતી અસર નોંધો.

પ્ર.2 ટૂંકનોંધ લખો

(1) શહેરીકરણની તારુણ્ય વિકાસ પર વિધાયક અસરો

(2) આર્થિક પરિવર્તનોની તારુણ્ય વિકાસ પર નકારાત્મક અસરો

(3) શહેરીકરણ અને આર્થિક વિકાસની તરુણાવસ્થા પર અસરો.

પ્રકરણ 15 મનોવૈજ્ઞાનિક જાતિગત તફાવતો

15.1 પ્રસ્તાવના

15.2 તફાવતોનાં ક્ષેત્રો

15.3 જ્ઞાનાત્મક ક્ષમતા વિકાસ

15.4 મનોસામાજિક વિકાસ

15.5 જ્ઞાનાત્મક તથા મનોસામાજિક ક્ષમતા વિકાસ પર અસર કરતાં પરિબળો

❋ સ્વાધ્યાય

15.1 પ્રસ્તાવના :

કુદરતે સર્જેલ દરેક જીવ કે ચેતન વિશિષ્ટ અને અનન્ય છે. અનન્ય એટલે એના જેવું અન્ય કોઈ નથી. બીજા શબ્દોમાં કહીએ તો દરેક જીવ બીજા જીવથી જુદો પડે છે, અનેક રીતે જુદો પડે છે. મનુષ્યની વાત કરીએ તો તે કેટલાંક દશ્યમાન લક્ષણોથી તો કેટલાંક અદશ્યમાન લક્ષણોથી જુદો પડે છે. લોકભાષામાં કહેવું હોય તો, પાંચેય આંગળીઓ સરખી નથી હોતી. મનોવિજ્ઞાને આ દિશામાં ઊંડા ઊતરીને ઘણાં તથ્યાત્મક તારણો રજૂ કર્યા છે. તેથી મનુષ્યના વિકાસ અંગેના નવા દૃષ્ટિકોણો જન્મ્યા છે. તેનાથી અનેક વર્તન સમસ્યાઓના ઉકેલ સરળ બની શક્યા છે. તેનાથી શિક્ષણ વધુ ફળદાયી બની રહ્યું છે. આ તફાવતોને વ્યક્તિગત તફાવતોના નામે શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં ચર્ચવામાં આવે છે. તેનો સરળ માર્ગ કાર્ટર વી. ગુડ આ રીતે કરે છે.

(1) Individual differences stand for the variation or deviations among individuals in regard to a single characteristics or number of characteristics .

(2) Individual difference stand for those difference which in their totally, distinguish one individual from another.

ટૂંકમાં, વ્યક્તિગત તફાવતો એટલે વ્યક્તિનાં પોતાનાં બે લક્ષણોમાં તફાવત તથા તેમજ એક લક્ષણની બાબતમાં બે વ્યક્તિઓમાં તફાવત.

આ તફાવતોનાં અનેક ક્ષેત્રો છે તથા પ્રત્યેક ક્ષેત્ર પર અસર કરતાં અનેક પરિબળો છે. પ્રથમ આપણે વ્યક્તિગત તફાવતનાં ક્ષેત્રો જાણીએ.

15.2 વ્યક્તિગત તફાવતોનાં ક્ષેત્રો :

(1) શારીરિક વિકાસ

(2) જ્ઞાનાત્મક વિકાસ / માનસિક વિકાસ

(3) નૈતિક વિકાસ

(4) સામાજિક વિકાસ

(5) સાંવેગિક વિકાસ

(6) વલણ

(7) ભાષા વિકાસ

વ્યક્તિગત તફાવતોનાં આ ક્ષેત્રો પૈકીના માત્ર બે ક્ષેત્રોનો વિગતે અભ્યાસ કરવાનો છે. એ ક્ષેત્રો આ મુજબ છે.

(1) જ્ઞાનાત્મક ક્ષમતા વિકાસમાં જાતિગત તફાવતો

(2) સામાજિક વર્તન તરેહમાં જાતિગત તફાવતો

પ્રથમ જ્ઞાનાત્મક વિકાસ-ક્ષેત્ર અંતર્ગત આવતા ક્ષમતા ઘટકોને જાણીએ.... જ્ઞાનાત્મક ક્ષેત્ર અનેક ઘટકોનું બનેલું છે. જ્ઞાનાત્મક વિકાસ ક્ષેત્રે બે મનોવિજ્ઞાનીઓનું મહત્ત્વનું પ્રદાન છે. તેમાંના એક જીન પિયાજે અને બીજા વિગોટ્સ્કી. પ્રથમ જીન પિયાજેની જ્ઞાનાત્મક ક્ષમતા વિકાસની સંકલ્પના સમજીએ.

15.3 જ્ઞાનાત્મક ક્ષમતાઓ :

જ્ઞાનાત્મક ક્ષમતાઓ : જ્ઞાનાત્મક ક્ષમતાઓ તરુણાવસ્થાના સંદર્ભે મુખ્યત્વે તારવવામાં આવી છે.

(1) સામાન્યીકરણ ક્ષમતા

(2) અમૂર્ત વિચાર ક્ષમતા

(3) દીર્ઘદૃષ્ટિથી વિચારવાની ક્ષમતા

(4) અનાત્મલક્ષી તટસ્થતાથી વિચારવાની ક્ષમતા

(5) તાર્કિક વિચાર ક્ષમતા.

પિયાજેએ વિશેષ અધ્યયન કરી તારવ્યું કે, જન્મથી તરુણાવસ્થા દરમિયાન જ્ઞાનાત્મક ક્ષમતાઓના વિકાસની પ્રક્રિયા થાય છે. શરૂઆતમાં તે સ્નાયુઓ અને સંવેદન તંત્ર પર આધારિત હોય છે. પરંતુ ત્યારબાદ બાળક આટલા વિકાસની પૃષ્ઠભૂમિ પર ક્રમશઃ પોતાનું સમગ્ર વિશ્વ રચે છે. વાતાવરણ સાથે આંતરક્રિયા કરી હકીકતલક્ષી જ્ઞાનાત્મક સંરચનાઓનો પ્રત્યેક નવો ફેરફાર તેની વિચારશક્તિમાં ગુણાત્મક ફેરફાર કરે છે. પિયાજે તરુણાવસ્થાને ઔપચારિક વિચાર ક્રિયાઓની અવસ્થા ગણાવેલ છે, કારણ કે અહીં તરુણો ઔપાચારિક તાર્કિકતા માટે જરૂરી ઊલટ-સૂલટ પ્રક્રિયા પૂરી કરી શકે છે. આ અવસ્થા દરમિયાન મોટાભાગની જ્ઞાનાત્મક ક્ષમતા / વિચાર ક્ષમતા વિકાસ પામે છે. પિયાજે અનુસાર, 16મા વર્ષે જ્ઞાનાત્મક વિકાસની પ્રક્રિયા પૂરી થઈ જાય છે.

પિયાજેએ જ્ઞાનાત્મક વિકાસ અંગે કરેલ વિવિધ પ્રયોગોને અંતે તારવ્યું તે આ મુજબ છે :

(1) તરુણમાં કોઈપણ નવી પરિસ્થિતિમાં રહેલ સંભવિતતાહીન અનુમાન કરવાની ક્ષમતા વિકસે છે.

(2) કાર્ય કરતાં પહેલા કાર્યનું વિશ્લેષણ અને પરિણામ અંગે ધારણા/ ઉત્કલ્પના બાંધી શકે છે. એ ધારણાને ચકાસતા પ્રયોગ કરવાની અને તેનાં પરિણામો તારવવાની ક્ષમતા વિકસે છે.

(3) હકીકતોનાં નવાં અર્થઘટનો કરવાની ક્ષમતા વિકસે છે.

(4) અનેક પ્રકારના પ્રશ્નો કે સમસ્યાઓનો ઉકેલ શોધી શકવાની ક્ષમતા વિકસે છે.

(5) સમસ્યાઓના અનેક સંદર્ભોમાં ઉકેલ શોધી શકવાની ક્ષમતા વિકસે છે.

(6) અનપેક્ષિત પરિણામોથી મૂંઝાયા વગર તટસ્થ રીતે તાર્કિક વિચાર કરવાની ક્ષમતા વિકસે છે.

(7) બન્ને દિશામાં વિચાર કરવાની ક્ષમતા. એટલે કે, વિચાર એક દિશામાં આગળ વધે છે અને તે જ સોપાનો પરથી પસાર થઈ મૂળસ્થાને આવી શકે છે.

15.4 મનોસામાજિક વિકાસ :

મનોસામાજિક વિકાસ : જ્ઞાનાત્મક વિકાસના ક્ષેત્રમાં રશિયન મનોવિજ્ઞાની લેવ સેમિયોનોવિસ વિગોટ્સ્કીએ પણ પ્રદાન કરેલું છે. તેમણે જ્ઞાનાત્મક વિકાસ પર અસર કરતાં પરિબળો અને તે પણ સામાજિક સંદર્ભે વિચારો રજૂ કર્યા છે. તેઓ જ્ઞાનાત્મક વિકાસ બાબતે સામાજિક-સાંસ્કૃતિક દૃષ્ટિબિંદુના પ્રવક્તા હતા. તેમના અભિપ્રાય અનુસાર, પાયાની તમામ જ્ઞાનાત્મક ક્ષમતાઓ સામાજિક ઇતિહાસ પ્રમાણે આકાર પામે છે. એટલે કે જ્ઞાનાત્મક ક્ષમતાઓ (કૌશલ્યો અને વિચાર તરેહો) આંતરિક પરિબળો વડે નિશ્ચિત થતી નથી, પરંતુ વ્યક્તિ જે સંસ્કૃતિ સમાજમાં મોટી થાય છે તથા તેમાં તે જે પ્રવૃત્તિ કરે છે, તેની નીપજ છે.

વિગોટ્સ્કીનું મુખ્ય પ્રતિપાદન આ મુજબ છે : બોધ (કોગ્નિશન)ના વિકાસમાં સામાજિક આંતરક્રિયા પાયાની ભૂમિકા ભજવે છે. તેમની દૃષ્ટિએ જ્ઞાનાત્મક ક્ષમતા વિકાસ પર ભાષા અને અંગત બોલી તથા પુખ્તો અને સમવયસ્કોની ભૂમિકા આમ બે પરિબળોની અસર હોય છે. તેઓ જાતીયતાની અસર ગણાવતા નથી.

15.5 જ્ઞાનાત્મક તથા મનોસામાજિક ક્ષમતા વિકાસ પર અસર કરતાં પરિબળો :

વ્યક્તિ /તરુણના જ્ઞાનાત્મક વિકાસ પર અસર કરતાં પરિબળો આ મુજબ છે :

(1) જાતિયતા (જેન્ડર)
(2) ઉંમર
(3) સામાજિક - આર્થિક સ્તર
(4) વારસો - આનુવાંશિકતા
(5) વાતાવરણ
(6) વ્યક્તિત્વ

અહીં જ્ઞાનાત્મક ક્ષમતા વિકાસ પર જાતિગત તફાવતોની અસર સમજાવવાની કોશિષ કરવામાં આવી છે. પ્રથમ આપણે જિન પિયાજેના જ્ઞાનાત્મક વિકાસ પર તરુણોની જાતીયતાની અસર વિશે જાણીએ.

પિયાજેના અભ્યાસો પરથી તેમણે તારવ્યું છે કે, જ્ઞાનાત્મક ક્ષમતાના વિકાસ પર તરુણની જાતિ અસર થતી નથી. તરુણ હોય કે તરુણી, જ્ઞાનાત્મક વિકાસની બાબતમાં સમાન છે.

સામાજિક વિકાસ અથવા મનોસામાજિક વિકાસને સામાજિક વર્તન તરેહો પણ કહી શકાય. સામાજિક વર્તન તરેહો અનેક પરિબળોથી અસરગ્રસ્ત થતી હોય છે. તેમાં જાતિગત તફાવતો દેખાઈ આવે છે. તરુણાવસ્થા તરુણ અને તરુણીની સામાજિક વર્તન તરેહમાં તફાવત જણાય છે. ઉદા. તરુણ વધુ ઉત્સાહી, સાહસિક વર્તનો વધુ કરે છે, જ્યારે તરુણી પ્રમાણમાં ઓછા સાહસી વર્તન કરતી હોય છે. તરુણ જૂથનું નેતૃત્વ કરવા તત્પર બને છે. તેની સામાન્ય જીવન દરમિયાન પણ તેમની આક્રમક વર્તન તરેહ હોય છે. નેતાગીરીલક્ષી વર્તનો વધુ હોય છે. આ બાબતે તરુણીઓ ઓછી આક્રમક વર્તન તરેહ ધરાવતી હોય છે. મોટે ભાગે ભારતીય તરુણી પેસિવ બિહેવિયર પેટર્ન ધરાવતી હોય છે.

વિગોટ્સ્કીના મનોસામાજિક વિકાસમાં તેમણે જાતીય તફાવતોને સ્વીકાર્યા નથી. તેમણે તો માત્ર બે ભાષાઓ અને બોલી તથા સમવયસ્કોની ભૂમિકા સ્વીકારી છે.

❊ સ્વાધ્યાય ❊

પ્ર.1 આઠથી દસ વાક્યોમાં જવાબ લખો.

(1) જ્ઞાનાત્મક ક્ષમતાઓ જણાવો.
(2) જ્ઞાનાત્મક ક્ષમતા વિકાસ દર્શાવતાં વર્તનો લખો.
(3) મનોસામાજિક વિકાસ અનુસાર સામાજિક વર્તનો પર જાતીયતાની અસર
(4) જ્ઞાનાત્મક ક્ષમતા વિકાસ પર જાતીય તફાવતોની અસર.

પ્રકરણ 16 સામાજિક-સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં જાતીય શિક્ષણ

16.1 પ્રસ્તાવના
16.2 જાતીય શિક્ષણનો અર્થ
16.3 જાતીયશિક્ષણ વ્યવસ્થાના પાસાંઓ
16.4 સામાજિક - સાંસ્કૃતિક સંદર્ભમાં જાતીય શિક્ષણ
❋ સ્વાધ્યાય

16.1 પ્રસ્તાવના :

તરુણાવસ્થા દરમિયાન વ્યક્તિનો જાતીય વિકાસ તેની ચરમ સીમાએ પહોંચે છે. જાતીય અંતઃસ્રાવો પેદા કરતી ગ્રંથિઓ કાર્યાન્વિત થાય છે. પરિણામે તરુણ-તરુણીઓનું મન જાતજાતની લાગણીઓ જન્માવે છે. તેથી જાતીયતા અંગેનું જ્ઞાન પ્રાપ્ત કરવા તેઓ લલચાય છે. જો આ સમયે તેમને વૈજ્ઞાનિક ઢબે જાતીય જ્ઞાન આપવામાં ન આવે તો તેઓ પોતાની જિજ્ઞાસા સંતોષવા માટેના અન્ય રસ્તાઓ જેવા કે બિભત્સ સાહિત્ય કે અયોગ્ય વ્યક્તિ પાસે પહોંચી જશે. આવા સ્રોતો પાસેથી મળેલી માહિતી ગેરમાર્ગે દોરી જનારી બની રહેશે, જે તેમના ભાવિ જીવનના ઘડતરમાં પ્રતિકૂળ અસરો પાડશે. આથી યોગ્ય વ્યક્તિ, માધ્યમ અને અભિગમ દ્વારા જાતીયતા (sex) અંગેની પર્યાપ્ત માહિતી તેમને મળવી જોઈએ. આ પ્રક્રિયાને જાતીય શિક્ષણ કહેવાય છે.

16.2 જાતીય શિક્ષણનો અર્થ :

જાતીય શિક્ષણનો અર્થ પ્રજોત્પત્તિનું જીવશાસ્ત્રીય જ્ઞાન આપવું કે જગતમાં બાળક ક્યાંથી અને કેવી રીતે આવે છે તેની જાણકારી આપવી એટલા પૂરતો સીમિત નથી. આ તેનો સંકુચિત અર્થ દર્શાવે છે. હકીકતમાં જાતીય શિક્ષણની સંકલ્પના ઘણી વ્યાપક છે. આ અંતર્ગત પ્રજોત્પતિની પ્રક્રિયા, જાતીય અંગોનાં કાર્યો, જાતીય

સુખની વિભાવના, ગુપ્ત રોગો અને તે થવાનાં કારણો, જાતીયતા વિકાસની તરેહો, જાતીય વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ, સ્વપ્નદોષ કે રજોસ્ખલન, રામાગમ, પરિવાર નિયોજનનાં ઉપકરણો, તેનો ઉપયોગ અને લેવાની કાળજીઓ, લગ્ન અને લગ્ન જીવન, લગ્નેત્તર જાતીય સંબંધો અને તેની અસરો, જાતીય વિકૃતિઓ અને વિકૃતિઓનું નિવારણ વગેરે મુદ્દાઓનો સમાવેશ થાય છે. ટૂંકમાં કહીએ તો, જાતીય શિક્ષણ એટલે સુખી અને સ્વસ્થ દામ્પત્ય જીવનની સંકલ્પના અને તેમાં જાતીયતાની ભૂમિકા અંગેની જાણકારી.

16.3 જાતીયતા શિક્ષણ વ્યવસ્થાનાં પાસાંઓ :

જાતીય શિક્ષણ એટલે શું ? એ સમજી લીધા બાદ જાતીય શિક્ષણ વ્યવસ્થાના આ મુજબના વિવિધ પાસાંઓને ધ્યાનમાં લઈ વિચારણા કરવી જોઈએ.

(1) જાતીય શિક્ષણ ક્યારે આપવું ?
(2) જાતીય શિક્ષણ કોણ આપે ?
(3) જાતીય શિક્ષણ ક્યાં આપવું ?
(4) જાતીય શિક્ષણના વિષયવસ્તુમાં શેનો સમાવેશ થાય ?
(5) જાતીય શિક્ષણ માટેના અભિગમો કયા કયા ?
(6) જાતીય શિક્ષણ આપતી વખતે કેવી કાળજીઓ રાખવી ?

(1) જાતીય શિક્ષણ ક્યારે આપવું ?

જ્યારે અધ્યેતા કશુંક શીખવાની જરૂરિયાત અનુભવતો હોય, ઇચ્છા પ્રગટ કરતો હોય ત્યારે તેને તે શીખવવું જોઈએ. આ શિક્ષણનો સર્વ સામાન્ય સિદ્ધાંત છે. આ સિદ્ધાંતને અનુસરીને જાતીય શિક્ષણની શરૂઆત બાલ્યાવસ્થા (શિશુવસ્થા) પૂરી થતાં પહેલાં અને તરુણાવસ્થાના પ્રારંભથી કરવી જોઈએ. આ તબક્કામાં તેમને જાતીય શિક્ષણ પ્રાપ્ત થશે અને જાતીયતા અંગેની તેમની સમજ વિકસશે તો ભવિષ્યમાં તેમને અનુભવના આવેગોને સમજવામાં સરળતા રહેશે. જો તરુણને કે તરુણીને આ જ્ઞાનથી વંચિત રખાશે તો તે

ફૂટપાથ પર વેચાતું સસ્તું ભ્રામક સાહિત્ય વાંચશે. એટલે જ, શાળાઓમાં તેને વૈજ્ઞાનિક ઢબે આ જ્ઞાન મળે તે જરૂરી છે.

(2) જાતીય શિક્ષણ કોણ આપે ?

એક માતા સો શિક્ષકોની ગરજ સારે. આ કહેવત જ માતાથી સારા કોઈ શિક્ષક ન બની શકે તેમ સૂચવે છે. જાતીય શિક્ષણ માટે જાતીય શિક્ષણનો પ્રારંભ માતા દ્વારા થાય તે ઇચ્છનીય છે. વળી, માતાને આવી તક પણ પ્રાપ્ત થતી હોય છે. બાળક જ્યારે બાળ સહજ જિજ્ઞાસાથી માતાને પૂછે કે, હું ક્યાંથી આવ્યો ? મને અહીં કોણ લાવ્યું ? વગેરે ત્યારે માતા બાળકના આવા પ્રશ્નોના ગોળ--ગોળ ઉત્તર આપવાને બદલે સાચી માહિતી આપી શકે. આમ થવાથી જાતીય શિક્ષણ માટેનો અગત્યનો સમય વેડફાતો પણ નથી.

માતા બાદ જાતીય શિક્ષણ આપવા માટે શિક્ષક યોગ્ય ગણાય છે. ધીર-ગંભીર શિક્ષક તટસ્થતાપૂર્વક આવશ્યક જાતીય શિક્ષણ આપે તો એથી વિશેષ કશું નથી. વળી, શિક્ષક પોતાના વિષયવસ્તુના અધ્યાપન સાથે પણ આ બાબતને વણી લઈ શકે છે.

ત્યારબાદના ક્રમે નિષ્ણાત ડૉકટરો, પ્રશિક્ષિત સામાજિક કાર્યકરો વગેરેના શાળા કક્ષાએ વાર્તાલાપ, ગોષ્ઠિ, પ્રશ્નોત્તરી જેવા કાર્યક્રમો ગોઠવી જાતીય શિક્ષણ આપી શકાય છે.

ફિલ્મ નિદર્શન દ્વારા જાતીય શિક્ષણ આપી શકાય. શક્ય હોય તો તરુણ અને તરુણીઓને અલગ જૂથોમાં આવી ફિલ્મોનું નિદર્શન કરવું જોઈએ.

(3) જાતીય શિક્ષણ ક્યાં આપવું ?

જાતીય શિક્ષણ એ આજના યુગની અનિવાર્ય જરૂરિયાત થઈ ગઈ છે. શહેરીકરણ, ઉદ્યોગીકરણ, વૈશ્વિકરણ અને ખાનગીકરણને પરિણામે દુનિયા વૈશ્વિક ગ્રામના રૂપમાં ફરી ગઈ છે. તેથી કેટલાંક સામાજિક પરિવર્તનો આવ્યાં છે. એક પચરંગી નવો સમાજ ઊભો થયો છે. અનેક સવાલો તેની સાથોસાથ પેદા થયા છે, તે પૈકીના જાતીય વ્યવહારોના

પ્રશ્નો વધુ સામને આવતા જાય છે. તેથી જાતીય શિક્ષણ ઘર, કુટુંબમાં મા-બાપો દ્વારા અપાવું જોઈએ. ત્યારબાદ શાળા સ્તરે પણ જાતીય શિક્ષણ આપવું જોઈએ.

વિદેશોમાં શિક્ષણ સંસ્થાઓમાં જ જાતીય શિક્ષણ અપાય છે. ભારતમાં પણ શિક્ષણ સંસ્થાઓમાં આ શિક્ષણ અપાવું જોઈએ. આવું શિક્ષણ જાતીય વૃત્તિને બહેકાવે એવું નહીં, પણ વૈજ્ઞાનિક હોવું જોઈએ. વિદ્યાર્થીઓને જાતીય શિક્ષણનાં સારાં પુસ્તકો વાંચવા આપીને, આ અંગે પ્રદર્શન ગોઠવી, ચાર્ટ, ચિત્રો દ્વારા જાતીય શિક્ષણ આપવું જોઈએ. એન.સી.ઈ.આર.ટી.એ તારુણ્ય શિક્ષણના નામે આવું શિક્ષણ આપવા સૂચવ્યું હતું. આ અંગેનું સાહિત્ય તૈયાર કરી શાળાઓ સુધી પહોંચાડ્યું હતું. આ શિક્ષણ જો વૈજ્ઞાનિક સ્વરૂપનું હશે તો વિદ્યાર્થીઓને જાતીય બાબતોની સારી સમજ આપશે.

(4) જાતીય શિક્ષણનું વિષયવસ્તુ :

જાતીય શિક્ષણ એટલે જાતીય અંગો, આવેગો તથા તેના ઉપયોગનું જ શિક્ષણ નહિ, બલકે સ્વસ્થ પરિવાર, તંદુરસ્ત સ્ત્રી-પુરુષ વ્યવહાર, જાતીય રોગો અને તેની સારવાર, પરિવાર નિયોજનની પ્રક્રિયા તથા ઉપકરણ, સ્વાસ્થ્ય અને મનોસ્વાસ્થ્યના ઉપયોગ, જાતીય આવેગોનું ઊર્ધ્વીકરણના માર્ગો વગેરેનું શિક્ષણ, તેથી તેનું વિષયવસ્તુ શરીર વિજ્ઞાન પૂરતું મર્યાદિત ન હોઈ શકે. તેમાં વસતિશાસ્ત્ર, આરોગ્યશાસ્ત્ર, શરીર વિજ્ઞાન વગેરેનું મિશ્રિત જ્ઞાન અપાવું જોઈએ. જાતીય રોગો એઈડ્સ વગેરેની માહિતી અપાવી જોઈએ.

(5) જાતીય શિક્ષણના અભિગમો :

જાતીય શિક્ષણના મુખ્યત્વે બે અભિગમો હોય છે.

(1) અનૌપચારિક અભિગમ

(2) ઔપચારિક અભિગમ

અનૌપચારિક અભિગમ : રૂપે હોર્ડિંગ્સ, પ્રદર્શનો, ચિત્રો, નાટકો, ફિલ્મો, ટી.વી. કાર્યક્રમો, વગેરે દ્વારા જાતીય શિક્ષણ આપી શકાય. આ વિષયના નિષ્ણાતોએ તૈયાર કરેલાં પુસ્તકોની મદદથી આ શિક્ષણ આપી શકાય.

ઔપચારિક અભિગમ : તેની અંતર્ગત વિધિસરનું શિક્ષણ, ઔપચારિક વર્ગ શિક્ષણની સાથોસાથ જાતીય વિષયવસ્તુને વણી લેવાનું તથા વખતોવખત પ્રશ્નોત્તરી વગેરે કરીને પણ જાતીય વ્યવહારો અંગેના વિવિધ પાસાઓનું શિક્ષણ આપી શકાય.

(6) જાતીય શિક્ષણ આપતી વખતે શી કાળજી રાખશો ?

બેશક જાતીય શિક્ષણ આપવું એ એક નાજુક સ્થિતિના નિર્માણની બાબત છે. તેમાંય જ્યારે સહશિક્ષણવાળી શાળા-મહાશાળા હોય ત્યારે વિશેષ કાળજી રાખવી જરૂરી બને છે. આવા સમયે શિક્ષકે સ્વસ્થતાથી સંયમિત રીતે આ શિક્ષણ આપવું જોઈએ. શરીરનાં વિવિધ તંત્રોની જેમ આ પણ એક મહત્ત્વનું તંત્ર છે, તે સ્પષ્ટ થવું જોઈએ.

16.4 સામાજિક સાંસ્કૃતિક સંદર્ભમાં જાતીય શિક્ષણ :

જાતીય શિક્ષણ ભલે ઔપચારિક જાતીય શિક્ષણ ચર્ચાસ્પદ મુદ્દો રહ્યો હોય, પરંતુ એકવીસમી સદીમાં જાતીય શિક્ષણ એ સમાજનો તકાદો બની ગયો છે. તેથી સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભે જાતીય શિક્ષણનો વિચાર થવો ઘટે.

ભારતીય સમાજ રૂઢિચુસ્ત સમાજ છે. સમાજ તરફથી જાતીય શિક્ષણનો વિરોધ થવાનો પૂરો સંભવ છે. ભારતીય શિક્ષણ સંસ્થાઓમાં એન.સી.ઈ.આર.ટી.એ તારુણ્ય શિક્ષણના નામે જાતીય શિક્ષણ અપાતું હતું. આ પછી જાતીય શિક્ષણ આપવા પર પ્રતિબંધ મૂકાયો છે. આમ ભારતીય સમાજમાં જાતીય શિક્ષણ અંગે હજુ સ્પષ્ટ વાતાવરણ નથી.

જો કે પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં જાતીય શિક્ષણનો કોઈ વિરોધ જોવા મળતો નથી. ખજૂરાહો અને અન્ય મંદિરોની બહારના સ્થાપત્યોમાં શિલ્પો દ્વારા જાતીય શિક્ષણની વિગતો કંડારાઈ છે.

વીસમી સદીના છેલ્લા દશકાઓમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીનો અપૂર્વ વિકાસ ખાનગીકરણ, ઉદારીકરણ અને વૈશ્વિકરણને પરિણામે સામાજિક પરિવર્તનો ઘણાં આવ્યાં છે. મનોરંજનના અને જાહેર પ્રસાર માધ્યમોની બોલબોલા વધી છે, બજારવાદ વધુ વિકસ્યો છે. તેથી જાતીય આવેગોને ઉત્તેજિત કરનારાં પરિબળોએ માઝા મૂકી છે. આજના વર્તમાનપત્રોની જાહેરાતો તથા સાપ્તાહિક પૂર્તિઓના પાના અર્ધનગ્ન સ્ત્રી તસવીરોથી ભરેલાં આવે છે, ટી.વી. જાહેરાતો વિશે પણ આવું જ કહી શકાય, બજારોમાં હોર્ડિંગ્સ પણ રુચિભંગ કરે તેવાં ચિત્રો રજૂ કરે છે. આવા સમાજમાં જાતીય આવેગોની અભિવ્યક્તિ વધુ આક્રમક બને છે. તેથી જ તો દિનપ્રતિદિન જાતીય સતામણી, બળાત્કાર, પ્રેમ, આપઘાત વગેરેના કિસ્સા વધતા જાય છે. આવા સામાજિક માહોલમાં જાતીય શિક્ષણ ચાહે ઔપચારિક અભિગમથી યા અનૌપચારિક અભિગમથી અપાવું જ જોઈએ. આ અંગેના નિષ્ણાતો દ્વારા લખાયેલાં પુસ્તકોના વાંચન દ્વારા જાતીય શિક્ષણ આપી શકાય.

વ્યવસાયલક્ષી તકો વધતાં સ્ત્રીઓ પણ વ્યવસાય કરવા લાગી છે. તેથી તેમણે પુરુષોના સહવાસમાં વધુ સમય રહેવાનું બને છે. વળી આજકાલ ફેશનનો યુગ આવ્યો છે. તેથી ફેશનના નામે વસ્ત્રો, મેકઅપ વગેરેમાં બદલાવ આવ્યો છે. પેલા પરફ્યુમનો સ્ત્રી-પુરુષ બન્નેમાં વપરાશ વધ્યો છે. વાયેગ્રા જેવી દવાઓનો વેપાર વધ્યો છે. આ બધાની અસર જાતીય આવેગો પર થાય છે.

સામાજિકની જેમ સાંસ્કૃતિક વાતાવરણ પણ બદલાયું છે માબાપના એ બાબતે વલણ બદલાયા છે. છાશવારે સાંસ્કૃતિક ઉત્સવના નામે તરુણ-તરુણીઓ સાથે નાચે-કૂદે, ખાણીપીણી કરે, રેવ પાર્ટીઓ યોજાય... આ બધાને પરિણામે જાતીય આવેગો વધુ ઉશ્કેરાઈને જાતીય અપરાધમૂલક વર્તનનું પ્રમાણ વધ્યું છે. આવા સમયે જાતીય શિક્ષણ અનિવાર્ય બને છે. આધુનિક મનોવિજ્ઞાન પણ જાતીય શિક્ષણની તરફેણ કરે છે. વૈજ્ઞાનિક રીતે અપાયેલા જાતીય શિક્ષણથી તરુણ-તરુણીઓના ઘણા ખોટા ખ્યાલો દૂર થાય છે. તરુણાવસ્થામાં થતા શારીરિક પરિવર્તનો તે સ્વાભાવિકપણે સ્વીકારે છે.

❊ સ્વાધ્યાય ❊

પ્ર.1 આઠથી દસ વાક્યોમાં જવાબ લખો.

(1) 'આજના યુગમાં જાતીય શિક્ષણ અનિવાર્ય છે.' વિધાનની ચર્ચા કરો.

(2) જાતીય શિક્ષણને ઔપચારિક અભિગમથી આપવું જોઈએ ? તમારા વિચારો જણાવો.

(3) જાતીય શિક્ષણની જરૂરિયાત સામાજિક - સાંસ્કૃતિક સંદર્ભે સ્પષ્ટ કરો.

પ્ર.2 ટૂંકનોંધ લખો :

(1) જાતીય શિક્ષણની સંકલ્પના

(2) જાતીય શિક્ષણના અભિગમો

(3) જાતીય શિક્ષણ અંગે ભારતીય સમાજમાં વલણો